તા૦ ૯ મી મેએ.

રોજ ૧૮ માહ ૮ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

**મરણ**—મનચેરજી ધનજીભાઈ દુબાશ[1]—ઉમર વર્ષ ૩૫) શેઠ ધનજીભાઈ ફરામજી કુલા કુકાના દીકરા. એવણુ મુંબાઈ મધે વાહણોની આડત, દલાલી, તથા દુબાશનું કામ મોટા પાયા ઉપર મી૦ ડી. પી. એમહાલ સાથે "મનચેરજી એન્ડ એમહાલ" ને નામે ચલાવતા હતા.

તા૦ ૧૦ મી મેએ.

ખાનબાહાદુર ફરામજી નશરવાનજી શેઠનાને નામદાર સરકારે સુરતના હજુર ડેપ્યુટી કલેક્ટર અને માજીસ્ટ્રેટ નેમ્યા હતા.[2]

તા૦ ૧૧ મી મેએ.

આજ દીને મરહુમ શેઠ મનચેરજી ધનજીભાઈ દુબાશ અથવા કુલા કુકાનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજી મધેથી રૂ૫૦૦૦), તથા વીધવા બાઇ કુવરબાઇએ રૂ૫૦૦), બાવા શેઠ ધનજીભાઈ ફરામજી કુલા કુકાનાએ રૂ૩૨૫), તથા બીજાં એશીઓએ રૂ૫૫૫) મલી જુમલે રૂ૬૩૮૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[3]

તા૦ ૧૧ મી મેએ.

શેઠ બેહરામજી ખરશેદજી ગાંધીએ "સદગુણી સ્ત્રીઓ" બાબે કેટલીક કાબેલ તથા રૂડી સ્ત્રીઓના અહેવાલના સંગ્રહનું એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.[4] એ પુસ્તકનો દેશી સ્ત્રીઓમાં વધારે ફેલાવો કરવાને તેની કીમત તે પર થયલા ખરચ કરતાં ઓછી રાખવા માટે બાઈ ભીખાઈજી તે શેઠ ડોશાભાઈ ફરામજી કામાજીનાં ધણીઆણીએ તેમાં નાણાં સંબંધી મદદ આપી હતી.

તા૦ ૧૨ મી મેએ.

સુરત મધે રૂસ્તમપરાના ભગરીઆ મોબેદોએ ઇ૦ સ૦ ૧૮૪૯ માં ગાહંબાર, મુકતાદ, વગેરે સવાબનાં કામો તે તરફ કરવાને એક ફંડ ઉભું કીધું હતું, અને તે ફંડનાં મુંબાઇ મધે ભરાયલાં નાણાં વશુલ કરવાને ઇ૦ સ૦ ૧૮૫૧ માં શેઠ નવરોજજી દોરાબજી સકલાતવાલાને એજન્ટ તરફથી ઠેરવયા હતા, તથા સુરત મધે તેનો વહીવટ દસ્તુર ખરશેદજી બરજોરજી દારાબ પાલણના, એ૦ હોરમજજી ફેરશાસપજી ઢાલા, એ૦ શોરાબજી બહમનજી સંજાણા, અને એ૦ હોરમજજી ખરશેદજી પાવરી (દોરીઆવાલા) ચલાવતા હતા. ઇ૦ સ૦ ૧૮૫૪ માં શેઠ નવરોજજી તથા સુરતવાલા સાહેબો વચ્ચે કાંઈ વાંધો પડવાથી એ ફંડનો વહીવટ ત્રણ વર્ષ સુધી બંધ પડયો હતો. એ પછી ઇ૦ સ૦ ૧૮૫૭ માં એ૦ રતનજી બહમનજી સંજાણાની કોશેશથી બંધે બોરકુવાલાઓ ઉદવાડા મધે એકઠા મલયા, અને ત્યાં તા૦ ૧૬ મી મારચ ૧૮૫૭ ને દીને એવો બંદોબસ્ત કીધો હતો કે ઉપલાં ફંડની જેટલી સરકારી નોટો હોય તે સઘળી મુંબાઇ મધે શેઠો નવરોજજી દોરાબજી સકલાતવાલા અને કુવરજી હોરમજજી ભાભાનાં નામ ઉપર રાખવી, અને તેનું એ બંધે સાહેબોએ વ્યાજ વશુલ કરી તેમાંથી સુરત મધે રૂસતમપરામાં દર વર્ષના પાંચ ગાહંબાર જમન સુધાં તથા ગાથા ગાહંબારમાં અમસધું જશન કરવાના તેમજ રૂસતમપરાની ભગરીઆ મોબેદોની દરેમેહરમાં મુકતાદ માંડવાના ખરચના મલી જેટલા રૂપીઆ થાય તેટલા દસ્તુર ખરશેદજી બરજોરજી દારાબ પાલણના ઉપર મોકલવા. એ બંદોબસ્તનો એક લેખ આજ દીને સુરત મધે કરી તે અતરેનાં વર્તમાન પત્રોમાં છપાવવામાં આવ્યો હતો,[5] અને તે ઉપર રૂસતમપરાના નાયલા જરથોસ્તીઓની સહીઓ હતી:—

દસ્તુર ખરશેદજી બરજોરજી દારાબ પાલણના, દસ્તુર શોરાબજી બરજોરજી દારાબ પાલણના, શાપુરજી એદલજી નાદરશાહ, હોરમજજી ફેરશાસપજી ઢાલા, ડોશાભાઇ એદલજી નાદરશાહ, કાવશજી ફરામજી જોશી, શાપુરજી એદલજી મુલ્લાં, એદલજી ભીખાજી રાવ, ફેમશજી મનચેરજી અદગરા, પેશતનજી ફેરશાસપજી તાતા, મનચેરજી માણેકજી અને હોરમજજી બરજોરજી પાવરી,

---

૧ શેઠ નશરવાનજી મનચેરજી દુબાશના બાવા. એવણના બપાવા શેઠ ફરામજી કુકાજી (ફલા કુકા) અતરે એક જાણીતા પારસી ગ્રહસ્થ હતા.

૨ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, ૧૦ મી મેએ ૧૮૬૦.

૩ જામે જમશેદ, તા૦ ૧૪ મી મેએ ૧૮૬૦.

૪ "સદગુણી સ્ત્રીઓ, ઇઆને કેટલીક કાબેલ તથા રૂડી સ્ત્રીઓના વાંચવા લાએક હેવાલનો સંગરહ. મુમબઇ, દફતર આશકારા છાપાખાનાંમાં છાપીછે. સને ૧૮૬૦ ઇસવી."

૫ રાસ્ત ગોફતાર, તા૦ ૧૦ મી જુન ૧૮૬૦.

એ મુજબ એ ફંડનો વહીવટ સુરત મધે દસ્તુર ખરશેદજી બરજોરજી દારાબ પાલણનાએ ઇ૦ સ૦ ૧૮૭૨ માં પોતાનાં મરણ સુધી ચલાવ્યો હતો, અને હાલ તે તેમના દીકરા દસ્તુર દારાબજી ખરશેદજી દારાબ પાલણના ચલાવે છે. એ ફંડના મુંબાઇ ખાતેના તરફથી શેઠ નવરોજજી દોરાબજી સકલાતવાલા ઇ૦ સ૦ ૧૮૭૧ માં મરણ પામવાથી તથા શેઠ કુવરજી હોરમજજી ભાભાએ જઈફીને લીધે અખતીઆર છોડવાથી ઇ૦ સ૦ ૧૮૭૪ માં તેમની જગો પર શેઠો હોરમજજી નવરોજજી સકલાતવાલા અને નવરોજજી બાંગીરજી ગામડીઆને ઠેરવ્યા હતા, અને હાલ એ બંધે ગ્રહસ્થોનાં નામ ઉપર કસ્સાં પણ તરસ્ટડીડ વગર રૂ૨૨૭૦૦) ની સરકારી નોટો છે.

શોરાબજી બેહમનજી સંજાણા, દોરાબજી ફરામજી વાણીઆ, મેહરનોશજી હોરમજજી મસાની, બરજોરજી ખરશેદજી ધાબર, મેહરાંમજી મનચેરજી પાવરી, કાવસજી ભીખાજી રાવ, ડોસાભાઇ નશરવાંનજી ગાંનીવાલા, માણેકજી દારાબજી ફટાકીઆ, ફરામજી દારાબજી કોટવાલ, બરજોરજી જમશેદજી કોટવાલ, શોરાબજી હોરમજજી ઉનવાલા, એરચજી માણેકજી આંતીઆ, હોરમજજી ખરશેદજી દારૂઆવાલા, ભીખાજી રતનજી ગેરાં, અને એ વગેરે બીજી ૬૭ શહીઓ છે.

તા૦ ૧૨ મી મેએ.

આજ દીને અતરેથી ઉપડી ગયલી મેલ સ્ટીમર "સાલશેટ" માં સવાર થાઇ ડાકટર મનચેરજી મેહરાંમજી કોહલા ઇંગલાંડ મધે વૈદક ખાતાંની સનદી નોકરીમાં દાખલ થવાની પરીક્ષા આપવા માટે; તથા શેઠ પેશતનજી રતનજી કોહલા પોતાના બે બેટાઓ મનચેરજી અને હોરમજજીને કેળવણી આપવા માટે સાથે લઇ ગયા હતા.૧

તા૦ ૧૩ મી મેએ.

રોજ ૨૨ માહ ૮ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

આજ દીને મરહુમ બાઇ નવાજબાઇ તે શેઠ કુવરજી હોરમજજી બાબાનાં વહુઆંની તથા મરહુમ શેઠ ફરામજી પેશતનજી દીવેચાનાં બેટીનાં ઉઠમણાંમાં તેમના ખાવંદે રૂ૫૦૦), દીકરાઓ શેઠો કાવશજી કુવરજી બાબાએ રૂ૧૦૦૦) તથા મેહરાંમજી કુવરજી બાબાએ રૂ૩૦૦), અને બીજા એશીઓએ રૂ૧૭૦૦) મલી રૂ૩૫૦૦) ની રકમ પંચાતને હસ્તક નવાં નીકલેલાં જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોહચાડવાનાં ફંડ મધે આપી હતી.૨

તા૦ ૧૪ મી મેએ.

મુંબઇ મધે જરથોસ્તીઓમાં રવાંન થાય તે વેળાએ તેને અવલમંજલ પોહચાડવા માટે નશાશાલારો તથા ખાંધીઆઓ ઘણો જુલમ કરી મોટું દામ માગતા હતા, અને ગરીબોથી તે ન અપાય ત્યારે વારંવાર મરનારનાં ઘર આગલ તથા ડુંગર ઉપર ફેસાદ કરતા હતા. આ ઉપરથી ગઇ તા૦ ૯ મી આપરેલે અતરેના ૧૧૦૦) જરથોસ્તીઓએ સર ખરશેદજી જમશેદજી જીજીભાઇ બારોનેટ અને બીજા પંચાતના અસાબરો જોગ એક અરજી કરી નશાશાલારો તથા ખાંધીઆઓ સાથે ઘટતા બંદોબસ્તો કરી એ બાબેનું એક ફંડ ઉભું કરવાની સુચના કીની હતી. તે મુજબ પંચાતનાં ફંડના તરસ્ટીઓએ "ગરીબ જરતોશતી રવાંનોને અવલમંજલ પોહચાડવાનું ફંડ" એવાં નામથી એક જુદું ફંડ ઉભું કરી તે મધેથી મુસારેદાર નશાશાલાર તથા ખાંધીઆઓ રાખવાનો ઠેડાવ કીધો હતો; તથા તુરતવેળા ૧૨ નશાશાલારો દર ૩૨૨) ને દરમાયે તથા મોટાં રવાંન દીઠ ૩૨) અને નાથવાં રવાંન દીઠ ૩૧) નો લવાજમો આપતો કરી, તથા ૨૯ ખાંધીઆઓ દર ૩૧૭) ને દરમાયે બીજો કસો લવાજમો આપ્યા વગર ઉપલાં ફંડ મધેથી રાખી તેમના સાથે લખતો કરી મુંબઇ મધે મોટા કોલાબાથી તે વાંદરા સુધીનાં ભટાઓ ઉપરના જેબી જરથોસ્તીઓને ત્યાં રવાંન થાય તેમને કસ્સોબી લવાજમો લીધા વગર દીનનાં ફરમાંન મુજબની ઘટતી ક્રિઆ કરી અવલમંજલ પોહચાડી આવવાનો બંદોબસ્ત કીધો હતો. એ મુસારેદાર નશાશાલાર તથા ખાંધીઆઓ સાથે બંદોબસ્ત કરવાનાં કામમાં મદદ કરવા સારૂં પંચાતના અસાબરોએ શેઠો પેશતનજી પાલણજી માકાબચાના, દાદાભાઇ રૂસતમજી અપુ, શોરાબજી પેશતનજી સુરતી, બેજનજી કાવશજી બામોર, આદરજી કાવશજી બામોર, રૂસતમજી કાવશજી બાટલીવાલા, કાવશજી બેહમનજી કપાવાલા, બરજોરજી મેહરવાંનજી માસવી, દાદાભાઇ પાલણજી ચવના, કાવશજી પાલણજી ચવના, ફરામજી રતનજી ખરાદી, નવરોજજી દારાબજી મકલાતવાલા અને જીવાજી માણેકજી વાછાની એક કમીટી ઠેડવી હતી, તથા તેમને મદદ આપવા સારૂં પંચાતના શેક્રેટરી શેઠ નશરવાંનજી મેહરાંમજીને મુકરર કીધા હતા, અને સર્વે બંદોબસ્તો કરવા પછી એજ કમીટીના ગ્રહસ્થોને નશાશાલાર તથા ખાંધીઆઓ ઉપર દેખરેખ રાખવા તથા ઉપરીપણું ચલાવવાને ઠેડવ્યા હતા.

એ પછી આજ દીને એ બાબેની સર્વે જરથોસ્તીઓને હેંડબીલોની મારફતે ચેતવણી આપી હતી કે મુંબઇનાં કોટથી તે મોટે કોલાબે તથા વાંદરે સુધીનાં હરેક ઠેકાણેના જરથોસ્તી રેહેવાસીઓને તાંહાં રવાંન થાય તેની સચકાંમની, તથા લાડી કહડાંમની, તથા નહવડાંમની, તથા બાંધના, તથા નશાશાલારોનાં લવાજમાં તથા પાએઆ મુજી વીગેરે સરવે ખરચનાં મોટાં રવાંન દીઠ રૂ૫), તથા દાનડામાં લેઇ જવાનાં નાથવાં રવાંન દીઠ સરવે ખરચનાં રૂ૨), તથા પતરાંમાં લેઇ જવાનાં વહમાંનનાં સરવે ખરચનો રૂ૧) લેખે દોખમાંવાલા ડુંગર ઉપર એ કારણસર નાણું વશુલ કરવા સારૂં રાખેલાં માણસને આપવો. તે સીવાય કોઇબી નશાશાલાર અથવા ખાંધીઆને કસ્સું લવાજમ આપવું નહી, અને કોઇબી બાહણે તેઓ માગેતો તે બાબેની પંચાતનાં માણસો અથવા ઉપલી કમીટીને ફરીઆદ કરવી.

એ ઉપલાં ફંડમાં પેહલવેહલા શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇએ આજ દીને એક પત્ર લખી રૂ૭૦૦૦)

૧ ટેલીગ્રાફ એન્ડ કુરીઅર, ૧૨ મી મેએ ૧૮૬૦.

૨ [illegible]શેદ, તા૦ ૧૫ મી મેએ ૧૮૬૦.

શેકડો આપ્યા, અને તે ઉપરાંત એ ફંડને જોઇતો આસરો ન મલેતો ૩) વર્ષ સુધી જેટલી ખુટ પડે તે પોતાની ગાંઠથી આપવાની કબુલાત આપી હતી.[૧]

### તા૦ ૧૫ મી મેએ.

શેઠ હોરમજજી ફરામજી ચીનાઇએ "ચીન અને ઇંગલંડ ખાતેના વેપારનું ગણીત પુસ્તક" એવાં નામથી હુંડી તેમજ રૂ, ખાંડ, ચાંદી, વગેરેના હીસાબ ગણવાનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[૨]

### તા૦ ૧૮ મી મેએ.

રોજ ૨૭ માહ ૮ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

આજ દીને મરહુમ બાઇ ખરશેદબાઈ તે શેઠ ખરશેદજી ફરદુનજી પારખનાં ધણીઆંની તથા શેઠ શાપુરજી નશરવાંનજી મોતીવાલાનાં દીકરીનાં ઉઠમણામાં તેમની પોતાની પુંજીમાંથી રૂ૧૫૦૦); ખાવંદે રૂ૨૨૦૦); દીકરા શેઠ અરદેશર ખરશેદજી ફરદુનજીએ રૂ૫૦૦); દીકરીઓ બાઇ જીવાબાઈ, ધનબાઇજી, બીખાઇજી, અને માણેકબાઇએ મલી રૂ૧૩૦૦); ડાવેજર લેડી આવાંબાઇએ રૂ૫૦૦); અને બીજાં અશોઓએ રૂ૧૬૦૧) મલી જુમલે રૂ૭૬૦૧) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[૩]

### તા૦ ૨૦ મી મેએ.

રોજ ૨૯ માહ ૮ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

આજ દીને નવસારીની પાસે આવેલાં બેઆરા સુમઘડ ગામમાં અંજુમનનાં ઉધરાતથી બંધાવવા માંડેલાં દોખમાંનો તાંણો પુરવાની ક્રિઆ કરવામાં આવી હતી.[૪]

૧ એ ફંડ મધે અતરેના જરથોસ્તીઓએ મોટી મોટી રકમો ભરી હતી, અને પંચાતના છપાયલા છેલ્લા હીસાબ પ્રમાણે તેની પુંજી હાલ રૂ૭૨૩૮૦૨)૧૮ નીછે, તથા તે મધેથી જરથોસ્તી રવાંનોને અવલ મંજલ લઇ જવાને લગતો સરવે ખરચ તથા દોખમાંઓ, શગડીઓ, નશાખાંનાં, અને એવાંજ બીજાં એ કારણને લગતાં મુકામો તથા તેઓને લગતી જગાઓની મરામત તથા તેમાં વધારો અને સુધારો કરવા વગેરેનો ખરચ ચલાવવામાં આવેછે.

૨ "ચીન અને ઇંગલંડ ખાતેના વેપારનું ગણીત પુસ્તક, તે મધે ચીન અને ઇંગલંડ તથા ચીન અને કલકતા, તથા મુંબઇ અને ઇંગલંડ, તથા ચીન અને મુંબઇ વચેનાં હુંડીનાં હીશાબ, વગેરે. બનાવનાર, હોરમજજી ફરામજી ચીનાઇ. મુંબઇ, દફતર આશકારા છાપાખાંનામાં છપાઇઉછે. ઇ૦ સ૦ ૧૮૬૦."

૩ જામે જમશેદ, તા૦ ૧૯ મી મેએ ૧૮૬૦.

૪ જામે જમશેદ, તા૦ ૨૯ મી મેએ ૧૮૬૦.

### તા૦ ૨૪ મી મેએ.

મુંબઇની સરકારી ગોદીના બીજા આસીસ્ટંટ માસટર-બીલડર શેઠ રૂસતમજી અરદેશર વાડીઆ આજ દીને અતરેથી ઉપડી ગયલી મેલ સ્ટીમર "કોલમબીઆન" માં સવાર થાઇ ઇંગલાંડ ગયા હતા.[૫]

### તા૦ ૨ જી જુન.

મુંબઇ મધે મજગાંમમાં સુકી જમીન ઉપર આંચાથી વાહાણો ખેંચી લઇ તેમની મરામત કરવા માટે બાંધવા ધારેલી "વીગાસ પેટનટ સલીપ કુંપની" ની પેહલી "પેટનટ સલીપ" નો પાયો નાખવાની ક્રિઆ આજ દીને ડાકટર ડાલાસ વકીલની બાનુ મીશીસ ડાલાસે એક મોટા મેલાવડાની હજુરમાં કીધી હતી. આ વેળાએ એ કંપનીના સ્થાપનારા મેશરસ વીગાસ, ડાલાસ, ધરમસી પુંજાભાઇ, ખુરશેદજી નોશરવાંનજી કામાજી, ડોશાભાઇ ફરામજી કામાજી, અને બહમનજી જીજીભાઈ પણ હાજર હતા.[૬]

### તા૦ ૨ જી જુન.

સર ખરશેદજી જમશેદજી જીજીભાઈ બારોનેટને લંડન મધે આજ દીને નામદાર માહારાંણીના વડા પ્રધાન લારડ પામરસટને પોતાના મેહલમાં બાંન સાથની એક જીઆફતમાં નોતરયા હતા.[૭]

### તા૦ ૫ મી જુન.

ખેતવાડી મધે કેટલાક પારસી ગ્રહસ્થોએ આજ દીને એક પુસ્તકખાંનું "ખેતવાડી રીડીંગ રૂમ એન્ડ લાઇબ્રેરી" ને નામે સ્થાપ્યું હતું.[૮]

૫ ટેલીગ્રાફ એન્ડ કુરીઅર, ૨૮ મી મેએ ૧૮૬૦.

૬ બોમ્બે ટાઇમસ એન્ડ સ્ટાનડરડ, ૪ થી જુન ૧૮૬૦

૭ જામે જમશેદ, તા૦ ૨૮ મી જુન ૧૮૬૦.

૮ એ પુસ્તકખાંનું સ્થાપવા માટે પેહલ વેહલી તા૦ ૨૬ મી ફેબરવારી ૧૮૬૦ ને દીને ખેતવાડી મધે શેઠ ફરામજી નશરવાંનજી પટેલવાલી છોકરાઓની નિશાલમાં એક સભા મલી હતી. જે વેળાએ શેઠ હોરમજજી કુવરજી મીસતરીએ "પુસ્તકખાંનાં સ્થાપવાથી થતા ફાએદા" વિષે એક રેસાલો વાંચ્યો, અને ખેતવાડી મધે એક રીડીંગરૂમ ઉભો કરવાને તેજ દીને ડાકટર ધીરજરાંમ દલપતરાંમ, શેઠો રૂસતમજી મનચેરજી જોશી, પેશતનજી જમશેદજી માસતર, ધનજીભાઇ બરજોરજી સરાફ, જમશેદજી ફરાંમજી માસતર, હોરમજજી કુવરજી મીસતરી, માણેકજી પેશતનજી તવડીઆ, નવરોજજી દોરાબજી લવંગીઆ, ખરશેદજી મનચેરજી જોશી અને દારાશાહ ડોશાભાઇ રાઇટરની એક કારોબાર મંડલી ઠેરવી હતી. એ કારોબાર મંડલીએ

તા૦ ૫ મી જુન.

રોજ ૧૫ માહ ૯ (શ૦) ૧૨૨૯ યજદજરદી.

આજ દીને મરહુમ શેઠ એદલજી કાવશજી તમેના-વાલાનાં ઊઠમણાંમાં તેમની પોતાની પુંજી મધેથી તથા એશીઓએ મળી રૂ૭૫૦) પરચુરણ ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[૧]

તા૦ ૬ ઠી જુન.

કલકતા ખાતે વ્યાપારની જીનસો પર લેવાતી જગાતની જે નવી "તારીફ" ઠેરવીછે તેજ ધોરણની તારીફ મુંબઈમાં ઠેરવવાને નામદાર સરકારે ૧૩ અંગ્રેજ, ૧ યાહુદી, ૩ મુસલમાન, ૧ હિંદુ, અને ૧ પારસી (શેઠ દીનશાહજી માણેકજી પીટીટ) મળી ૧૯ વ્યાપારીઓની એક કમીટી ઠેરવી હતી.[૨]

તા૦ ૭ મી જુન.

રોજ ૧૭ માહ ૯ (શ૦) ૧૨૨૯ યજદજરદી.

**મરણ**—નાનાભાઈ કાવશજી કેશ્યાશ—ઉમર વર્ષ ૮૫) એવણ પ્રથમમાં પસતાકીઆનો ધંધો કરતા હતા, અને પછવાડેથી મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારો-નેટની દોલતીમાં આવ્યા હતા.

---

પ્રથમમાં અતરેના ડેપ્યુટી એડયુકેશનલ ઇનસ્પેકટર શેઠ કાવશજી શાપુરજી મેહતાની મારફતે શેઠ ધનજીભાઇ ફરાંમજી પટેલ પાસે મદદ માગી, જે તેવણે ખુશી સાથે આપી, અને પેહલાં બે વર્ષ કેટલાંક વર્તમાન પત્રો તથા રૂ૧૨૫) ની વાર્ષિક મદદ, અને રૂ૩૦૦) ની ચોપડીઓ ઇંગલાંડથી મંગાવી આપી. જે બાદ ઇ૦ સ૦ ૧૮૬૨ થી ૧૮૬૮ સુધી દર શાલ રૂ૨૦૦) અને ૧૮૬૮ થી ૧૮૭૦ સુધી દર શાલ રૂ૩૦૦) ની મદદ આપ્યા કીધી હતી. આ ઊપરથી ઇ૦ સ૦ ૧૮૬૧ ના ફેબરવારી માસમાં એ પુસ્તકખાંનાંનું નામ ફેરવી "ધનજીભાઇ ફરાંમજી રીડીંગ રૂમ એન્ડ લાઇબ્રેરી" કરી રાખ્યું, તથા તેના સર્વે મેમબરોએ એક ઊઘરાંણું કરી શેઠ ધનજીભાઇની તસવીર ઊતરાવી લાઇબ્રેરીના ઓરડામાં મુકી, અને તા૦ ૧ લી જુન ૧૮૬૨ ને દીને તેવણનાં મકાંનમાં જઇ એક માનપત્ર આપ્યું.

એ પુસ્તકખાંનાંની કારોબાર મંડલીમાં ઊપલા પેહલે દીને ઠેરવેલા ગ્રહસ્થો ઊપરાંત શેઠો ધનજીભાઇ એદલજી લવંગીઆ, ડાકટર ફરાંમજી શાપુરજી, એદલજી શાપુરજી આએરનશંઊડરીવાલા, રૂસતમજી મેહરવાંનજી માસતર, દોરાબજી રૂસતમજી બાંના, માણેકજી બેંજનજી કોપર, ડાકટર કાવશજી પેશતનજી, ફરાંમરોજ રૂસતમજી જોશી, પાલણજી આદરજી મીસતરી, બરજોરજી ખરશેદજી સંજાણા, શોરાબજી મનચેરજી તાવરનવાલા, માણેકશાહ જાંગીરશાહ તાલેયારખાં બી. એ. એલ. એલ. બી; રેવરંડ ધનજીભાઇ નવરોજજી, પેશતનજી એદલજી બાઇસ, બહમનજી પીરોજશાહ સોલી-શીટર, બહમનજી ખરશેદજી ભાંડુપવાલા, અને ડાકટર બહમ-નજી ફરાંમજી દારૂવાલા અવાર નવાર શામેલ થયા કીધાછે. ચેરમેન તરીકે પ્રથમથી તે ૧૮૬૮ સુધી ડાકટર ધીરજરાંમ દલપતરાંમ, ૧૮૬૮ થીતે ૧૮૭૪ સુધી ડાકટર ફરાંમજી શાપુરજી અને ૧૮૭૪ થી તે આજ સુધી ડાકટર કાવશજી પેશતનજી. ખજાંનચી તરીકે પ્રથમથી તે ૧૮૬૯ સુધી શેઠ નવરોજજી દોરાબજી લવંગીઆ, ૧૮૬૯ થીતે ૧૮૭૬ સુધી શેઠ માણેકજી બેંજનજી કોપર, ૧૮૭૬ થીતે ૧૮૮૧ સુધી શેઠ પાલણજી આદરજી મીસતરી, અને ૧૮૮૧ થીતે આજ સુધી શેઠ ફરાંમરોજ રૂસતમજી જોશી. શેક્રટરી તરીકે પ્રથમથી તે ૧૮૬૭ સુધી શેઠ પેશતનજી જમશેદજી માસતર, અને ૧૮૬૭ થીતે આજ સુધી શેઠ રૂસતમજી મેહરવાંનજી માસતર.

એ પુસ્તકખાંનાંમાં ડાએરેકટર ઑફ પબલીક ઇનસ્ટ્રક્શને ઇ૦ સ૦ ૧૮૬૯ ના જુલાઇ માસથી ચોપડીઓ, વગેરેની ભેટ આપવી ચાલુ કીધી હતી; તેમજ સરકાર તરફથી પણ છપાતાં પુસ્તકો અને રીપોરટો ઇ૦ સ૦ ૧૮૭૪ નાં મેએ માસથી એ ખાતાંને બરાબર પોંહચતાં કરવામાં આવેછે.

એ પુસ્તકખાંનું સ્થાપ્યું ત્યારથીજ તે શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલવાલી ખેતવાડીની સ્કુલનાં મકાંનમાં મુફત રાખવામાં આવ્યું છે, અને તે ઊપરથી એ પુસ્તકખાંનાંના મેમબરોએ તા૦ ૪ થી જુન ૧૮૭૩ ને દીને એ શેઠને મકાંને જઇ તેમનો ઊપકાર માની એક માનપત્ર આપ્યું, તથા તેવણની એક તસવીર ઊતરાવી તે પુસ્તકખાંનાંના ઓરડામાં મુકી.

એ પુસ્તકખાંનાંમાં ઇ૦ સ૦ ૧૮૭૦ થી ઘણા ગરીબોને "ફ્રી મેમબર" કરવાનો રબેતો પાડયોછે. વળી એજ શાલમાં એ પુસ્તકખાંનાંમાં નવી ચોપડીઓ લેવાને એક બુક ફંડ ઊભું કીધું હતું, જેમાં રૂ૧૬૦૦) નીચે મુજબ ભરાયા હતા:—

(રૂ૫૦૦) મરહુમ શેઠ શોરાબજી શાપુરજી આએરનફાંઊનડરીવાલાની પુંજી મધેથી. (રૂ૨૦૦) મરહુમ શેઠ નશરવાંનજી મનચેરજી કામાજીનાં ધર્મખાતાંમાંથી. (રૂ૧૦૦) ફરાંમજી નશરવાંનજી પટેલ, બેહરાંમજી જીજીભાઇ. (રૂ૫૦) શોરાબજી શાપુરજી બંગાલી, દીનશાહજી માણેકજી પીટીટ. (રૂ૩૦) જીજીભાઇ જાંગીરજી લાંમ. (રૂ૨૫) નશરવાંનજી માણેકજી પીટીટ, ડાકટર માણેકજી આદરજી, નશરવાંનજી ખરશેદજી નાહનજી, દીનશાહજી એદલજી લાંમના, એદલજી ખરશેદજી સકલાતવાલા. (રૂ૪૫૫) રૂ૨૫) ની અંદરની પારસીઓ તથા હિંદુઓની રકમો.

એ પુસ્તકખાંનાંમાં હાલ બધાં મળી ૪૮૯૦) પુસ્તકો, તથા ૧૧૧) મેમબરો, અને એની નગદ પુંજી રૂ૧૬૦૦) ને આસરેછે.

[૧] મુંબઇની પારસી પંચાતનાં ફંડની સવંત ૧૯૧૬ તથા ઇરાંન દેશના ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારનારી મંડલીના ૧૮૫૮—૬૧, અને નાવારેસ ઇરાંનીઓ, નવસારી મદરેસા, તથા જરથોસ્તી છોકરીઓની નિશાલ મંડલીના ઇસવી ૧૮૬૦ ના હીસાબની ચોપડીઓ.

[૨] બોમ્બે ગેઝેટ, તા૦ ૬ થી જુન ૧૮૬૦.

તા૦ ૧૪ મી જુન.

મુંબઈ મધે તાલેવંત દેશીઓના છોકરાઓને કેળવણી આપવા માટે સરકારી કેળવણી ખાતાંની દેખરેખ હેઠલ એક ખાનગી ખાતી સ્કુલ સ્થાપવાનો ઠેડાવ કરવાને તા૦ ૨૭ મી જાનેવારી ૧૮૬૦ ને દીને અતરેના આગેવાન દેશી શેઠીઆઓની એક સભા એડયુકેશનલ ઈનસ્પેકટર મી૦ કોકે બોલાવી હતી. જે વેળાએ એવું ઠેડવ્યું કે કોટ મધે "પ્રોપ્રાએટરી સ્કુલ" નાં નામથી તાલેવંત દેશીઓના છોકરાઓને કેળવણી આપવાને એક સ્કુલ સ્થાપવી, અને તેના દર રૂ૫૦) ના ૧૦૦) શેરો કાઢી દરેક ભાગીદારને એક શેર દીઠ એક છોકરો રૂ૫) અથવા તેથી વધારે દરમાયે આપી ઉપલી સ્કુલમાં મોકલવાનો હક આપવો. એ સ્કુલનો વહીવટ ચલાવવાને શેઠો જગંનાથ શંકરશેઠ, બહમનજી હોરમજજી વાડીઆ, પેશતનજી હોરમજજી કા[illegible]જી, ફરામજી નશરવાંનજી પટેલ, અને શોરાબજી પેશતનજી ફરામજીની એક કમીટી તથા શેઠ કાવશજી શાપુરજી મેહતાને તેના શેક્રેટરી ઠેડવ્યા હતા. એ કમીટીએ સઘળી ગોઠવણ કરી આજ દીનથી એ સ્કુલ કોટ મધે ઉઘાડી હતી, તથા તે ખોલ્લી મુકવાની ક્રિઆ એડયુકેશનલ ઈનસ્પેકટર મી૦ કોકે એક સુભાખીત ભાષાણ કરી કીધી હતી, અને શેઠ અરદેશર હોરમજજી વાડીઆએ એવી એક સ્કુલની કોટમાં અગત વિષે કહી સંભલાવ્યું હતું.[1]

તા૦ ૧૭ મી જુન.

રોજ ૨૭ માહ ૯ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

**મરણ**—નાનાભાઈ એદલજી ભાજીવાલા—ઉમર વર્ષ ૨૪) શેઠ એદલજી હીરજીભાઈ ભાજીવાલાના દીકરા. એવણ અતરેની ગ્રાંટ મેડીકલ કાલેજ મધે તબીબપણાંની કેળવણી લેતા હતા, અને આવતે શાલ પસાર થનારાઓમાંના એક હતા. થાણાંનાં રેલવે સ્ટેશન ઉપર કાંઈ હોનારત બનવાથી એવણનું મરણ નીપજયું હતું.

તા૦ ૧૮ મી જુન.

રોજ ૨૮ માહ ૧૦ (ક૦) ૧૨૨૯ યજદજરદી.

**મરણ**—દોરાબજી માણેકજી રતન દોરાબનાં—ઉમર વર્ષ ૪૦) શેઠ માણેકશાહ ફરામજી રતન દોરાબના બીજા દીકરા. એવણ અતરેની કમરશીયલ બેંકમાં આસીસટંટ લેજર કીપર હતા; તથા કોટ મધે પારસીના છોકરાઓને કેળવણી આપવાને પોતાના ભાઈ મરહુમ શેઠ શોરાબજીએ સ્થાપેલી સ્કુલ ઈ૦ સ૦ ૧૮૫૪ માં તેમનાં મરણ પછી એવણ ચલાવતા હતા. "આ મરનાર પુરશ ડાહેઓ, અકલમંદ અને મીલનશાર હતો."[2]

તા૦ ૧૯ મી જુન.

રોજ ૨૯ માહ ૧૦ (ક૦) ૧૨૨૯ યજદજરદી.

**મરણ**—શોરાબશાહ ફરદુનજી કોહીઆર[3]—ઉમર વર્ષ ૩૨) શેઠ ફરદુનજી ખરશેદજી કોહીઆરના વડા દીકરા. એવણ પાહલણપોરના રેસીડંટના હેડ-કલાર્ક હતા, અને પાહલાણપોર મધેજ મરણ પામ્યા હતા.

તા૦ ૧૯ મી જુન.

મધરાજનો નામદાર ગવરનર સર ચારલસ ટરેવીલીઅન, કે જેને હિંદુસ્થાંનમાં નાખવા ધારેલા નવા કરો—મુખ્ય કરી ઈનકમ ટાકસની વીરૂધમાં સખ્ત મીનીટ લખ્યાથી ઈંગલાંડની સરકારે પાછો બોલાવી લીધો હતો

---

[1] ટાઇમસ એન્ડ સ્ટાનડરડ, ૧૬ મી જુન ૧૮૬૦.

એ સ્કુલ ઊપલી કમીટીના હસ્તકમાં શેર હોલડરોને હીસાબે ઇ૦ સ૦ ૧૮૬૬ ના જુલાઇ માસ સુધી ચાલી હતી, તથા તેના પગારદાર શેક્રેટરી તરીકે ઇ૦ સ૦ ૧૮૬૨ થી એ૦ કાવશજી નશરવાંનજી કાંગાને, તથા હેડ માસટર તરીકે પ્રથમમાં મી૦ સી. ઇ. બેટસ તથા પછવાડેથી મી૦ એ. મારીસનને નેમ્યા હતા. વળી એ ખાતાંના શેરોની સંખીઆમાં રફતે રફતે વધારો કરી ૧૬૦) ની કીધી હતી, તથા છોકરાઓની માસીક ફી પણ ઇ૦ સ૦ ૧૮૬૪ થી વધારી રૂ૫) ને બદલે રૂ૧૦) ની કીધી હતી; તોપણ તેની આએપત કરતાં ખરચ ઘણો વધારે થવાથી તા૦ ૧૦ મી જુલાઇ ૧૮૬૬ ને દીને ભાગીદારોની સભામાં શેરહોલડરોને હીસાબે તે ચલાવવાનું બંધ કરવાનો ઠેડાવ કરી તેનો સઘળો વહીવટ એ સ્કુલના પેહલા આસીસ્ટંટ માસટર શેઠ હોરમજજી જાંગીરજી તાલેયારખાંને સોંપવાને કમીટીને સત્તા આપી હતી. તે મુજબ તા૦ ૧ લી આગશટ ૧૮૬૬ થી કમીટીએ એ સ્કુલ "પ્રોપ્રાએટરી સ્કુલ" નાં નામથીજ શેઠ હોરમજજીના સ્વાધીનમાં આપી હતી, અને તેની અવાર નવાર ભેટ લેવાને તેઓમાંથી હાનરેબલ ફરાંમજી નશરવાંનજી પટેલ, શેઠ પેશતનજી હોરમજજી કામાજી, અને શેઠ વીનાયકરાવ જગંનાથ શંકરશેઠે કબુલ કીધું હતું. એ સ્કુલ હજુસુધી શેઠ હોરમજજીના હસ્તકમાં મોટા પાયા પર ચાલુછે, તથા તેને કોઇવાર પણ સરકાર તરફની "ગ્રાંટ ઇન એડ" ની મદદ લીધી નથી, અને હાલ તેમાં બધા મળી ૬૦૦) વિદ્યાર્થીઓ કેળવણી લેછે, તથા એમાંથી કેળવણી લઇ અત્યાર સુધીમાં મુંબઇની યુનીવરસીટીની દાખલ થવાની પરીક્ષામાં ૨૫૫) વિદ્યાર્થીઓ પસાર થયાછે, જેઓમાંના ઘણાઓ યુનીવરસીટીની છેક ઊંચે દરજજેની પરીક્ષાઓ પણ પસાર કરી આજ મોટા ઓહોદાઓ ભોગવેછે. એ સ્કુલને માટે શેઠ હોરમજજીએ કોટ મધે બેહરાંમજી હોમજી સ્ટ્રીટમાં એક ખાસ મકાન રૂ૨૫૦૦૦) ની કીમતે ઇ૦ સ૦ ૧૮૮૧ માં વેચાતું લીધુંછે.

[2] જામે જમશેદ, તા૦ ૧૯ મી જુન ૧૮૬૦.

[3] શેઠ રતનશાહ એરચશાહ કોહીઆરના સસરા.

તે નામદારને મુંબાઈના દેશીઓ તરફનું એક માનપત્ર આપવાનો ઠેડાવ કરવાને આજ દીને બોમ્બે આશોશીએશન તરફથી અતરેના ટાઉનહાલમાં એક જાહેર સભા બોલાવી હતી. સુરતશીનની ખુરસી શેઠ જગંનાથ શંકરશેઠે લીધા બાદ માનપત્રનો ખરડો તેવણે વાંચી સંભળાવ્યો, જે બાહલ રાખવા તથા સર ચારલસ ટરેવીલીઅન ઉપર મોકલી આપવાને શેઠ ફરામજી નશરવાનજી પટેલે દરખાસ્ત કીધી અને તેને શેઠ ધનજીભાઈ ખરશેદજી સુરાકે ટેકો આપ્યો હતો. એ પછી ડાકટર ભાઉ દાજીએ દરખાસ્ત કરવાથી અને તેને શેઠ ડોશાભાઈ ફરાંમજી કરાકાએ ટેકો આપવાથી સર ચારલસ ટરેવીલીઅનની એક આખ્ખાં કદની તસવીર જાહેર ઉઘરાણાંથી પડાવી વીકટોરીઆ માઉજીઅમમાં મેલવાનો ઠેડાવ થયો હતો.[૧]

તા૦ ૨૦ મી જુન.

રોજ ૩૦ માહ ૯ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

આજ દીને શેઠ મનચેરજી બહમનજી પંથકીએ પોતાનાં છોકરાંઓની નવજોતની ખુશાલીમાં રૂ૧૦૦૪) પરચુરણ ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[૨]

તા૦ ૨૦ મી જુન.

રોજ ૩૦ માહ ૯ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

આજ દીને મરહુમ બાઈ હમાંબાઈ તે શેઠ ખરશેદજી નવરોજજી વાડીઆનાં ધણીઆંની તથા શેઠ રૂસતમજી હોરમજજી વાડીઆનાં બેટીનાં ઉઠમણાંમાં તેમના સસરા શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ તથા બીજાં એશીઓએ મળી રૂ૮૫૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[૩]

તા૦ ૨૦ મી જુન.

આજ દીને લંડન મધે નામદાર માહરાંણી વિકટોરીઆએ ભરેલી લેવીમાં સર ખરશેદજી જમશેદજી જીજીભાઈ બારોનેટની મોલાકાત તે નામવર શાહનશાહબાનું સાથે હિંદુસ્થાનના શેક્રેટરી ઑફ સ્ટેટ સર ચારલસ વુડે કરાવી હતી.

એજ રાત્રે માહરાંણીજીએ પોતાના મેહલમાં આપેલા "સ્ટેટ બૉલ" માં પણ સર ખરશેદજીને નોતરયા હતા, અને તેમના સાથે કેટલીકવાર વાતચીત કીધી હતી.[૪]

તા૦ ૫ મી જુલાઈ.

આએ વર્ષની અપરાધીઓની છાંડણ કરનારી બીજીવારની શેશન આજ દીને શુપરીમ કોરટમાં ખુની જડજ સર જોસફ આરનોલડની હજુરમાં ભરાઈ હતી. નીચલા પારસીઓ ગ્રાંડ જુરીમાં બેઠા હતા[૫]:—

શેઠો મેહરાંમજી જીજીભાઈ, બરજોરજી મનચેરજી વાડીઆ, ડોશાભાઈ ફરાંમજી કામાજી, ખરશેદજી ફરદુનજી પારખ.

તા૦ ૬ ઠી જુલાઈ.

રોજ ૧૬ માહ ૧૦ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

**મરણ**—ખરશેદજી મેહરવાંનજી મસાલાવાલા—ઉમર વર્ષ ૬૭) એવણ પ્રથમમાં પોતાના ભાઈઓ શેઠો નાનાભાઈ અને દાદાભાઈ મેહરવાંનજી મસાલાવાલા સાથે ભરૂચથી એડા તરફ જઈ પોતાના બાપ શેઠ મેહરવાંનજી રૂસતમજી મસાલાવાલાની દુકાંન ચલાવતા હતા. એ પછી ઈ૦ સ૦ ૧૮૩૦ માં ડીસાની કાંપ મધે એક દુકાંન ઉંચાડી હતી, અને મરણ પણ ત્યાંજ પામ્યા હતા. એ તરફના લશ્કરી અમલદારોમાં એવણે મોટો આબ મેલવ્યો હતો.

તા૦ ૯ મી જુલાઈ.

રોજ ૧૯ માહ ૧૦ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

આજ દીને સુરત મધે નાહનપરામાં મરહુમ શેઠ ફરાંમજી જમશેદજી ઉમરીગરનાં ઉઠમણાંમાં ત્યાંના કેટલાક આગેવાન જરથોસ્તીઓએ "સુરત નાહનપરા જરથોસ્તી ધરમ ફંડ" ને નામે એક ફંડ ઉભું કરી તે મધેથી તે તરફ આવેલી પંચાયત વાડી તથા મરહુમ શેઠ કાવશજી રૂસતમજી તમનાવાલી ધર્મશાલા વગેરેની હરવખત મરામત કરાવવા તથા બીજો અંજુમનને લગતો ખરચ આવી પડે તે કરવાનો ઠેડાવ કીધો હતો. આ ફંડમાં

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૧ મી જુન ૧૮૬૦.

ઉપલું માનપત્ર સર ચારલસ ટરેવીલીઅન ઉપર તા૦ ૨૧ મી જુન ૧૮૬૦ ને દીને મોકલવામાં આવ્યું હતું, જેનો તે નામદારે તા૦ ૨૩ મી આગસટ ૧૮૬૦ ને દીને લંડનથી જવાબ મોકલી મુંબઇના દેશીઓનો ઉપકાર માનયો હતો.

૨ જામે જમશેદ, તા૦ ૨૧ મી જુન ૧૮૬૦.

૩ જામે જમશેદ, તા૦ ૨૧ મી જુન ૧૮૬૦.

૪ જામે જમશેદ, તા૦ ૩ જી આગસટ ૧૮૬૦.

એજ મુજબ સપટેમબર માસની આખરીએ માહરાંણીજી સાથે એડીનબરોનાં રેલવે સ્ટેશન ઉપર સર ખરશેદજીને મોલાકાત થાઈ હતી.

૫ ટાઇમસ એન્ડ સટાનડરડ, ૬ ઠી જુલાઈ ૧૮૬૦.

શરૂઆતુ તરીકે ઉપલા મરનાર ગ્રહસ્થનાં એશીઓએ રૂ૪૭૬) ભરયા હતા.[૧]

---

તા૦ ૧૨ મી જુલાઈ.

મુંબાઈ બેંકના ભાગીદારોની આજ દીને મળેલી સભામાં શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇએ એક ડાએરેક્ટર તરીકે ઓહદો છોડવાથી તેમની જગોપર શેઠ ભીમજી માણેકજી બનાજીને મુકરર કીધા હતા.[૨]

---

તા૦ ૧૫ મી જુલાઈ.

રોજ ૨૫ માહ ૧૦ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

આજ દીને સુરત મધે મરહુમ શેઠ મેહરવાંનજી હોરમજજી ફરેજરનાં બીવા મરહુમ બાઈ આવાંબાઇનાં ઉઠમણાંમાં રૂ૧૨૫૦૦) મુંબઈની પંચાએતનાં ફંડના તરસ્ટીઓ હસતક ધર્મ ખાતે આપવાની તંદરોસ્તી પઢાવી હતી. એવી સરતથી કે એ રકમનું વ્યાજ દર શાલ સુરતનાં ધર્મનાં કામના માનેજરો જોગ વાજબું કે જેઓ તે મધેથી સુરત ખાતે મરહુમ શેઠ મેહરવાંનજી ફરેજરનાં નામથી દર વર્ષના તીર મહીનાના આદંબારની નેઆત થાએછે તે ચાલુ રાખે, અને તેમ કરતાં કાંઈ બાકી વધે તો તે અંજુમનનાં ધર્મખાતાંમાં વાપરે.[૩]

---

તા૦ ૧૭ મી જુલાઈ.

અતરેની એલફીનસ્ટન ઇનસ્ટીટીઉશનના પેહલા શીક્ષક શેઠ અરદેસર ફરામજી મુસે ૧૭) વર્ષે એ ખાતાંમાંથી પોતાનો ઓહદો છોડવાથી આજ દીને એ ઇનસ્ટીટીઉશનના ઉપલા વર્ગોના વિદ્યાર્થીઓએ વાહજ પ્રીનસીપાલ મી૦ સમીથનાં પ્રમુખપણા હેઠલ એક સભા ભરી એ ગ્રહસ્થની એક તસવીર પડાવી સ્કુલનાં દીવાંનખાંનાંમાં ટાંગવાનો ઠેડાવ કીધો હતો.[૪]

---

તા૦ ૧૯ મી જુલાઈ.

મુંબાઈ અને નાગપોર વચ્ચેના રેલ કંત્રાકટર આ૦ શેઠ પેશતનજી શોરાબજી પુણાંવાલા તથા તેમના દીકરા શેઠ પદમજી પેશતનજીને તેમની કીમતી નોકરીઓ માટે હિંદુસ્થાંનના નામદાર વાઇસરાએ "ખાંનબાહદુર" ના એતાબો આપ્યા હતા, તેને લગતી સનદ આજ દીને મુંબઈના નામદાર ગવરનર સર જારજ રસલ કલારકે ડાપુરી મધે એક દરબાર ભરી તેમને આપી હતી.[૫]

---

૧ એ ફંડનો વહીવટ પ્રથમ શેઠ મેહરવાંનજી શોરાબજી ઉમરીગર એકલા ચલાવતા હતા, પણ તે પછી તા૦ ૧૬ મી ડીસેમબર ૧૮૬૬ ને દીનથી એનો વહીવટ ચલાવવા માટે શેઠો માણેકજી દોરાબજી લાલકાકા, શોરાબજી રતનજી ચેઆરા, પાલણજી હોરમજજી નાજર, શોરાબજી જમશેદજી પોહો, અને પાલણજી મેહરવાંનજી કાલા પેશીનાની એક કારોબાર મંડલી ઠેરવી હતી. એ પછી ઈ૦ સ૦ ૧૮૭૨ માં તે કારોબાર મંડલીમાં શેઠો પેશતનજી રૂસતમજી સુનાંવાલા, હોરમજજી બેજનજી બખ્તખાંજી, પેશતનજી જીવાજી ડાકટર, નાનાભાઇ નશરવાંનજી ઉમરીગર, જીવણજી મેહરવાંનજી શબાવાલા, અને શોરાબજી પેશતનજી શબાવાલાને વધારયા હતા, અને હાલ છેલ્લા પાંચ ગૃહસ્થો તેનો વહીવટ ચલાવેછે. એ ફંડની પુંજી હાલ રૂ૩૦૦૦૦) નીછે, અને તેની ઉપજ મધેથી નાહનપરા ખાતેનાં દવાખાંનાંનાં ડાકટર જામાસપજી જીવાજીને દવાને સારૂં મદદ આપવામાં આવેછે, જેઓના તરફથી સર્વે જાતના ગરીબ તથા લાચાર લોકોને મુફત દવા અને સલાહ મલેછે.

૨ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૩ મી જુલાઇ ૧૮૬૦.

૩ જામે જમશેદ, તા૦ ૨૩ મી જુલાઇ ૧૮૬૦.

૪ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૯ મી જુલાઇ ૧૮૬૦.

આ તસવીરનો વિચાર શેઠ અરદેસરને નાપસંદ પડવાથી તે માંડી વાલી વિદ્યાર્થીઓએ તેમને એક માનપત્ર આપ્યું હતું.

૫ રાસ્ત ગોફતાર, તા૦ ૨૨ મી જુલાઇ ૧૮૬૦.

આ સનદ ફારસી ભાષામાં લખેલી હતી, અને તેનો ગુજરાતીમાં નીચે મુજબ તરજુમોછે:—

બુલંદ તથા બુજોરગ
સરકાર અંગરેજ બાહાદુર
હીંદુસથાંનના મુલકોનો કારોબાર
સઘલી રીતે ચલાવનાર કુલ
મુખતીઆરની મોહોર.
સને ૧૮૩૧ ઇશવી.

(શાહી) કેનીંગ.

"નવાબ મુસતતાબે મોઅલલા અલકાબ વાઇસરાએ ગવરનર જનરલ બાહદુર દામ એકબાલ હુ સાહેબે આ મુમબઇની સરકારની કરેલી ભલામણ ઉપરથી "ખાંની વ બાહાદુરી" ના એતાબની આએ સનદ પેશતનજી શોરાબજી અને તેવણનાં ફરજંદ પદમજી પેશતનજી કે જેઓ રેશાદ તથા બલવાના અઇઆંમમાં પોતાની વફાદારી તથા નેક એતેકાદી જાહેરમાં લાવેઆ તેથી કરીને આએ સરકાર તેવણ ઉપર ભારે ખુશી તથા રાજી થાઇછે અને તે ખુશાલી તથા રજામંદીની ઇધાંણી દાખલ "ખાંની વ બાહાદુરી" નો એતાબ એવણને તથા એવણની કાનબાદ એવણનાં ફરજંદ મજકુર પદમજી પેશતનજીને એનાએત કરેઓ તથા બખશેઓછે તે વીશેની આએ સનદ આપીછે. હવે શક નથી કે આવો બુજોરગી તથા માંન ભરેલો એતાબ મલેઆથી આએ આશામાંનના દબદબાવાલી સરકારની નેકખાહી તથા વફાદારીમો આગલના કરતાં વધારો કરવા વના એવણ રેહશે નહી અને આએ સનદ ધરાવીઆથી પોતાના હમશરીકો તથા દોસત આશનાઓમાં માંન તથા બુજોરગી અખતેઆર કરેલી કેહેવાશે. તારીખ ૨૯ મી માહે મેએ સને ૧૮૬૦ ઇશવી.

ગવરનર જનરલ
સાહેબના નાએબે
મીર મુનશીની
મોહોરછે.

તા૦ ૨૧ મી જુલાઈ.

અતરેના એક પ્રખીઆત બ્યાપારી તથા દેશીઓના એરખાહ મીત્ર મી૦ જાન ફલેમીંગ બાર વર્ષે પોતાને વતન ઇંગલાંડ જનાર હોવાથી આજ દીને તેને શેઠ મેહરાંમજી હોરમજજી કામાજીએ પોતાના વાલકેશરના નવા બંગલામાં એક મોટી જીયાફત આપી હતી.[૧]

તા૦ ૨૨ મી જુલાઈ.

રોજ ૨ માહ ૧૧ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

**મરણ**—દીનશાહજી શાપુરજી લાલા[૨]—ઉમર વર્ષ ૩૭) શેઠ શાપુરજી મનચેરજી લાલાના નાહના દીકરા. એવણ લાંબી મુદત સુધી વરોડરાનાં રાજાના એક માનીતા કારભારી તથા મુંબઈના એજંટ હતા, તથા માહરાજા ખંડેરાવનાં ફોટોગ્રાફી, રસાએણ શાસ્ત્ર, વગેરેના શોખ એવણે ઉતપન્ન કીધા હતા. એમની નીમકહલાલી ભરી નોકરીઓનાં બદલામાં માહરાજાએ તા૦ ૨૯ મી મેએ **૧૮૫૯ ને દીને એવણને જાહેર દરબારમાં સોનાનાં કલાં, પોશાગ, તથા છત્રી, વગેરેનો સરપાવ ભેટ આપ્યો હતો. એવણનું મરણ વરોડરા મધેજ અચ્યુત કોલેરાથી નીપજયું હતું.**

તા૦ ૨૪ મી જુલાઈ.

રોજ ૪ માહ ૧૧ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

**મરણ**—અસપંદીઆરજી ભીખાજી નાહના પટેલના—ઉમર વર્ષ ૭૪) એવણ "અસલાજી" નાં નામથી ઓલખાતા હતા. ગીરગામના રસતા ઉપર એવણે એક દરેમેહેર બંધાવી હતી.

તા૦ ૩૦ મી જુલાઈ.

રોજ ૧૦ માહ ૧૧ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

**મરણ**—રૂસતમજી નવરોજજી ગારડા[૩]—ઉમર વર્ષ ૬૦) એવણ નવસારીના એક જાણીતા વતની હતા. પ્રથમમાં દારૂનો મોટો રોજગાર, અને તે બાદ પરચુરણ મકતાઓ તથા વાંસડા અને બીજાં દેશી રાજયોમાં નાણાંની ધીરધાર કરતા હતા.

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૪ મી જુલાઈ ૧૮૬૦.

૨ મરહુમ શેઠો જાંગીરજી અને નશરવાંનજી શાપુરજી લાલાના ભાઈ તથા શેઠ બરજોરજી દીનશાહજી લાલાના બાવા.

૩ શેઠો જમાસપજી અને બરજોરજી રૂસતમજી ગારડાના બાવા.

તા૦ ૩૧ મી જુલાઈ.

રોજ ૧૧ માહ ૧૧ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

આજ દીને મરહુમ બાઈ માણેકબાઇ તે શેઠ હોરમજજી પેશતનજી બાટલીવાલાનાં બેટી તથા શેઠ ધનજીભાઈ એદલજી નાહનિટીનાહનિનાં ધણીઆંણીનાં ઉઠમણામાં રૂ૫૨૫) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[૪]

તા૦ ૭ મી આગશટ.

રોજ ૧૮ માહ ૧૧ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

**મરણ**—દાદાભાઈ નશરવાંનજી શેઠના[૫]—ઉમર વર્ષ ૮૬) શેઠ નશરવાંનજી એદલજી શેઠનાના વડા દીકરા. એવણ તાલચરીવાલા મુસા માપલાના મુંબઈ ખાતેના આડતીઆ હોવાથી "દાદાભાઈ માપલા" નાં નામથી ઓળખાતા હતા. મુસા માપલાવાલાઓની આડત ઉપરાંત એઓ મલબાર કોસ્તા ભણીનો પરચુરણ વ્યાપાર ચલાવતા હતા.

તા૦ ૯ મી આગશટ.

રોજ ૨૦ માહ ૧૧ (શે૦) ૧૨૨૯ યજદજરદી.

આજ દીને મરહુમ બાઈ વીરબાઇજી તે મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇનાં વીધવાનાં ઉઠમણામાં તેમની પોતાની પુંજી મધેથી રૂ૪૦૦૦); ખાવંદની પુંજી મધેથી રૂ૧૦૦૦); દીકરાઓ શેઠો બહમનજી, શોરાબજી, મેહરાંમજી, અને મરહુમ મેહરવાંનજીની પુંજીમાંથી મલી રૂ૧૨૦૦); દીકરીઓ બાઇ બયુબાઈ તથા જરબાઇ અને મરહુમ બાઇ હમાંબાઇની પુંજીમાંથી મલી રૂ૭૫૦); વહુઓ બાઈ મીઠીબાઈ, રતનબાઈ, રતનબાઈ અને માણેકબાઇએ રૂ૪૦૦); જમાઈ શેઠ નવરોજજી કાવશજી આશબરનરે રૂ૩૦૦); અને દીકરીના દીકરાઓ શેઠો દીનશાહજી અને નશરવાંનજી માણેકજી પીટીટ રૂ૫૦૦); મલી જુમલે રૂ૮૧૫૦) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.[૬]

૪ જામે જમશેદ, તા૦ ૨ જી આગશટ ૧૮૬૦.

૫ શેઠો માણેકજી અને કાવશજી દાદાભાઇ શેઠના અથવા માપલાના બાવા. એવણના એક ભાઇ શેઠ રતનજી નશરવાંનજી શેઠના (શેઠ શોરાબજી રતનજી શેઠનાના બાવા) પણ એવણની સાથેજ ઊપલી આડતનાં કામમાં શામેલ હતા. એવોના બાપ શેઠ નશરવાંનજી તથા તેમના ચાર ભાઇઓ શેઠો ખરશેદજી (શેઠ માણેકજી બરજોરજી શેઠના બાપના બપાવા), મનચેરજી (મરહુમ શેઠ રૂસતમજી ફરામજી શેઠના બાપના બપાવા), ડોશાભાઇ અને રૂસતમજી એદલજી શેઠના આગલા વખતમાં અતરે જાણીતા ગ્રહસ્થો હતા.

૬ જામે જમશેદ, તા૦ ૧૦ મી આગશટ ૧૮૬૦.

તા૦ ૯ મી આગસ્ટ.

પુણાંવાલા આ૦ શેઠ પેશતનજી શેરાબજીને નામદાર સરકારે "ખાંનબાહદુર" નો ખેતાબ આપ્યો તેની મુબારકબાદીમાં પુણાંના જરથોસ્તીઓએ આજ દીને તેમને એક માનપત્ર તથા જીયાફત આપી હતી. પ્રરત-શીનની ખુરસી શેઠ અરદેસર બરજોરજી મુનસફે લીધા બાદ શેઠ કાવસજી ફરદુનજી મરજબાંને ૨૦૦) સહીનું માનપત્ર વાંચી સંભળાવ્યું, જેનો ખાંનબાહદુર પેશતન-જીની તરફથી તેમના દીકરા શેઠ પદમજી પેશતનજીએ જવાબ વાલયો હતો, અને પુણાંના જરથોસ્તીઓએ તેમને "પીસ આફ પલેટ" ભેટ આપવાને જે રૂ૨૦૦૦) એકઠા કીધા હતા તેની પલેટ ન લેતાં તેમાં પોતાની તરફથી બીજા રૂ૨૦૦૦) ઉમેરી ધર્મનાં કારણ સર વાપડવાની સુચના કીધી હતી.[૧] એ સુચનાં સર્વેએ બાહાલ રાખ્યા બાદ અહમદનગર તથા જાલનાના જરથોસ્તીઓ તરફથી આવેલાં માનપત્રો વાંચી સંભળાવવામાં આવ્યાં હતાં. જે બાદ સર્વે ગ્રહસ્થો ખાણાંની ટેબલ ઉપર બીરાજ્યા, જ્યાં ખાંનબાહદુર પેશતનજીની સલાંમતી ખુશાલીના પોકારો વચે લેવાઈ હતી.[૨]

તા૦ ૨૦ મી આગસ્ટ.

હાંગકાંગના કેટલાક પારસી તથા બીજા વ્યાપારીઓએ તે તરફ એક "સ્ટીમ નેવીગેશન કંપની" ઉભી કરી તે માટે સ્ટીમર ખરીદવાને શેઠ અરદેસર ઉકરજી ગોદીવાલાને ઈજિનેર તરીકે ચીનથી ઇંગલાંડ મોકલ્યા હતા.[૩]

તા૦ ૨૩ મી આગસ્ટ.

શેઠ રૂસતમજી હોરમસજી જોગા, ટરીચીનાંપોલીવાલાનું માહાસોરના રાજા ઉપર રૂ૩૦૦૦૦) નું લેહણું નીકલતું હતું તે વિષેનું તેવણે તા૦ ૭ મી જુલાઈ ૧૮૬૦ ને દીને નીલગરીવાલા શેઠ પેશતનજી નશરવાંનજી બાટલીવાલાને અખત્યારનામું આપ્યું હતું કે એ નાણું વસુલ કરી મુંબઈની પારસી પંચાતનાં ફંડમાં તેમનાં નામનું જુદું ખાતું પડાવી આપવું, અને તેનું હર શાલ જે કાંઈ વ્યાજ ઉપજે તે પંચાતનાં જનરલ, આંધલાપાંગલા જરથોસ્તીઓનાં, રવાંનોને અવલમંજલ પોહચાડવાનાં, અને મુકતાદને તાંકણે દેશાવરો ખાતે ગરીબ જરથોસ્તીઓને વેંહચી આપવાનાં ફંડોમાં વાપડવાનો બંદોબસ્ત કરેલો. તે મુજબ ઉપલા રૂ૩૦૦૦૦) ને પેટે શેઠ પેશતનજીએ વસુલ કરેલા રૂ૫૦૦૦) આજ દીને પંચાતનાં ફંડનાં તરસ્ટીઓ ઉપર વાલવામાં આવ્યા હતા.[૪]

તા૦ ૨૫ મી આગસ્ટ.

સુરતના એક પારસી શેઠ પાલણજી શાપુરજીને ચીન તરફ ગયલી એક આઠી મનવારના વડા મોસતગી તરીકે સરકાર તરફથી આએ વર્ષમાં એક રૂપાનો ચાંદ ભેટ આપવામાં આવ્યો હતો.[૫]

તા૦ ૨૮ મી આગસ્ટ.

રોજ ૪ માહ ૧ (ક૦) ૧૨૩૦ યજદજરદી.

**મરણ**—પેશતનજી ફરામજી મામા—ઉમર વર્ષ ૮૦) શેઠ ફરામજી પેશતનજી મામાના વડા દીકરા. એવણ પ્રથમમાં પોતાના બાપના મલબાર કોસતા તથા મસકતના વ્યાપારમાં શામેલ હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૨૩ માં બાપનાં મરણ બાદ પોતાનો એલાહેદો રોજગાર ચલાવતા હતા, અને ઈ૦ સ૦ ૧૮૪૫ થી જઇફીને લીધે એકાંત જીંદગી ગુજારતા હતા.

તા૦ ૩૦ મી આગસ્ટ.

આજ દીને મરહુમ શેઠ પેશતનજી ફરામજી મામાનાં ઉઠમણાંમાં તેમની પોતાની પુંજી મધેથી તથા એશીઓએ મલી રૂ૮૦૦) ધર્મ ખાતાંઓમાં આપ્યા હતા.[૬]

૧ એ રૂ૪૦૦૦) ની રકમ તેમજ મુંબઈથી ગયલા રૂ૬૪૬૫) તથા પોતાની તરફના બીજા રૂ૪૫૦૦) મલી રૂ૧૫૦૦૦) ની રકમ ઇ૦ સ૦ ૧૮૬૧ માં એવણે સરકારના સ્વાધીનમાં આપી હતી, જેની ઉપજ મધેથી પુણાં મધે એવણનાં નામથી ચાલતી "ધી ખાંનબાહદુર પેશતનજી શેરાબજી ચારીટેબલ ડીસ્પેનસરી" નો ખરચ ચલાવવામાં આવેછે.

૨ જામે જમશેદ, તા૦ ૧૭ મી આગસ્ટ ૧૮૬૦.

૩ મુંબઈ શમાચાર, તા૦ ૨૪ મી સપટેમબર ૧૮૬૦.

૪ મુંબઈ શમાચાર, તા૦ ૨૯ મી સપટેમબર ૧૮૬૦.

એ પછી એ નાણાંને પેટે બીજા રૂ૧૦૦૦૦) તા૦ ૫ મી સપટેમબર ૧૮૬૧ ને દીને તથા બાકીના રૂ૧૫૦૦૦) તા૦ ૩૧ મી અકટોબર ૧૮૬૪ ને દીને શેઠ પેશતનજીએ મુંબઈ મધે તરસટીઓ ઉપર વાલયા હતા, અને તા૦ ૭ મી નવેમબર ૧૮૬૪ ને દીને એ રૂ૩૦૦૦૦) નું પંચાતનાં દફતરમાં મરહુમ શેઠ રૂસતમજી હોરમજી જોગાને નામનું જુદું ખાતું પાડવામાં આવ્યું હતું.

૫ આ ચાંદ પર નીચે મુજબ લેખ કોતરેલોછે:—

*Taku Fort* 1860.
VICTORIA REGINA
Armis Exposcere Pacem, China
PALONJEE SAPORJEE, Crs. Me.
H. M. S. PRINCE ARTHUR.

૬ મુંબઈની પારસી પંચાતનાં ફંડની સવંત ૧૯૧૬, તથા ઇરાંન દેશના ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારનારી મંડલીના ૧૮૫૯—૬૧, અને કદમી દાહંબાર તથા લાવારેસ ઇરાંનીઓનાં ફંડના યજદજરદી ૧૨૩૦ ના હીસાબની ચોપડીઓ.

તા૦ ૩૧ મી આગસ્ટ.

રોજ ૭ માહ ૧ (ક૦) ૧૨૩૦ યજદજરદી.

આજ દીને મરહુમ બાઈ મેહેરબાઈ તે શેઠ દાદાભાઈ જાંગીરજી દાદીશેઠનાં ધણીઆંની તથા મરહુમ શેઠ રતનજી દાદાભાઈ કોહલાનાં બેટીનાં ઊઠમણાંમાં તેમના ખાવંદ તથા બાઈઓ શેઠો પેશતનજી અને ડાયાભાઈ રતનજી કોહલાએ મળી રૂ૫૨૫) ધર્મખાતાંઓમાં આપ્યા હતા.૧

તા૦ ૧ લી સપટેમબર.

રોજ ૮ માહ ૧ (ક૦) ૧૨૩૦ યજદજરદી.

આજ દીને મરહુમ બાઈ બાકરબહુ તે શેઠ દાદાભાઈ રૂસતમજી પટેલનાં ધણીઆંનીનાં ઊઠમણાંમાં તેમનાં કુટુંબીઓએ થાણાં મધેની મરહુમ શેઠ રૂસતમજી કાવશજી પટેલની દરેમેહરના હવેપછીના ચાલુ ખરચને માટે એક ફંડ ઉભું કરી તે મધે પેહલ વેહલા શેઠ દાદાભાઈએ રૂ૧૦૦૦), શેઠ હીરજીભાઈ રૂસતમજી પટેલે રૂ૧૦૦), અને શેઠ હોરમજજી દોરાબજી પટેલે રૂ૫૦૦) ભરી તેની તંદરોસ્તી પઢાવી હતી, અને તે ફંડમાં એજ કુટુંબનાં માણસોનું નાણું લેવાનો બંદોબસ્ત કીધો હતો. એ ઉપરાંત બીજા રૂ૨૦૦) પરચુરણ ધર્મખાતાંઓમાં આપ્યા હતા.

તા૦ ૪ થી સપટેમબર.

ખંડાલાના ફોજદાર શેઠ બેહરામજી દાદાભાઈ (રેજીસ્ટરાર) ને નામદાર સરકારે પુણાંના ફોજદાર નેમ્યા હતા.૨

તા૦ ૬ થી સપટેમબર.

વરોડરાના માહરાજ ખંડેરાવે પોતાના માજી એજંટ તથા કારભારી મરહુમ શેઠ દીનશાહ શાપુરજી લાલાના દીકરા શેઠ બરજોરજી દીનશાહ લાલાને આજ દીને એક મોજાનસ ભરી સરપાવ, તથા છતરી અને મસાલ વાપડવાનો હક આપ્યો હતો.૩

તા૦ ૧૬ મી સપટેમબર.

ઇંગલંડ મધે લંડનની કીંગસ કાલેજ તરફથી ઉભી થએલી "કુવીનસ વેસ્ટ મીનીસ્ટર" વાલંટીયર કોરમાં લશ્કરી કવાએદ લેવાને એક પારસી ગ્રહસ્થ—શેઠ રૂસતમજી ખરશેદજી કુપર, શામેલ થયા હતા.૪

૧ મુંબઇની પારસી પંચાતનાં ફંડની સવંત ૧૯૧૬ તથા કોરતનાં ધર્મનાં દવાખાંના અને જરથોસ્તી છોકરીઓની નીશાલ મંડલીના ઇસવી ૧૮૬૦ ના હીસાબની ચોપડીઓ.

૨ બોમ્બે ગેઝેટ, તા૦ ૪ થી સપટેમબર ૧૮૬૦.

૩ મુંબઇ શમાચાર, તા૦ ૧૪ મી સપટેમબર ૧૮૬૦.

૪ રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી સપટેમબર ૧૮૬૦.

તા૦ ૧૮ મી સપટેમબર.

આતરેની સરકારી ગોદીમાં બાંધેલી એક નવી ગનબોટ "હયુરોઝ" ને પાણીમાં ઉતારવાની ક્રિઆ આજ દીને એક મોટા મેળાવડાની હજુરમાં કપટાંન યંગની નાહની બેટી મીસ યંગે કીધી હતી. સરેશતા પ્રમાણેની ક્રિઆ સાથે તે બારકસને પાણીમાં ઉતારયા બાદ દરીયાઈ ખાતાંના વડા કામોડોર વેલસલીએ વડા માસ્ટર–બીલડર શેઠ જાંગીરજી નવરોજજી વાડીઆ તથા તેમના બે મદદનીસો શેઠો હીરજીભાઈ મેહરવાંનજી વાડીઆ અને જમશેદજી ધનજીભાઈ વાડીઆને એકકી શેઆલ ઓઢાડી માન આપ્યું હતું.૫

તા૦ ૨૫ મી સપટેમબર.

આએ વર્ષની અપરાધીઓની છાંડણ કરનારી ત્રીજીવારની શેશન આજ દીને શુપરીમ કોરટમાં ચીફ–જસટીસ સર માથયુ સાસની હજુરમાં ભરાઈ હતી. નીચલા પારસીઓ ગ્રાંડ જુરીમાં બેઠા હતા૬:—

શેઠો જાંગીરજી નવરોજજી વાડીઆ, શોરાબજી જાંગીરજી દાદીશેઠ, હોમજી ખરશેદજી દાદીશેઠ, ધનજીભાઈ ફરામજી પટેલ, કાવશજી માણેકજી લીમજી.

તા૦ ૨૫ મી સપટેમબર.

રોજ ૨ માહ ૧ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

આજ દીને મરહુમ બાઈ નવાજબાઈ તે શેઠ હીરજીભાઈ રૂસતમજી બાકસટરનાં ધણીઆંની તથા મરહુમ શેઠ પોહચાજી ફરામજી પાંડેનાં દીકરીનાં ઊઠમણાંમાં તેમનાં બેશીઓએ રૂ૮૧૫) પરચુરણ ધર્મખાતાંઓમાં આપ્યા હતા.૭

તા૦ ૧ લી આકટોબર.

શેઠ મનચેરજી (કાવશજી) શાપુરજી લંગડાનાએ "બેતરીતી" નામનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.૮

૫ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૯ મી સપટેમબર ૧૮૬૦.

૬ ટાઇમસ એન્ડ સ્ટાનડરડ, ૨૬ મી સપટેમબર ૧૮૬૦

૭ જામે જમશેદ, તા૦ ૨૭ મી સપટેમબર ૧૮૬૦.

૮ "બેતરીતી, ઇઆને પારસી ગુજરાતી ભાશા મધેનાં કવેતાની એબારત વાંચવા તથા લખવા અને સમજવાનાં કાએદા અને રીતોનો ખોલાસો ઇતીઆદી. બનાવનાર "મંનસુખ" તે મનચેરજી સાપુરજી લંગડાનાં. મુંબઇ જામે જમશેદ છાપાખાનાંમાં હોરમજજી દાદાભાઇ પરીદરે છાપીઉંછે. સને ૧૨૨૯ ઇઅજદેજરદી અને સને ૧૮૬૦ ઇસવી."

## તા૦ ૧૫ મી અકટોબર.

સર ખરશેદજી જમશેદજી જીજીભાઇ બારોનેટે લંડન છોડવા આગમજ આજ દીને ત્યાંના લારડ મેઅર ઉપર એક પત્ર લખી ૨૦૦) પાંઊંડ (રૂ૨૦૦૦) ની રકમ ત્યાંનાં ધર્મખાતાંઓમાં વેંહચી આપવાને મોકલી હતી.[૧]

## તા૦ ૧૮ મી અકટોબર.

મુંબઇનાં ટાપુમાં હિંદુસ્થાંનની સરકારના ઈ० સ० ૧૮૬૦ ના ૩૨ મા કાયદા પ્રમાણે "ઇનકમ ટાકસ" ઇઆને આએપત ઉપર કર લેવાનું કામ આજ દીનથી શરૂ થયું હતું; અને તે માટેના કમીશનરો તરીકે ૫ ઇંગ્રેજ, ૧ પોરટુગીજ, ૧ હિંદુ, ૧ મુસલમાંન, અને ૧ પારસી—શેઠ કાવશજી જાંગીરજી રેડીમની, ને નામદાર સરકારે નેડવ્યા હતા; તથા આસેસરો તરીકે ૧ ઇંગ્રેજ, ૧ પોરટુગીજ, ૨ હિંદુ, ૧ મુસલમાંન, અને ૨ પારસી—શેઠો ડોશાભાઇ ફરામજી કરાકા અને દાદાભાઇ બેજનજી કાતરક (કલગીરવાલા) ને નેમ્યા હતા.[૨]

## તા૦ ૧૯ મી અકટોબર.

પુણાંવાલા આ૦ શેઠ પેશતનજી શોરાબજીને નામદાર સરકારે "ખાંનબાહાદુર" નો ખેતાબ આપ્યો તે વેળાએ અતરે શેઠો રૂસતમજી અને શોરાબજી જમશેદજી જીજીભાઇએ "આપણી કોમના અથોરનાંન ટોલાના શાહેબોમાંથી પેહલવેહલાં જે નાંમીચા ગહરસથને એ માંન" મલ્યું તેવણ પર મુંબઇના જરથોસ્તીઓ તરફથી એક માનપત્ર તથા "પીસ ઑફ પલેટ" ભેટ મોકલવાને એક લીસ્ટ ફરતું કીધું હતું. તે મધે રૂ૬૪૬૫)[૩] ભરાયા હતા, તે રકમ તથા મુબારકબાદીનું માનપત્ર આજ દીને પુણાં મધે જરથોસ્તીઓની એક મીજલસ ભરી શેઠો રૂસતમજી જમશેદજી જીજીભાઇ અને હોરમજજી પેશતનજી બાટલીવાલાએ ખાંનબાહાદુર શેઠ પેશતનજીને નજર કીધું હતું, તથા ઉપલી રકમ તેવણની યાદગારી કાએમ રહે એવાં કામમાં વાપડવાને તેવણનીજ મુનસફી ઉપર સોંપ્યું હતું.[૪]

---

૧ બોમ્બે ગેજેટ, તા० ૨० મી નવેમબર ૧૮૬૦. એ બાબે લારડ મેઅર ઊપર લખેલો પત્ર અતરે ઊતારી લઇએ છૈયે:—

*34 Belgrave square; October* 15.

My Dear Lord Mayor,—I have been absent from London for some time past on a tour through the provinces, and returned only the other day. This must be my excuse for not having done myself the honour of paying my respects lately to your Lordship and the Lady Mayoress. I shall certainly take an opportunity of waiting upon you before returning to India, but in the meanwhile, remembering that my late lamented father was a citizen of London, I should wish, before leaving England, to contribute in some measure to the charities of the city, and trust that your Lordship will excuse my asking you to become my almoner by distributing the enclosed sum of £200 among such of the city charities as your Lordship may deem most worthy of support.

I have the honour to be,
My Dear Lord Mayor,
Your very faithfull servant,
JAMSETJEE JEJEEBHOY.

૨ બોમ્બે ગવરમેંટ ગેજેટ, ૧૩ મી સપટેમબર તથા ૧૧ અને ૧૮ મી અકટોબર ૧૮૬૦.

૩ આ રૂ૬૪૬૫) નીચે મુજબ ભરાયા હતા:—

(રૂ૫૦૦) સર ખરશેદજી જમશેદજી જીજીભાઇ બારોનેટ. (રૂ૪૦૦) રૂસતમજી જમશેદજી જીજીભાઇ, ફરામજી નશરવાંનજી પટેલ. (રૂ૩૨૫) હોરમજજી પેશતનજી બાટલીવાલાના છોકરાઓ. (રૂ૨૦૦) શોરાબજી જમશેદજી જીજીભાઇ, બહમનજી હોરમજજી વાડીઆ, અરદેસર હોરમજજી વાડીઆ, કાવશજી જાંગીરજી રેડીમની, ખુરશેદજી નોશરવાંનજી કામાજી. ચનબાઇજી તે ધનજીભાઇ નશરવાંનજી કામાજીનાં વીધવા, એદલજી દાદાભાઇ સુખીઆ. (રૂ૧૫૦) ખરશેદજી ફરદુનજી પારખ, અરદેસર તથા નશરવાંનજી અને હોમજી ખરશેદજી દાદીશેઠ. (રૂ૧૦૦) નવરોજજી જમશેદજી વાડીઆ, મનચેરજી જમશેદજી વાડીઆના છોકરાઓ, શોરાબજી ફરામજી પટેલ, ધનજીભાઇ ફરામજી પટેલ, પેશતનજી અને ડોશાભાઇ હોરમજજી કામાજી, બહમનજી ફરામજી કામાજી, રતનજી એદલજી બાટલીવાલા, દીનશાહજી અને નશરવાંનજી માણેકજી પીટીટ, જમશેદજી કુવરજી તથા જાંગીરજી ફરામજી જશાંવાલા, કાવશજી જાંગીરજી જશાંવાલા, ધનજીભાઇ ખરશેદજી રાંદેલીઆ, રૂસતમજી શાપુરજી મવલા. (રૂ૭૫) ખરશેદજી રૂસતમજી વાડીઆ, (રૂ૫૧) મેહરવાંનજી ખરશેદજી ઘડીઆલી, બરજોરજી રૂસતમજી બાટલીવાલા, નશરવાંનજી અસપંદીઆરજી કાકાપારખના (પોંહચખાંનાવાલા), ડોશાભાઇ ફરામજી કામાજી, માણેકજી ખરશેદજી સરાફ, જીવાજી માણેકજી વાછા, પેશતનજી જાંગીરજી તારાચંદ, મેહરવાંનજી ફરામજી પાંડે, એદલજી નશરવાંનજી કોલાખેવાલા, રતનજી તથા દીનશાહજી જમશેદજી પારખ. (રૂ૫૦) દીનશાહજી દાદાભાઇ ગાંધી, ખરશેદજી તથા મેહરવાંનજી જાંગીરજી તારાચંદ, પાલણજી પેશતનજી પોંહચખાંનાંવાલા, લીમજી માણેકજી બનાજી. (રૂ૧૧૫૫) રૂ૫૦) ની અંદરની રકમ.

૪ જામે જમશેદ, તા० ૨૩ મી અકટોબર અને ૧૩ મી નવેમબર ૧૮૬૦

એ માનપત્રનો ખાંનબાહાદુર શેઠ પેશતનજી શોરાબજીએ તા० ૮ મી નવેમબર ૧૮૬૦ ને દીને મુંબઇના અકાબરો જોગ જવાબ વાલી સરે શહી કરનારાઓનો ઊપકાર માનયો હતો, તથા ઊપલી રૂ૬૪૬૫) ની રકમ પુણાંના લોકોએ એજ બાબે એકઠી કરેલી રૂ૨૦૦૦) ની રકમ સાથે ઊમેરી તેની સરકારી નોટ લઇ તેનું બ્યાજ દર શાલ પુણાં મધે ધર્મનાં કામોસર ખરચવાને મુંબઇની પારસી પંચાતનાં ફંડના તરસ્ટીઓ પર મોકલવાને લખ્યું હતું. પણ તે પછી પુણાં મધે ઊપરાંણાંથી ચાલતું ધર્મનું દવાખાંનું પડતી હાલતમાં આવ્યાથી એ રકમ પંચાતમાં આપવાને

તા૦ ૨૧ મી ઑકટોબર.

ડાક્ટર હોરમજજી બેજનજી દાંતરાએ ગ્રાંટ મેડીકલ કાલેજની ઇમારતની તથા તેના આગલા પ્રીનસીપાલ ડાક્ટર મોરહેડની તસવીરો ઉતરાવી અતરે એ કાલેજનાં દીવાંનખાંનામાં ટાંગવાને ભેટ મોકલી હતી.૧

તા૦ ૨૮ મી ઑકટોબર.

કરાંચીવાલા શેઠ બેહરામજી મેહરવાંનજી કોટવાલ જેઓ ઈ૦ સ૦ ૧૮૩૭ થી અમદાવાદનાં સદરબજારના વડા ચોધરી તથા ઈ૦ સ૦ ૧૮૪૮ થી કરાંચીના કોટવાલના ઓહદા ઉપર હતા તેવણે પોતાનો ઓહદો છોડયાથી ત્યાંના કમાંનડીંગ આફીસર મેજર જનરલ કનીંગહામે એક જાહેરનામાંની મારફતે તેમને શાબાસી આપી હતી,૨ અને તેમની જગોએ કરાંચીનાં બજારના ચોધરી શેઠ ફરદુનજી મેહરવાંનજી લાહોરને કોટવાલ તરીકે નેમ્યા હતા.૩

તા૦ ૨૫ મી ઑકટોબર.

આજ દીને અતરેની પોલીસ કોરટમાં ભરાયલી પેટીશનની કોરટમાં માજીસ્ટ્રેટની સાથે એક દેશી અધિકારી તરીકે શેઠ શેરાબજી જાંગીરજી દાદીશેઠ બીરાજયા હતા.૪

તા૦ ૨૬ મી ઑકટોબર.

સુરતની એંડરસ લાહબ્રેરીના સંબંધમાં શેઠ ડેખશરૂ હોરમજજી આલપાઇવાલાએ "ઇંગલાંડના રેહવાસીઓમાં એવા શા ગુણો છે કે જેથી એ દેશનો વેપાર ધમધોકાર વધેછે, અને કીઆ ગુણોની ખામી આ દેશના રેહવાસીઓમાં હોવાથી આ દેશનો વેપાર તેવી રીતે વધતાં અટકેછે" એ બાબદ ઉપર આજ દીને એક જાહેર ભાષણ કીધું હતું. સરનશીનની ખુરસી નામદાર ગવરનરના એજંટ મી૦ એ. કે. ફારબસે લીધી હતી.૫

---

બદલે ખાંનબાહદુર પેશતનજીએ તેમાં પોતાની તરફથી બીજા રૂ૬૫૦૦) ઉમેરી કુલે રૂ૧૫૦૦૦) ની રકમ તા૦ ૩૦ મી ઑકટોબર ૧૮૬૧ ને દીને સરકારના સ્વાધીનમાં તેની ઉપજ મધેથી તે દવાખાંનું ચાલુ રાખવાને આપી હતી, જેથી તે દવાખાંનાનું નામ "શ્રી ખાંનબાહદુર પેશતનજી શેરાબજી ચારીટેબલ ડીસ્પેનસરી" કરી રાખવામાં આવ્યુંછે, તથા તેને માટે ઈ૦ સ૦ ૧૮૬૨ માં એક મકાંન એમના બેટા ખાંનબાહદુર પદમજી પેશતનજીએ ખરીદ કરી આપ્યુંછે.

ઉપલાં માનપત્ર ઉપરાંત પુણાં તથા સુરતના હોરાઓએ પણ મુબારકબાદીનું એક માનપત્ર તા૦ ૭ મી ઑકટોબર ૧૮૬૦ ને દીને ખાંનબાહદુર શેઠ પેશતનજીને આપ્યું હતું, તથા નવસારીની જરથોશ્તી અંજુમન તરફથી પણ એક માનપત્ર તા૦ ૧૭ મી ઑકટોબર ૧૮૬૦ ને દીને મોકલવામાં આવ્યું હતું.

૧ મુંબઈ શમાચાર, તા૦ ૩ જી નવેમબર ૧૮૬૦.

૨ આ જાહેરનામામાં એમને માટે લખ્યુંછે કે:—

After a long and active Service in the Government employ Kotwal Byramjee Merwanjee has at his own request received permission to retire, his responsible duties being deligated to another.

The success and independence of the Kotwal are proofs of what can be accomplished by a zealous adherence to the British imperial sway.

The Major General hopes that his activity and zeal will be followed and that he may live to see the Bazar which has sprung into an affluent Native community vie with the older Cities and Capitals of the Presidencies in its wealth, appearance and commercial prosperity.

એની આગમજ આપરેલ માસમાં એવણે ઓહદો છોડી પેનશન મેલવવા માટે કરેલી અરજી નામદાર કમાનડર-ઇન-ચીફ ઉપર મોકલી આપતાં સિંધ વિભાગના કમાનડીંગ આફીસર કરનલ સ્ટુઅરટે એમને માટે નીચે મુજબ ભલાંમણનો પત્ર લખ્યો હતો:—

No. 517 of 1860.

From,

THE OFFICER COMMANDING SIND DIVISON ARMY.

To,

THE QUARTER MASTER GENERAL OF THE ARMY.

MAHABLESHWUR.

Head Quarters

*Kurrachee, 23d April 1860.*

Sir,

In forwarding a letter No. 228 dated the 15th instant from the Cantonment Superintendent of Kurrachee with its accompaniments for the favorable consideration of His Excellency the Commander in Chief, I would beg to mention that I had a personal knowledge of Mr. Byramjee Merwanjee for some years and believe him to be a most excellent public servant—I have understood that during the late unfortunate disturbance at this station during the Mutinies he rendered good, valuable, and faithful service to the Authorities in giving information as to what was going on as well as by keeping the large number of Followers in the Bazaar in a state of tranquillity—I therefore trust his meritorious and long services may meet with the due and libaral consideration of Government.

I have the honor to be &c.

(Signed.) C. S. STUART

*Colonel.*

Commanding Sind Division Army.

૩ જામે જમશેદ, તા૦ ૨૬ મી નવેમબર ૧૮૬૦.

૪ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૬ મી ઑકટોબર ૧૮૬૦.

૫ રાસ્ત ગોફતાર, તા૦ ૪ થી નવેમબર ૧૮૬૦.

એજ બાબદ ઉપર શેઠ ડેખશરૂએ બીજું ભાષણ તા૦ ૨ જી નવેમબર ૧૮૬૦ ને દીને કીધું હતું.

### તા૦ ૨૮ મી અકટોબર.

હિંદુસ્થાનનાં વાયવ્યખુણાં તરફનાં પ્રાંતોમાં આએ માસમાં સખ્ત દુકાળ પડયો હતો તેમાં પીડાતા લોકોને માટે એકદમ મદદ તરીકે શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈએ અંતરેથી રૂ૫૦૦૦) પરભાડા તે તરફ મોકલ્યા હતા.[1]

---

### તા૦ ૧ લી નવેમબર.

રોજ ૯ માહ ૨ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

**મરણ**—નવરોજજી જમશેદજી વાડીઆ—ઉમર વર્ષ ૮૬) શેઠ જમશેદજી બહમનજી વાડીઆના વડા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૦૩ થી મુંબઈની ગોદીમાં પોતાના બાપના હાથ હેઠલ રેહેલા હતા, અને ઈ૦ સ૦ ૧૮૨૧ માં તેમનાં મરણ બાદ વડા "માસટર બીલડર" થયા હતા. પોતાનાં ઉપરીપણાં હેઠલ એવણે ૨૩) વર્ષના અરસામાં બધાં મલી ૭૫) નાહનાં મોટાં વાહણો તથા મનવારો બાંધ્યાં હતાં, તેમજ અગનીના સાંચાનાં વાહણો પણ અતરે બાંધવાનું ઈ૦ સ૦ ૧૮૨૯ માં એવણથીજ શરૂ થયું હતું. વાહણ બાંધવાના હુનરમાં એવણની પૂર્ણતાને માટે "આડમીરલટી" ના લૉરડો, કોરટ ઑફ ડાએરેકટરસ, તથા બીજા અમલદારોએ એવણને વખતે વખત શાબાશી પત્રો આપ્યાં હતાં. તા૦ ૨૮ મી ડીસેમબર ૧૮૩૧ ને દીને મુંબઈના વડા કાઉનસીલર હાનરેબલ જાંન રોમરે એક દરબાર ભરી એવણ તથા એવણના મદદનીશ શેઠ ખરશેદજી રૂસતમજી વાડીઆને માટે ઈંગલાંડથી "કોરટ ઑફ ડાએરેકટરસ" તરફથી ઘટતા લેખ સાથે આવેલી એકેકી રૂપાંની રૂલ ભેટ આપી તથા રૂ૪૦૦) ની કીમતની શેઆલ ઓહરાડી હતી. મુંબઈની ગોદીમાં એવણે બધાં મલી ૫૬) વર્ષ કાઢયા પછી ઈ૦ સ૦ ૧૮૪૮ માં જઈફીને લીધે પેનશન લીધાથી નામદાર સરકારે કોરટ ઑફ ડાએરેકટરસના હોકમ મુજબ એમને મલતા દરમાયાની અરધી રકમનાં પેનશન ઉપરાંત બીજા દર માસે ખાસ પેનશન તરીકે રૂ૧૫૦) વધારે તથા રૂ૫૦૦૦) ની રકમ ઈનામ તરીકે ભેટ આપી હતી. મુંબઈની પારસી પંચાતના એવણને ઈ૦ સ૦ ૧૮૨૨ માં એક અકાબર તથા ઈ૦ સ૦ ૧૮૨૩ માં તેની પુંજીના પેહલ વેહલા તરસ્ટી નેમ્યા હતા. ઈ૦ સ૦ ૧૮૨૮ માં એવણે ગોરબંદર તરફ મુસાફરોના ઉતારાને કીજે એક ધર્મશાલા, તથા એજ શાલમાં બીલીમોરા મધે એક દરેમેહર બંધાવી પરકાવી હતી. ઈ૦ સ૦ ૧૮૩૪ માં મુંબઈની સરકાર તરફથી ઠેરેલા પેહલ વેહલા ૧૨) દેશી સુબેહના અમલદારોમાં એવણ એક હતા. એજ શાલમાં એવણે કરંજ ગામમાં એક મોટો કુવો બંધાવી આપ્યો હતો. ઈ૦ સ૦ ૧૮૪૨ માં એવણ એલફીનસટન ઈનસટીટીઉશનની કમીટીના એક અધિકારી ઠરયા હતા. ઈ૦ સ૦ ૧૮૪૯ માં એવણે ગંદેવી મધે એક ધર્મશાલા બંધાવી તે તા૦ ૩૧ મી મેએ, તથા એજ શાલમાં શીગનપોર ગામ મધે એક દરેમેહર બંધાવી તે તા૦ ૧૨ મી નવેમબરે પરકાવી હતી. એવણનાં રવાંનને અવલ મંજલ પોહચાડયું તે દીને "અતરેની ગોદી બંધ રાખેઆમાં આવી હતી, તથા બંદર માહેલાં સરકારી વાહણોના વાવટા ઉતારીને નીચા ટાંગીઆમાં આવીઆ હતા, તથા જરતોશતી દુકાનદારોએ બપોર પછી પોતાની દુકાનો બંધ કીધી હતી, તથા સર જમશેદજી જીજીભાઈવાલી અને બીજી નીશાલો બંધ થાઈ હતી, અને એવણની પાયદશની મીજલસની હદ એટલીતો મોહોટી હતી કે તે માફક કોઈજ વેલાએ જોવામાં આવેઉં હશે."[2]

---

### તા૦ ૨ જી નવેમબર.

આજ દીને સુરતની પાસેનાં ભોરા ગામમાં શેઠ મનચેરજી બહમનજી પરવારીવીધાના અથવા મીસતરીએ એક કુવો બંધાવી સર્વે ઝાતના લોકોને વાપડવાને ખોલ્લો મુકયો હતો.[3]

---

### તા૦ ૩ જી નવેમબર.

આજ દીને મરહુમ શેઠ નવરોજજી જમશેદજી વાડીઆનાં ઉઠમણાંમાં એક અંજુમન પત્ર વાંચવામાં આવ્યો હતો કે "શને ૧૭૩૫ નાં શાલમાં મુંબઈ મધે લવજી વાડીઆએ તીર મહીનામાં એક ધંમબાર કરવાનું શરૂ કરેઉં હતું અને તે તેવણ પોતાનીજ ગીરેથી પોતાની હયાતી શુધી કરતા હતા. તેવણના ગુજરવા બાદ તેવણના છોકરાઓએ તે ધંમબાર કરવાનું ચાલુ રાખીઉં હતું અને તે કામ આજશુધી મરહુમ વાડીઆજી નવરોજજી તથા વાડીઆજી ખરશેદજી રૂસતમજી મલીને સાથે કરતા આવીઆછે. વાસતે મરહુમ વાડીઆજી નવરો-

---

1 બાંમ્બે ગેઝેટ, તા૦ ૨૬ મી જાનેવારી ૧૮૬૧.

2 રાસ્ત ગોફતાર, તા૦ ૪ થી નવેમબર ૧૮૬૦.

3 એ કુવા પર નીચે મુજબ તખ્તી મારેલીછે:—

" શ્રી પાક દાદારનાં અજમતી ભરેલાં મુબારક નાંમની
" બરકતથી પારસી મંનચેરજી બમનજી પરવાખીવાના શર
" જમશેદજી જીજીભાઈ બારોનેટનાં મીશતરી શી મુંબાઈનાં
" રેવાશી અશલ વતન શી સુરતનાંએ પોતાનાં ભલાં
" શવાબનાં પુનનાં બેરાને વાશતે આએ કુવો બંધાવીને શ્રી
" ભોરા ગાંમના શરવ ગનાહેતી લોકોના લાભને કાજ
" શપુરદ કીધોછે. રોજ મુબારક ૧૦ મો આંવાંઈજદ
" માહે મુબારક ૨ જો અરદીબેહશઅમશાશપંદ શાનશાહી
" એજદજરદી તારીખ ૨ નવેમબર શને ૧૮૬૦ ઈશવી
" શમંત ૧૯૧૬ બીજો આશો વદ ૪ ને વાર શુકરેને દીને
" એ કુવાનું શરવે કાંમ શરનજાંમ થએછે. એહુનબાદ."

જજીએ પોતાની એવી મરજી બતાવીછે કે એ ઘંમબાર કરવાનું કાંમ જાવેદાન શુધી ચાલુ રેહે. એવણની હેવી ખાહેસ પુરી પાડવા સારૂં એવણના કુટંબીઓએ તથા વાડીઆ ખાંનદાંનના લગભગ સંગલા આગેવાંનોએ એક ફંડ રૂ૧૩૫૦૦) નું ઉભું કરીઉંછે.[1] તે ઉપરાંત વાડીઆજી નવરોજજીનાં પોતાનાં ફંડમાંથી રૂ૨૦૦૧) તથા એવણની ધણીઆંની તથા છોકરા અને છોકરીઓએ રૂ૧૦૦૦) એ ફંડમાં આપીઆછે, અને એ ફંડનું નાંમ "લવજી વાડીઆના ઘંમબારનું ફંડ" કરીને રાખવાને ઠરાવીઉંછે."[2]

ઉપલો પત્ર વંચાયા બાદ શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઈએ ઉઠી શેઠો સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, ફરાંમજી નશરવાંનજી પટેલ, કાવશજી જાંગીરજી રેડીમની, રૂસતમજી જમશેદજી જીજીભાઈ, શોરાબજી જમશેદજી જીજીભાઈ, દીનશાહજી માણેકજી પીટીટ, ખરશેદજી ફરદુનજી પારખ, મેહરવાંનજી ફરાંમજી પાંડે, અને હીરજીભાઈ હોરમજજી શેઠનાની શહીનો એક અંજુમન પત્ર વાંચી સંભળાવ્યો;[3] જેમાં મરહુમ શેઠ નવરોજજીનાં

---

૧ એ રૂ૧૩૫૦૦) નીચે મુજબ એકઠા થયા હતા:—

(રૂ૨૫૦૦) મનચેરજી જમશેદજી વાડીઆ. (રૂ૨૦૦૦) બહમનજી અને અરદેસર હોરમજજી વાડીઆ, માણેકબાઈ અને મોટલાંબાઈ તે મરહુમ જાંગીરજી નશરવાંનજી વાડીઆનાં વીધવા અને બેટી. (રૂ૧૫૦૦) ખરશેદજી રૂસતમજી વાડીઆ. (રૂ૧૦૦૧) ડોશાભાઈ, ધનજીભાઈ, ખરશેદજી, અને હીરજીભાઈ મેહરવાંનજી વાડીઆ. (રૂ૧૦૦૦) ડોશાભાઈ ખરશેદજી વાડીઆ. (રૂ૫૦૦) ધનબાઈજી તે બહમનજી હોરમજજી વાડીઆનાં ધણીઆંની, બચુબાઈ તે શોરાબજી ફરાંમજી વાડીઆનાં વીધવા, મેહરબાઈ તે મનચેરજી જમશેદજી વાડીઆનાં ધણીઆંની. (રૂ૩૦૦) રૂસતમજી રતનજી વાડીઆ (રૂ૨૫૦) દાદાભાઈ અને મનચેરજી પેશતનજી વાડીઆ, જરબાઈ તે મરહુમ નાનાભાઈ ફરાંમજી દાવરનાં વીધવા. (રૂ૨૦૦) જરબાઈ તે મરહુમ મોદી શોરાબજી વાછાગાંધીનાં વીધવા, મરહુમ મેહરબાઈ તે હીરજીભાઈ માણેકજી વાડીઆનાં વીધવા અને મરહુમ બાઈબાઈ તે દાદાભાઈ નશરવાંનજી મોદીનાં વીધવા. (રૂ૧૫૧) શુનાંબાઈ તે મરહુમ અરદેસર ફરાંમજી વાડીઆનાં વીધવા. (રૂ૧૦૧) મરહુમ દીનબાઈ તે હોરમજજી નશરવાંનજી માણેકજી વાડીઆનાં વીધવા. (રૂ૧૦૦) મરહુમ હીરાંબાઈ તે બેહરાંમજી ફરાંમજી વાડીઆનાં વીધવા, મરહુમ કુવરબાઈ તે ખરશેદજી નાનાભાઈ દાવરનાં વીધવા, હમાંબાઈ તે મરહુમ મેહરવાંનજી હીરજીભાઈ વાડીઆનાં વીધવા. (રૂ૨૪૭) રૂ૧૦૦) ની અંદરની રકમ..

૨ રાસ્ત ગોફતાર, તા૦ ૪ થી નવેમબર ૧૮૯૦.

એ ફંડ મધે ઉપલા રૂ૧૩૫૦૦) તથા મરહુમ શેઠ નવરોજજી જમશેદજી વાડીઆની પુંજીમાંથી આપેલા રૂ૨૦૦૧) તથા તેમનાં વીધવા અને છોકરાંઓના રૂ૧૦૦૦) મલી રૂ૧૬૫૦૧) એકઠા થયા તેનું કાએદાસરનું એક તરસટડીડ તા૦ ૧૨ મી આગશટ ૧૮૬૩ ને દીને કરી તે રકમ મેશરશ મનચેરજી જમશેદજી વાડીઆના છોકરાઓની પેહડીપર મુકી હતી, તથા તેના તરસ્ટીઓ તરીકે શેઠો જાંગીરજી નવરોજજી વાડીઆ, બરજોરજી મનચેરજી વાડીઆ, હીરજીભાઈ મેહરવાંનજી વાડીઆ, હોરમજજી બહમનજી વાડીઆ, અને નવરોજજી માણેકજી વાડીઆને મુકરર કીધા હતા. એ પછી મજકુર પેહડી ભાગવાથી એ રકમનો મોટો ભાગ જતો રહયો હતો, જેથી એ ફંડ બાહુઠ નીભાવી મરહુમ લવજી વાડીઆનાં નામનો ઘાહંબાર ચાલુ રાખવાને બાઈ મોટલાબાઈ તે મરહુમ શેઠ જાંગીરજી નશરવાંનજી વાડીઆનાં બેટી અને મરહુમ શેઠ માણેકજી નવરોજજી વાડીઆનાં વીધવાએ રૂ૨૫૦૦૦) ની રકમ એલાહેદી કાઢી તેનાં બ્યાજ મધેથી દર શાલ તીર મહીનાનો પેહલો ઘાહંબાર મરહુમ લવજી વાડીઆનાં નામથી મુંબઈ મધે અંજુમનનાં જમન સાથે કરવાનો બંદોબસ્ત કીધો હતો, તથા તે બાબે કાએદાસરનું એક તરસ્ટડીડ તા૦ ૨૫ મી જુલાઈ ૧૮૭૨ ને દીને કરી તેના તરસ્ટીઓ તરીકે શેઠો નવરોજજી માણેકજી વાડીઆ, નશરવાંનજી જાંગીરજી વાડીઆ, રૂસતમજી બરજોરજી મોદી, અને શોરાબજી નવરોજજી વાડીઆને ઠેરવ્યા હતા.

૩ એ અંજુમન પત્રની નકલ અતરે સદાબરી ઉતારી લઈજીએ છૈયે:— •

"નેકનામ મુરબીજી શાહેબ વાડીઆજી જીનતમકાંની નવરોજજી જમશેદજી બેહશતનશીન થાએઆ તેવણની શરવે પાંતીની ભલી શુચનાં તથા લીઆકત ભરેલી ચાલથી આજ એવણનાં દુખ ભરેલાં મરણની મજલશમાં ભેગા થાએલા શું આલા કે અદના—શું જઈફ કે જવાંન કોઈબી રીતે અંજાણેઆ નહી હશે—વાશતે આએ જોગવાઈએ જો આપણે હેવા નેકનાંમ પારશીના ટોલાને જેબના આપનાર શાહેબનાં મરણનું દુખ જાહેરદારીમાં કહી બતલાવીએ નહી તો આપડે ગોએઆ આપડી ફરજ ઘટતી રીતે બજા કરેલી નહી કેહવારો.

"મુરબીજી બેહશતનશીન વાડીઆજી શાહેબ આજ લાંમબી મુદત થાઈ સરકારની ગોદીનાં કાંમ ઉપર સરવેથી વડાપણું ભોગવતા હતા, અને તે મોટે દરજજેના ઓધા ઉપર એવણે સરકારની ચાકરી ઘણીજ માંન ભરેલી રીતે બજાવી કે જેહના બદલામાં નામદાર સરકારની તરફથી એવણને કેટલીએક વેલા ભારે માંન મલીઉં હતું, એટલુંજ નહી—પણ ગોદીનાં કાંમ કરનાર શગલા નાંખલાથી તે મોટા અમલદાર એવણની ખુબીનો તથા નેક રફતારનો એકસરખો અવાજ કાહડેછે, અને તે લાંમબી મુદત શુધી એમનો એમજ રેહશે—તારે આપડે એવણની શગલી રીતે ખુબીનો તથા પરઉપકારીપણાંનો આભાર માનનારાઓ જો આએ વેલાએ પછાત પડીએ તો આપુણને ભારે હીણપશતી ભરેલું કેહવાએ—વાશતે બેહશતબેહરે વાડીઆજી શાહેબ મુરબીજી નવરોજજીના દોશતો તથા એવણની નેકી તથા ખુબીની ઘટતી લીઆકત જાણનારા સરવે શાહેબોની શેવામાં નમનતાઈથી અરજ ગુજારેચ કે ગોદીના શુથારોને વાશતે વાલ જે પેનશન આપવાનું ફંડ ઉભું કરવાની આગમચ શીરદોશ મકાંની મુરબીજી વાડીઆજી શાહેબે કેહવી કાલજી

મરણુ બાબે દલગીરી બતાવી તેવણુની યાદગારીમાં એક ફંડ ઉભું કરી તે ગોદીનાં માણુસોને પેનશન આપવાનિ જે નવું ફંડ ઉભું થયું છે તેની સાથે જોડી નાખી તેનું નામ "વાડીઆજી શેઠ નવરોજજી જમશેદજીની યાદગારીનું ગોદીનાં માણુસોની પેનશનનું ફંડ" કરી રાખવાની દરખાસ્ત કીધી હતી.

---

તથા દીલશોજી બતલાવી હતી તેહની ઇઆદી હમો ધારીએચ કે આજની ટુંક મુદતમાં લોકોનાં હઇડાંમાંથી મટી ગેઇ નહી હશે—અને જો આપડે આએ વેલાએ મોટા વાડીઆજી શાહેબને નાંમનું એક ફંનડ ઊભું કરીને—"ગોદીનાં માંણશોને આશરો આપવાનું ફંનડ"—જે હાલ મોજુદ છે તે શાથે શામેલ કરવાને ઊપલાં ફંનડના તરશટી શાહેબોને અરજ કરીએ અને તે નવાં ફંનડને—"વાડીઆજી શેઠ નવરોજજી જમશેદજીની ઇઆદગારીનું ગોદીનાં માણશોની પેનશનનું ફંનડ" એવું નામ આપવું, કે જેમ થાએઆથી ખદ્દશન આપણે આપણી ફરજ અદા કરેલી કેહવાશે, અને જીનતમકાંની વાડીઆજી શાહેબનું રૂહ કેટલે એક દરજજે ખુશનુદ થાશે.

"આએ જોગવાઇએ તમો શાહેબોને અરજ કરવામાં આવેચ કે જો ઊપલાં ફંનડમાં પુરતી રકમ ભરાશે તો એ બેહશતીનું એક બશત અથવા પુતળું ઇઆ આખાં કદનું એક પીકચર કરાવી એક જાહેર મકાંનમાં મુકવું."

ઊપલા અંજુમન પત્રમાં જણાવ્યા મુજબ ફંડ ભેગું કરવાનો બંદોબસ્ત કરવાને શેઠો રૂસતમજી જમશેદજી જીજીભાઇ અને ફરાંમજી નશરવાંનજી પટેલનાં નોતરાંથી તા૦ ૬ ઠી ડીસેમબર ૧૮૬૦ ને દીને અતરેના આગેવાંન દેશી ગ્રહસ્થોની એક સભા કોટ મધે મરહુમ શેઠ માણેકજી નશરવાંનજી પીટીટવાલાં ઘરમાં મલી હતી, જે વેળાએ સરનશીનની ખુરસી શેઠ જગંનાથ શંકરશેઠને આપવા બાદ શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઇએ કેટલોક ખોલાસો કરી સંભલાવ્યા પછી એ ફંડમાં ભરાયલું નાણું વસુલ કરવા તથા બીજું વધારે ભરાવવાને શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઇને મુખતીઆરી આપવામાં આવી હતી. તે મુજબ શેઠ શોરાબજીની મારફતે નીચે મુજબ રૂ૧૪૫૨૯) વસુલ થયા હતા:—

(રૂ૧૧૨૫) સર જમશેદજી જીજીભાઇ બારોનેટ. (રૂ૧૦૦૨) મેહરવાંનજી ફરાંમજી પાંડે પોતે તથા બાવા ફરાંમજી ભીખાજી પાંડેને નામે. (રૂ૭૫૧) રૂસતમજી જમશેદજી જીજીભાઇ, ફરાંમજી નશરવાંનજી પટેલ, કાવશજી જંગીરજી રેડીમની. (૫૫૧) શોરાબજી જમશેદજી જીજીભાઇ. (રૂ૫૦૧) જગંનાથ શંકરશેઠ તથા વીનાયકરાવ જગંનાથજી. (રૂ૫૦૦) ખુરશેદજી નોશરવાંનજી કામાજી, મરહુમ જંગીરજી નશરવાંનજી વાડીઆને નામે. (રૂ૩૫૧) બહમનજી હોરમજજી વાડીઆ, અરદેસર હોરમજજી વાડીઆ. (રૂ૩૦૧) મનચેરજી જમશેદજી વાડીઆ. (રૂ૩૦૦) ખરશેદજી રૂસતમજી વાડીઆ, બહમનજી ફરાંમજી કામાજી, મરહુમ મેહરવાંનજી હીરજીભાઇ વાડીઆના છોકરાઓ. (રૂ૨૫૧) મરહુમ માણેકજી નશરવાંનજી પીટીટને નામે, દીનશાહજી માણેકજી પીટીટ, નશરવાંનજી માણેકજી પીટીટ, ખરશેદજી ફરદુનજી પારખ, ભીમજી માણેકજી બનાજી. (રૂ૨૫૦) મનચેરજી ફરાંમજી કામાજી તથા છોકરાઓ. (રૂ૨૦૦) એદલજી રૂસતમજી સુનાંવાળા, હીરજીભાઇ મેહરવાંનજી વાડીઆ, ધનજીભાઇ ફરાંમજી પટેલ. (રૂ૧૫૧) રતનજી એદલજી બાટલીવાલા. (રૂ૧૫૦) દોરાબજી જમશેદજી સકલાતવાલાના છોકરાઓની કું૦, નશરવાંનજી રતનજી ટાટા તથા અરદેસર એદલજી ચીનાઇ તથા શાપુરજી દોરાબજી સકલાતવાલા, ખાંનબાહદુર શેઠ પેશતનજી શોરાબજી પુણાંવાલા, બસુબાઇ તે શોરાબજી ફરાંમજી વાડીઆનાં વીધવા તથા ધનબાઇજી તે બહમનજી હોરમજજી વાડીઆનાં ધણીઆંની. (રૂ૧૨૫) હીરજીભાઇ હોરમજજી શેઠના, ધનજીભાઇ ફરાંમજી બાટલીવાલા, ખરશેદજી કાવશજી આશબરનર, જંગીરજી ફરાંમજી તથા જમશેદજી કુવરજી જશાંવાલા. (રૂ૧૦૫) હીરજીભાઇ જંગીરજી રેડીમની. (રૂ૧૦૧) એદલજી ફરાંમજી આલબલેસ, શ્રુંદરજી વરીઆંણી. (રૂ૧૦૦) બહમનજી જીજીભાઇ, મરહુમ શોરાબજી વાછાગાંધીના છોકરાઓ, શોરાબજી પેશતનજી ફરાંમજી, ધનજીભાઇ ખરશેદજી સરાફ, વરજીવનદાસ તથા નરોતમદાસ માધવદાસ, ધરમસી પુંજાભાઇ, ડાકટર મેહરવાંનજી શોરાબજી, શોરાબજી ફરાંમજી પટેલ, પેશતનજી હોરમજજી સંતોક, રતનજી નવરોજજી લીખુવાલાની કું૦. (રૂ૭૫) મેહરવાંનજી નશરવાંનજી પટેલ, અરદેસર તથા નશરવાંનજી તથા હોમજી ખરશેદજી દાદીશેઠ, મરહુમ મેહરવાંનજી જીજીભાઇના છોકરાઓ. (રૂ૫૧) શા૦ પરબટ જેટશી, ભગવાંનદાસ પરશોતમદાસ, જેરાજ રાજલની કું૦. (રૂ૫૦) મરહુમ પેશતનજી કાવશજી શેઠનાને નામે, દાદાભાઇ હોરમજજી તથા રતનજી બહમનજી તથા ડોશાભાઇ બેજનજી દુબાશ. (રૂ૧૦૫૩), રૂ૫૦) ની અંદરની રકમ.

એ પછી ઊપલા નાણાં ભરનારાઓની એક સભા તા૦ ૬ ઠી જુન ૧૮૬૧ ને દીને શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઇએ કોટ મધેનાં પોતાનાં ઘરમાં મેલવી હતી. સરનશીનની ખુરસી શેઠ જગંનાથ શંકરશેઠને આપવા બાદ એ વસુલ થયલા રૂ૧૪૫૨૯) એક પત્ર લખી ગોદીના સુથારોનાં ફંડના તરસ્ટીઓને હવાલે કરવા, તથા તે પોતાને હસ્તકનાં ફંડ મધે ઊમેરી તેનું નામ "વાડીઆજી શેઠ નવરોજજી જમશેદજીની યાદગારીનું ગોદીનાં માણુસોની પેનશનનું ફંડ" કરી આપવા, અને તે મધેથી જેમ બને તેમ ગોદીના ગરીબ નાચાર સુથારોને હાલ જે આસરો મલેચ તે કરતાં વધતો મલે એવી ગોઠવણ કરવા તથા તે ભેગાં થાયલાં ફંડનું કાએદાસરનું એક તરસ્ટડીડ કરાવવા, અને અસલ તરસ્ટીઓની સાથે શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇને એક વધુ તરસ્ટી દાખલ શામેલ કરવાના ઠેડાવો થયા હતા. તે મુજબ શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઇએ તા૦ ૧૨ મી જુલાઇ ૧૮૬૧ ને દીને એ અસલ ફંડના તરસ્ટીઓ શેઠો જંગીરજી નવરોજજી વાડીઆ, હીરજીભાઇ મેહરવાંનજી વાડીઆ, અને દોરાબજી જીવણજી મીસતરી જોગ એક પત્ર લખી ઊપલી રૂ૧૪૫૨૯) ની રકમ તેઓને સ્વાધીન કીધી હતી. એ પછી ઊપલા ત્રણુંદે તરસ્ટીઓ મરણ પામવાથી તેમની જગાપર શેઠો જમશેદજી ધનજીભાઇ વાડીઆ, રૂસતમજી અરદેસર વાડીઆ, અને કાવશજી બહમનજી મીસતરી તરસ્ટીઓ થયા હતા,

એ ઉપરાંત મરહુમ શેઠ નવરોજજીની પુંજીમાંથી તથા તેવણનાં એશીઓએ મળી (રૂ૧૫૦૬) પરચુટણ ધર્મ ખાતાંઓમાં આપ્યા હતા.[૧]

તા૦ ૫ મી નવેમબર.

ડાકટર બેજનજી રૂસતમજીએ "દરએક માણસનો વેદ" એવાં નામનું તંદરોસ્તીને લગતી બાબદોનું એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.[૨] એ પુસ્તક મતરેની ગ્રાંટ મેડીકલ કાલેજના પ્રીનસીપાલ ડાકટર જાન પીટને અર્પણ કીધું હતું.

તા૦ ૮ મી નવેમબર.

રોજ ૧૬ માહ ૨ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

**મરણ**—રૂસતમજી બહમનજી ગોરા—ઉમર વર્ષ ૪૭) આ૦ બહમનજી એદલજી ગોરાના વડા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૩૪ થી મુંબઈ મધે બજારગેટ સ્ટ્રીટમાં ગુજરાતી ભાષા તથા અંકગણિત શીખાડવાની નિશાળ ચલાવતા હતા, અને છેહલી વિદ્યામાં ઘણા માહીતગાર હતા. ઈ૦ સ૦ ૧૮૪૭ માં એવણે ગુજરાતીમાં અંકગણિત તથા તેની કુંચીની બે ચોપડીઓ છપાવી પ્રસિદ્ધ કીધી હતી.

તા૦ ૧૨ મી નવેમબર.

ઈ૦ સ૦ ૧૮૬૦ ના ૨૦ મા કાએદા પ્રમાણે "સર જમશેદજી જીજીભાઈ બારોનેટસી આક્ટ" ની બીજી કલમની રૂહે બીજા બારોનેટ સર ખરશેદજી જમશેદજી જીજીભાઈએ આજદીનથી "જમશેદજી જીજીભાઈ" નું નામ ધારણ કીધું હતું, અને તે બાબેની સર્વ વર્ત્તમાન પત્રોમાં ખબર આપી હતી.[૩]

તા૦ ૧૫ મી નવેમબર.

બેલગાંમ મધે શેઠ બેહરામજી જમશેદજી બાનિ "બેલગાંમ મેસેનજર" નામનું દર અઠવાડીઆંના બુધવારે નીકલતું એક ઈંગ્રેજી વર્ત્તમાન પત્ર આજ દીનથી પ્રગટ કરવા માંડ્યું હતું.[૪]

તા૦ ૨૦ મી નવેમબર.

હિંદુસ્થાનમાં ઉઠેલા ઈ૦ સ૦ ૧૮૫૭—૫૮ ના બળવાના ગુજરાતીમાં ગરબાનું એક ચોપાનીઉં શેઠ દાદાભાઈ એદલજી પોંહચખાંનાંવાલાએ "બંદેબોદા" ને નામે પ્રગટ કીધું હતું.[૫]

તા૦ ૨૨ મી નવેમબર.

આજ દીને મુંબઈની સરકાર તરફથી નીચલા દેશી ગ્રહસ્થોને નવા સુલેહના અમલદારો એટલે "જસ્ટીસ ઑફ ધી પીસ" ઠેરવ્યા હતા[૬]:—

**પારસી**—શેઠો ધનજીભાઈ ફરામજી પટેલ, દીનશાહજી માણેકજી પીટીટ, ફરદુનજી હોરમજજી લશકરી, જાંગીરજી નવરોજજી વાડીઆ, હીરજીભાઈ જાંગીરજી

જેઓ મધેથી છેહલા બે ગ્રહસ્થોએ અવારનવાર ઓહદા છોડ્યા હતા. એ પછી એ ફંડને લગતું એક કાએદાસરનું તરસ્ટડીડ હાઈ કોરટના વકીલ શેઠ જમશેદજી ખરશેદજી કામાજીની મારફતે તા૦ ૧૫ મી નવેમબર ૧૮૮૪ ને દીને કરાવ્યામાં આવ્યું હતું, અને તેના તરસ્ટીઓ તરીકે હાલ ખાંનબાહદુર જમશેદજી ધનજીભાઈ વાડીઆ, શેઠો રૂસતમજી જાંગીરજી વાડીઆ, અને બહમનજી શોરાબજી વાડીઆ છે, જેઓના હસ્તકમાં એ ફંડની રૂ૨૮૦૦૦) ની પુંજી છે, અને તે મધેથી ગરીબ સુથારોને પેનશન આપવામાં આવેછે.

૧ જામે જમશેદ, તા૦ ૬ ઠી નવેમબર ૧૮૬૦.

૨ "દરએક માણસનો વેદ, એટલે તંદુરસતીને લગતી બાબદો વીશે સલાહ આપનાર. બનાવનાર, બેજનજી રૂશતમજી, કરાંચી ખાતે સરકારી દવાખાનાંનો સબ-આસીસટંટ સરજન. મુંબઈ, યુનિયન પ્રેસ. ઈસવી સન ૧૮૬૦."

૩ એ બાબે સર જમશેદજીના વકીલો મેશરસ પાલોક, ફેથફુલ, અને કેરે નીચે મુજબની જાહેર ખબર સર્વે વર્ત્તમાન પત્રોમાં છપાવી હતી:—

Notice is hereby given that by virtue of the Sir Jamsetjee Jejeebhoy Baronetcy Act, being No. 40 of 1860, of the Legislative Council of India, the second and present Baronet has assumed the name of Jamsetjee Jejeebhoy in lieu of the name by which he has hitherto been called or known, and will henceforth name, style, and write himself by the names of "Jamsetjee Jejeebhoy" on all occasions whatsoever.

By order,

POLLOCK, FAITHFULL & KEIR

Solicitors for Sir Jamsetjee Jejeebhoy Baronet.

*Bombay 12th November* 1860.

એજ મુજબની જાહેર ખબર સર ખરશેદજીએ ઈંગલાંડનાં વર્ત્તમાન પત્રોમાં પણ છપાવી હતી.

૪ જામે જમશેદ, તા૦ ૧૨ મી સપટેમબર અને ૨૭ મી નવેમબર ૧૮૬૦.

એ પત્ર આસરે ત્રણેક વર્ષ સુધી ચાલી બંધ પડ્યું હતું.

૫ "શ્રી હીંદુસતાનમાં ૧૮૫૭–૫૮ માં થએલા ખુનખાર બળવાનો ગરબો. બનાવનાર, બંદેબોદા. નવેમબર ૧૮૬૦."

૬ બોમ્બે ગવરમેંટ ગેઝેટ, ૨૨ મી નવેમબર ૧૮૬૦.

રૂડીમની—માણેકજી એદલજી આલબલેસ, માણેકજી ખર-શેદજી શરાફ, મેહરવાંનજી ફરાંમજી પાંડે, શેરાબજી પેશતનજી ફરાંમજી.

**હિંદુ**—ડાકટર ભાઉ દાજી, શેઠ ભગવાંનદાસ પરસો-તમદાસ, કાહનદાસ નારણદાસ, ગોકલદાસ તેજપાલ, હરી-ચંદ હરીશંકર, પાંડુરંગ દીનાનાથજી, વીનાયક લક્ષમણ શાસ્ત્રી.

**મુસલમાંન**—કાસમભાઈ નાથાભાઈ, હાજી ઈસ-માએલ બીન હાજી યુસફ, શેખઅલી બીન શેખઈબ્રા-હીમ કાજી.

---

તા૦ ૨૩ મી નવેમબર.

રોજ ૧ માહ ૩ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

**મરણ**—શેરાબજી શાપુરજી ટોપલીઆ—ઉમર વર્ષ ૫૭) એવણ મુંબઈ મધે પારસીઓમાં જમનો વગે-રેની મેનીજ માથે લેનાર અને સર્વેને જાણીતાં હતા.

---

તા૦ ૨૯ મી નવેમબર.

આજ દીને આતરેની પોલીસ કોરટમાં ભરાયલી પેટીશેશનની કોરટમાં માજીસ્ટ્રેટની સાથે એક દેશી અધિ-કારી તરીકે શેઠ લીમજી માણેકજી બનાજી બીરાજ્યા હતા.[૧]

---

તા૦ ૧ લી ડીસેમબર.

જરમનીવાલા ડાકટર ફ્રેડરીક સ્પીગલે પારસીઓની અસલ દંતકથા વિષેનાં લખાંણોનો તેની આસપાસના વખતનાં લખાંણો સાથે મુકાબલો કરી તેનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[૨]

---

તા૦ ૩ જી ડીસેમબર.

આએ વર્ષની અપરાધીઓની છાંડણ કરનારી છેલ્લીવારની શેશન આજ દીને શુપરીમ કોરટમાં ખુની જડજ સર જોસફ આરનોલડની હજુરમાં ભરાઇ હતી. નીચલા પારસીઓ ગ્રાંડ જ્યુરીમાં બેઠા હતા[૩] :—

શેઠ અરદેસર ખરશેદજી દાદીશેઠ, લીમજી માણેકજી બનાજી, મેહરાંમજી નાનાભાઈ ફરાંમજી, બહમનજી જીજીભાઈ.

તા૦ ૩ જી ડીસેમબર.

શેઠ કાવશજી ધનજીભાઈ પાંડેવાલાએ પોતાની ખુશીથી આજ દીને મુંબઈની પારસી પંચાતનાં ફંડમાં રૂ૧૦૦૦૦) ની રકમ ધર્મખાતે આપી તેનું પંચાતનાં દફત-રમાં જુદું ખાતું પડાવી, હર શાલ જે કાંઇ વ્યાજ ઉપજે તે સુરત તથા નવસારીનાં આંધલા પાંગલા જરથોસ્તી-ઓનાં, રવાનીને અવલમંજલ પોંહચાડવાનાં, મુકતાદને તાંકણે દેશાવરો ખાતે ગરીબ જરથોસ્તીઓને વેંહચી આપવાનાં, અને જરથોસ્તી જંદ અવસ્તાની નીશાલનાં ફંડોમાં વાપડવાનો બંદોબસ્ત કીધો હતો.[૪]

---

તા૦ ૧૦ મી ડીસેમબર.

મુંબઈની પારસી પંચાતનાં ફંડના તા૦ ૬ થી નવે-મબર ૧૮૫૮ થી તે તા૦ ૨૫ મી અકટોબર ૧૮૫૯ સુધીના હીસાબની ચોપડી જામે જમશેદ છાપાખાંનાંમાંથી તરસ્ટી-ઓએ છપાવી પ્રગટ કીધી હતી. તેમાંથી જોવામાં આવેછે કે છેલ્લા હીસાબની બાકીના રૂ૧૧૫૮૧૯ાપાાા ઉપરાંત આએ આખાં વર્ષમાં પંચાતનાં ફંડ ખાતે રૂ૩૪૮૫૬)પાા ની આવક થઈ હતી, અને ખરચ રૂ૨૧૫૯૮ા૨૦ા થયો હતો, જે બાદ કરતાં વર્ષની આખરીએ તરસ્ટીઓના હસ્તકમાં પંચાતના હીસાબને લગતા રૂ૧૨૮૬૭૬ાાા૧૬ તથા જુદાં જુદાં પડાવેલાં ખાતાંઓના[૫] રૂ૧૬૬૯૩૪ાપાા મલી કુલે રૂ૨૯૫૬૧૧)૨૧ાાા બાકી હતા.

---

તા૦ ૧૫ મી ડીસેમબર.

મોનશીયો ડી. રોસની નામના ફ્રેંચ વિદ્વાને પ્રાચીન તથા અર્વાચીન કાલનાં લોકોનાં "હાઈરોગલીફીક" લખાંણો વિષેનું એક પુસ્તક પ્રગટ કીધું હતું.[૬]

---

૧ ટેલીગ્રાફ એન્ડ કુરીઅર, ૩૦ મી નવેમબર ૧૮૬૦.

૨ "Die Traditionelle Literatur Der Parsen. In Ihrem Zusammenhange Mit Den Angrawzenden Literaturen Dargestellt. Von. Fr. Spiegel. Wien, 1860."

૩ બોમ્બે ટાઈમ્સ એન્ડ સ્ટાનડરડ, ૪ ડીસેંબર ૧૮૬૦

૪ મુંબઇ શમાચાર, તા૦ ૧૫ મી ડીસેમબર ૧૮૬૦.

૫ પંચાતનાં દફતરમાં આએ વર્ષ કાંઇ નવાં ખાતાં પડાવેલાં નથી; પણ તરસ્ટીઓ તરીકે મરહુમ સર જમશેદજી જીજીભાઇ બારોનેટની જગોએ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇ, તથા મરહુમ શેઠ માણેકજી નશરવાંનજી પીટીટની જગોએ શેઠ જમશેદજી રરદુનજી પારખ, તથા સર ખરશેદજી જમશેદજી જીજીભાઇ બારોનેટે ઓહદો છોડવાથી તેમની જગોએ શેઠ મેહરવાંનજી ફરાંમજી પાંડેને મુકરર કીધા હતા.

૬ "Les Ecritures Figuratives et Hieroglyphiques des differents peuples anciens et modernes. Par, Leon De Rosny. Paris, 1860."

તા૦ ૨૫ મી ડીસેમબર.

ખંડાલાની બરાખમાં રહેલા યુરોપીયન સોલજરોને આજ દીને શેઠ રુસતમજી જમશેદજી જીજીભાઇએ એક જીયાફત આપી હતી.[1]

તા૦ ૨૬ મી ડીસેમબર.

સર જમશેદજી જીજીભાઈ બારોનેટ પોતાના દોસ્તો સાથે ઇંગલાંડની સફરેથી મેલ સ્ટીમર "ઓરીસા" માં સવાર થઈ આજ દીને અતરે પાછા આવી પુગા હતા.[2]

તા૦ ૨૮ મી ડીસેમબર.

મોનશીયો એમ. જે. મેના નામના ફ્રેંચ વિદ્વાને ઇરાંન તથા આસીરીઆનાં ખીલારોકી લખાંણો પરથી મલતી સમજણ વિષેનું એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.[3]

તા૦ ૨૯ મી ડીસેમબર.

જમખંડીના રાજા શ્રીમંત રામચંદર આપા સાહેબ મુંબઈ આવ્યા હતા તેમની મોલાકાતને માટે શેઠ ખુરશેદજી નોશરવાંનજી કામાજીએ આજ રાત્રે પોતાના માઉનટ રોડના બંગલામાં ઇંગ્રેજ તથા દેશી ગ્રહસ્થોનો એક મોટો મેલાવડો કીધો હતો.[4]

તા૦ ૩૦ મી ડીસેમબર.

ભાવનગર મધે જરથોસ્તીઓનાં રવાંનોને અવલ મંજલ પોંહચાડવાને ત્યાંવાલા શેઠ દારાંજી કઇઓજી મીરજાંએ ડુંગરની ઉંચી જગા પર આએ વર્ષમાં એક ગરકો બંધાવ્યો હતો.[5]

---

૧ ટેલીગ્રાફ એન્ડ કુરીઅર, ૩૧ મી ડીસેમબર ૧૮૬૦.

૨ ટેલીગ્રાફ એન્ડ કુરીઅર, ૨૭ મી ડીસેમબર ૧૮૬૦.

૩ "Les Ecritures Cuneiformes expose des travaux quiont prepare la lecture et l' interpretation des inscriptions de lá Perse et de l' Assyrie. Par, M. J. Menant. Paris 1860."

૪ મુંબઇ શમાચાર, તા૦ ૩૧ મી ડીસેમબર ૧૮૬૦.

૫ એ ગરકાની અંદરની દેવાલમાં નીચે પ્રમાણેની તખ્તી ચણી લીધીછે:—

"પાક દાદાર હોરમજદની મદદથી આ મકાન અંઘે-
"આરૂ દારાજી કેઓજી મીરજાંએ પોતાને ખરચે જરથો-
"શતીઓને માટે બંધાવીઊછે. સને ૧૨૨૯ ઇજદજરદી."

એ ગરકાની આસપાસ ઈ૦ સ૦ ૧૮૭૪ ના મારચ માસમાં ભાવનગરના જરથોસ્તીઓએ પોત પોતામાં ઊઘરાંણું કરી રૂ૯૫૨) ને ખરચે એક ફરતી દેવાલ બંધાવી હતી.

# વધારો.

## આ પારસી પ્રકાશનાં પુસ્તકમાં ઈ૦ સ૦ ૧૮૯૦ સુધીની છપાયા વગર રહી ગયલી બાબદોની નોધ.

### ઈ૦ સ૦ ૮૩૯.

એક જુની કીસ્સે સંજાણની ચોપડી ઉદવારેવાલા દસ્તુર રૂસ્તમજી તેહમુલજી મીરજાંને હાથની સંવંત ૧૮૭૨ (ઈ૦ સ૦ ૧૮૧૬) માં લખેલી ઉદવારાની અંજુમનને લગતાં દફતરમાંછે તેમાં પારસીઓને પેહલવેહલા સંજાણમાં ઉતરવાનો દાહડો વાર "સંવંત ૮૯૫ નાં રોજ ૧ માહ ૪ ને વાર રવેઉ" કરી લખેલોછે.

### ઈ૦ સ૦ ૯૧૬.

મસુદી નામનો આરબી ગ્રંથકાર લખેછે કે "હજુ સુધી (હીજરી ૩૦૪ માં) મજાઈ લોકો ઈરાક, ફારસ, કેરમાંન, સેજીસતાંન, ખોરાસાંન, તબરીસતાંન, જેબાલ, આઝરબીજાંન, ઈરાંન, **હીંદુસથાંન, સીંધ,** અને ચીનમાં જુદા જુદા આતશોને ઘણું માન આપેછે."[1]

### ઈ૦ સ૦ ૯૫૦.

મીસર બીન મુબાલીહલ નામનો આરબ મુસાફર લખેછે કે આજે વર્ષ (હીજરી ૩૩૯) માં સાઇમુર અથવા ચેઉલ તરફ પારસીઓની વસ્તી તથા તેઓનાં આતશકદેહ હતાં.[2]

વળી ઈબીન હોકલ નામનો મુસાફર લખેછે કે એજ વખતે ખંબાત અને ચેઉલની વચ્ચે મુસલમાંનો અને પારસીઓ તથા બીજા લોકો એકજ જાતનો પોશાક પેહરતા હતા, અને એકજસરખી રીતે ડાઢી રાખતા હતા.[2]

### ઈ૦ સ૦ ૧૧૫૩.

ઈડરીસી નામનો આરબી ગ્રંથકાર જેને આએ વર્ષ (હીજરી ૫૪૮) માં ભુગોલ વિદ્યાનું એક પુસ્તક રચ્યું હતું તે સંજાણ તથા ત્યાંના રેહવાસીઓ (પારસીઓ) માટે લખેછે કે "સંજાણ દરીયાથી ૧॥ મૈલને તફાવતે છે, તેની વસ્તી મોટી છે, ત્યાંના રેહવાસીઓ પોતાના ઉદ્યોગ અને ચંચલાઇને માટે વખાણાયલા, તથા દોલતમંદ અને લડાયક છે. એ શેહેર બુલંદ, તથા તેમાં મોટી આયાત અને નીકાસ સાથનો વ્યાપારછે."[3]

---

૧ આ મસુદીના ગ્રંથનો મો૦ મેનાર નામના વિદ્વાનનો ફ્રેંચ ભાષામાં કરેલો તરજુમો ઈ૦ સ૦ ૧૮૬૫ માં પારીસ મધે નવ પુસ્તકોમાં છપાઇ પ્રગટ થયોછે, તેમાં ૪ થાં પુસ્તકમાં સફે ૮૬ મે લખેછે કે:—

Les magés vènérent encore plusieurs pyriés en Irak, dans le Fars, le Kermân le Sedjestân le Khoraçân le Tabaristân, le Djebal, l' Azerbaidjân. l' Errân, l' Inde, le Sind et la Chiné.

[Moacudi. Les Prairies D'or, par C. B. de Meynard. vol. IV. page 86.]

૨ આ બંને આરબી મુસાફરોનાં લખાંનોનો ઇંગ્રેજી તરજુમો સર એચ. એમ. ઇલીઅટે નીચે મુજબ મેલવેલો તેનાં પુસ્તકમાં આવેલોછે :—

*Saimur.*—There are Musulmàns, Christians, Jews, and Fireworshippers there.........In the city there are mosques, Christian churches, Synagogues, and Fire temples.

The moslims and infidels in this tract wear the same dresses, and let their beards grow in the same fashion. They use fine muslin garments on account of the extreme heat.

[Elliot's History of India, vol. I. p. p. 39,-97.]

૩ આ ઇડરીસીની ભુગોલનો મો. જુબરટ નામના વિદ્વાને ફ્રેન્ચ ભાષામાં તરજુમો કરી તેનું ઈ૦ સ૦ ૧૮૩૬ માં પારીસ મધે એક પુસ્તક છપાવ્યુંછે, તેમાં સફે ૧૭૨ મે લખેછે કે :—

Sendan سندان à un mille ... demi de la mer, "est bien penplée, et ses habitants se font remarquer "par leur industrie et leur intelligence ; ils sont riches "et d' humeur belliqueuse. La ville est grande; elle fait "un grand commerce d' exportation et d'importation."

[Gèographie d' Edrisi, par P. Amédée Jaubert. page 172.]

## ઈ૦ સ૦ ૧૩૨૨.

જોરડેનસ નામનો એક ફ્રેન્ચ ધર્મગુરૂ કે જેણે ઈ૦ સ૦ ૧૩૨૦ અને ૧૩૨૨ ની વચમાં થાંણાથી ભરૂચ સુધી એક મીશનરી તરીકે મુસાફરી કીધી હતી તે પોતાનાં લખાંણમાં કેહછે કે "હિંદુસ્થાનના આએ ભાગમાં વળી બીજા મુરતીપુંજક લોકો રેહેછે જેઓ આતશને માનેછે. તેઓ મુવેલી લાશને દાટતા અથવા બાળતા નથી, પણ ચોકસ વગર છાપરાંના મીનારામાં ખોલ્લાં મુકેછે અને ત્યાં તેઓનો જાનવરો ભક્ષ કરેછે. તેઓ રોશની અને અંધારૂં, અથવા બુરૂં અને ભલું, એ બે મુળ તત્વોને માનેછે."૧

## ઈ૦ સ૦ ૧૩૨૩.

ઓડારીક નામનો એક ઇટાલીઅન સાધુ કે જે આએ વર્ષમાં થાંણા તરફ ફરવાને ગયો હતો તે લખેછે કે "હીયાંના લોકો મુરતી પુંજક છે, કેમકે તેઓ આતશની પુંજા કરેછે. હીયાં તેઓ પોતાનાં મુરદાંને દાટતા નહી, પણ મોટા ભપકા સાથે દુર ખેતરોમાં લઇ જાઈ હેવાનો તથા પક્ષીઓ પાસે ભક્ષ કરાવવાને નાખેછે.૨

## ઈ૦ સ૦ ૧૪૫૦.

આએ વર્ષમાં ચંદરાવતી (હાલનાં પંચમાહલ તરફ) ગામમાં પારસીઓની વસ્તી હતી, અને તેઓ પાસેથી અમદાવાદનો સુલતાંન ખંડણી લેતો હતો.૩

## ઈ૦ સ૦ ૧૫૫૫.

તા૦ ૩ જી આપરેલ.

સવંત ૧૬૧૧ ના રોજ ૮ માહ ૫.

આજ દીને ગોદાવરાં પંથકનાં વડાં મથક અંકલેસર મધે શમશત બેહેદીનોની અંજુમને બેશી એવો બંદોબસ્ત કીધો કે ગોદાવરાં ગામો મધે લગનની ક્રિઆ આમેદ કરે તેને વર કનયા તરફથી ૭) ફદીઆં આપે. આ લેખ પર નીચલી શહીઓછે૪ :—

આ૦ દાદા આશા, આ૦ શહીઆર—રૂસતમ, આ૦ મેહરવાંન શુત આદર, આ૦ શહીઆર નરીમાંન, આ૦ ધનપાલ ચાંદા, અને આ૦ અસપંદીઆર આદરબાદ.

## ઈ૦ સ૦ ૧૫૮૧.

શાહનશાહ અકબરે જે વેળાએ દુનિયાંમાંના સઘળા ધર્મો વિષે તેહકીક ચલાવી તે વેળાએ તેની દરબારમાં પારસીઓ પણ ગયા હતા, જે વિષે મી૦ ઇલીઅટ પોતાની હિંદુસ્થાંનની તવારીખમાં લખેછે કે "વળી ગુજરાતમાંનાં નવસારીથી પારસીઓ પણ આયા હતા, અને તેઓએ જરથોસ્તનો ધર્મ સાચ્ચોછે, તથા આતશને માન આપવું એ બીજી બધી પુંજાઓ કરતાં સરશછે એમ જાહેર કીધું. તે લોકો પર શાહનશાહની મેહરબાંની ઉતરી, અને તેઓએ તેને અસલી ઇરાંની ધર્મ સંબંધી ક્રિઆ માર્ગો, તેને લગતા શબ્દો, ફરમાંનો, વગેરે શિખવ્યાં; અને સેવટે તેણે આગલા ઇરાંની શાહનશાહોનાં મેહેલોમાં રાત દાહડો આતશ જારી રેહતો હતો તેમ પવીત્ર આતશને સંભાલથી રાખવાને પોતાના વડા વજીર અબુ ફઝલને ફરમાવ્યું કે તે દીવસ યા રાત કોઇબી વખતે બુજાએ નહી—કાંએકે તે ખોદાનું નુર અને તેની પેદાયશની ઘણીક રોશનીઓમાંની એક મુખ્ય છે.

"પોતાની નાખલી વયથી તેણે હીંદુ રાજાઓને પેટના પોતાની બાયડીઓ તરફનાં માંનની હીયાંણી દાખલ પોતાનાં જનાનામાં હોમ બાળવાનું જારી રાખ્યું હતું, કે જે પણ જરથોસ્તી મજહબ પરથીજ લીધેલી એક ક્રિઆ છે. પણ એ ઉપરાંત પોતાનાં તખ્તે બેશવાનાં ૨૫) માં વર્ષને નોરોજને દીવસે તે સુર્ય અને આતશને જાહેરમાં પગે લાગો, અને સાંજે જ્યારે ચેરાગ સળગાવ્યા ત્યારે આખી દરબારને તેની સાથે માનથી ઉભું રેહવું પડયું હતું."૫

---

૧ There be also other pagon-folk in this India who worship fire; they bury not their dead, neither do they burn them, but cast them into the midst of a certain roofless tower, and there expose them totally uncovered to the fowls of heaven. These believe in two First Principles, to wit, of Evil and of Good, of Darkness and of Light.

[Jule's Jordanus' Mirabilia, page 21.]

૨ "The people thereof (Tanna) are idolaters, for they worship fire,........and here they do not bury the dead, but carry them with great pomp to the fields, and cost them to the beasts and birds to be devoured."

[Cathay and the way thither, by C. H. Yule. vol. I. p. p. 57,59.]

૩ "About the middle of the 15th century a king of Ahmedabad is said to have levied tribute from the Parsis of Chandanli (Chandravati?)

[A. Burne's M. S. Account of Abu. 1828.)

૪ આ લેખની નકલ ગોદાવરાં પંથકવાળા આ૦ નાનાભાઈ ભીખાજી પાસેથી અમોને મળીછે.

૫ Fire-worshippers also came from Nausári in Gujarát, proclaimed the religion of Zardusht as the true one, and declared reverence to fire to be superior to every other kind of worship. They also attracted the King's regard, and taught him the peculiar terms, the ordinances, the rites and ceremonies of the Kaiánians: and at last he directed that the sacred fire should be made over to the charge of Abú-l Fazl, and that after the manner of the Kings of Persia, in whose temples blazed perpatual fires, he should take care it was never extinguished either by night or day,—for that it is one of the signs of God, and one light from among the many lights of his creation.

From his earliest youth, in compliment to his wives, the daughters of the Rájás of Hind, he had within the female apartments continued to burn the *hom*, which is a ceremony derived from fire-worship; but on the New-year festival of the 25th year after his accession, he prostrated himself both before the sun and before the fire in public, and in the evening the whole Court had to rise up respectfully when the lamps and candles were lighted.

[Elliot's History of India, vol. V, page 530.]

## ઈ૦ સ૦ ૧૫૮૮.

તા૦ ૨૪ મી ફેબરવારી.

સવંત ૧૬૪૪ ના રોજ ૮ માહ ૪.

નવસારીની વડી દરેમેહરની ઇમારત જુની થવાથી તે સરવે એરવદ તથા ઓસતા અંજુમને મલી પોતાનાં એક વર્ષનાં લગન તથા ગગરનાંની આવક વેંહચી નહી લઈ તે મધેથી ખરચ કરી ફરી દરસ્ત કરાવી હતી.[૧]

## ઈ૦ સ૦ ૧૫૯૯.

તા૦ ૧૬ મી મારચ.

સવંત ૧૬૫૫ ના રોજ ૧ માહ ૫.

આજ દીને ગોદાવરાં પંથકનાં વડાં મથક અંકલેસર મધે શમશત મોબેદોની અંજુમને બેસી એવો બંદોબસ્ત કીધો કે સવંત ૧૬૧૧ (ઈ૦ સ૦ ૧૫૫૫) માં આપણે જે લગનની ક્રિઆનાં ૭) ફદીઆં મોબેદને લેવાને કીધાં હતાં તે ફેરવી વૈર તરફનાં ૧૧) અને કનયા તરફનાં ૧૦) મલી એમ હવેથી ૨૧) ફદીઆં લેતાં કરવાં. આ લેખ પર નીચલા મોબેદોની શહીઓ છે[૨]:—

આ૦ પદમ બહમન, આ૦ બહમન કોઆ, આ૦ બહમન આદર, આ૦ ચાંદા અસપંદીઆર, અને આ૦ બહમન માહીઆર.

---

૧ નવસારીના ભગરીઆ મોબેદોનાં પંનબેરી પંથકનાં ગામોનાં નામ તથા લગન સારવા ગએલા તેની સવંત ૧૬૪૦ (ઈ૦ સ૦ ૧૫૮૪) પછીની નોધની એક ચોપડી જે એ૦ હોરમજજી નવરોજજી બાંમજી પાસેછે તે મધે છાપેલો દાહડો વાર લખેલોછે. એજ ચોપડી ઉપરથી જણાએછે કે નવશારીનાં પંથકને હસ્તક નીચલાં ગામો હતાં, જ્યાં વારાદાર મોબેદો જઈને મરણ જીવણ વગેરેનું કામ કરતા હતા:—

સીસોદરા, મહવા, મરોલી, કોદાદા, કલાંન, વીસલપોર, ગંદેવી, ગુનસવેલ (ધરમપોરમાં), મેલેદરી, દેલવાલા, ઊન, ચેઓલ, મોહલ, કુચદ, વીલંનપોર, કુરલ, થાંણા, મકુવરીઆ, વીકલ, દીવ, તપડી, આંને, સરભોણ, સાતંમ, ધોદાલી, કેસલી, ખરભાંન, મતવાડ, બેરડી, બીદર, જમાલપોર (નાવલી દમણમાં), તીગરા (વલસાડમાં), આંબલી (પારડીમાં), ઇતાલવા, ખંભાલી, વાંકલ (વલસાડમાં), ખદરપોર, દેગાંમ (પારડીમાં), બેરપોર, મગોદ (વલસાડમાં), વીકીઆ, બીલી, મલકપોર, ઢુનાઈ, વલવાડા (વલસાડમાં), શરખાઈ, બેહેદા, ઊબર, વસલાહીન, કુકેરી, બેહદા (ધરમપોરમાં), મેદર (વલસાડમાં), તરભાંન (પારડીમાં), ચીકલી, સતરાજી, શીઓદપુની.

૨ આ લેખની નકલ ગોદાવરાં પંથકવાલા આ૦ નાનાભાઈ ભીખાજી પાસેથી અમોને મલીછે.

## ઈ૦ સ૦ ૧૬૦૧.

નવસારી, ભરૂચ, ખંભાત, વગેરેના જરથોસ્તીઓએ બેહદીન કાઉશ માહીઆર તથા માહીઆર રૂસતમ નામના ખંભાતના બે જરથોસ્તીઓને ઇરાંન મોકલ્યા હતા તેઓ યજદથી આએ વર્ષમાં નવસારીવાલા દસ્તુર હોશંગ આશા, દસ્તુર કેકોબાદ બીન હમજીયાર, દસ્તુર નોશીરવાંન આશદીન, બેહદીન નોશરવાંન બહમન, અને કેકોબાદ નોશરવાંન; સુરતવાલા દસ્તુર બહમન બીન ફરેદુન, બેહદીન નેરીઓશંગ જમશેદ; ભરૂચવાલા દસ્તુર અરદેસર બીન પેશોતન, દસ્તુર કામદીન બેહરાંમ; અંકલેસરવાલા દસ્તુર કેકોબાદ શેહરીઆર; ખંભાતવાલા દસ્તુર રૂસતમ માહીઆર, દસ્તુર અસપંદીઆર દારાબ, દસ્તુર ખોરશેદ કામદીન, અને બેહદીન હોશંગ અસપંદીઆરનાં નામ જોગ જવાબો લાયા હતા, તેમાં શરૂઆતમાં લખેછે કે મજકુર કાઉશ તથા માહીઆર બંધે તમારી તરફથી મોઢના સવાલો લઈ આવ્યા તેના અમોએ આએ જવાબો લખ્યા છે, તથા તેઓએ હોમસલી માગી તે અમોએ આપીછે.[૩]

## ઈ૦ સ૦ ૧૬૧૬.

તા૦ ૨૧ મી મારચ.

સવંત ૧૬૭૨ નાં રોજ ૧૧ માહ ૫.

ગોદાવરાં ગામો મધે અવારનવાર પારસીઓની વસ્તી જુદાં જુદાં ગામોમાં વધારે ફેલાયાથી તેઓને ત્યાંનું દીનઆઈનનું કામ કરવાને બીજે મોબેદો બોલાવવાને ચાર પારસીઓ નામે પુઈઆં ધાઈઆં તે ટેણાંના રેહવાસી, પુઈઆં જુથીઆં તે ભાઠાંના રેહવાસી, તથા વાછા માહીઆર અને રતન ડોશા તે સુવાલીના રેહવાસીઓ ગોદાવરાં પંથકનાં વડાં મથક અંકલેસર ખાતે ગયા હતા. ત્યાં આજ દીને શમશત મોબેદોની અંજુમને બેશી આ૦ પેશોતન ખોરશેદ તથા આ૦ મેહેરજી શહેરીઆર નામના બે મોબેદોને ગામ સુમારી તથા મરવતના બેહદીનોનું દીનઆઈનનું કાંમ કરવાને મોકલ્યા, તથા તેઓ સાથે એવો બંદોબસ્ત કીધો કે એનાવની કીમ નદીથી તે સુરતની તાપી નદી સુધીનાં ગામોના પારસીઓની મરણ જીવણની ક્રિઆનું સઘળું કામ તેઓ કરે, અને તેના બદલામાં તીર અને અમરદાદ મહીનાના વરસોદના દર

---

૩ આ જવાબની નકલ દસ્તુર દારાબ હોરમજદયારે યજદજરદી ૧૦૫૪ માં વલસાડ મધે લખેલી રેવાયતની અસલ પોથી જે આ૦ જમશેદજી પેશતનજી વલસાડવાલા પાસેછે તેમાં આવેલીછે.

૩૧૨)[1] લેખે ૩૨૪) અકલેસરવાલાઓને આપે. આ બંદોબસ્તની હેકમ નીચલી શાહીઓછે[2] :—

આ૦ રુસતમ ચાંદ, કામદીન બેહરાંમ, નવરોજ રુસતમ, અને મોબેદજી ખરશેદ.

---

૧ આ રૂ૧૨) ની રકમમાં સંવંત ૧૮૨૪ માં રોજ ૬ માહ ૫ (તા૦ ૧૪ મી ફેબરવારી ૧૭૬૮) ને દીને સુરતવાલા શેઠ મનચેરજી ખુરશેદજી શેઠનાએ વચ્ચે પડી બેવડી રકમનો વધારો કરી રૂ૨૪) ઠેડવી આપ્યા હતા, અને તે બાબે ગોદાવરાં પંથકવાલા મોબેદોએ એક લેખ કરી આપ્યોછે જે ઊપર સુરતવાલા દસ્તુર ભીખાજી જમશેદજી, મોદી દાદાભાઈ નાનાભાઈ, તથા શેઠ મનચેરજી ખુરશેદજી શેઠનાની શાખ તથા નીચલા મોબેદોની શહીઓછે:

બાડેવાળા કાહાજી શોરાબજી, પેશાતનજી કાહાજી, અને બરજોરજી હીરજી; રાંડેલવાલા હોમજી પેશાતનજી, દાદાભાઈ બહમનજી, કાહાજી શોરાબજી હોમજી અને બરજોરજી દાદાભાઈ; ટેણાંવાળા બેહરાંમજી જમશેદજી; કરંજવાળા રૂસતમજી બહમનજી; તથા સુમાલીવાળા આદરજી બેહરાંમજી, જમશેદજી જીવણજી, જીજી હોમજી, શોરાબજી મેહરજી, રૂસતમજી દાદી, પેશાતનજી મનજી, અને દોરાબજી પેશાતનજી.

૨ ઊપલા મોબેદો પેશોતન ખોરશેદ અને મેહરજી શાહીઆરની પછી થોડી મુદતે બીજા બે મોબેદો નામે નરીમાંન રાંમા અને અસપંદીઆર ચાંદાને અકલેસરથી મોકલીઆમાં આવ્યા હતા. એઓ ચારે જણે મલી પોત પોતામાં સંવંત ૧૭૦૪ (ઇ૦ સ૦ ૧૬૫૭) માં એવો બંદોબસ્ત કીધો હતો કે આ૦ પેશોતન ખોરશેદ તથા આ૦ લીમજી મેહરજી (મજકુર આ૦ મેહરજી શાહીઆરનો બેટો) સુમાળીમાં રહી તથા આ૦ નરીમાંન રાંમા અને આ૦ અસપંદીઆર ચાંદા ટેણાંમાં રહી પોત પોતાનાં ગામડાંઓને લગતાં ઠેકાંણાંના બેહદીનોમાં ફરી તેમને ઘરનું દીનઆઈનનું કામકાજ કરે તથા અવારનવાર ખેરો ખાઇ રોજ લીધો કહી આવે. આ વેળાએ એ તરફના બેહદીનો પારસી રોજ માહની ગણત્રિથી પણ અંજાણા હતા એવું જણાએછે તે શબબથી મોબેદને દર મહીનાના હોરમજદ અને બેહરાંમ રોજની યાદ તેમને જઇને આગમજથી આપવી પડતી હતી. ઊપલા ચાર મોબેદોના વંશનાજ મોબેદો આજ સુધી કીમ નદીથી તે સુમાલી સુધીનાં ગાંમોમાં મોબેદીનું કામ ચલાવેછે, અને લગનની ક્રિઆ કરવાની આવક અકલેસરથી તે સુમાલી સુધીનાં ઠાંમને આખાં ગોદાવરાં પંથકના મોબેદો રાસમાં વેંહચી લીએછે.

એ પછી એક જુના દસતાવેજ ઊપરથી એવું જણાએછે કે ઊપલા ચાર મોબેદોને સવંત ૧૬૮૩ (ઇ૦ સ૦ ૧૬૨૭) માં પોતાના હકો તથા લવાજમને માટે બેહદીનો સાથે કાંઇ અડચંત થઇ હતી તે ઊપરથી સવંત ૧૬૮૪ નાં રોજ ૧૫ માહ ૧૦ (તા૦ ૧૯ મી આગસટ ૧૬૨૮) ને દીને સુમાલી, ટેણાં, બાઠાં, વગેરેના બેહદીનો નામે વાછા માહીઆર, કામા માહીઆર, રતન ડોશા, હીરા રતન, ચાંદા નરશંગ, રતન આશા, અને હીરા ચાંદા એઓએ મોબેદોને નીચે પ્રમાણેના લવાજમો આપવા બાટેનો એક લેખ કરી આપ્યો હતો :—

| | |
|---|---|
| દોકડા. | દોકડા. |
| ૭૦ પાહીમોજીના. | ૨૫ ગાહંબાર તથા આફરગાંનના. |
| ૨૫ બેહરાંમ ઇજદના. | ૭૦ શીશીઆંના. |
| ૧૨॥ નવશાના. | |
| ૭૦ મેહર ઇજદના. | |

વળી એવું પણ જણાએછે કે કેટલાક નવસારીને તાબેના ભગરયા મોબેદો ટેણાંમાં રહી કોઇવાર બેહદીનોને ત્યાંનું મરણનું કામ કરતા હતા, તે ઊપરથી ગોદાવરાં પંથકવાલા મોબેદોએ વાંધો ઊઠાવ્યાથી નવસારીને લગતા મોબેદો ખોરશેદ ડોશા, ચાંદા વાછા, જેશંગ નરીમાંન, નરીમાંન હોરમજદયાર, અને ફરેદુન મેહરબાંન એઓએ એક લેખ ગોદાવરાં પંથકનાં વડં મથક અકલેસરના મોબેદો બેહરાંમ જેશા, આશા આદર, વગેરે શખશાત અંજુમનને લખી આપ્યોછેકે હવેથી એ રીતે કોઇએ કોઇનાં પંથકમાં વગર રજાએ કામ કરવાં નહી. જે કરે તે ૧૧) શેનગુનેહગારીના આપે.

આએ ગોદાવરાં પંથકની વેંહચણી બાબે અકલેસરથી મોબેદ અસપંદીઆરજી બહમનજીએ મુંબઇની પંચાતના અકાબરો જોગ કાંઇક બાબદની એક અરજી તા૦ ૧૨ મી મારચ ૧૮૩૧ ને દીને કીધી હતી તેમાં લખ્યુછે કે :—

"અસલ સુરતની નદીથી તે ભરૂચની નદી સુધીનો અમારો ગોદારો કેહવાયછે. હમારા ભાગીઆ ગોદારામો ૧૬ શોલ છે. તે શરવે હંમકાર અકલેસર કશબામો અશલ રેતાતા તેની હદ મુદત એલાવની કીમથી તે સુરતની નદી વેર. તેને મરવત પરગણું કેહુછે. ને એલાવની કીમથી તે ભરૂચની નદીવેર હમારૂં સુખીઆદબાદ કરી કેહુછે. તેવારે મરવત પરગણાંનાં ગાંમ ૪ ચારનાં બેહદીનો સુખી આદબાદ આવીને મોબેદો જણ ૨ બે તેનાંનાં નામ મોબેદ પેશતન ખોરશેદ તથા મોબેદ મેહરજી શહીઆર એ જણ બેને રાજી કરી બંદોબશ હક લવાજમનો કરી આપીને રાજી કીધા. તે વાર પછી હંમકાર તથા પેલા મોબેદો જણ ૨) બે પોતે પોતાનાં માહે હદ મુદતમો લેખ કરી લીધા અને બંદોબશ કરીને એકમેકને રાજી કરીને લેઇ ગીઆ. ભાગ બાબે તથા પોતાની હદ મુદત બાબેનાં બંદોબશત કીધાછે તે આજ દીન સુધી હમારે કબુલ કરજ પરમાંણે છે તથા તેનાં હમારા ગોદારાઓ ભાગબોગ રાંડી રાંડ બેવારશ તે ખાએછે. હમો શરખા મોબેદીનાં કામનાં કરવાવાલા બેશી રહીએ ને રાંડી કુડીઓ ભાગ ખાએછે તે શાથી જે અશલની વેહેંચન તથા બંદોબશતના લેખથી તેવારથી તે આજ દંન સુધી ચાલતું આવેછે. તેઓ તથા હમારા હંમકારમાં તથા બીજી બાબદોમાં કાંઇ ટંટો ફંણતો પરે તે બાબેનાં લેખ કરી આપીએ. તેવારે તે રશતા સર ચાલે. શેઠજી લેખ પરતો હમારો બંધારોછે. હમારી ચાલચલણ એ લેખ પરછે. બીજી બીનાં એ જે મરવત પરગણાંનાં ૫) પાંચ ગાંગને હમારાં સુખીઆદબાદનાં ૧૧) અગીઆર ભાગ. લગણનાં વરશ એકનાં માસ ૬ હમારા ને માસ ૬ મરવત પરગણાંનાં. તેનાં માથ ૬ હમારા વશોતનાં કેહવાયછે. તેની ઊપજ રૂ૫૦૦) થીથી જાદા છે. હમોને લેખ પરમાંણે કરાઓમાં રૂ૬૦) આપેછે.".

## ઈ૦ સ૦ ૧૬૧૭.

શાહનશાહ જેહાંગીરની દરબારના એલચી સર થામસ રોની સાથે ગયલો પાદરી રેવરંડ એડવરડ ટેરી પોતાનાં પૂર્વ હિંદુસ્થાન ભણીની મુસાફરીનાં પુસ્તકમાં આએ વર્ષના સુરતના પારસીઓ માટે લખેછે કે :—

"તેઓ આએ દેશના બીજા વતનીઓના જેવા પોશાગ પેહરેછે, પણ બીજાઓની માફક પોતાના બાળ તદન બોડાવી નાખતા નથી, પણ લાંબી ડાઢી રાખેછે.

તેઓનો ધંધો સાધારણ રીતે સઘળી જાતની ખેતીનોછે.

તેઓમાં દરેક જણે પોતાનું ભોજન એખલાજ જમવાનો તેમજ દરેક જણે પોતાનાંજ વાસણમાં પાણી પીવાનો ચાલછે, અને એથી ચોખાઈ જલવાએછે એમ તેઓ ધારેછે, કેમકે જો બીજાની સાથે જમે તો એક બેકની અસીચી લાગે એમ તેઓ ડરેછે.

તેઓ એકજ, ખોદા કે જેણે સર્વે ચીજો બનાવીછે, અને જે સર્વે ઉપર સરદારી ભોગવેછે તેને માનેછે."૧

## ઈ૦ સ૦ ૧૬૨૦.

યુનેટેડ ઇસ્ટ ઇંડીઆ કંપનીની નોકરીમાંનો એક પાદરી રેવરંડ હેનરી લારડ કે જે ઈ૦ સ૦ ૧૬૧૫ થી તે ૧૬૨૩ સુધી સુરત મધે હતો તે પોતાની નોધમાં લખેછે કે તેણે પારસીઓના ધર્મ તથા રેવાજોની માહીતગારી એક પારસી કે જે લાંબી મુદત સુધી કંપનીની નોકરીમાં હતો, અને ઇંગ્રેજી ભાષા સારી પેઠે સમજતો હતો તેની મારફતે તેઓના એક અંધીઆરની મદદથી મેલવી હતી. તે લખેછે કે :—

"પારસીઓ એવું કેહછે કે કોઈબી ચીજ પેદા થઈ તેની આગમજ એખલો એક ખોદા કે જે સઘળી ચીજોનો બનાવનાર તેની હસ્તી હતી.

ખાવા પીવાની બાબદમાં તેઓના ધર્મમાં તેમને ઘણી છુટછે, પણ પોતાના હમવતની વાનીયા તથા મુસલમાનોનું દીલ નહી દુખાય તેટલા કીજે તેઓ ગાય અને ડુકરનું ગોશ ખાતા નથી.

એ લોકોમાં પાંચ જાતનાં જુદાં જુદાં નામોથી ઓળખાતાં લગન થાયછે. પેહેલાંનું નામ **શાહુજન** એટલે એક જણનો છોકરો અને એક જણની છોકરી પોતાનાં બચપણમાં પોતાની જાણ વગર માબાપની મરજીથી પરણે છે તે. આને તેઓ ઘણું વજન આપેછે, અને એવી રીતે પરણેલાઓને પુણ લાગેછે એમ તેઓ સમજેછે. બીજાંનું નામ **ચકરજન** એટલે કે એક રંડાયલો માટીડો તથા વીધવા ઓરત ફરીથી નાતરૂં કરે તે. ત્રિજાંનું નામ **ખુદશ રાઈ જન** એટલે એક ઓરત પોતાની મરજીના ધણી સાથે પરણે તે. ચોથાંનું નામ **અચુકજન** એટલે કોઈ જવાંન છોકરો અથવા છોકરી પરણ્યા વગર મરણ પામેતો તેવે વખતે કોઈ બીજી કુંવારી છોકરી અથવા છોકરાનું તે મરનાર સાથે જોડું બાંધેછે, કે જેથી તેઓ પરણેનાં ગણાઈ પેલી હમેશગીની જેહાંનમાં સુખી થાય. માતબર લોકોમાં એવી જાતનાં લગન વધારે સાધારણ છે, કે જેઓ એવાં જોડાં બાંધવાને સાંમા પૈસા આપેછે. પાંચમાંનું નામ **સતરજન** એટલે એક બાપને છોકરો નહી હોય, અને તેની પોતાની છોકરીને ત્યાં છોકરા હોયતો તે તેણીના છોકરાને દતપુત્ર કરી તેને પોતાના છોકરાની કાણી પરણાવે છે, કારણ કે જે ધણીને છોકરો અથવા છોકરી પરણાવવાનાં નહી હોય તેને તેઓ સુખી ગણતા નથી."૨

૧ For their habits, they are clad like the other people of that empire, but they shave not their hair close, as the other do, but suffer their beards to grow long.

Their profession is, for the generality, all kinds of husbandry.

It is their usual manner to eat alone, as for every one of them to drink in his own cup; and this is a means (as they think) to keep themselves more pure; for if they should eat with others, they are afraid that they might participate of some uncleanness by them.

For those Parsees, further, they believe that there is but one God, who made all things, and hath a sovereign power over all.

[A Voyage to East India, by Edward Terry, p. p. 336-339.]

૨ The *Persees* affirme, that before any thin gwas, there was a God, that was the Maker of all things.

..........

Their law alloweth them great liberty in meates and drinks, but because they will not give offence to the *Banians*, amongst whom they live, nor displease the *Moores*, under whose government they are; they especially abstaine from eating of kine and hogs-flesh, meates prohibited by the laws of the two former.

..........

They have a five fold kinde of marrriage distinguished by several names. The first they call *Shausan*, which is the marriage of a man's sonne and a man's daughter together in the time of their youth, where the parents agree without the knowledge of the children; to this they attribute much, and suppose them to goe to heaven that are maryed in this state. The second is called *Ohackerjon*, when the party once widowed, is maryed againe. The third *Codesherahajan* when a woman enquireth out a husband for herselfe, according to her owne free choyce. The fourth *Ecksan*, when a young man or mayd dying before they by maryed, then they have a custome to procure some man's son or daughter to be matched to the party deseased, attributing the state of mariage to be a meanes to bring people to happinesse eternal in another world. Those that commonly use this, are the richer sort, who by a price hyre the parties to such a contract with a sum of money. The fifth is called *Ceterson*, when the father having no son, a daughter of his owne having sonnes, he adopt the sone of them to be his, and maryeth them as if they were his owne children; for they account that man unhappie that hath not a male or a female, a son or a daughter to joyne in the state of mariage.

[Rev. Henry Lord in Churchill's Collection of voyages and travels. Vol. VI. p. p. 328-29, 339-40.]

ઉપલાં પાંચ જાતનાં લગન કરવા વિષેની બીના મોહીન ફાંશા કામાવાલી રેવાયતમાં પણ લખેલીછે.

## ઈ૦ સ૦ ૧૬૨૬.

સર થામસ હરબરટ નામનો મુસાફર કે જે આએ વર્ષના ડીસેમબર માસમાં સુરતથી વાહાણ "વીલ્યમ" માં બેશી ગોમબ્રુન (બંદર આબાસ) ગયો હતો તે પોતાનાં દફતરમાં લખેછે કે તેનાં વાહણમાં બીજી ઝાતની સાથે કેટલાક પારસી ગોલાંમો પણ હતા.[1]

## ઈ૦ સ૦ ૧૬૩૮.

તા૦ ૧૨ મેએ.

સવંત ૧૬૯૪ નાં રોજ ૮ માહ ૭.

આજ દીને ગોદાવરાં પંથકને લગતી શમશત અંજુમને ભગવા મધે મલી મોબેદોના વારાની વરત કરી આપી કે નીચે પ્રમાણેની વીગતે દરેક ગામોના મોબેદોએ અકલેસરના વરસોદ્દા આપવા[2] :—

| | |
|---|---|
| ૧) ૪ મોરા. | ૨ાા રાંદેલ. |
| ૧) ૪ દાંમકા. | ૦ા ૧ અરાજણ. |
| ૦ાાા૩ ટેણાં. | ૦ાા૨ ઈછાપોર. |
| ૧ાા ૬ કુંડીઆંણાં | ૦ા ૧ ભેંશાણ. |
| ૨ાા કરંજ. | ૧ાા૬ વરીઆવ. |
| ૧ાા ૬ ભગવા. | ૨) ૮ મંદરોઈ. |
| ૪) ૫ બાઢાં. | |

---

આલબરટ ડી. માનડેલસો નામનો ફ્રેંચ એલચી પોતાની ઇરાંન તથા હિંદુસ્થાંનની મુસાફરીનાં પુસ્તકમાં આએ વર્ષના ગુજરાતના પારસીઓ માટે લખેછે કે :—

"તેઓ ઘણુંખરા કીનારા ઉપર રેહેછે, અને સુલાહ સંપજથી ચાલેછે, તથા તમાખુની ખેતી અને તાડીના દારૂની આએપત ઉપર ઘણુંખરા રેહછે. તેઓને દારૂ પીવાની છુટછે. તેઓ વ્યાપાર વનજ, સરાફી, દુકાનદારી, અને બીજા બધા ધંધાઓમાં ગુંતાયલાછે. ફકત લોહાર અને સોનીના ધંધામાં તેઓ પડતા નથી, કારણ કે આતશને બુજાવવો એ તેઓ મોટા ગુનાહ સમજેછે.

પારસીઓ એકજ સર્વ શકતિવાંન ખોદાને માનનારાછે.

તેમનાં ઘરો નાહનાં અને અંધારાં તથા તેમાં સામન થોડાજ હોયછે. તેઓ બધા એકજ ભાગમાં સાથે રેહવાને ચાહેછે. તેઓમાં કોઈ ચોકસ માજીસ્ટ્રેટ નથી, પણ પોતાનીજ કોમ મધેથી બે સારાં માણસોને તેઓ પોતાનો ઈનસાફ સોંપેછે, અને પોતાના ટંટાઓની બાબદ ઘણી બરી બીજાઓ આગલ લાવતા નથી.

તેઓ આતશ જેવી પવીત્ર ચીજ બીજી કોઇ ગણતા નથી, અને તેની તેઓ ઘણી જતન લેછે, કારણ કે તેઓના કેહવા મુજબ ખોદાઈ નુર બતાવવાને આતશ જેવું બીજું કાંઈ નથી, અને તેથા તેઓ એક બતી અથવા ચેરાગને ફુંક મારીને બુજાવતા નથી, તથા આતશને બુજાવવા કદી પણ પાણી વાપડતા નથી. અગર કોઈનું ઘર આગથી બળી જાય તોબી તે પર પાણી નામતા નથી, પણ ધુળ અથવા માતી તે પર દાબી દીએછે, અને તેબી તેઓ ઘણું મુસીબત જેવું સમજે છે.

તેઓ બચાંઓને નાહનપણથી પરણાવેછે, પણ તેમનો સંબંધ ૧૫ કે ૧૬ વરસની વએ પુગા પછી થાયછે; તેઓમાં વીધવાઓ નાતરૂં કરી શકેછે. છીનાલું અને રંડીબાજી તેઓમાં મોટા ગુનાહ ગણાયછે, અને જો ઇનસાફ તેઓના હાથમાં હોયતો એવા ગુનેહગારોને તેઓ મોતની સજા કરે.

તેઓ અંગે ઘણા કદાવર નથી, તોપણ તેમનો દેખાવ હિંદુસ્થાંનના બીજા લોકો કરતાં સોભઇતોછે; તેઓની ઓરતો દેશની બીજી ઝાતની ઓરતો કરતાં મુકાબલો નહી થઈ શકે એવી સફેદ અને ખુબસુરત છે. મરદો લાંબી અને ગોલ કાપેલી ડાઢી રાખેછે, કે જે રીત આજ ૫૦ વર્ષ થયાં ફ્રાંસમાં દાખલ થયલી છે. તેઓમાંના કોઈ બાજો રાખેછે અને કોઇ કાપેછે. જેઓ કાપેછે તેઓ માથાંની તાલકી ઉપર એક અંગોઠા જેટલી લાંબી વાલેલી ચોતલી રાખેછે."[3]

---

[1] "The seventeenth of December we took ship in the *William* for Gombroon in Persia: *the Exchange, the Hart*, and other gallant ships went along with us, and above three hundred slaves were put aboard whom the Persians had bought in India; viz., *Persees Gentews, Banyares*, and others.

[Travels into Africa and Asia the Great, by Sir T. Herbert Bart. page 107.]

[2] આ બંદોબસ્તની એક નકલ ગોદાવરાં પંથકવાલા આ૦ નાનાભાઇ ભીખાજી પાસેથી અમોને મલીછે.

ઉપલા બંદોબસ્તમાં જણાવ્યા મુજબના ૩૨૫) આજ સુધી એ પ્રમાણે અકલેસરવાલાઓને આપેછે.

[3] "Ils demeurent la plupart le long de la côte and vivent fort paisiblement, s'entretenant du profit qu'ils tirent du tabac, qu' ils cultivent, & du *terry* qu'ils tirent des palmiers de ces quartiers là, & dont ils font de *l'arack*, parcequ'il leur est permis de boire du vin. Ils se mêlent aussi de faire marchandise et la banque, de tenir boutique & d'exercer tous les autres mêtiers, à la reserve de celui de Marêchal, de Forgeron, and de Serrurier; parce que c'est un péché irremissible parmi eux d'éteindre le feu.

"Ces Parsis croyent qu' il y a un seul Dieu conservateur de tout l'univers.

"Leurs maisons sont petites et sombres ,& assez mal meublées & ils affectent de demeurer dans un même quartier. Ils n'ont point de Magistrat particulier parmi eux; mais ils ne laissent pas de prendre les emplois que les Mahometans leur donnent, & ils créent entre eux deux des plus considérables de la nation, qui decident les differends, qui peuvent naitre entre eux, &

## ઈ૦ સ૦ ૧૬૪૪.

આએ વર્ષમાં દસ્તુર હોરમજદયાર ફરામરોજ સંજાણાએ ઇરાંનથી આવેલા જવાબ સવાલોની રેવાયતોનો સંગ્રહ એક પુસ્તકમાં કીધો હતો.[૧] એ સંગ્રહમાં નીચલી રેવાયતો છે:—

કામા આશા ખંભાતીની, કામા વોહરા સુરતનાની (બે રેવાયત) કાઉશ કામા ખંભાતીની, અસપંદીઆર બીન શોરાબ નામના બેહદીનની,[૨] કામદીન શાપુર ખંભાતીની, બહમન અસપંદીઆર સુરતીની (ત્રણ રેવાયત).[૩]

## ઈ૦ સ૦ ૧૬૪૫.

આએ વર્ષમાં વલસાડ મધે અંજુમનના ઉધરાતથી એક દોખમું બંધાવી પરઠાવ્યું હતું.[૪]

## ઈ૦ સ૦ ૧૬૬૦.

થેવેનાટ નામનો એક ઉચ્ચ ગ્રહસ્થ કે જેણે આએ વર્ષમાં હિંદુસ્થાંન મધે મુસાફરી કીધી હતી તે સુરતના પારસીઓ માટે લખેછે કે તેઓ "ગોરસ" (ગબર) અથવા આતશપરસ્તને નામે ઓળખાતા હતા.[૫]

## ઈ૦ સ૦ ૧૬૭૦.

"ઓગીલબીસ આટલાસ" માં આએ વર્ષના સુરતના પારસીઓ વિષે લખેછે કે:—

"તેઓ ત્યાંના દેશીઓની માફક છુટાપણે રહેછે, અને મનપસંદ ધંધાઓ કરેછે. તેઓ ઘણા બુદ્ધિવાંન, અને ઘણાખરા ખેતી તથા દારૂ ગાળવાના ધંધામાં ગુજરાંન કરેછે. કેટલાકો પરદેશનો વ્યાપાર, સરાફી, દુકાનદારી, અને લોહાર સિવાય તરેહવાર જાતના હુનરોના ધંધા કરેછે, કાંએકે લોહારનાં ધંધામાં આતશ પર પાણી નામવું પડેછે જે તેમના ધર્મથી ઉલટું છે.

અગર કોઇ વખતે ભુલચુકે કોઇથી બીજાંનાં પીવેલાં પીઆલાંમાંનું પીવાઇ ગયું તો તે પીઆલું ત્રણ વખત ધોઇ, કેટલોક વખત ગુજરયા પછી ઉપયોગમાં લીએછે.

મરદો મોટી ગોળ ડાઢી અને માથાં પર લાંબા બાળ રાખેછે, તથા ઘણાખરાઓનાં નાખ વાંકાં હોયછે કે જે પરથી તેઓ હજારો લોકોમાંથી ઓલખાઇ આવેછે. તોપણ કેટલાકો ટુકા બાળ અને તાલવાં ઉપર ચોટલી રાખેછે."[૬]

pour lesquels ils ne plaident jainais devant d'autres Juges.

"Il n' y a rien de si precieux ni de si sacré parmi eux que le feu, qu'ils gardent très soigneusement; parce qu'il n' y a rien à ce qu' ils disent, qui represente si bien la Divinité que le feu, c' est pourquoi ils ne souffleront jamais une chandelle, ni une lampe & n' entreprendront jamais d'employer del'eau pour éteindre le feu, quand même la maison courrait risque d'en être consumeé, mais ils tachent de l'etouffer avec de la terre. Cést le plus grand malheur qu' il leur puisse arriver, que de voir le feu tellement éteint leur maison, qu' ils soient obligé d'en aller querir dans le voisinage.

Ils marient leurs enfans etant encore fort jeunes; mais ils souffrent que le père & la mère les élevent chez eux, jusqu'a ce que l'age de quinze ou seize ans leur puisse permettre de consommer le mariage. Leurs veuves peuvent se remarier. L' adultere & la paillardise sont les plus grands péches qu' ils puissent commettre & qu'ils puniraient sans doute de mort, s'ils avaient l'admiration de la justice.

Leur taille n' est point des plus grandes; mais ils ont le teint plus clair que les autre *Indosthans* & leurs femmes sont sans comparaison plus blanches & plus belles que celles du pays, & que les *Mahometanes*. Les hommes ont la barbe grande, coupée en rond, de la façon qu'on la portait en France il y a cenquante ans. Les uns se sont couper les cheveux, & les antres les laissent croitre. Ceux qui les sont couper, laissent croître au sommet de la tête une treffe ou un toupet de la grosseur d'un pouce.

[Les Voyages Du Sieur Albert De Mandelslo, p. p. 180, 184, 186]

૧ આ સંગ્રહ એમના પેતા દસ્તુર દારાબ હોરમજદયારની રેવાયતનાં નામથી ઓળખાએછે, અને તેમાં દસ્તુર દારાબે પોતે પણ ઈ૦ સ૦ ૧૬૮૫ માં બીજી કેટલીક રેવાયતો ઉમેરી હતી.

૨ આ રેવાયતમાં ઇરાંનવાળાઓ જણાવેછે કે આએ અસપંદીઆર બીન શોરાબથી તમારી તરફ ચાલતી ક્રિઆમાર્ગોનું બયાંન સાંભળી અમો ખુશી થયા છૈયે.

૩ આમાંની બે રેવાયતનો સાર આ પુસ્તકને સફે ૧૨ મે આપેલોછે, અને ત્રિજી જે ફેરમાંનથી લખાયલીછે તેમાં વંદીદાદની દરેક પરગરદો ઉપર તકરાર તથા દોખમું બનાવવા અને નશો, રીમની, વગેરેની બાબદો છે.

૪ ઊદવાંડાના એક મરહુમ મોબેદ તેહમુલજી કાવશજી ઊનવાલાને હાથની લખેલી રેવાયતની ચોપડીમાં દોખમાંના તાણાનો નકશો આપી નોટમાં લખેછે કે:—"એ હકીકત શવંત ૧૭૦૧ માં વલશાડનાં દુખમાં શારં ખંભાતથી પુછાવેલી આવીછે. ખંભાતથી મોબેદ માવંદાદ ખંભાતીની લખેલી."

૫ Ceux du troisiéme ordre sont les Parsis, qu'on appelle encore Gaures ou Atechperest, adoráteurs du feu.

[Les Voyages De M. De THEVENOT page 46.]

૬ They live here like the Natives, free and undisturbed, and drive what Trade they please. They are very ingenious, and for the most part maintain themselves with Tilling, and buying and selling all sorts of Fruits, tapping of Wine out of the Palm trees. Some also Traffick, and are Exchangers of Money, keep Shops, and exercise all manner of Handicrafts, except Smiths-work, for they are not allowed to quench Fire with Water.

If any person chances accidentally to drink out of anothers Cup, they wash the same three times, and set it away for a considerable time before they use it again.

The men wear great round Beards, long black Hair on their Heads, and are generally hook-nos'd, which makes them to be known amongst thousands of People; yet there are some that wear short Hair, with a Lock only on the top of their Crown.

[Ogilby's Atlas, V. 1670, p. p. 218-19.]

## ઈ૦ સ૦ ૧૬૭૨.

તા૦ ૨૯ મી જુલાઈ.

સંવંત ૧૭૨૮ નાં રોજ ૫ માહ ૧૦.

આજ દીને નવસારીની શમશત અંજુમને મલી એક લેખ કીધો કે ચેઓલનું પંથક જે આ૦ બેહરાંમજી ફરેદુનજીને અગાઉ આપ્યું હતું, પણ હવડાં તેમના છોકરાઓ આ૦ શોરાબજી તથા ખરશેદજી બેહરાંમજી માંહોમાંહે લડેછે તેથી આપણે એ પંથક કબજ કરી હવેથી એવો બંદોબસ્ત કર્યો છેયે કે નવસારીને લગતો મોટી ફલીઓ તથા મલેસર ફલીઉં તથા ગંદેવી, બીલી (મોરૂ), કેસલીપાતી, મેધર, મહુવા, શીઓદપુણી, આંબલી, તવડી, મરોલી, દીવ, ચેઓલ, કલીઆંણી, ભીમડી, થાંણા, મુંબઈ, વગેરે નવસારીનાં પંથકનાં ગામોમાં વેહવા તથા ગગરનાં, શીઆંવ, સરોશ, તથા અંવેઆરૂપણાં સંબંધી જે કામ હોય તે વારાના ધણી વગર તથા પંચની રજા વગર જે ચલાવે તે દીવાંનના ગુનેહગાર થાય તથા રૂ૨૫) ગુનેહગારીના આપે. આ લેખ પર નીચલા મોબેદોની શહીઓછે[1] :—

ખુરશેદ બેહરાંમ, માણેક મેહરનોશ, કેરશાસપ મેહરજી, દારાબ જમશેદ, ફરેદુન એરવદ, નવરોજ રૂસતમ, રૂસતમ શોરાબ, ખુરશેદ કેરશાસપ, આશા રાંનજી, બહમન પેશુતન, જીવણ નરીમાંન, બેહરાંમ કુકા, પાલણ ફરેદુન, ફરાંમરોજ બહમન, જીવણ બેહરોજ, બરજોર જેશંગ, કાઉશ હોમજી, રૂસતમ હોમજી, કુકા શોરાબ.

## ઈ૦ સ૦ ૧૬૭૩.

તા૦ ૮ મી નવેમબર.

સંવંત ૧૭૨૯ નાં રોજ ૧ માહ ૧.

આજ રોજે નવસારીના શમશત બેહદીનોએ મલી એવો બંદોબસ્ત કીધો હતો કે હાલમાં કેટલાક ભગરીઆ મોબેદોએ એવું લખ્યું કીધુંછે કે જેનો વારો આવે તે સર્વે મોબેદીનું કામ કરે, પણ તે ઉપરૂ આપણે બેહદીનો રાજી નથી, માટે આપણે જેમ આપણુંને મનમાને તે મોબેદોની પાસે સર્વે કામ કરાવવું તથા જે કાંઇ આપવું હોય તે પોતાને મનમાને તેમ આપવું. આ લેખ પર નીચલા બેહદીનોની શહીઓછે[2] :—

કાઉશ આશદીન, પટેલ નાનાભાઈ મેહરજી, કીકા હોશંગ, કેરશાસપ મીનોચેહર, મેહરનોશ હોરમજદ, શાપુર જમશેદ, ચાંદા ધાયા, કીકા ચાંદજી, શોરાબ કાકા, મેહરજી રાંણા મેધરના, હીરા ચાંદા, બરજોર બેહરાંમ ડીગરીઆ, જમશેદ ફરેદુન, શોરાબ અસલાજી, હોમજી જમશેદ ગાંધી, ભીખલા કામા, દારાબ કુકા, હોશંગ કેકોબાદ, બહમન નરશંગ વઇદ, આશદીન અસપંદીઆર, રૂસતમ કામદીન, જમશેદ હોશંગ, દારાબ સુખલા, રૂસતમ ખુરશેદ, જમશેદ ખુરશેદ, માણેક ખુરશેદ સાંગા, મેહરજી અસપંદીઆર સુસા, પેશીતન કુકા ખુરશેદ, કેરશાસપ કાઉશ ગાંધી, ખુરશેદ મેહરજી, ભાઇઆ કુકા, રાંનજી કુકા, ચાંદજી કાંનજી, કાંનજી મેહરજી.

## ઈ૦ સ૦ ૧૬૮૦.

તા૦ ૨૯ મી મેએ.

સંવંત ૧૭૩૬ નાં રોજ ૬ માહ ૮.

આજ દીને ભરૂચવાલા દસ્તુર કાંમદીનજી ફરદુનજી (પેહલા) એ સુમાલી બંદર પર એ૦ લીમજી પેશોતન ઉપર એક કાગજ લખી એક આરસી રૂ૧) થીતે રૂ૩॥ સુધીની મંગાવી હતી.[3]

## ઈ૦ સ૦ ૧૬૮૩.

તા૦ ૯ મી નવેમબર.

રોજ ૫ માહ ૧ સને ૧૦૫૩ યજદજરદી.

આજ દીને સુરતની જરથોસ્તી અંજુમન તરફથી નવસારીમાં રેહેનારા સંજાણા મોબેદો એ૦ બરજોરજી ખુરશેદજી તથા એ૦ મનોચેહરજી બરજોરજી વગેરે શમશત હંમકાર સંજાણા મોબેદો ઉપર એક કાગજ લખી મોકલ્યો હતો કે નવસારીની વડી દરેમેહરના મોબેદોએ અમોને લખવા ઉપરથી જણાયું કે સંજાણા મોબેદો નવસારીમાં બાજ દરૂન કરેછે, યજેછે, પણ અમારી ખાતરમાં નાહી આવ્યું જે દીનદાનાવ થઇને પારકાં પંથકમાં કેમ કામ ચલાવે. "તમો દીનદાનાવ છેઓ જે તે વાતે આપણા વડાવોનો બોલ કુલ રાહ રસમ ચાલેછે તે અમલ ચાલે તે કરજો. એ દીનનું બંધ આપણ અંવેઆરૂને હાથ છે. આપને રાખેલું રહે. બીજું આજની વેળા ઘણી કપરી છે. જે હજુરનાં લખેઆથી સુરતમાં તથા ગુજરાતમાં પારકા મહજબની ચરચા ઘણી થાએછે તે શું લખીએ

૧ એ૦ જામાસપજી શોરાબજી દસતુર મેહરજી રાંણાએ નવસારીનાં પેહલા દસ્તુર મેહરજી રાંણા કેતાબખાંનાંમાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજાવાલી ચોપડી સફે ૫૮.

૨ આ લેખની નકલ ઊદવાડાની અંજુમનને લગતાં દફતર મધેથી એ૦ બેહરાંમજી પેશતનજી ભરડાએ અમોને આપીછે.

૩ આ કાગજ ગોઘાવરાં પંથકવાલા આ૦ નાનાભાઇ લીખાજી પાસે હમોએ જોયો હતો. એ ઉપરથી જણાયછે કે સુમાલી તે વખતે એક સારૂં બંદર હોવું જોઇએ અને ભરૂચ કરતાં તેમાં માલ સારો મલતો જોઇએ.

તમુને માલમ હશે." આ કાગજ પર નીચેના સુરતના અગ્યારીની સહીઓ છે.[૧]

બેહદીનો ખુરશેદ આદરજી, કુવરજી નાનાભાઇ મોદી, માણેકજી નેરીઓશંગ, લીમજી રૂસતમજી, એદલજી નશરવાંનજી, હીરજી નશરવાંનજી, લીમજી ખુરશેદ, કુવરજી કાવશ, આદરવાંન શેરાબજી, બહમનજી રૂસતમજી, નાનાભાઇ ફરાંમજી, ખુરશેદ લીમજી, પેશતનજી અમપંદીઆરજી ગાંધી, રૂસતમજી બહમનજી માણેકજી, બેહરાંમ રૂસતમ, આદર મેહરજી, નાનાભાઇ નરશંગજી; એરવદો રૂસતમ પેશોતન દા૦ માણેક રૂસતમ, કેકોબાદ કાઉશ, બેહરાંમ ફરાંમરોજ, આદરજી બેહરાંમજી, માણેકજી ફરાંમજી, દારાબ મનોચેહરજી, બહમન નેરીઓશંગ, માણેક કાઉશ, કાઉશજી બહમનજી.

## ઈ૦ સ૦ ૧૬૮૪.

તા૦ ૨૯ મી ડીસેમબર.

સવંત ૧૭૪૧ નાં રોજ ૨૫ માહ ૨.

આજ દીને દમણના જરથોસ્તીઓએ વલસાડ મધે એ૦ જામાસપ ભાઈજી ઉપર એક કાગજ લખી અરજ કીધી હતી કે અતરે અગીઆરીનું કામ ચાલે માટે ગમે તો ૧) ઇવા ૨) મોબેદ મોકલવા.[૨]

## ઈ૦ સ૦ ૧૬૮૫.

તા૦ ૩૦ મી મારચ.

તા૦ ૫ જમાદીઉલ અવલ ૧૦૯૬ હીજરી.

આજ દીને નવસારીના કાજી આઉદીન ઉશમાંનીની મોહોર સાથે ભગરીઆ તથા સંજાણા મોબેદો વચ્ચે એક લેખ થયો હતો કે કસબા નવસારીના અંથીઆરૂ તથા સંજાણા અંથીઆરૂ માહોમાહે પોતાની કદીમ રાહારસમને વાસતે મરાતા હતા તેઓ પોતાના દરમીઆંન માંહોમાહે સમજીઆ અને એવો કરાર કીધો જે આજ પછી કદીમ રાહારસમ જે પોતાના બાપદાદા કરતા આવીઆછે તે કરીએ. એ કરારથી ફરીએ નહી, અને કસબે નવસારીના અંથીઆરૂ કસબા વીગેરેનું અને સંજાણા અંથીઆરૂ દમણમાં અંથીઆરૂપણું કરે. જો કદી એ કરારથી ફરે તો શરેહ તથા હાકમના ગુનેહગાર થાએ.[૩]

## ઈ૦ સ૦ ૧૬૮૬.

તા૦ ૭ મી સપટેમબર.

સવંત ૧૭૪૨ નાં રોજ ૧૮ માહ ૧૧.

નવસારી મધે આએ વર્ષમાં મોબેદો તથા બેહદીનો વચ્ચે થાવલી મોટી મારામારીની નોંધ જે આ પુસ્તકને સફે ૧૯ મે આવેલીછે તેમાં ખુન થયલાનો દાહડો વાર ઉપર મથાલે આપ્યો છે. એ મારામારી વિષે પુરતી તજવીજ ચલાવવા નવસારીના કાજી આઉદીન ઉશમાંની વગેરેએ તા૦ ૧૫ માહ જુલકાદ સને ૧૦૯૭ હીજરી (તા૦ ૨૬ મી સપટેમબર ૧૬૮૬) ને દીને પોતાની મોહર સાથે એક જાહેરનામું કાઢયું હતું જેમાં લખેછે કે:— "સવાલ કરેછે અને શાહેદ માગેછે શેરાબ અમપુ તથા નોશરવાંન મેહરજી વગેરે પારસી ટોલો મારેઆ ગએઆના વારસો, કશબે નોશારીનાં મુસલમાંનની જમાએત તથા હીંદુની જમાએત તથા પારસી જમાએતછે તથા એ સવાલ કરનારના ટોલાનાં દરમેઆંન તથા અંધેઆરૂનાં દરમેઆંનમાં કદીમથી ખેરાતને વાસતે તથા નેકા પઢવાની લવાજમને વાસતે તથા મઇઅતની લવાજમને વાસતે તથા ગોફતેગો તથા રદબદલ રાખના હતા તેમાં અંધેઆરૂ લોકો જબરજશતીની રાહે ચાહતા હતા કે હરેક તરેહ ખેરાતનો પઇસો એ સવાલનાં કરનારના ટોલા પાસેથી લીજીએ. તે વાત હમોએ કબુલ નહી કીધી તે ઉપર અંધેઆરૂની જમાએત એકથી થાઇને હમોને મારવાને પછવાડે થએઆ તથા તમાંમ જુલમ તથા શીહાસત કરી જીવથી મારી નાખેઆ (મરનારાઓ તથા મારનારાઓ તથા ઉશ્કેરણી કરનારાઓનાં નામ સફે ૧૯

---

૧ એ૦ જામાસપજી શેરાબજી દસ્તુર મેહરજી રાંણાએ નવસારીનાં પેહલા દસ્તુર મેહરજી રાંણા કેતાબખાંનાંમાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજવાલી ચોપડી સફે ૧૩.

૨ આ ઉપરથી દમણ ખાતે બે મોબેદો નામે નવરોજજી જામાસપજી તથા ખુરશેદજી આદરવાંનજીને મોકલ્યા હતા, અને તેઓ સાથે ત્યાંના જરથોસ્તીઓએ એજ શાલના રોજ ૮ માહ ૫ (તા૦ ૧ લી મારચ ૧૬૮૫) ને દીને એક લેખ કરી તેઓ બંધેને નીચે પ્રમાણે દમણના બેહદીનોનાં ઘર વેંહચી આપ્યાં હતાં:—

| **આ૦ નવરોજજી જામાસપજીને.** | **આ૦ ખુરશેદજી આદરવાંનજીને.** |
|---|---|
| લીમજી કીકા. | હીરજી કીકા. |
| વીકજી કુકા. | જીવન મેહરજી. |
| ધંનજી કીકા. | ભીખા રાંમજી. |
| રાંમજી હીરલા. | નાહનાં વીરા. |
| જીવણ ભીખા. | ધનજી જીવણ. |
| કીકા જીવણ. | ભાંમડીનાં ઘર તેની સાથે |
| છોલરનાં ઘર. | ધંનજી છોલરીઆનું ઘર. |
| આંબાવારી તથા કરગલાનાં ઘર. | જમપુરનાં ઘર સરવે. |

ઉપલા દમણના જરથોસ્તીઓએ લખેલા કાગજ તથા લેખની નકલ એ૦ જામાસપજી શેરાબજી દસ્તુર મેહરજી રાંણાવાલાએ નવસારીનાં પેહલા દસ્તુર મેહરજી રાંણા કેતાબખાંનાંમાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજવાલી ચોપડીમાં સફે ૧૫ મે છે.

૩ એ૦ જામાસપજી શેરાબજી દસ્તુર મેહરજી રાંણાએ નવસારીનાં પેહલા દસ્તુર મેહરજી રાંણા કેતાબખાંનાંમાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજવાલી ચોપડી સફે ૪૨.

મે આપયાંછે) ને ઘરમાંની માલમતા તથા નગદ તથા જનશ વગેરે જે કાંઈ હતું તે સરવે લુટી લઈ ગયા." લુટી લઈ ગયા તેની વીગત[૧] :—

૩૧૭૫) શેરાબ અસપુનાં ઘર મધેથી.
૫૮૭॥ આ૦ મનોચેહર હોમજીનાં ઘર મધેથી.
૪૨૬। ગાંધી બહમન પેશતનનાં ઘર મધેથી.
૨૭૩॥ જમશેદ ખુરશેદનાં ઘર મધેથી.
૧૫૫) નાંવલા ચાંદજી ગોડીઆનાં ઘર મધેથી.
૫॥ ભીખા જમશેદનાં ઘર મધેથી.
૨૫૨) પટેલ નાનાભાઈ મેહરજીનાં ઘર મધેથી.
૧૭૮) પટેલ નશરવાંનજી મેહરજીનાં ઘર મધેથી.
૩૪॥ આ૦ ગોસતાસ્પ તેહમુરનાં ઘર મધેથી.
૫૮) માણેક હોશંગ ઉલાનાં ઘર મધેથી.
૯૬। આ૦ શાપુર રૂસતમ આંતીઆનાં ઘર મધેથી.
૨૧) માણેક અસપંદીઆરનાં ઘર મધેથી.
૧૩) માકા માપલાનાં ઘર મધેથી.
૧૩॥। ગાંધી શેરાબજી જમશેદજીનાં ઘર મધેથી.
૮૫) જમશેદ હોશંગ ગડીલાના ઘર મધેથી.

---

નવસારી મધે ઉપલી મારામારી તથા ખુનામરકીને લીધે ત્યાંના બેહદીનો ઘણા ઉશકેરાયા હતા, અને તેઓએ

---

૧ એ૦ જામાસપજી શેરાબજી દસ્તુર મેહરજી રાંણાએ નવસારીનાં પેહલા દસ્તુર મેહરજી રાંણા કેતાબખાંનાંમાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૫૬.

આ મારામારીનો મુકદમો સુરત ગયો હતો, અને ત્યાં ઉપલા કેદ પડેલા મોબેદોને મોદી કુવરજી નાનાભાઈએ છોડવ્યા હતા તથા ઘણીક મદદ કરી હતી, તેના પારમાં સવંત ૧૭૪૬ (ઈ૦ સ૦ ૧૬૯૦) માં મોદી કુવરજીનાં કુટુંબમાં બે મરણ થયાં તે વેળાએ નવસારીની અંજુમને વડી દરેમેહરમાં તેમનાં ઊઠમણાં કરાવ્યાં તથા પોતાને ખરચે નીચે મુજબ લાખ પઢાવ્યા હતા.

"સવંત ૧૭૪૬, રોજ ૧ માહ ૭ હીરાંબાઈ બે૦ ખુરશેદજી આદરજી ઘેરાનું ઊથેનું કીધું. લાખ ૨૨ અંજુમને મુકેઆ. ફરમાએશની શેઠ કુવરજી નાનાભાઈ. બીજું ઊથેનું રોજ ૫ માહ ૪ વીરબાઈ બે૦ વનજી પદમ નાહનારાંમ ગાંધી સુરતનાં. લાખ ૨૫ અંજુમને મુકેઆ. ફરમાએશની શેઠ કુવરજી નાનાભાઈ. હા૦ પાલણ ફરેદુન."

※ ※ એ લાખ પઢાવવાનો ચાલ અસુલ નવસારી, સુરત, ભરૂચ, ઊદવાડા, ગોહાવરા, કલીઆંણી, મુંબઈ, વગેરે બધે ઠેકાંણે હતો. તે એમ કે જેમ હાલ ઊઠમણાંમાં આપણા લોકો સગાંવાહલાં તથા દોસત આશનાઓનાં પુનને માટે ધર્મખાતાંઓમાં નાણાં ભરેછે, તેમ તે વખતે સગાંવાહલાં તથા દોસતઆશનાઓની નઈએતે ઊઠમણાંમાં લાખને માટે તંદરોસતી પઢાવવાનો ચાલ હતો, એટલે બને તેટલી વખતે તે મરનારની નઈએતે ૧૦૦૫૦૦) અઠ્ઠનવર પઈસા આપી પઢાવતા હતા.

એજ વખતે ભગરીઆ મોબેદોનાં બજાંનાં કુટુંબના એક મોબેદ એ૦ મનોચેહર હોમજીને પોતાની પક્ષમાં લઈ ભગરીઆ મોબેદોથી છુટા પાડી એક જુદી દરેમેહર તેનાં પોતાનાંજ ઘરમાં ઉડાવી આપી, અને ત્યાં તે તથા જે કોઈ મોબેદ તેને મલતા થાય તેમની પાસે પોતાને ત્યાંની સર્વે દીન ધર્મની ક્રીઆ કરાવવાનો બંદોબસ્ત કીધો હતો.[૨]

---

## ઈ૦ સ૦ ૧૬૮૭.

તા૦ ૮ મી ફેબરવારી.

સવંત ૧૭૮૩ નાં રોજ ૬ માહ ૪.

ગયે વર્ષે નવસારીમાં થયલી મોટી મારામારીને લીધે ત્યાંના બેહદીનો શેરાબજી અસપુજી, પટેલ નોશરવાંનજી મેહરજી, હોશંગજી ફેરોબાદ, કાઉશ આશદીન, જીવણજી બહમનજી, કુવરજી બહમનજી, ભાઈજી શાગર, લીબરા રાંમા, તથા શમશત બેહદીનોએ ભગરીઆ મોબેદો પાસેથી એક લેખ કરાવી લીધો હતો કે—"અમારે તમ સાથે ભીખ અંધેઆરૂપણાં સંબંધી રદબદલ થાઈ તે ઉપર અંધેઆરૂએ જાદતી કીધી તે ઉપર હમે તમુને એકરાર

---

૨ આ વખતે એ૦ મનોચેહર હોમજી સાથે બીજા કોઇ મોબેદો શામેલ થયા હતા નહી, અને કેહછે કે કેટલીક મુદત સુધી તેને એખલાએ ફક્ત પોતાના ત્રણ દીકરાઓ મેહરનોશ, દારાબ, અને આદર મનોચેહર સાથે મોબેદીનું કામ જુદું ચલાવ્યું હતું, અને તેનાથી જેટલી ક્રિઆ બને તેટલાં પર બેહદીનોએ સંતોષ બતાવ્યો હતો. એ પછી એ૦ દાદા ચાંદજી નામના મોબેદ પોતાના સાત દીકરાઓ જમશેદ, બહમન, હીરા, (એમના બે નબીરાઓ શાપુરજી અને જીજીભાઈ નામે તારાપોર મધે જઈ વસ્યા હતા, જયાં આજ સુધી તેમના વારેસો વસેછે.) માણેક, બેહરાંમ, મનોચેહર, અને રતનને લઈને ભગરીઆ મોબેદોથી છુટા પડી એ૦ મનોચેહર હોમજી સાથે શામેલ થયા હતા. એજ વખતે એ૦ મેહરજી ચાંદના કકરીઆ નામે મોબેદ પણ પોતાના ચાર બેટાઓ બહમન, નોશરવાંન, કુકા અને પાલણ સાથે; તથા એ૦ માણેક પેશતન રબાડી નામના મોબેદ પોતાના બે બેટાઓ બેહરાંમ અને બરજોર શાથે; તેમજ વલસાડવાલા મોબેદ જામાસપ ભાઈજીના નાહલા દીકરા એ૦ કાઊશજી (એમના ત્રણ વડા ભાઈઓ નવરોજ, કેરશાસ્પ અને હોશંગ નામે વલસાડમાંજ હતા.) કે જેવણ નવસારી મધે પોતાના મબાવાના પાલક થયા હતા અને પોતે ભંડારીની અટકથી ઓળખાતા હતા તેવણ પણ પોતાના ત્રણ બેટાઓ બેહરાંમ, મીનોચેહર, અને નવરોજ સાથે છુટા પડી એ૦ મનોચેહર હોમજી સાથે શામેલ થયા હતા. એ રીતે થોડાંક વર્ષમાં મનોચેહર હોમજીના સાથમાં મોબેદોની સારી સંખીઆ થઈ, અને હાલ સુધી એઓ ભગરીઆ મોબેદોથી છુટાજ કામ ચલાવેછે, તથા એઓ સઘળા મનોચેહર હોમજી, દાદા ચાંદજી, કકરીઆ, રબાડી, અને ભંડારી એ પાંચ કુટુંબના નબીરાઓ છે તથા સર્વે મનોચેહર હોમજીના સાથવાળા કરી ગણાયછે.

કીધા જે બીજા અંવેઆરૂપણાંની છે તે જોરાવરીની નથી રજાવંદીનીછે, માટે જે અંવેઆરૂપણું મરણ તથા પરણનું તથા જે ધરમનું કામ હોય તે જે બેહદીન પોતાની રાજીએ જેની ઉપર રાજી હોય તે પાસે કામ કરાવે અને તેને આપે," તે સાથે હમારે લાગે નહી; અને જે બેહદીનનાં કહેવા ઉપર જે અંવેઆરૂ કામ ચલાવે તે સાથે જે હમારો અંવેઆરૂ થઈને દખલ કરે તે શ્રી શરાહનો તથા શ્રી દીવાંનનો ગુનેહગાર. જે બેહદીન પોતાને મન માંને તેને આપે ને મન માને તેની પાસે કામ કરાવે તે અમારે કબુલછે. તથા સંજાણા અંવેઆરૂ કશબે નોશારી મધે રેહછે તે પોતાનું અંવેઆરૂપણું પોતાની જાતનું મરણ તથા પરણનું શરવે ધરમનું પોતે કરે. નોશારી મધે પોતાનું મુઆં જીવતાંનું તથા ધરમનું કામ ચલાવે તે સાથે હમારે દર દાવો નહી." જે દાવો કરે તે મસીદમાં ૫૦) મન તેલ તથા દીવાનમાં ૩૮૦૦) ગુનેહગારી આપે. આ લેખ પર ભગરીઆ મોબેદો *તહમુલ શોરાબ—રૂશતમ ખુરશેદ—હોમજી કેરશાસ્પ—રૂશતમ હોમજી—દારાબ રૂશતમ—પેશોતન રૂશતમ—મેહરજી બહમન—માણેક શોરાબ—હોમજી અસપંદયાર—શોરાબ કુકા—ફરાંમ બરજોર—બીખા હમજીયાર—બાહજી કેકોબાદ—હોમજી ચાંદજી—સોહરાબ બરજોર—નવરોજ હોમજી—રૂશતમ હોમજી—કેકોબાદ કેરશાસ્પ—બરજોર નોશરવાંન—ખુરશેદ ફરે-દુન—કેરશાસ્પ હોમજી—માણેક મેહરનોશ—જમશેદ પદમ—શોરાબ ફરેદુન—દારાબ રાંનજી—ખુરશેદ શાપુર—કેરશાસ્પ દાજી—મેહરાંમ કુકા—મેહરનોશ બહમન—અને બહમન પેશોતન એઓની શાહીઓ છે.[૧]

## ઈ૦ સ૦ ૧૬૮૯.

ઓવીંગટન નામનો મુસાફર જે આએ વર્ષમાં સુરત ફરી આવ્યો હતો તે પોતાના ગ્રંથમાં ત્યાંના પારસીઓ માટે લખેછે કે :—

"તેઓ ફક્ત એકજ ખોદાને માનેછે, અને તેને સઘળી ચીજોનો પેદા કરનાર તરીકે ગણી દર મહીનાનો પેહલો દીવસ તેની આરાધનામાં ગુજારેછે, અને એ સિવાય બીજા કેટલાક દાહડાઓ (હંમકારા) પણ જાહેર બંદગીને માટે નેમેલાછે.

"તેઓ પોતાના પવીત્ર તેહવારો (ઘાહંબાર) પર સો બસો માણસો શેહર બાહેર પરાંમાં એકઠાં મલેછે, જયાં દરેક પોતાની શક્તિ પ્રમાણે ભાણાં લાવેછે, અને પછી બધા સરખે ભાગે પીરસીને સાથે બેશી ખાએછે. તેઓ પોતાના જાતભાઈઓ ઉપર ઘણી પ્રીત રાખેછે, ગરીબોને મદદ કરેછે, અને જેઓ તંગીમાં હોય તેમને મદદ કરવાને હમેશ તૈયાર હોયછે. જેઓ ગરજાઉ અને કામ કરવાને શક્તીવાંન હોય તેમને કામ સોંપેછે, તથા જેઓ મુફલેસ અને લાઈલાજ હોય તેઓને પુર છુટથી બખશેશ કરેછે, કે જેથી તેઓ પોતાની કોમનાં એકબી માણસને ભીક્ષક તરીકે રેહવા દેતા નથી, અને એ બાબદમાં પીથાગોરસની જે સરૂથી ઉમદા નશીહત કે "પોતાના દોસ્ત આશના-ઓમાં સરખાપણું રાખવું" તે તેઓ પુરતી રીતે અમ-લમાં લાવેછે.

"તેઓ ધંધાધાપામાં ઘણા મેહનતુ અને ચાલાક તથા પોતાનાં બચ્ચાંઓને ઉદ્યોગ અને હુનરની તાલીમ આપવામાં ઘણી કાળજી રાખેછે. આખા દેશમાં વણ-વાનાં કામ પર મુખ્ય કરી પારસીઓ સરસ છે, અને સુર-તનું ઘણું ખરું રેસમી તથા બીજું કાપડ તેઓને હાથનું બનાવેલું હોયછે."[૨]

## ઈ૦ સ૦ ૧૬૯૧

તા૦ ૧૭ મી જુલાઈ.

સવંત ૧૭૪૭ નાં રોજ ૨૭ માહ ૯.

આજ દીને નવસારીમાં વસનારા સંજાણા મોબેદોએ ત્યાંના બેહદીનોને એક લેખ કરી આપ્યો કે જે ભગરીઆ મોબેદો પાસે બેહદીનો મોબેદીનું કામ કરાવે તેને ઘેર આપણ વેહવાએ તથા મરણે જાઈએ તથા તેઓને તેડયે.

---

૧ આ લેખની નકલ એ૦ જામાસપજી શોરાબજી દસ્તુર મેહરજી રાંણાવાલાએ નવસારીનાં પેહેલા દસ્તૂર મેહ-રજી રાંણા કેતાબખાંનાંમાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડીમાં સફે ૨ જે છે.

૨ They own and Adore one Supreme being, to whom, as he is the Original of all things; they dedicate the first Day of every month, in a solemn observance of his Worship. And enjoin, besides these, some others for the Celebration of Publick Prayers.

At their solemn Festivals, whither an hundred or two sometimes resort, in the Suburbs of the City, each man according to his Fancy and Ability, brings with him his Victuals, which is equally distributed, and eat in common by all that are present. For they shew a firm Affection to all of their own Sentiments in Religion, assist the Poor, and are very ready to provide for the Sustenance and Comfort of such as want it. Their universal kindness, either in imploying such as are Needy and able to work, or bestowing a seasonable bounteous Charity to such as are infirm and miserable; leave no man destitute of Relief, nor suffer a Beggar in all their Tribe; and herein so far comply with their excellent Rule of *Pythagoras, to enjoy a kind of Community among Friends.*

In their Callings they are very Industrious and diligent, and careful to train up their Children to Arts and Labour. They are the principal men at the Loom in all the Country, and most of the Silks and Stuffs at *Suratt*, are made by their Hands. The High Priest of the *Persies* is called *Destoor*, their Ordinary Priests *Daroos* or *Harboods*.

[Ovington's Voyage to Suratt in 1689, p. p. 373-76.]

જે ભગરીઆ મોબેદોને બેહદીનોએ નાકબુલ કીધાછે તેને ઘેર મરણે તથા પરણે જઇએ નહી. તેની સાથે બેશી જમયે નહી. તેને જમવા તેડયે નહી. તેને ઘેર જમવા જઇએ નહી. તેને હજિનું આપયે નહી. જે એથી ઉલટો ચાલી તેમ કરે તે રૂપ) ગુનેહગારી આપે, તથા પોતાના ભાગથી ત્રણ વર્ષ દુર રહે. આ લેખ પર નીચના અંજાણા મોબેદોની શહીઓ છે૧ :—

દસ્તુર બેહરાંમજી ખરશેદજી, દસ્તુર શેહરીઆરજી મનોચેહરજી, મોબેદ આદરબાદ નેરીઓશંગ, રૂસતમ બેહરાંમ, મનોચેહર હોમજી, અસપંદીઆર હીરા, મનોચેહર જીવણ, હોમજી હોશંગ, ચાંદજી કાઉશ.

---

## ઈ० સ० ૧૬૯૭.

આએ વર્ષમાં મોટી દમણ મધે એક દોખમું બંધાવી પરઠાવ્યું હતું.૨

## ઈ० સ० ૧૬૯૯.

તા० ૨૦ મી જુલાઈ.

આજ દીને સુમાલી ગામની પાસે કરારી બંદર, કે જેને હાલમાં હજીરાનું બારૂં કરી કેહછે, ત્યાં શેઠ રૂસતમ માણેક શેઠે એક મોટો કોશ ફરે તેવડો કુવો બંધાવ્યો હતો.૩

## ઈ० સ० ૧૭૦૩.

તા० ૧૪ મી જુન.

સંવંત ૧૭૫૯ ના રોજ ૨૯ માહ ૮.

સુમાલી ગામ મધે કોઈ શખ્સે પરાયાં પંથકનો પાલક કરવા બાબેનો કાંઈ વાંધો આએ વર્ષમાં પડયો હતો તે ઉપરથી સુમાલી તથા રેણુંના લોકોએ ગોદાવરાં પંથકનાં વડાં મથક અકલેસર ખાતે પાલક કરવાની બાબદમાં એક કાગજ લખી પુછાવ્યું હતું. તેના જવાબમાં આજ દીને અકલેસરની અંજુમન તરફથી સુમાલીના મોબેદ બીમજી મેહરજી, કામદીન અસપંદીઆર વગેરે તથા બેહદીનો પટેલ દારાબજી રૂસતમજી, પટેલ શોરાબજી નાનાભાઈ, પટેલ પેશતન હોમીઆર, અને પટેલ ધનજી જીવણજી, એઓ ઉપર એક કાગજ લખી જણાવ્યું હતું કે "પરાયાં પંથકનો બેટો પાલક થાય નહી. પોતાના પીતરાઈનો બેટો જાંસુધી હોય તાંસુધી બીજા કોઇનો બેટો લેવો નહી, એવો આપણા વડાવાઓનો સાત પેહડીનો કોલ છે, માટે જે એ પરમાણે કરે તેને મના કરજો." આ કાગજ પર અકલેસરની અંજુમનના નીચના આગેવાનોની શહીઓછે૪ :—

૧ આ લેખની નકલ ઊદવાડાની અંજુમનને લગતાં દફતર મધેથી એમ० બેહરાંમજી પેશતનજી ભરડાએ અમોને આપીછે.

૨ એ દોખમું પેલાડી દમણની પાસે ઈંગ્રેજી હદનાં "કાલઇ" ગામમાં આવેલુંછે. તેના પરઠાયાનો દાહડોવાર મલતો નથી, પણ સાંભલેલી દંતકથા પ્રમાણે તે ઊદવાડાનાં જુનાં દોખમાંની સાથે બંધાયલુંછે. એની ઘણું આગમજનું એક પુરાંનું ઇંતરડીથી બાંધેલું ચોરસ આકારનું દોખમું એનાંથી થોડેક છેટે આવેલું હાલ તદન બીશમાર હાલતમાં મોજુદછે.

૩ આ કુવાપર હજુસુધી નીચલી તખ્તી મોજુદછે :—
"ધરમો અરથે અંધારૂ રૂશતમજી માણકજીએ આ
" કુવો બંધાવોછે. શવંત ૧૭૫૫ નાં શરાવણ શુદ ૭."

૪ આ કાગજની નકલ ગોદાવરાં પંથકવાલા આ० નાનાભાઇ ભીખાજી પાસેથી અમોને મલીછે. એજ મુજબનો એક કાગજ આએજ પાલકના વાંધા વિષેનો ભરૂચ ખાતે લખી ત્યાંની અંજુમનનું મત માગ્યું હતું તેના જવાબમાં રોજ ૩ માહ ૧૧ (તા० ૨૦ મી આગશટ ૧૭૦૩) ને દીને ભરૂચની અંજુમન તરફથી જવાબ આયો કે "આ० નવરોજજી કામદીનજી તથા ફરાંમરોજજી મનોચેરજી ધનપુતને કીજે વરેછે જેની હકીકત એજે શ્રી દીન માજદીઅશની મધે એમ છે જે પેહલાં બાપની તરફથી બેટો લીએ અને એમ પણ ન હોયતો માની તરફથી લીજે, અને એબી ન હોયતો વાટના જનીરનો લીએ." આ કાગજપર નીચલા ભરૂચની અંજુમનના આગેવાનોની શહીઓછે :—

મોબેદ એરજીઆરજી નોશરવાંનજી, અરદેસર નોશરવાંન, જમશેદજી દસતુર કામદીનજી, આદર બેજન, બેહરાંમ એરજીઆરજી, દારાબ બેજન, વીકજી બહમનજી, શોરાબજી પેશીતનજી, મોવદજી અસપંદીઆરજી, કુવરજી આદરબાદ, નવરોજ ફરદુનજી, ખરજોરજી ચાંદા, નવરોજ મેહરજી, મેહરનોશ પેશીતનજી, બેહરાંમજી દસતુર ફરદુનજી, લીમડા ખરશેદજી, જમાશ ગોદરેજજી, શાપુરજી મેહરજી, નવરોજ જમાશ, અને શાપુરજી બેહરાંમજી, તથા બેહદીનો મનચેરજી અરદાજી, શોરાબ કાઊશ, હોમા દારાબ, શોરાબ દારાબ, ધનજી કાઊશ, ધનજી પેશી, મેહરનોશ માણેક, અને નરીમાંન ભીખાજી.

એજ મુજબ વળી સવંત ૧૭૬૨ નાં રોજ ૨૮ માહ ૧૦ (તા० ૧૪ મી આગશટ ૧૭૦૬) ને દીને સુરતની શમશત મોબેદ અંજુમન તરફથી સુમાલી ખાતે મોબેદ લીમજી મેહરજી, પટેલ બહમનજી મનોચેહરજી, પટેલ દારાબજી રૂસતમજી, પટેલ શોરાબજી નાનાભાઇ, પટેલ પેશતન હોમીઆર, વગેરે પર કોઇના પાલક બાબે કાગજ લખયોછે, તેમાં પણ તેઓ જણાવે છે કે "કોઇ બેશી નજદીક હોય, પોતાના બાપદાદાની પંખમાં હોય તેને તમો આગલ રહી ધરમપુત્ર પુલગુજર કરાવી અપાવજો. અજબ છે જે રવાંન ગુજરયાને દંન ઘણા થયા ને તમોએ તેનું ઊઠેલું બેઠાવનાં અનઘરેઊં કરેઊં." એ કાગજ પર સુરતના નીચલા મોબેદોની શહીઓછે :—

જમશેદ બેહરાંમ, ખોરશેદ રૂસતમ, દારાબ મનોચેહર, પેશીતન માણેકજી, બેહરાંમ માણેક, પેશીતન હોશાંગ, બેહરાંમ જમશેદ, દારા રૂસતમ દારાબ, ફરેદુન બહમન.

કામદીન આદર, ખોરશેદજી જમશેદજી, બહમનજી મોબદજી, પેશતનજી કામદીનજી, ફરાંમજી નવરોજજી, બહમનજી બરજોરજી, અરદેશર રૂસતમજી, રૂસતમજી જમશેદજી, બચા રૂસતમ.

## ઈ૦ સ૦ ૧૭૧૦.

કપટાંન એ. હેમીલટન પોતાનાં પુસતકમાં આએ વર્ષના ગુજરાતના પારસીઓ માટે લખેછે કે:—

"તેઓ સરસ સુથારો અને વાહણ બાંધનારા, તેમજ વણત અને ભરતના ધંધામાં ઘણા કુશલછે, કે જે તેઓને હાથના બનાવેલા રેસમી અતલસ, બુતેરી તાકાઓ, તથા ભરૂચ અને નવસારીથી આવતા સરસ બાસતાઓ ઉપરથી માલમ પડેછે. તેઓ હાથીદાંત અને અકીક તેમજ લાકડાંની નકશીનાં કામો કરવામાં એક્કાછે.[1]

## ઈ૦ સ૦ ૧૭૧૬.

તા૦ ૧ લી આગશટ.

સવંત ૧૭૭૨ ના રોજ ૧૮ માહ ૧૦.

આજ દીને ભરૂચ મધે શમશત મોબેદોની અંજુમને મલી એવો બંદોબસ્ત કીધો કે ભરૂચનાં પંથક મધે કોઈબી પરદેશી મોબેદે ધર્મની ક્રિઆ કરવી નહી, તથા કોઈબી અહીંના મોબેદે પરદેશી મોબેદના દીકરાને પાલક કરી લેવો નહી, અગર કરવો પડે તો પોતાનાં પંથક ભરૂચના મોબેદનો દીકરો કરી લેવો. જે એથી ઉલટો ચાલી કરે તેને તીઆં મોત જીવને અમો નહી. પરદેશી મોબેદ ભરૂચમાં કસી વાતે હરકત કરે તથા આફરંગાંન, છાંઠો (સહુમ) કરે તેને અમો મલતા નહી. બીજું, હમકાર પર કસી હબડી આવી પડે તેવારે સર્વે તેમાં શામેલ થાવ. આ બંદોબસ્તો ઉપર ભરૂચના નીચલા મોબેદોની શહીઓછે[2] :—

આ૦ અરદેશર નોશરવાંનજી, દસ્તુર જમશેદજી કામદીનજી, આ૦ દારાબજી બેજનજી, દસ્તુર પદમજી કામદીનજી, દસ્તુર ફરદુનજી કામદીનજી, આ૦ દારાબજી એજદીઆરજી, નોશરવાંનજી એજદીઆરજી, હોરમજજી એજદીઆરજી, રૂસતમજી શાપુરજી, મેહરાંમજી અસપંદીઆરજી, શેરાબજી મેહરાંમજી, શેરાબજી પેશુતનજી, જીવાભાઈ શેરાબજી, લીંબડા ખુરશેદજી, મેહરનોશ પેશીતન, જીવણજી ખુરશેદજી, લીંબડા મેહરાંમજી, મેહરજી મેહરનોશ, દોરાબજી શાપુરજી, અસપંદીઆર કુવરજી, ફરાંમજી નવરોજજી, મેહરાંમજી વીકજી, રૂસતમજી વીકજી, આદરજી મેહરાંમજી, મેહરનોશજી બેજનજી, નવરોજજી રૂસતમજી, નવરોજજી જામાસપજી, શાપુરજી મેહરજી, રૂસતમજી એરવદજી, રૂસતમજી કાઉશ બંબાતી, ભીખાજી મેહરનોશજી.

## ઈ૦ સ૦ ૧૭૧૮.

તા૦ ૧૮ મી જાનેવારી.

રોજ ૨૨ માહ ૩ (શે૦) ૧૦૮૭ યજદજરદી.

**મરણ**—જમશેદજી જીવણજી પટેલ[3]—એવણ સુરતની પાસેનાં ઉમરા ગામમાં પટેલાઇ કરતા હતા.

## ઈ૦ સ૦ ૧૭૨૨.

તા૦ ૧૮ મી જુન.

તા૦ ૧૧ મી રમજાંન ૧૧૩૪ હીજરી.

આજ દીને સુરતના નવાબ મોમીનખાંને નવસારીના ભગરયા મોબેદોને એક પરવાંનો કરી આપ્યો કે:—

"કસબે નવસારીની પારસી કોમના મોબેદો તથા બીજા તેમના ચેલાઓ લુટારાઓનાં ફેસાદને શબબે નવસારી કસબાથી નાહસીને સુરત બંદરમાં વતન પકડયુંછે, તે વિષે સુરતનાં મોબેદો મુજાહેમત કરેછે કે નવસારી કસબાના સુરતવાસી પારસીઓનું મુવાં જીવતાંનું સઘળું કામ તેમના સુરત બંદરમાં રેહઠાંણ પકડવાના શબબે અમો કરીએ, તથા નવસારીના મોબેદો જાહેર કરેચ કે નવસારીના સુરતવાસી પારસીઓ અમારા યજમાંનછે તેથી તેમનું મુવાં જીવતાંનું કામ અમો કરીએચ. આ દેખાવમાં કસબે નવસારી વગેરેના હરેક પારસીઓ પોતાના મોબેદો હોય તેમની સોડે પોતાનું કામ ચાલુ કરાવે અને એ બાબદમાં તાકીદ જાંણે." [4]

---

1 They are good Carpenters or Ship-builders, exquisite in the Weaver's Trade and Embroidery, which may be seen in the rich *Atlasses*, *Buttaduars* and *Jemewaars* made by them, as well as fine *Baroach* and *Nausaree Bastas* that come from their Manufactories They work well in Ivory and Agate, and are excellent Cabinate-makers.

[A new account of the East Indies, by, Capt. A. Hamilton, vol. I. page 161.]

૨ આ અસલ લેખ ભરૂચ મધે મરહુમ આ૦ ફરદુનજી એદલજી વાંદરાના વારેસો પાસેથી અમોને મલયોછે.

૩ એવણની પછી એવણના ભાઇ માણેકજી તથા દીકરા શેરાબજીએ ઊમરા ગામમાં પટેલાઇ ચલાવી હતી. એમની આગમચ એમના બાવા જીવણજી નાનાભાઇ તથા બપાવા નાનાભાઇ નરશંગજી ઊમરા ગામમાં પટેલાઇ ચલાવતા હતા. છેલ્લા ગ્રહસ્થનાં નામ ઊપરથી સુરતનો નાનપરાનો લટો ઓલખાએછે.

૪ આ અસલ પરવાંનો તથા તેનો ગુજરાતી તરજુમો ઇ૦ સ૦ ૧૮૭૧ માં આ૦ રૂસતમજી બહમનજી ઊનવાલાએ પ્રગટ કરેલાં "નેજાએ શેકન" નામનાં ચોપાંનીઆંમાં છપાયલોછે.

## ઈ૦ સ૦ ૧૭૨૩.

તા૦ ૨૮ મી ફેબરવારી.

**મરણ**—દસ્તુર રૂસતમજી માણેકજી મેહરજી રાંણા-ના—(એવણનું મરણ સફે ૨૪—૨૫ મે છપાયલું છે તેમાં એવણે નવસારીમાં પોતાના બાપ દસ્તુર માણેકજી મેહર-નોશજીની હૈયાતીમાં તેમના એકાંત જીંદગી ગુજારવાથી પોતાનાં મરણનાં છેલ્લાં બે વર્ષ આગમજ દસ્તુરી કીધી હતી કરી લખ્યું છે, તે વિષે એમ સમજવું કે તેવણે એટલી મુદત દસ્તુરીનો કારોબાર પોતાના બાપની વતી ચલાવ્યો હતો. અને જોકે એવણના બાપે બે વર્ષ એકાંત જીંદગી ગુજારી હતી, તોપણ દસ્તુર તરીકે નામ તો તેમ-નુંજ લખાતું હતું.)

તા૦ ૨૫ મી મેએ.

સંવંત ૧૭૭૯ ના રોજ ૧૨ માહ ૮.

આજ દીને ગોદાવરાં પંથકના શમસત બેહેદ તથા બેહદીન આગેવાનોએ મલી સુરત મધે શેઠ રૂસતમ માણેક શેઠનાં ઘરમાં બેસી એવો બંદોબસ્ત કીધો કે કોઈબી ગોદાવરા બેહેદ એકબેકના વારામાં જોર પોંહચાડી કામ કરવું નહી તથા કોઈબી બેહદીને કોઈની જાુકી હીમાએત કરવી નહી. બીજાું, ગોદારા મધે શુમાલી તથા ટેણામાં અગીઆરીછે તીઆં કોઈબી બેહેદ તથા બેહદીને કામની કોતાઈ તથા ગાફલી કરવી નહી:ત્રીજાું, આ૦ દારાબ બેજન ભરૂચનોછે તેને કોઈએ ગોદારામાં એક પૈસો આપવો અપાવવો નહી. આ લેખપર સુરતવાલા શેઠ ફરામજી રૂસતમજી શેઠના, મોદી નાનાભાઈ ભીમજી, વોરા જીજીભાઈ લોહરાસપ મોદી, અને મોદી કાઉશજી માણેકજીની શાખો તથા નીચના ગોદાવરા પંથકના આગે-વાનોની શહીઓછે[1] :—

અંકલેસરના—આ૦ રૂસતમજી શેરાબજી, આ૦ બહમનજી બરજોરજી, આ૦ દાદા હીરજી.

શુમાલીના—આ૦ જીવણ ભીમજી, આ૦ કાઉશ ખરશેદજી, આ૦ હોમજી નવરોજજી, બેહદીનો શેરાબ નવરોજજી, કાવશ જમશેદ, જીજા ચાંદજી, જામાસપ દોરાબ, પેશોતન હોમીઆર, હોમજી નવરોજ.

ટેણાંના—જીવણ અકુ.

ભાંડીના—રતનજી જમશેદજી, એદલ કુવરજી, પાલંણ ચાંનજી, બેહરાંમ શાપુર, શાપુર જોગી.

દછીાપોરના—મનજી શેરાબ, રતનજી કુવરજી.

બેશાંણના—પેશુ રતન.

કરંજના—જામાસપ પેશતન.

મંદરોઇના—દાદા હીરજી.

રાંડેલના—જમશેદ એદલ, માકુ બાંમ, નાનુ આશા, જીજા ઘનજી, કાલા રાંણા.

કુંડીઆણાના—હીરજી જીવા.

એલાવના—બેહરાંમ શાપુર.

ભગવાના—જમશેદ જીવા.

દાંમકેના—જામાસપ મકુવા.

તા૦ ૨૨ મી જુલાઈ.

રોજ ૯ માહ ૧૦ (શેં૦) ૧૦૯૨ યજદજરદી.

આજ દીને ગંદેવી ગામ મધે શમશત અંજુમ-નના ઉધરાતથી એક દોખમું બંધાવી પરહાવ્યું હતું.[2]

## ઈ૦ સ૦ ૧૭૨૮.

તા૦ ૧૭ મી એપરેલ.

રોજ ૫ માહ ૭ (શે૦) ૧૦૯૭ યજદજરદી.

આજ દીને ગંદેવી ગામ મધે દોખમાંની સાંમે એક નવી સગડી હીરજી ખોરશેદજી નામના બેહદીને બંધાવી આપી હતી.[3]

તા૦ ૧૯ મી મેએ.

**મરણ**—દેશાઈ તેહમુલજી રૂસતમજી[4]—(એવણનું મરણ સફે ૨૭) મે છપાયલું છે.)

---

૧ આ લેખની નકલ ગોદાવરાં પંથકવાલા આ૦ નાનાભાઇ ભીખાજી પાસેથી અમોને મલીછે.

૨ આ દોખમાં પર નીચે મુજબની તખ્તી કોતરેલીછે :—

" શ્રી દાદાર હોરમજદ રાશતીછે. સંવત ૧૭૮૪
" વરખે વાર શુકરે શરાવણ શુદ ૨ રોજ ૯ માહા ૧૦ શ્રી
" દાગું સંમપુરણ. એ દાગું શ્રીગણદેવીનાં બેહદીન શમસત
" મલી શ્રી દાગું બંધાવેલાછે. એનાં કારીગર સલાદ દેવ-
" રામ ગુજરાતી હતો."

૩ એ શગડી પર નીચલી તખ્તી મારેલીછે :—

" શ્રી દાદાર હોરમજદ રાસતીનું ધણીછે. સવસત
" ૧૭૮૪ વરખે વહશાખ શુદ ૨ બુધે રોજ ૫ માહા ૭
" શ્રી સગડી સંમપુરણ ૨ સગડી બેહેદીન કાનજી ખોરશેદ-
" જીનાં માસો હીરજી ખોરશેદજી નાના ભાગલીઆ શ્રી સગડી
" બંધાવી છે. શ્રી શીગર ગડઇ અરધનાથ રામચંદ સરતી."

એ તખ્તીનો હેઠલનો ભાગ બરાબર ઊકલતો નથી.

૪ એવણના વડા ભાઇ શેઠ હોમજી રૂસતમજી (શેઠ બેહરાંમજી નશરવાંનજી સીરવાઇના વડવા) દીલ્લી ગયા હતા, અને ત્યાંજ મરણ પામ્યા હતા. બીજા ભાઇ શેઠ મનચેરજી રૂસતમજી ગંદેવીના દેસાઇના ગુમાશતા બેહદીન જીવણ-જીના જમાઈ હતા, અને તેમના હાથ હેઠલ ગંદેવી ખાતે ગયા હતા, તથા દારાબજી અને માણેકજી નામના બે બેટાઓ

તા૦ ૨૧ મી આગશટ.

રોજ ૭ માહ ૧૧ (શે૦) ૧૦૯૭ યજદજરદી.

**મરણ**—આ૦ કાઉશજી જામાસપજી ભંડારી—વલસાડવાલા એ૦ જામાસપ ભાઈજીના નાહાના દીકરા. એવણ પોતાના મમાવાના પાલક થવાથી નવસારી મધે વસતા હતા, અને એ૦ મનોચેહર હોમજીના સાથમાં શામેલ થયા હતા. એ પછી તેમના તરફથી મોબેદીનું કામ કરવાને સુરત ગયા હતા, અને ત્યાં મોબેદી ઉપરાંત બીબીની વાડીની દરેમેહરમાં નીશાલ પઢાવતા હતા. એવણ નજુમ પણ જોઈ જાણતા હોવાથી કાંઈક સંજોગને લીધે નવાબ સાથે પીછાંણ થવાથી તેણે એમને પોતાના ભંડારના ઉપરી રાખ્યા હતા, જેથી એવો ભંડારીની અટકથી ઓળખાવા લાગા.

## ઈ૦ સ૦ ૧૭૨૯.

તા૦ ૧૫ મી જુલાઈ.

સંવત ૧૭૮૫ નાં રોજ ૪ માહ ૧૦.

આજ દીને નવસારીના બેહદીનો દાદાભાઈ બેહરાંમજી પટેલ, રતનજી કુકાજી, જીજી નવરોજજી, હોમજી શોરાબજી, દારાબજી શોરાબજી, જમશેદજી માણેકજી, ફરદુનજી ખુરશેદજી, નવરોજજી શોરાબજી આગા, રાંમજી શાગર, બેહરાંમજી ભાઈજી, મેહરજી દારાબજી, શાપુર લીંબડા, રૂસતમ જીવણ, વગેરેએ વરોડરે શેઠ મનાજી કુકાજી તલાટીપર કાગજ લખયો કે તમો સાહેબ તો દેશાવર જઈ બેઠા, અને અતરે બે વર્ષ થયાં આવાં મજબુત લખાંણ છતાં પણ પાછો મોબેદોનો જુલમ થવા માંડયોછે. આપણા મોબેદોપર લગન વગેરેના દાવા કાઢયાછે, અને થાંણામાં તેડી મચકડા વગેરે લખાવી લીધાછે, અને હજુ શું શું જુલમ થાશે તે કેહવાઈ શકાતું નથી, અને તમો વગર તેને કોઈ મરતબે પોંહચાડનાર નથી. અમો સર્વે

મેલી ત્યાંજ મરણ પામ્યા હતા. ત્રીજા ભાઇ શેઠ નશરવાંનજી રૂસતમજી એમની સાથેજ પ્રથમ દેશાઇગરાંમાં શામેલ હતા, તેમના માણેકજી અને એદલજી નામના બે બેટાઓ હતા. અને નાહલા ભાઇ શેઠ કેરશાસપજી રૂસતમજી (શેઠ ખરશેદજી નશરવાંનજી સીરવાઇના વડવા) ને નવસારીમાંજ ગરાશીયાઓએ દગાથી મારી નાખ્યા હતા. દેશાઇ તેહમુલજીના એ૦ માણેકજી નવરોજજી પાવરી તથા એ૦ કેરશાસપજી માણેકજી આંતીઆ નામના બે અતલગના દોસ્તો હતા, અને છેહલા અકસથની સુરતમાં એક વખાર પણ હતી. એ ઉપરાંત એ વખતે સુરતમાં નાહના જીવા કેરાંવાલા, એદલજી નાહના કેરાંવાલા, નવરોજજી મેહરજી, તથા જીવા કુવરજી પટેલ કરી વછીઆતો હતા.

તો તમોને વલગેલા છઇએ, માટે જે તદબીર વગેરે કરવી ઘટે તે આવીને કરવી.[1]

## ઈ૦ સ૦ ૧૭૩૩.

તા૦ ૨૬ મી અકટોબર.

સંવત ૧૭૮૯ નાં રોજ ૧ માહ ૧.

આજ દીને નવસારીના શમશત ભગરીઆ મોબેદોએ એકઠા મલી એક લેખ કરી એવો બંદોબસ્ત કીધો હતો કે અસલ આપણાં વડાં વડેરાની રાહ તથા લખીઆ માફક આપણાં પંથકો જે નવસારીનો મોટો મોહલો તથા મલેસર ફલીઓ તથા ગંદેવી, બીલીમોરા, કેશલીપાઠી, વલસાડ, મેહધર, કરાડી, મહુઆ, શીઓદપુણી, આંમલી, તવડી, મરોલી, તથા વસાઈ, થાંણા, મુંબઈ, કલીઆંણી, ભીમરડી, ચેઓલ, દીવ, તેમજ વાંસડા, ખડકા, તથા વેઆરે પાલનાં વગેરે જગાઓ પર આપણા જજમાનો બેહદીનો રેહેછે તથા હવે પછી રેહશે તેઓને ઘરનું બાજ, બરશનુમ, વેવાહ, ગગરનાં, શેઆવ, સરોશ, આફરંગાન, વગેરેનું કામ કોઈબી મોબેદ અંજુમનની રજા વગર જઈને કરવું નહી. અગર કોઈ મોબેદ ખુદી કરી રજા વગર જઈ એ કામો કરે તો તે અંજુમનનો ગુનેહગાર ઠરે અને રૂ૨૫૧) ગુનેહગારીના ભરે. જે મોબેદને અંજુમન મોકલે તે જાએ અને આલાદ જોઈએ તે નવસારીની દરેમેહરમાંથી લઈ જાએ.[2]

૧ એજ મુજબનો એક કાગજ રોજ ૩૦ માહ ૧૨ (તા૦ ૨૦ મી અકટોબર) ને દીને મનોચેહર હોમજીના સાથવાલા મોબેદો આ૦ જામાસપજી મેહરનોશજી મનોચેહર હોમજીના, ફરાંમજી માણેકજી, બહમનજી દારાબજી મનોચેહર હોમજીના, બરજોરજી માણેકજી રબાડી, માણેકજી પેશતનજી રબાડી, જમશેદજી કેરશાસપજી, માણેકજી દાદાચાંદજી, અને મેહરનોશજી મનોચેહર હોમજીએ પણ વરોડરે શેઠ મનાજી કુકાજી પર ભગરીઆ મોબેદોની જાસતી બાબે લખી મોકલ્યો હતો, અને તેમાં લખયું હતું કે બાજે લોક અમને ધમકી દીએછે જે તમોને કદમેદાર સુધી જવું પડશે તેની ચંતા લાગીછે જે નોરોજ ઘાહંબારના દાહડા નજદીક આવીઆ તેનું શું કરીએ. માટે અમો જાણીએ છે જે તમો સરખા મુરબી હાં છો તો હમોને શું કરવા તેડાવશે, માટે સાહેબની ખીજમતમાં જેને ફરમાવો તે બેહદીનને મોકલીએ અને જે ફરમાવો તે કરીએ. આ બધે કાગજોની નકલ શેઠ માણેકજી બરજોરજી મીનોચેહર હોમજીનાની પાસેથી અમોને મલીછે.

૨ એ૦ જામાસપજી શોરાબજી દસ્તુર મેહરજી રાંણાએ નવસારીનાં પેહલા દસ્તુર મેહરજી રાંણા કેતાબખાંનાંમાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજાવાલી ચોપડી સફે ૧૭.

આ લેખપર દસ્તુર દારાબજી પાલણજી, દસ્તુર જમશેદજી રૂસતમજી મેહરજી રાંણા, દેસાઈ કુકાજી મેહરજી, ખુરશેદજી તેહમુલજી, જીવણજી હોમજી વગેરે ૫૫) મોબેદોની શહીઓ છે.

---

## ઈ૦ સ૦ ૧૭૩૪.

તા૦ ૧ લી સપટેમબર.

**મરણ**—દસ્તુર દારાબ પાહલણ—(એવણનું મરણ સફે ૩૧ મે છપાયલું છે તેમાં લખ્યું છે કે નવસારીની અંજુમને ઈ૦ સ૦ ૧૭૨૬ માં એવણને પોતાના દસ્તુરથી બીજી બેઠક આપી હતી, પણ તે બીજી બેઠકતો એવણના બાપ દસ્તુર પાહલણ ફરેદુનથી ચાલતી આવી હતી એમ માલમ પડેછે. વળી એજ સફામાં નોટમાં લખ્યું છે કે એવણના બાપના હાથ હેઠલ દસ્તુર જામાસપ આશા તથા દેશાઈ ખુરશેદજી તેહમુલજીએ તાલીમ લીધી હતી, પણ દેશાઈ ખુરશેદજીનાં પોતાના હાથનાં એક લખાંણ પરથી માલમ પડેછે કે તેવણે દસ્તુર દારાબ પાહલણના હાથ હેઠલ મોબેદીની તેમજ ફારસી ભાષાની તાલીમ લીધી હતી.)

---

તા૦ ૧૪ મી ડીસેમબર.

સવંત ૧૭૯૦ નાં રોજ ૨૧ માહ ૨.

આજ દીને નવસારીના મોટા ફલીઆ તથા મલેસર ફલીઆ, ગંદેવી, મહવા, મરોલી, તવડી, શીઓદપુણી, બાલીમોરા, મેહધર, કરાડી, આમલી, વગેરેના શમશત બેહદીનોએ નવસારીમાં એકઠા થાઈ મોબેદોના બેહવા, ગગરનાં, શીઆવ, વગેરેના લવાજમ બાબે બંદોબસ્તો કીધા હતા, જે સવંત ૧૭૪૨ (ઈ૦ સ૦ ૧૬૮૬) માં સર્વે બેહદીનોએ મળી જેમ ઠેડવ્યુંછે તેમ આપવું, તથા જો તે બંદોબસ્તો મુજબ મોબેદો નહી ચાલે અને જીયાદા માગી કામ અટકાવેતો મોબેદ વના કામ ચલાવીએ.[1] આશીરવાદ તથા ગગરનું સારવા અટકાવેતો તંદરોસતી પઢીને વહુ વરને ઉઠાડી ઘર લાવીએ, શીઆવ તથા બાજ અટકાવેતો લોબાંન મેલીને બાજ પોતાને ઘર બાહીએ અને શીઆવ પેહરીએ, ઘેહસારણું અટકાવેતો સરોશ બાજ તથા નીઆએશ તથા પેટેટ પઢીને રવાંનને દોખમે પોંહચાડીએ. તથા આ૦ મનોચેહર હોમજીવાલી અગીઆરી જે સવંત ૧૭૪૨ (ઈ૦ સ૦ ૧૬૮૬) થી અંજુમને ઠરાવીછે તે બાહલ છે. તે અગીઆરી ઉપર

૧ સુરત મધે ઈ૦ સ૦ ૧૮૩૩—૩૪ માં કાંઈક વાંધાને લીધે મોબેદોએ બેહદીનોને ત્યાંનાં કામો અટકાવ્યાં હતાં, જેથી કેટલાક દીનસુસત બેહદીનોએ પોતે થોડાક મહીના સુધી લોકોને ત્યાં બાજ આફરીંગાંન, પેહ સારણું, આશીરવાદ, નવજોત, વગેરેની ક્રિયાઓ કીધી હતી.

સુખન લાવે તો નામંજુર છે. એ અગીઆરી સારૂં પોતાનો જીવ જાઆમો આપીએ ને તે બાહલ રાખીએ. આ લેખ પર નીચલા બેહદીનોની શહીઓછે[2]:—

રતનજી કુકાજી તલાટી, મનાજી કુકાજી તલાટી, રાંમજી શાગર, બેહરાંમ ભાઈજી, નશરવાંન ભાઈજી શાગર, બરજોરજી નવરોજજી તલાટી, જમશેદજી માણેકજી વાછા, મનોચેહર કુકા, પટેલ માણેકજી અસપંદીઆરજી, પટેલ મેહરજી કારા, પેશી રાંનજી, નવરોજજી રૂસતમજી, કાવશ જીવણ, પેશી આશા નાહનજી, અસપંદીઆર માણેકજી સીમરા, દારાબ અસપંદીઆર, શોરાબ જમશેદ, આદર જમશેદ કરારીના, માણેક શાપુર, આશા દારાબ ગેઆરા, જમશેદ રતન સીરવાઈ, અસપંદીઆર દાદા સીરવાઈ તવડીઆ, માણેક બેહરાંમ પાલણ તવડીઆ, નવરોજ નરીમાંન શેઠ, દારાબ શોરાબ માણેક, બરજોર નવરોજ, રૂસતમ નાનજી, બચા ધનજી ગાંધી, હીરા રતન તવડીઆ, શાપુર નવરોજ શાંગા, ધુનજીશાજી આશાજી, રતનજી બેહરાંમજી રાંણા, બેહરાંમજી નવરોજજી વાડીઆ, શોરાબજી રૂસતમજી ઓખરી, હોરમજજી રૂસતમજી ઓખરી, બચા જમશેદ પેશીબાંન વાઈદ, માણેક દારાબ બહમન વજીફદાર, હોશંગજી નાના વાછા, હીરજી જમશેદ સુઈ, નાનાભાઈ ફરાંમજી તવડીના, દારાબ ફરાંમ આશા, જોગી શોરાબ, રતન દારાબ મહુવાના, હોમજી લીમજી મહુવાના, શોરાબજી ભાણજી મહુવાના, આશા ધનજી મહુવાના, નાનજી ધનજી મહુવાના, ગાંધી કોહીઆ ખુરશેદ કુકા, ચાંદજી બેહરાંમજી ભાઈજી તલાતી, દારાબજી નાનજી કરાડીઆ, કાઊસજી રૂસતમજી અસપંદીઆરજી પટેલ, બચાજી રતનજી ઓખરી, ફરાંમજી પાલણજી મગરા, બેગા હોમજી વાછા, બહમન કીકા માણેક, નવરોજજી કાવશજી ચાંદજી, નાના આશા મહુવાના, જીવા રૂસતમ મરોલીઆ, નવરોજ નાહના મરોલીઆ, શોરાબ દારાબ સુઈ, દારાબ હીરા દોગરીઆ, માણેક જીવા દોગરીઆ, વગેરે.

---

## ઈ૦ સ૦ ૧૭૩૫.

તા૦ ૬ ઠી મેએ.

સવંત ૧૭૯૧ નાં રોજ ૨૫ માહ ૭.

આજ દીને સુરતના મોબેદો આ૦ બેહરાંમજી દાદાજી સંજાણા તથા આ૦ દાદાજી જમશેદજી બરજોરજીએ નવસારીના દેસાઈઓ કુકાજી મેહરજી, જીવણજી માણેકજી, તથા ખુરશેદજી તેહમુલજીને એક લેખ કરી

૨ આ લેખની નકલ ઉદવાડાની અંજુમનને લગતાં દફતર મધેથી એ૦ બેહરાંમજી પેશતનજી ભરડાએ અમોને આપીછે.

આપ્યો કે સુરત મધે રૂસતમપરા વગેરેનું મોબેદીનું કામ ચલાવવાને તમોએ અમોને નેમેલાછે તે હમો મોબેદીનું કામ ચલાવીએ, તથા બેહદીનોને ત્યાંથી વેહવા, ગગરનાં, નવજોત, વગેરેનું જે પેદા થાય તે લાવી તમારી હજુર રજુ કરીએ, તથા તમો સુરતમાં રૂસતમપરા વગેરે કામને કાજે કોઈ બીજા મોબેદને મોકલોતો હમો તેને મુજાએમ નહી થઈએ. આ લેખ પર નીચલા બેહદીનોની શાખ છે:—બોધુ નવરોજજી, મના બેહરાંમ, પટેલ દારાબ બેહરાંમજી, કડવા હોશંગ, ભાઈજી દારાબ ગાંધી, કુકા કેરશાસ્પ જોગી.[૧]

---

તા૦ ૧૬ મી જુન.

સવંત ૧૭૯૧ નાં આખાડ શુદ ૭.

આજ દીને ભાઠાં ગામના દેશાઈઓ શુરજી રૂગનાથજી, મોરારજી મકનજી, તથા પટેલ માજુ કુવરજી, ગોવરધન મથુરા, ભાઈઆ રાંમા, અને કુવરજી જાંમાશ, તથા રૈયત રામશત એઓએ પારસીના મોબેદોને ૬) વીંઘા જમીન પસાએતું આપ્યું હતું.[૨]

---

## ઇ૦ સ૦ ૧૭૩૬.

નવસારીના ભગરીઆ મોબેદોની તરફથી દેસાઈ કુકાજી મેહરજી, દેસાઈ ખુરશેદજી તેહમુલજી, દેસાઈ જીવાણજી માણેકજી, આ૦ ફરાંમરોજ દારાબજી, આ૦ મેહરનોશજી દારાબજી દોરડી, આ૦ શેહરીઆરજી નવરોજજી, અને આ૦ બચાજી નોશરવાંનજી કોટવાલ, વગેરેએ સુરતના નવાબ તેગબેગખાંનની અદાલતમાં અરજ કીધી હતી કે આજ કેટલાંક વર્ષની મુદતમાં પીંડારાઓનાં ફીતુરનાં શબબથી નવસારીવાસી કેટલાક મોબેદો અને બેહદીનોએ આવી સુરત બંદરમાં મકાંનો આબાદ બનાવી રેહથાંણ પસંદ કીધેલુંછે. એમ હોવાના સબબે સુરતવાસી મોબેદો હીયાંના મુતસદીઓની હજુર દાદખાહ થાયલાછે કે નવસારીના જે પારસીઓએ સુરતમાં વતન પકડયુંછે તેમનાં મુવાં જીવતાંનાં કામો અમો કરયે, નવસારીવાલા ભગરીઆ મોબેદો કરે નહી. આ હકીકત મુતસદીઓએ સાંભલવા પછે અદાલતના સાહેબોની હજુરમાં દેસાઈ મકારીદાબાસી, નગરશેઠ લાલદાસ ભવાંની, શેઠ ફરાંમજી રૂસતમજી શેઠના, વગેરે મોતેબરો સાથે મુનસફી કરીને તેહકીક કર્યું કે નવસારીના પારસીઓ તથા સંજાણા મોબેદો જે સુરતવાસી થયાછે તેમનાં મુવાં જીવતાંનાં કામ નવસારીના મોબેદો સાથે તાલુકો રાખેછે, સુરતના મોબેદોને પોહચતું નથી. એ રીતે તેહકીક કરી નવાબ સાહેબની મોહર સુધાંના પરવાંના કરી આપ્યાછે, જેથી હમણાં સુધી અમોએ અમારાં કામો પાછાં ચાલુ કીધાંછે, તથા તેમ થયા પછી એક વેળા સુરતના મોબેદોએ અમારા બેહદીનોનાં મુવાં જીવતાંનાં કામો કરી તેના શીઆવ, લવાજમો, વગેરે લીધા તે મોદી નાનાભાઈ ભીમજી જેવણ સુરતના પારસી ટોળાના સરદાર છે તેવણે અમોને પાછા અપાવ્યા હતા. એટલા વાસ્તે ઉમેદવાર છૈયે કે સુરતના મુતસદીઓના જે પરવાંણા આ કામોમાં છે તે તેહકીક કરી તેનાં લખત ઉપર શાહેદી ગવાહી કરાવી આપે. એ મુજબ આ લખત ઉપર સુરતના ૪૧) હીંદુ તથા નીચલા સંજાણા મોબેદો અને નવસારીને લગતા બેહદીનોની સહીઓ છે[૩]:—

આ૦ શેહરીઆરજી ફરેદુનજી સંજાણા, આ૦ હોરમજજી રૂસતમજી સંજાણા, આ૦ બરજોરજી મનોચેહરજી સંજાણા, આ૦ બેહરાંમજી મનોચેહરજી સંજાણા, આ૦ મનચેરજી શોરાબજી સંજાણા, પટેલ કુવરજી દારાબજી, પાલણજી ફરેદુનજી, પટેલ મનોચેહરજી બેહરાંમજી, લીમજી જીવાજી ડીગરીઆ, શોરાબજી જીવણજી બર્દ, હોમજી રાંનજી વાઘમાર, હોરમજજી બેહરાંમજી પટેલ, જમશેદજી રતનજી ગાંધી, માણેકજી કેરશાસપજી શેઠ, હોરમજજી શેહરીઆરજી શેઠ, કુવરજી બરજોરજી શેઠ, ફરાંમજી જમશેદજી, રતનજી કાઉશજી ગારડા, રૂસતમજી હીરજી કાતરક, કાવશજી ધનજી મોગરેલીઆ, ધનજી માણેકજી સદરી, ભીખાજી એદલજી મલેશરના.

---

## ઇ૦ સ૦ ૧૭૩૯.

જુલાઈ.

મુંબઈના આગેવાંન દેશી વ્યાપારીઓએ મરાથાઓની લડાઈને લીધે આએ માસમાં નામદાર ગવરનર જાન હારનને એક અરજી કીધી હતી કે મરાથાઓએ હુમલા કરી આપણી આસપાસનાં ગામો શરણ કીધાંછે, અને જો તેઓ તરફથી મુંબઈ પર પણ ધસારો થાયતો

---

૧ એ૦ બમાસપજી શોરાબજી દસતુર મેહરજી રાંણાએ નવસારીનાં પેહલા દસતુર મેહરજી રાંણા કેતાબખાંનાંમાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજવાલી ચોપડી સફે ૬૦.

૨ એ મુજબ જમીન મોબેદોને માટે પસાએતાંમાં અપાયાથી મોબેદ હોમજી નવરોજજી તથા ખરશેદજી હોમજીએ સવંત ૧૭૯૨ (ઇ૦ સ૦ ૧૭૩૬) માં ભાઠાંના જરથોશ્તીઓને એક લેખ કરી આપ્યો જે હમો હવેથી આજથુદ ભાઠાંમાંજ રહીશું, અને મોબેદીનું કામ કરીશું.

૩ આ અસલ લખત તથા તેનો ગુજરાતી તરજુમો ઇ૦ સ૦ ૧૮૭૧ માં આ૦ રૂસતમજી બહમનજી ઊનવાલાએ પ્રગટ કરેલાં "નેજાબ શેકન" નામનાં ચોપાંનીઆંમાં છપાયલોછે.

તેના બંચાવને માટે અમારા પાસે કાંઈ સાંધન નથી. જોકે અમો તથા અમારાં બચ્ચાં છોકરાં ઈંગ્રેજી અમલમાં ઘણાં સુખી છૈયે અને અમારી માલ મીલકતોના સંભાલ સાથે અમારા ધર્મના રેવાજો છુટથી પાલયે છૈયે. એવાં સુખો જેમ અમોને મલેછે તેમ અમારી ઓલાદને મલતાં ચાલુ રહે તે માટે ઈંતેજાર છૈયે કે મરાથાઓના પગ પેસારાથી મુંબઈના બંચાવને માટે તેના કોટને મજબુત (આ વખતે કોટની ફરતી દેવાલ ૧૧ ફીટ ઉંચી હતી) કરવા થકી દેવાલ બાંધવાને અમોએ જે આગલ નાણાં એકઠાં કરી આપ્યાં હતાં તોબી તે દેવાલ એવી મજબુત નથી કે દુશમનના ધસારા સાંમે બંચાવ કરી શકે. માટે અમો અરજ કરયે છૈયે કે એ કોટની દેવાલને ફરતી ચર ખોડાવી તથા બીજા વધારે ઉપાયો કરી મજબુત કરવી કે ધાસ્તીની વખતે અમારાં કુટુંબ કબીલા તથા માલ મીલકતનો બંચાવ થાય. એના ખરચને માટે અમો સુચના કર્યે છૈયે કે જ્યાંસુધી રૂ૩૦૦૦૦) એકઠા થાય ત્યાંસુધી એક ટકો જગાત વધારે લેવી. આ અરજી પર ૨૨) હિંદુ, ૫) મુસલમાંન, અને નીચલા ૫) પારસી વ્યાપારીઓની શહીઓ છે[1] :—

મોદી જીજીભાઈ જમશેદજી, ફરાંમજી રૂસતમજી શેઠના, બહમનજી જીવા, બહમનજી રૂસતમજી શેઠનાની વતી મનચેરજી બહમનજી શેઠના, બનાજી લીમજી.

## ઈ૦ સ૦ ૧૭૪૦

તા૦ ૨૭ મી ફેબરવારી.

સંવંત ૧૭૯૬ નાં રોજ ૧૮ માહ ૫.

આજ દીને આ૦ રૂસતમજી બેહરાંમજી દાજીને નવસારીની અંજુમને એક લેખ કરી દીવ મધે પંથકપણું ચલાવવાને મોકલ્યા, તથા તેઓ સાથે એવો બંદોબસ્ત કીધો કે જે કાંઈ અંજુમનનું લવાજમ છે તે દર શાલ અંજુમનની રાસમાં પોહચાડવું, અને અંજુમન તેમને તગીર કરી બીજા કોઈ ઓબેદનું મોકલેતો કસ્સો ઓજર કરવો નહી. આ લેખ પર નીચલા ધણીઓની શાખછે :—ધરમદાસ તખ્યા, આ૦ શેહરીઆર ફરદુનજી, પટેલ બરજોરજી મનચેરજી, બેહદીન રાંનજી કાઉશજી, માણેકજી કેરશાસપજી ગંદેવીના.[2]

તા૦ ૧૫ મી જુલાઈ.

સવંત ૧૭૯૬ નાં શરાવણ શુદ ૧.

આજ દીને ગંગાજીરાવ ગાયકવાડે નવસારી મધે આતશબેહરાંમની સાથે વસનારા સંજાણા ઓબેદા આ૦ શાપુરજી બેહરાંમજી તથા આ૦ રૂસતમજી શેહરીઆરજી વગેરેને એક પરવાનો કરી આપ્યો કે તમારી આતશની અગીઆરીમાં આશીરદાદ જેને આપે તે સાથે કોઈનો દાવો નહી, તથા જે કાંઈ રાસમાં આવે તે સરવે જેમ શુદાંમત વેંહચી લેતા હતા તેમ વેંહચી લીએ. બીજી દખશણા છુટી આપે તેમાં કોઈને મુજાહેમ નહી.[3]

તા૦ ૫ મી સપટેમબર.

સવંત ૧૭૯૬ નાં ભાદરવા વદ ૯.

નવસારી મધે સંજાણા તથા ભગરીઆ ઓબેદા વચ્ચે જે મારામારી ચાલીઆ કરતી હતી તેની ફરીઆદની એક અરજી સુંઘડ ખાતે રાવ શ્રી ગંગાજીરાવની હજુરમાં ભગરીઆ ઓબેદાની તરફથી લઈ દેસાઈ કુકાજી મેહરજી, દેસાઈ જીવણજી માણેકજી, દેસાઈ ખુરશેદજી તેહમુલજી તથા દસતુર જામાસપજી આશાજી આજ દીને ગયા હતા.[4]

---

1 Selections from the Bombay Secretariat, Muratha series. By, G. W. Forrest, vol. I. p. p. 5.

૨ એ૦ જામાસપજી શેરાબજી દસતુર મેહરજી રાંણાએ નવસારીનાં પેહલા દસતુર મેહરજી રાંણા કેતાબખાંનાંમાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજાવાલી ચોપડી સફે ૯૦.

વળી એજ દીને નવસારીની અંજુમને દીવના બેહદીનો કુવરજી પદમજી, માણેકજી ખુરશેદજી, દારાબજી જીવાજી, અને કડવાજી ફકીરજી ઊપર પણ એક કાગજ લખી જણાવ્યું હતું કે અમોએ આ૦ રૂસતમજી બહમનજી દાજી તથા આ૦ શેરાબજી બહમનજી દાજીને અંજુમનથી મોકલીઆ છે, વાસતે સરવે દીનઆઈનનાં કામ તેઓ પાસે કરાવવાં.

૩ આ પરવાંનાની નકલ શેઠ માણેકજી બરજોરજી મનોચેહર હોમજીના પાસેથી અમોને મલી હતી.

૪ એ અરજી ગંગાજીરાવને પોંહચાડયા પછી ઊપલા ચારે અકાબરોએ રોજ ૯ માહ ૧૨ (તા૦ ૧૯ મી સપટેમબર) ને દીને નવસારીની અંજુમન ઊપર સુંઘડથી એક કાગજ લખી ખબર આપી હતી કે ગંગાજીરાવે સંજાણાઓને ફકત આતશબેહરાંમની બોઈ દેવાને તથા ભગરીઆઓને પોતાંનાં પંથકમાં કામ કરવાનો હોકમ આપયોછે. વળી એ બાબે દેસાઇ ખુરશેદજી તેહમુલજીએ પણ એક કાગજ સુરત શેઠ માણેકજી નવરોજજી શેઠના ઊપર આશો શુદ ૧૧ (તા૦ ૨૨ મી સપટેમબર) ને દીને લખીઓ હતો, જેમાં તેઓની સાથે સુંઘડ ગયલા દસતુર જામાસપજી આશાજી વીશે લખેછે કે:—"બીજું અરજ એ જે હમો દશતુર શ્રી જામાશજી ગુ૦ આશાજીને તાંહાં શાથે લઇ ગયા હતા. તાંહાં આપના ધરમની ચરચા શુબેદાર શાહેબ આગલ ઘણી થાઇ. કાંએ જે પેહલાં દેવાંનજી આગલ થાઇતી જે એ દેવાંનજીએ દશતુરનાં પદાંનીને આપણા ધરમની ખુબી ઘણી કહી. જેથી શુબેદારજીએ બોલાવા ને શરવે પુછું, ઇજત ઘણી દીધી. તે પર પેલાંતો આપણા શલોક પઢી દેખાડા. તેથી શુબેદારજી ઘણાજ ખુશી થાએઆ ને આપણા ધરમથી વાકેફ થાએઆ ને ઘણી ખુબી ધરમની હર વખતે બોલા

તા૦ ૬ ઠી સપટેમબર.

સંવંત ૧૭૯૬ નાં ભાદરવા વદ ૧૦.

આજ દીને નવસારી તેમજ સુરતના કેટલાક બેહદીનોએ દામાજીરાવ ગાયકવાડને એક અરજી કીધી હતી કે સંજાણા મોબેદોને નવસારીમાં ધર્મની ક્રિઆ કરતાં પાછા અટકાવ્યા તે અમોને કબુલ નથી, અને અમોતો સંજાણા મોબેદોનાં બે.... બરો જે દસ્તુર ખુરશેદજી કેકોબાદજી તથા દસ્તુર બરજોરજી કામદીનજીનાં છે તેને માનયે છૈયે, અને "ગોરને માનવો તથા દખણું આપવી તે કાંઈ જોરાવરીની નથી પોતાની રાજી હોય તેને આપવી."[1]

---

તા૦ ૯ મી સપટેમબર.

સંવંત ૧૭૯૬ નાં ભાદરવા વદ ૧૩.

આજ દીને દામાજીરાવ ગાયકવાડે નવસારીના ભગરીઆ મોબેદોને એક પરવાનો કરી આપ્યો, કે તમો તથા સંજાણા મોબેદો જેઓ નવસારીમાં વસેછે તેઓની ફરીઆદ પરથી અમોએ તજવીજ કરી સરવે કાગજ પત્રો જોયા પરથી જાહેર થયું કે કદીમથી તમારાં પંથકમાં સંજાણા મોબેદો રેહછે તેનું જીવતાં મુવાંનું, તથા ધરમનું કામ સરવે તમો કરતા આયાછો, તથા આતશની પુંજા પાત, ભોગ, ફુલારૂં, વગેરે તેઓ કરતા આયાછે, માટે તમારો કદીમ રાહા ચાલતો આવેઆ તે પ્રમાણે કરજો; અને કદી સંજાણા મોબેદો તમારાં પંથકમાં પોતાનું કામ મુવાં જીવતાંનું પોતે કરેતો તમોએ સંજાણા પંથકનાં આતશની અગીઆરીમાં આતશની બોએ દેજો.[2]

તા૦ ૧૮ મી સપટેમબર.

સંવંત ૧૭૯૬ નાં આશો શુદ ૭.

આજ દીને રાવ શ્રી ગંગાજીરાવે નવસારીના કુમાસદાર તથા દેસાઈ તથા પટેલ જોગ એક ફરમાંન મોકલી ત્યાંના દસ્તુરો જમશેદજી રૂસતમજી તથા શોરાબજી રૂસતમજી મેહરજી રાંણાના એ કસબામાં આવેલા વજીફાઓની ચોથ માફ કીધી હતી.[3]

---

## ઈ૦ સ૦ ૧૭૪૧.

તા૦ ૨૯ મી જુન.

સંવંત ૧૭૯૭ નાં રોજ ૨૧ માહ ૯.

આજ દીને નવસારી, તવડી, વગેરેના બેહદીનોએ વલસાડની અંજુમન ઉપર એક કાગજ લખી મોકલ્યો કે સંજાણવાલાં પુરાતમ આતશબેહરાંમ સાહેબ જે તમારી તરફ લાવેલા છે તેની દરબાહની ખબર હરઘડીએ લેતા રેહજો. સંજાણા આ૦ શાપુર શેહરીઆર શામરા વગેરે જણ ત્રણ ચાર પોતાના ટોલાથી ફતાંઉ થયલાછે તેથી તેઓ જો શ્રીજીની દરબાહમાં કસ્સી વાતની નુકસાંની કરેતો આપણો ધરમ કસ્સો રહે નહી. સરવે વાતે હુશીઆર રહી કામ કરજો. આજે લોકો દીનની ખરાબી ઉપર બેઠાછે, અને આપાનુનેતો શ્રી ધરમનાં તતવ એજ શ્રી આતશબેહરાંમ છે માટે તમો સર્વે પંચાત મલી એ વાતની તાકીદ રાખજો. એ આતશબેહરાંમની બરકતે કરી તમારી જગાનું ઘણું સારૂં કલીઆંણ થાશે. શ્રી આતશબેહરાંમની બોએના દેનારને હરઘડી તાકીદ કરજો જે મોટી ખુબ કીધા વીના કોઈ બોએ દીએ નહી. ખુબના કરનારને આગલ પાછલ તઈઆર રાખજો. જે રવેસે દીનમાં ફરમાવ્યું છે તે માફક કામ કરાવજો. કસ્સી વાતે દીનનાં કામમાં કોતાઈ તથા રેઆઅત મરૂઅત કરશો તો એ વાતની ફરજ તમારે સરછે.[4]

આ કાગજ પર નીચલા બેહદીનોની શાહીઓછે:—

પટેલ બહમનજી નશરવાંનજી મેહરજી, પટેલ ફરામજી નાનાભાઈ, પટેલ માણેકજી અશપંદીઆરજી, દારાબજી અસલાજી, બરજોરજી નવરોજજી તલાટી, એદલજી કેરશાસપજી તલાટી, બેહરાંમજી જીજીભાઈ તલાટી,

---

કરે જે લખવામાં આવે નહી. દશતુરજી તાં શંશકરૂત શાહી પઢાથી ઘણાં ખુશાલ થાએઆ. એ વેલામાં હીંદોશતાંનમાં આપણા ટોલાને રોશંન કરા તે ખુબી લખવામાં આવતી નથી. એવી રાશતી દશતુરજીથી થાઇછે. શરવે વાતે દશતુરજીએ શવાલનાં જવાબ રાશતીથી ધરંમને રાહાના ઘણા શારા કરાછે. બીજા માએના જંદ અવશતાના શંશકરૂતમાં વાંચી દેખાડા તેથી ઘણી ખુબી જાહેર થાઇછે." ઉપલી અરજી તથા કાગજોની નકલ એ૦ જામાસપજી શોરાબજી દસતુર મેહરજી રાંણાવાલાએ નવસારીનાં પેહલા દસતુર મેહરજી રાંણા કેતાબખાંનામાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજાવાલી ચોપડીમાં સફે ૧૮, ૭૧, તથા ૭૭ મે છે.

૧ આ અરજીની નકલ ઊદવાડાની અંજુમનને લગતાં દફતર મધેથી એ૦ બેહરાંમજી પેશતનજી ભરડાએ અમોને આપીછે.

૨ એ૦ જામાસપજી શોરાબજી દસ્તુર મેહરજી રાંણાએ નવસારીનાં પેહલા દસ્તુર મેહરજી રાંણા કેતાબખાંનાંમાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજાવાલી ચોપડી સફે ૪૮.

૩ એ ફરમાંનની નકલ એ૦ જામાસપજી શોરાબજી દસતુર મેહરજી રાંણાવાલાએ નવસારીનાં પેહલા દસ્તુર મેહરજી રાંણા કેતાબખાંનાંમાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજાવાલી ચોપડીમાં સફે ૨૭ મે છે.

૪ આ કાગજની નકલ ઊદવાડાની અંજુમનને લગતાં દફતર મધેથી એ૦ બેહરાંમજી પેશતનજી ભરડાએ અમોને આપીછે.

જીજીભાઈ કેરશાસપજી રાંનજી, નવરોજજી રાંનજી ચાંદજી, જમશેદજી રાંનજી તલાટી, મનચેરજી કુકાજી શેઠ, મનાજી કુકાજી તલાટી, દારાબજી શોરાબજી પટેલ, કુકાજી કીકાજી, કેરશાસપજી બાઇજી, દારાબજી હીરાજી ડીગરીઆ, હોમજી રૂસતમજી બોખરી, જીવણજી દાદાજી, ફરાંમજી આદરજી તલાટી, હોશંગજી નાનાભાઈ વાછા, બયાજી દારાબજી પટેલ, દારાબજી બહમનજી બારીઆ, ભીખાજી શોરાબજી ચાંદજી, ભીખાજી કેરશાસપજી નાકરા, કડવાજી બરજોરજી મેહતર, કાઉશજી રૂસતમજી પટેલ, પેશતનજી નવરોજજી મેહતર, જમશેદજી ફરદુનજી ઇતાલીઆ, ફરદુનજી ચાંદજી મેહતર, ધનજી જીવાજી ચાંદજી, બચા ધનજી ગાંધી, હોમજી જમશેદજી કરાડીના, તથા તવડીવાલા પટેલ મેહરજી ફરાંમજી, નવરોજજી ભીખાજી, ભીખાજી ફરાંમજી, બચા હોશંગજી, વગેરે.

---

તા૦ ૨૮ મી અકટોબર.

તા૦ ૨૭ મી શાબાંન ૧૧૫૪ હીજરી.

આજ દીને સુરતમાં વસનારા નવસારીના ભગરીઆ મોબેદો શોરાબજી નશરવાંનજી ટાટા, દારાબજી નશરવાંનજી મુલ્લાં, બયાજી નશરવાંનજી કોટવાલ, અને કાવશજી બહમનજી પાવરી, વગેરેએ નવાબ તેગબેગખાંનની દરબારમાં સુરતીઆ મોબેદો મનોચેહરજી ખુરશેદજી, રૂસતમજી કામદીનજી, કાઉશજી ખુરશેદજી, દારાબજી રૂસતમજી નજુમી, ભીખાજી જમશેદજી, કુકાજી બેહરાંમજી, શોરાબજી બહમનજી, કાઉશજી બરજોરજી નજુમી, માણેકજી હોમજી ટટી, બેહરાંમજી મેહરજી આખુદી, દારાબજી કામદીનજી વેલાયતી, દારાબજી જમશેદજી જંગલી, જમશેદજી રૂસતમજી ગોદરેજ, કાઉશજી રૂસતમજી ગોદરેજ, બેહરાંમજી નવરોજજી ચારીમાર, નાધલા શોરાબજી કારા, રૂસતમજી શોરાબજી કારા, પેશુજી બહમનજી, દારાબજી શોરાબજી, ખુરશેદજી દારાબજી દેવ, રૂસતમજી દારાબજી દેવ, કુકાજી બેહરાંમજી ગાજી, બહમનજી શોરાબજી, કાઉશજી ફરદુનજી મુનજમી, મનોચેહરજી કાઉશજી, રતનજી અસપંદીઆરજી, કુકાજી અસપંદીઆરજી, ખુરશેદજી અસપંદીઆર, કુકાજી એદલજી, કાઉશજી બેહરાંમજી, કોયાજી એદલજી, શાપુરજી પેશુતનજી, રૂસતમજી કુકાજી, માણેકજી નશરવાંનજી, અને દારાબજી રૂસતમજી, વગેરે પર દાવો કીધો હતો કે નવસારી કસબાના સંજાણા મોબેદો તથા પારસી જજમાનો જેઓએ વેપાર ધંધા સર અથવા લુટારાઓનાં તોફાંનને લીધે સુરતમાં આવી વતન પકડયુંછે તેઓને ત્યાંનાં લગન, ખુશાલી, તથા ગમાની રસમોનાં સઘળાં કામો કરવાનો કદીમુલ અહાઆંમથી અમારો તાલુકો છે, અને તે બાબેનો પરવાંનો પણ હાથમાં રાખીએચ, તે છતાં સુરત બંદરવાસી મોબેદો તે અમારી મેહનતમાં જાસ્તીથી દાખલ થાયછે. આ ઉપરથી નવાબ સાહેબે ચોરઆસી પ્રગણાંના ફોજદાર મીરજાં અબદુલ્ના બેગને એ બાબેની તેહકીક કરવાને ફરમાવીઆથી તેણે સુરતવાસી મોબેદોનો હક રદ કીધો, અને તેઓ પાસે આજની તરીખે એક લેખ લખાવી આપ્યો કે ઉપલાં સંજાણા મોબેદો તથા સર્વે પોતાના જજમાનોનાં કામો કરવાનો હક ભગરીઆ મોબેદોનો છે, તેમાં અમારો કસો દાવો દખલ નથી.[1]

---

## ઇ૦ સ૦ ૧૭૪૨.

તા૦ ૨૧ મી ફેબરવારી.

તા૦ ૨૫ જીલહજ ૧૧૫૪ હીજરી.

આજ દીને રાવ શ્રી ખંડેરાવે સુરત મધે શેઠ માણેકજી નવરોજજી શેઠના, દસતુર ભીખાજી જમશેદજી, મોદી નાનાભાઈ ભીમજી વગેરે ઉપર એક ફરમાંન મોકલ્યું કે સુરતમાં નવસારીને તાબેના જે બેહદીનો રેહછે તેમનં ત્યાંનું મોબેદીનું કામ જે સુરતવાલા મોબેદો જબરીથી કરવા ચાહેછે તેમને અટકાવી નવસારીવાલાઓને તેમના હક મુજબ કરવા દેવું, અને "મુલકમાં ગોર જજમાની કોઈની ગઈ નથી તો એ કેમ જશે..... ગોરને ગોરની જગા ને જજમાંનને જજમાંનની જગા. તે તાલા તલબ નહી."[2]

---

તા૦ ૨૧ મી મારચ.

રોજ ૧૧ માહ ૬ (શે૦) ૧૧૧૧ યજદજરદી.

**મરણ**—આ૦ મેહરનોશજી દારાબજી દોરડી[3]—એવણ નવસારીના એક પ્રખ્યાત મોબેદ તથા આગેવાંન અકાબર હતા.

---

૧ આ અસલ લેખ તથા તેનો ગુજરાતી તરજુમો ઇ૦ સ૦ ૧૮૭૧ માં આ૦ રૂસતમજી બહમનજી ઊનવાલાએ પ્રગટ કરેલાં "નેજાબ શેહન" નામનાં ચોપાનીઆંમાં છપાયલોછે.

૨ એ ફરમાંન સુરતના બખશીજી સાહેબની મારફતે ખંડેરાવે મોકલ્યો હતો. એની એક નકલ એ૦ જમાસપજી શોરાબજી દસ્તુર મેહરજી રાંણાવાલાએ નવસારીનાં પેહલા દસ્તુર મેહરજી રાંણા કેતાબખાંનામાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજાવાલી ચોપડીમાં સફે ૨૦ મે છે.

૩ એવણના બાપનો બપાવો આ૦ ચાંદજી કામદીન તથા તેનો એક ભત્રીજો આ૦ હોશંગ રાંનજી કરી દીલ્હી ખાતે શાહ જેહાંગીરની દરબારમાં ઇ૦ સ૦ ૧૬૧૮ માં ગયા હતા. અને એક દસતાવેજ ઉપરથી માલમ પડેછે કે એવાએ

તા૦ ૨૩ મી નવેમબર.

તા૦ ૬ ઠી સવાલ ૧૧૫૫ હીજરી.

આજ દીને પેશવાઈ સરકાર તરફથી સંજાણા મોબેદો દસ્તુર ભીખાજી રૂસતમજી તથા દસ્તુર રૂસતમજી શેહરીઆરજી વગેરેને એક સનદ કરી આપી હતી કે તમો વલસાડ પ્રાંતમાં પારડીમાં આવી રહેલાછો. તમારા દાદા પટેલ[1] ની અરજ ઉપરથી આ પરવાનો આપ્યો છે કે તમોએ તમારા આતશને લઈ સુખ રૂપ આપી પ્રગણે સંજાણમાં રેહવું. કોઈ વાતનો મુજાએમ નહી. તમોને જયાં રેહવાને પરવડે ત્યાં રેહવું.[2]

## ઈ૦ સ૦ ૧૭૪૪.

તા૦ ૧૯ મી જાનેવારી.

રોજ ૩૦ માહ ૩ (શે૦) ૧૧૧૩ યજદજરદી.

**મરણ**—દસ્તુર નવરોજજી શેહરીઆરજી ઉદવારે વાલા—ઉદવારાના બીજા દસ્તુર રૂસતમજી શેહરીઆરજીના ભાઈ. એવણે સંજાણા મોબેદો તથા તેમનાં આતશબેહરામને લગતાં કામકાજોમાં છેલા દાહેકામાં ઘણી મેહનત લીધી હતી.

તા૦ ૨૧ મી આગશટ.

સંવત ૧૮૦૦ નાં રોજ ૧૫ માહ ૧૧.

આજ દીને ભરૂચની શમશત જરથોશ્તી અંજુમને નવસારી ખાતે દેસાઈ ખુરશેદજી તેહમુલજી ઉપર એક કાગજ લખ્યો કે ભરૂચના એક જરથોશ્તી શેઠ હીરાજી દારાબજી સુરતથી અતરે આવ્યા તેવણથી અમોએ સાંભળયું કે સંજાણાવાલાં પુરાતન આતશબેહરામ જે નવસારીથી ઉચકી લઈ ગયાછે તે ભરૂચમાં મોકલવાને આએશ રાખોછો, માટે જો સાહેબ પોતાને મુબારક દસ્તખતે લખી મોકલોતો અમો આતશબેહરામને શ્રી ભરૂચ મંગાવીએ. એ કાગજ પર ભરૂચના નીચલા જરથોશ્તીઓની શહીઓછે[3] :

મોબેદો બેહરામ અરદેશર, દસ્તુર જમશેદજી કામદીનજી, બહમનજી નશરવાંનજી, નશરવાંનજી એજદીઆરજી, રૂસતમજી દોરાબજી, ગોદરેજજી મેહરનોશજી, જમશેદજી બેહરામજી, ફરામજી નોશરવાંનજી, નવરોજજી ફરામજી, જીવણજી શાપુરજી, હોરમજજી એજદીઆરજી, રૂસતમજી શાપુરજી, મેહરજી ફરામજી, દારાબજી એજદીઆરજી, જમશેદજી દારાબજી ભાંનજી, બહમનજી જીવાજી, નવરોજજી નશરવાંનજી.

બેહદીનો બહમન શોરાબજી, જીવા હોમા, જામાસપ દારાબ, જમશેદજી મનોચેહરજી, પેશી ધનજી, કાઉશ આશા, પેશી બચાજી, જીવા શોરાબજી, રૂસતમ શોરાબ, રતનજી અદલા, હોમા દારાબજી, શોરાબજી નવરોજજી, બહમનજી મનચેરજી, બેહરામજી રતનજી, રૂસતમજી નાનાભાઈ, કાઉશજી રતનજી, હીરા નવરોજ ગાંધી, ખુરશેદ નાહનાં, હીરજી આદરજી ગાંધી, રૂસતમજી શોરાબજી ગાંધી, શાપુરજી આશા દા૦ બહમનજી શાપુરજી, બહમનજી કાલાભાઈ, હોમા દારાબ રાંના દા૦ દોલી હોમા, નાંલાજી દારાબજી, ખુરશેદજી ફરામજી, બાંમ આદર, રસોદ મંના, માકા ખુરશેદજી, શોરાબ આશા, કાઉશજી હીરજી ગાંધી, માણેક કાઉશ, રતનજી બહમન, ફરદુનજી દારાબજી, ખુરશેદજી હોરમજજી, નાહલા ખુરશેદ, શોરાબ ખુરશેદ દારાબ, નવરોજ જમશેદ, ધનજી કાઉશ ગાંધી, આશા કાઉશ ગાંધી, શોરાબજી જીવાણજી, રૂસતમ શોરાબ જીવાણજી, શોરાબજી મનચેરજી, રતનજી શોરાબજી, બરજોરજી જમશેદજી, નવરોજ ધનજી, ખુરશેદ માણેક, હીરા ખુરશેદ.

---

શાહને મોગરાંનાં અતરની એક બરની નજર કીધી, જેથી તે નામદારે ખુશી થાઇ એવોને નવસારી કસબામાં ૧૦૦) વીઘા જમીન વંશ પરંપરા ભેટ આપી, તથા કેહછે કે દીલ્લીની દરબાર ખાતેથી આયા પછી એવો "મુલ્લાં જામાસપ" ને નામે નવસારીમાં ઓલખાતા હતા, કે જે વિષે નવસારીવાલા મરહુમ દસતુર ફરામજી શોરાબજી મેહરજી રાંણાએ એક દસતાવેજની પુઠે લખ્યુંછે કે "ચાંદજી કાંમદીને અકબર પાદશાહએ મુલ્લાં જામાસપનો ખેતાબ આપેલો હતો." એવણના એક નબીરા આ૦ શોરાબજી બરજોરજી (શેઠ શોરાબજી રૂસતમજી બનશાના વડવા) ને નવસારીમાં "હારિજ" કરી કેહતા હતા, અને તેવણના નબીરા આ૦ એદલજી નવરોજજી કરી પ્રખ્યાત દેસાઈ ખુરશેદજી તેહમુલજીના સસરા હતા. મજકુર શોરાબજીના બીજા ભાઇ આ૦ દોરાબજી બરજોરજી "દોરડી" ની અટકથી ઓલખાતા હતા, કે જે વંશમાં હાનરેબલ દાદાભાઇ નવરોજજી પ્રોફેસર તથા નવસારીવાલા આ૦ બેહરામજી અને દાદાભાઈ ખરશેદજી દોરડી વગેરે છે.

૧ નારગોરવાલા પટેલ હાજી જેશંગ હશે.

૨ આ પરવાંનો અસલ મોરી ભાષામાં ઊદવાડાની અંજુમનને લગતાં દફતર મધેથી એ૦ બેહરામજી પેશતનજી ભરડાએ અમોને દેખાડ્યોછે.

૩ આ કાગજની નકલ એ૦ જામાસપજી શોરાબજી દસતુર મેહરજી રાંણાએ નવસારીનાં પેહલા દસ્તુર મેહરજી રાંણા કેતાબખાંનાંમાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજાવાલી ચોપડીમાં સફે ૨૧ મેછે. આ કાગજના જવાબમાં દેસાઇ ખુરશેદજીએ ભરૂચની અંજુમનને લખી જણાવ્યું કે સંજાણા મોબેદોને અમોએ શીખામણ દીધી પણ તે કારગત લાગતી નથી, માટે એમાં અમો શું કરીએ. સઘળી કેફીઅત શેઠ હીરાજી દારાબજી તમોને જણાવશે. એ કાગજ પણ ઊપલીજ ચોપડીમાં સફે ૭૭ મેછે.

## ઈ૦ સ૦ ૧૭૪૫.

તા૦ ૨૮ મી આગશટ.

સવંત ૧૮૦૧ ના રોજ ૧૧ માહ ૧૧.

આજ દીને ભરૂચ (ભરગુ મંડલ) મધે શમશત બેહદીનો, તે મધે **બાહેરકોટ**ના રેહનારા શેઠ બહમનજી શેરાબજી કાઉશના, રૂસતમજી જીવા હોમા, હીરાજી દારાબજી, બહમનજી કાઉશ દોઆ, હીરા ખોરશેદ, નાદલા દારાબ, બહમનજી મનોચેહર આસપુ, નવરોજજી હોમા રાંમા, બામ આદર ગાંધી, રૂસતમ શેરાબ, બહમન શાપુર આશા, કારા ધનજી, દોઆ હોમા, દારાબજી હોમાવરા, હોમીઆરજી જમશેદજી, ધનજી કાઉશ ગાંધી, શેરાબજી ખોરશેદ, ખોરશેદ નવરોજ, રતનજી નવરોજ; **કોટ**ના રેહનારા હીમરા બામાબાઈ, રતનજી નાંધલા, કાઉશ આશા, માકા ખોરશેદભાઈ, નાધલા બેહરાંમ હીરા, શેરાબજી જીવણજી, માણેક કાઉશ; **ખરાસવાડા**ના રેહનારા જીવાભાઈ શેરાબજી, રૂસતમ નાધલા, બહમન આશા મોગર, માણેક અશુ છાપગર, જમશેદ અશુ છાપગર, માણેક ભીખા છાપગર, શેરાબ બાંમા, અને ખુરશેદ જીવા; એઓએ ત્યાંના પાંચ અસલ મોબેદ ભાગયાઓ નોશરવાંનજી બેહરાંમજી, કામદીનજી પદમજી, અરદેસર મોબદજી, કાંનજી પદમજી, તથા જેશંગજી કામદીનજીનાં ફરજંદો[1] જેઓ હમણાં હૈયાત હાજર છે તેઓને એક લેખ કરી આપ્યો કે અમો સર્વે જનાં મરદાં તથા જે કોઈ અતરે આવવાનું રહયું હોય તે તથા આએ પંથકના જે બેહદીનો હોય તે આજ દીને દરેમેહર મધે હશતાંન બેરાંગુ દતાંન બેશીને કરાર કીધો જે અંધીઆરૂપણું, તથા આએપત તથા વીરતપત, શારવું તથા સરાંમની, તથા જાનતું અજાનતું કીઆથા અહુ વેરીઓથી તે અશેમ વોહુ સુધી તમો કરો. તથા પરદેશી મોબેદ પાસે સરાવીએ, ભણાવીએ તે અમોને પોહચે નહીં. એ પ્રમાણે વડાની ચાલ ચાલીએ અને પાલીએ. કોઈ બેહદીન તેથી આડો થાએ અને પરદેશના મોબેદની શાએબત કરે નહીં. પોતાના મોબેદોની શાએબત કરે ને મામુલનું આએપત તથા વીરતપતથી કસુર નહીં કરે. તે આએપતની વીગત—વારા, વરશોત, વેહવા, નાતરૂં, ફરવરદેગાંન, મેહરગાંનની થાંનક,[2] જરથોશતના દીસાનું પરભ, બેહરાંમ ઈજદ, બાહુંબાર, દરૂન, અરદાફરૂઆશની હરમેબાશદ તથા બીજું જે કાંઈ હોય તે, આફરંગાંન, સતોમ, સરોશની નીરંગ, સરોશની બાજો, સરોશનું આફરંગાન, ઘેહસારનું, ગાએ, નીઆએશ દર રોવાંનની, ઉઠીઆંણાં મધેનાં ફુલ, તેલ તથા હોનવર પઢાવવાની આશોદાદ, શીઆવ, આંગળાં, ચાશની આહરમ તથા દશમાં તથા માશીશા તથા વરસીની ધટારત હોય તે, તથા જે કાંઈ મુવાં તથા જીવતાંની રીત તથા કીરીઆ જે શ્રી માજદીઅશની મધે હોય તે તમો અમારૂં કરો અને બાઓ અને લીઓ. મામુલ શુદરો પેહરાવવાનું તથા શ્રી દરેમેહર મધે ઈજશને, વંદીદાદ, વીસપરદ, પાવીની ઈજાસન, તથા બરશનુમધાહના આચાર મધેની એ વીના જે કાંઈ આએપત હોય તે મધે સરવે તમારો તાલુકો.[3]

---

તા૦ ૧ લી સપટેમબર.

સવંત ૧૮૦૧ નાં આશો શુદ ૫.

સંજાણવાલાં પુરાતમ આતશબેહરાંમને ઉદવાડે લઈ જવા પછી તેને લગતાં નવસારીનાં મકાંન ઉપર આ૦ બરજોરજી નવરોજજી નામના એક મોબેદે દાવો કીધો હતો કે તે તેનું ઘેર છે. આ ઉપરથી નવસારીના શમશત મોબેદોએ ગાયકવાડ દામાજીરાવ ઉપર એક અરજી કીધી હતી કે એ જગો વરસ ૩૨૫) થયાં અમારી કોમનાં અગનીનાં દેહરાંની છે, અને તે નવસારીના સર્વે હીંદુ તથા મુસલમાંન લોકો પણ જાણે છે. તથા અમો સર્વે માહજને મલી રાવ શ્રી કેદારજી બાવા તથા દાદુબા પંથ વગેરે શુબેદાર તથા કાજી તથા સર્વે માહજનને બોલાવી સાહેબના હલકારા સાથે તે જગા દેખાડી, અને તે દેહરાંમાં તેના શમારનારનું નામ પથર ઉપર લખેલું હતું તે વાંચયાથી સર્વે સાહેબોની નીશાં પુરી થાઈ, વાસતે તમો જેવા ધરમ રાજાએ એ બીનાનો રૂડી રીતે ફેસલો કરવો.[4]

---

૧ ભરૂચના સઘળા મોબેદો આ પાંચ ભાગપાઓની ઓલાદના છે.

૨ ભરૂચ મધે મેહરંગાંનનાં જશનને દીને જરથોશ્તીઓ પોતાનાં ઘર મધે જશનની માફક મીજલશ કરી ખોરશેદ મેહરની કેટલીક નીઆએશો કરાવવાનો ચાલ હતો, જેને મેહરંગાંનની થાંનક કેહતા હતા.

૩ આ લેખ અસલ બાલબોધ લીપીમાં લખેલો ભરૂચ મધે આ૦ બેહરાંમજી અછેજીનાં ઘર મધેથી નીકલ્યો તેનો ઈ૦ સ૦ ૧૮૪૦ માં ગુજરાતીમાં આ૦ મનચેરજી કેરબાદજીએ કીધેલો મશદો અમોને ભરૂચ મધે મરહુમ આ૦ ફરદુનજી એદલજી વાંસરાના વારેસો પાસેથી મલ્યો છે.

૪ આ અરજીની નકલ એ૦ જામાસપજી શેરાબજી દસતુર મેહરજી રાંણાવાલાએ નવસારીનાં પેહલા દસતુર મેહરજી રાંણા કેતાબખાંનામાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજાવાલી ચોપડીમાં સફે ૭૬ મે છે.

## ઈ૦ સ૦ ૧૭૪૬.

તા૦ ૨૮ મી જુલાઈ.

સવંત ૧૮૦૨ ના રોજ ૧૦ માહ ૧૦.

ગોદાવરાં પંથકનાં ટેણાં તથા શુમાલી ગામોની દરેમેહરમાં બાજ ધરવાનો મીનાકેશો હતો તે પરથી આજ દીને તે ગામોના શમશત મોબેદોએ પોત પોતામાં એક લેખ કરી બંદોબસ્ત કીધો કે જે મોબેદનો વારો હોય તેને પોતાના મહીનામાં દરેમેહર મધે બાજ ધરવી, બીજા કોઇએ ધરવી નહી, અને જંદેરવાંન તથા વંદીદાદ ઇજશનેનું કામ હર કોઈ ગોમેદ દરેમેહર મધે લાવી કરે તેને અટકાવવો નહી, તથા શુમાલીની દરેમેહર મધે આદરાંન છે તેની બોએ પણ વારાદારે દેવી, અને જે પેદાશ થાય તે આવી. તેમાં કોઇએ હરકત નાખવી નહી. આ લેખ પર મોજે ઉમરાના પટેલ મેહરવાંનજી જમશેદજી, તથા શુમાલીવાલા બેહરામ રાંમજી, ટેણાંવાલા જીવા અછુ, ભગવાવાલા ભીખા જમશેદ, કરંજવાલા છાબા જામાસ્પ, કુડીઆણાવાલા હીરા જીવા, વગેરે બેહદીનોની શાખ છે.૧

---

તા૦ ૩૧ મી આગશટ.

સવંત ૧૮૦૨ નાં ભાદરવા શુદ ૧૪.

સંજાણા મોબેદોએ ઉદવાડેથી મુંબાઈ મધે શેઠ માણેકજી નવરોજજી શેઠના ઉપર તેઓના વડા દસ્તુર ભીખાજી રૂસતમજી મારફતે એક અરજી કીધી હતી કે નવસારીમાં ભગરીઆ મોબેદો તથા દેસાઈ ખુરશેદજીએ અમોને અમારે ધરની ધર્મ ક્રિઆ કરવાનો અટકાવ કર્યાથી તથા બીજા કેટલાક અણબનાવોને લીધે અમો આતશબેહરામ સાહેબને અતરે લાવ્યા છેયે. પણ અગર "શ્રીજીની જગા વલસાડ મધે કરી ઠેરાવીને સાહેબ દસતગીરી કરી જગા બનાવીને વલસાડ મધે થાંનક કરી અપાવો" તો તમારૂં અહેશાંન થાય. આના જવાબમાં શેઠ માણેકજીએ આજ દીને દસ્તુર ભીખાજીને લખી જણાવ્યું કે "હમોને સુજતું નથી જે નોશારી મધે ભગરીઆ તમને તમારી અરવીસગાહની અગીઆરીમાં પોતાનાં ઇજિનાં શમંદી તથા ઘર શમંદી મુવાં જીવતાંનું કાંમ કરવા દોએ. વળી વલસાડ મધે શ્રીજીની જગા કરીએ ને થાંનકે બેસાડીએ ને તાંહાં ગયા પછી તમો વળી રખે દેસાઈ ખુરશેદજીને બદનાંમ કરો. કાંજે તમારો ભાગીઓ (શાપુર) શાંમરો છે તેને તમો અગીઆરીમાં કામ કરવા દેતા નથી ને વલસાડ ગયા પછી તે શાંમરો તમો સાથે કજીઓ કરશે તેનું શું વીચારીઉં. ભાગીઓ શો વરસે ભાગ મુકે નહી. માટે તેનો પ્રથમ માહાંમાંહે બંદોબસત કરો. તે વીના અમારાથી વચે અવાય નહી."૨

---

તા૦ ૭ મી સપટેમબર.

સવંત ૧૮૦૨ નાં રોજ ૨૧ માહ ૧૧.

સંજાણા મોબેદોની શમશત અંજુમને ઉદવારેથી મુંબાઈ મધે શેઠ માણેકજી નવરોજજી શેઠના ઉપર તેમના ગઈ તા૦ ૩૧ મી આગશટના દસ્તુર ભીખાજી રૂસતમજી જોગ લખેલા પત્રના જવાબમાં આજ દીને એક લંબાંન પત્ર લખી મોકલ્યો હતો. તેમાં જણાવ્યું હતું કે "નોશારી મધે હમો – મારા ઘરનું કામ શાદી ગમી વગેરેનું કરીએ તેમાં એ ભગરીઆ અંધેઆરૂનું નુકશાંન શું થાએછે. બલકે એ લોકોને શ્રીજી સાહેબની દોલતથી શારી રવેશે પેદાએશ ઘણી થાએછે. તો શાહેબ કેશો કે શું, તેહેનું જાણવું કે જે લોક શુરત તથા ભરૂચ તથા મુંબાઈ વગેરેના શ્રીજી શાહેબની કદમ બોશીમાં આવેછે તેઓના ઉતારા પથીંગા ઘણાખરા એ લોકો ભગરીઆને તાંહાં. તેથી ઇજિનાંશમંદી કાંમ વંનીદાદ ઇજશનેનું કામ ઘણું ખરૂં એઓના હાથપર આવે. ને એ શવાએ કંઇએક પેદાએશ છે તે શ્રીજી શાહેબની દોલતથીતો ભલું. ને અમો લોકતો શ્રી આતશબેહરાંમ સાહેબની દરગાહની પરતી ઉપર ગુજરાંન ચલાઉં ને અમારી જાતનું કામ ઘરમનું અમારી અગીઆરી મધે ચલાઉં, નહી કે એવોનાં બેહદીનનું દાપા શમંદી કામ કરીને એવણની પેદાએશ વાલી લેઉંચ. તેતો આજ શુધી કીધુંબી નથી ને થાએ પણ નહી. ભલું જેમ કાંઈ અમારા દાણા પાણી. ને એ શ્રીજી શાહેબ હમારે સાથે છે તો બાજુ શરવે અમારૂં ગોઠે છે તે શરવે બની રેહશે. (શાપુર શાંમરા વીશે) શાહેબ ફરમાવોછો કે ભાગીઓ શો વરસે ભાગ મુકે નહી તે ખરૂં પણ ભાગીઆનોબી પોતાનાં ટોલા વનાં પાર નહી. જે રવેશે ટોલો ચાલેચ ને તેમ ધરમ ચલાવેચ તેમ તેબી ચાલે. અમોતો બેકશ છેઉં ને શાહેબતો શ્રી દાદારના પુરા છેઓ..... બીજું નોશારીનો શાહેબ અમારો ઠેરાવ ઠેરવા કરો ને શાહેબની ખાએશ પુરી હોએતો અમો એ વાતે રાજી છેઉં કે અમારી અગીઆરી બાબત લખી લીધું છે તે શેવાએ જબરદશતીથી શ્રી દેશાઈએ કરાર લખી લીધોછે તે શરવે પાછાં આપે. ને નવેશરથી દેશાઈ લખી આપે પોતાનાં ટોલાનાં મતાં શાહેદી સાથે, જે સંજાણા અંધેઆરૂ નોશારી મધે કુલ

---

૧ આ લેખની એક નકલ ગોદાવરાં પંથકવાલા આ૦ નાનાભાઈ બીખાજી પાસેથી અમોને મલીછે.

૨ એ૦ જામાસ્પજી શોરાબજી દસ્તુર મેહરજી રાંણાએ નવસારીનાં પેહેલા દસ્તુર મેહરજી રાંણા કેતાબખાંનાંમાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજવાલી ચોપડી સફે ૩૭.

ધરમનું પોતાની જાતનું કામ મુઆં જીવતાં વગેરેનું નૌજુદ, નીરંગદીન, વરશ, સાથે પોતે પોતાનું કરે, તથા બીજી શાહેબની દરગાહમાં ભગરીઓ અંધીઆરૂ કોઈ જીઆદતી નહી કરે. ને એ વાતનો પુરો બંદોબશત શાહેબ હજુર થાએતો અમારે કબુલ છે. અલબતે શાહેબ એ વાતે કમરબંદી કરેતો દુર નથી. અસલ શાહેબનાં ખાંનદાંનથી બી જશજહે. ને તે કરતાં અમો તેહનાં પંનથકનાં બેહદીનનાં કામ કરેતો તે વાતે ગુનેહગાર. એ અમારો કરાર છે ને શાહેબ અમારા તે વાતના મોતાજ. બીજું શાહેબની ખીદમતમાં અમો લોકની અરજ એકે અમોએ કાગજ શાહેબને લખ્યું છે તે શાહેબનાં દફતરખાંનાંથી એની નકલ ઈમા એ કાગજ બાહાર પડે નહી તે કરવું."

એ કાગજ પર નીચલા સંજાણા મોબેદોની શહીઓ છે:—

દસ્તુર બીખાજી રૂસતમજી, દસ્તુર રૂસતમજી શેહરીઆરજી, આ૦ મેહરનોશજી બેહરાંમજી, નવરોજજી રૂસતમજી, બેહરાંમજી રૂસતમજી, બરજોરજી બાઈજી, કાવશજી મનોચેહરજી, માણેકજી ગોસતાસપજી, જમશેદજી ફ્રરાંમજી, માણેકજી નવરોજજી, કાવશજી અસપંદીઆરજી, જમશેદજી મનોચેહરજી, દાદાજી મનોચેહરજી.[1]

## ઈ૦ સ૦ ૧૭૪૯.

તા૦ ૫ મી મેએ.

તા૦ ૧૬ મી જમાદીઉલ અવલ ૧૧૬૨ હીજરી.

આજ દીને પેશવા સરકાર બાલાજી બાજીરાવ પ્રધાંને પારડી પ્રગણાના હાકમ ઉપર એક પરવાનો લખી ઉદ્‌વાડા મધે પારસીઓનાં પુરાતમ આતશબેહરાંમને માટે દર શાલ જે સુખડ, કાડી, વગેરે આવેછે તેના રૂ૨૭૦૦) સુધીના માલ ઉપરની જગાતની માફી કરી આપી હતી.[2]

## ઈ૦ સ૦ ૧૭૫૨.

તા૦ ૬ ઠી ડીજેમબર.

તા૦ ૨૯ મી મોહરમ ૧૧૬૬ હીજરી.

આજ દીને પેશવા સરકાર બાલાજી બાજીરાવ પંડીત પ્રધાને સંજાણા મોબેદો દસ્તુર બીખાજી રૂસતમજી તથા દસ્તુર રૂસતમજી શેહરીઆરજીને એક સનદ કરી તેમનાં પુરાતમ આતશબેહરાંમને ઉદવાડા અથવા વલસાડ જયાં ખુશી પડે ત્યાં બેફીકર રીતે રાખવાને પરવાનો આપ્યો હતો. વળી એ પરવાનામાં વધુ એમ જણાવ્યું હતું કે તમારો તથા તમારા ભાગયા (શાપુર શેહરીઆર શામરા)[3] નો કજીયો

---

1 આ કાગજના જવાબમાં શેઠ માણેકજીએ તા૦ ૧ લી અકટોબર ૧૭૪૬ ને દીને ઉદવાડે દસ્તુરો બીખાજી રૂસતમજી તથા રૂસતમજી શેહરીઆરજી વગેરે પર લખ્યું કે ભગરીઆં મોબેદો તમોને પોતાનાં પંથકમાં શી રીતે કામ કરવા દેશે. બાજે લોકોનેતો તમાશો જોવાની ખાહેસ છે તેમ કાંઈ મારે નથી કરવું. મેં તો તમોને વાજબી હતું તે લખ્યું છે. વલસાડમાં આવી રેહવા બાબદ શાપુર શામરાની હકીકત એટલી લંબાંન લખી તે સરવે મેં વીચારૂં તો એમાં મજથી કસું થાશે નહી. ને મજથી પતે તેવું દીસતું નથી. બાકી મારી ઉમેદતો હતી જે નવસારીમાં હમો દુખમું બાંધુછે તે જોવાને બાહને તમારી તરફ આંઉં ને શ્રીજીની કદમબોસી કરી સાથે લઈ જાઉં ને તમારૂં ફેસલ કરૂં પણ મારા જોવામાં એ થાએ તે દીસતું નથી. ને મારો દાંણા પાણી નથી જે તમારી તરફ પોંહચું. ભલું જેમ ખોદાનો હોકમ હશે તેમ થાશે. આ બધે કાગજોની નકલ એ૦ જમાસપજી શોરાબજી દસતુર મેહરજી રાણાએ નવસારીનાં પેહલા દસ્તુર મેહરજી રાણા કિતાબખાંનામાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી નંબર બીજાવાલી ચોપડીમાં સફે ૭૭ તથા ૬૭ મે છે.

2 આ પરવાંનો અસલ મરાઠી ભાષામાં ઉદવાડાની અંજુમનને લગતાં દફતર મધેથી એ૦ બેહરાંમજી પેશતનજી ભરડાએ અમોને દેખાડયોછે.

3 એ શાપુર શેહરીઆર શાંમરો સંજાણા મોબેદોનાં ત્રણ મુલ કુટુંબો—ખોરશેદ કામદીન, નાગન રામ, અને ચાંદઆ શહીઆરમાંના છેલ્લાનાં કુટુંબમાં ઉતરેલો વડો હતો. તેને ઈ૦ સ૦ ૧૭૩૨ માં નવસારી મધે પોતાના આતશબેહરાંમને લગતા ભાગીઆઓ સાથે ભાગભાગનો કાંઈ વાંધો પડવાથી એ વાંધાએ સંજાણા મોબેદોમાં મોટા કજીયા ટંટાનું રૂપ પકડયું હતું, તથા તે બાબે સવંત ૧૮૦૮ નાં રોજ ૯ માહ ૧૦ (તા૦ ૨૫ મી જુલાઈ ૧૭૫૨) ને દીને સંજાણા મોબેદોએ ઉદવારામાં બેશીને પોતા ઉપર ઈ૦ સ૦ ૧૭૩૨ નાં વર્ષ પછી એ શાપુર શેહરીઆર તરફથી જે જુલમાતો ગુજરયા હતા તેનો એક લંબાંન અહેવાલ સર્વેની શહી સાથે લખી, આવતી ઓલાદને માટે સાચવી રાખ્યો હતો. એ પછી ઉપર મુજબ પેશવાઈ સરકારે વચ્ચે પડી પોતાના વલસાડના કમાવીશદાર સર્વોત્તમશંકરને એ બાબેનો ફેસલો કરવાને ફરમાવ્યું જેને સવંત ૧૮૦૯ ના રોજ ૧૫ માહ ૭ (તા૦ ૨૭ મેએ ૧૭૫૩) ને દીને ફેસલો કરી એક સનદ આપી કે સંજાણા મોબેદોનું પંથક જેની હદ "કાવેરી દક્ષણ તીર તે હદ નદી વઈતરણી કીનારા મોજે દાંતીવેરે પ્રગણે માહીમ પ્રાંત વસાઈ હીઆંના તથા કાવેરી તીર પ્રાંત સુરત તીઆંના પારસી લોકોનું અંધીઆરૂપણું પુરાતમ તમારૂં ચાલતું આવયુંછે" અને જે મધે એકંદર ત્રણ ભાગ તથા વળી દરેકના પેટા ત્રણ ભાગ મળી નવ ભાગમાંના પેહલામાં દસ્તુર રૂસતમજી શેહરીઆરજી, મનચેરજી ચાંદજી તથા દારા હોમજી; બીજામાં દસ્તુર બીખાજી રૂસતમજી, બરજોરજી બાઈજી અને કાવશજી અસપંદીઆરજી; અને ત્રીજામાં મનોચેહર માણેક તથા શાપુર શેહરીઆર મળી એક તથા જમશેદ બરજોર અને મનોચેહર ઉભણ હતા. તેઓને જેમ તેમનું ઉપલી હદનું પંથક કદાજતથી ચાલતું

પીઆને પર લઈ વાજબી નીવેડો લાવવા વલસાડના કમાવીશદાર સર્વોતમશંકરને હોકમ કરવામાં આવ્યોછે.[1]

## ઈ૦ સ૦ ૧૭૫૩.

મુંબઈમાં અસલમાં ગુજરેલાં રવાંનના પગ લાંબા રાખવાની ચાલ હતી તે આએ વર્ષથી બંધ પડી પગ વાલવાની રસમ ચાલુ થઈ હતી. તે એમ કે આએ વર્ષમાં પાલવાના દરવાજા આગલ દારૂગોલો ઉડવાથી અતરેની સરકારી ગોદીમાં એક પારશી બંદરીઓ મરણ પામ્યો હતો. તે શેઠ લવજી વાડીઆનાં શગપણમાં હોવાથી તેના પગ પેહલા વેહલા શેઠ લવજીએ વલાવ્યા હતા. આથી કોઈ મોબેદો તેની ઘેહ સારવાને ગયા નહી, અને રવાંન બે દાહાડા સુધી પડી રહયું, તે ઉપર ઘણી ભાંજઘડ થયા પછી શેઠ લવજીએ મોબેદોને ધમકી આપી કે અગર કોઈ ઘેહ ન સારશેતો તેમ કર્યા વગર રવાંનને દોખમે ચઢાવીશું, આ ઉપરથી આ૦ જમશેદજી ખુરશેદજી વાછા તથા આ૦ દોરાબજી નાંના દેશાઈ[2] એ તે રવાંનની ઘેહ સારી હતી.[3]

## ઈ૦ સ૦ ૧૭૫૮.

તા૦ ૫ મી જુલાઈ.

રોજ ૨૦ માહ ૯ (શે૦) ૧૧૨૭ યજદજરદી."

**મરણ**—મનાજી કુકાજી તલાટી[4]—ઉમર વર્ષ ૯૫) નવસારીવાલા શેઠ કુકાજી અસપુજી તલાટીના વડા દીકરા. એવાનુ ગાયકવાડ સરકાર તરફથી નવસારી તથા પારચોલ અને તેને લગતાં ૧૮) ગામોમાં[5] તલાટીપણું ચલાવતા

---

આવેલું તે પ્રમાણે સરખે હીસ્સે વેંહચી લેવા, તથા આતશબેહરાંમના વારાના મહીના પુરાતમ નેમેલાછે તે પ્રમાણે વેંહચી લેવા, અને એક દેવલ (અગીઆરી) રાખીનેજ તેમાં સર્વેએ પુંજ કરવાનો હોકમ કીધો હતો. એ સનદ મલયા પછી પણ અવારનવાર ઈ૦ સ૦ ૧૭૭૦ સુધી એ શાપુર શેહરીઆરને પોતાના ભાગયાઓ સાથે અડશાંત ચાલવા કીધી હતી. તે પછી તે તા૦ ૨૨ મી મેએ ૧૭૭૬ ને દીને મરણ પામ્યો હતો.

૧ આ પરવાંનાની નકલ ઊદવાડાની અંજુમનને લગતાં દફતર મધેથી એ૦ બેહરાંમજી પેશતનજી ભરડાએ અમોને આપીછે.

૨ આંણાવાલા પંથકીના વડવા.

૩ આ બીના મરહુમ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆએ અમોને કહી હતી.

૪ એવણના રતનજી તથા શોરાબજી કુકાજી કરી બે ભાઈ તથા દારાબજી, રતનજી અને બેહરાંમજી નામે ત્રણ બેટાઓ હતા, જેઓમાંના વડાને પણ પોતાના બાપની સાથે દાવરનો એલકાબ મળયો હતો, અને એઓ સર્વે પોતાના બાપનું તલાટીપણું ચલાવતા હતા. એ ત્રણ બાઈઓ તથા તેઓના પીત્રાઈઓની શાખામાંથી તલાટીનું મોટું કુટુંબ ઊભું થયલુંછે, અને તેઓ હિંદુસ્થાંન તથા તેની બાહેરનાં ઘણાંક દેશ પરદેશો ખાતે વ્યાપાર તથા સરકારી ઓહદાઓ ભોગવતા આવ્યાછે. હાલ એ કુટુંબના એક શેઠ એદલજી દોરાબજી તલાટી, બી એ. અતરેની એલફીનસટન હાઈ સ્કુલના વાઇસ-પ્રીનસીપલ, શેઠ એદલજી ડોશાભાઈ તલાટી રાજકોટની પોલીટીકલ એજેનસીના હેડ-એકાંઊંટંટ, શેઠો બહેમનજી ધનજીભાઈ તલાટી અને મનચેરજી પેશતનજી તલાટી જંગબારના કોનસલ જનરલ તેમજ જડજના હેડ-કલાર્કો; શેઠો બેહરાંમજી ફરાંમજી તલાટી અને ડોશાભાઈ હોરમજજી તલાટી ગોંડલનાં રાજમાં માજીસ્ટ્રેટ તેમજ પોલીસ ઇનસ્પેકટર; શેઠ મનાજી દોરાબજી તલાટી ગાયકવાડીમાં ફોજદાર; શેઠો ખરશેદજી નવરોજજી તલાટી બેલગાંમમાં આબકારીના, નવરોજજી દાજીભાઈ તલાટી ગુજરાતનાં દરીયાઈ કસટમ ખાતાંના, અને દોરાબજી ડોશાભાઈ તલાટી ઈંગ્રેજી નીમખ ખાતાંના ઇનસ્પેકટર; તેમજ શેઠ હોરમજજી પેશતનજી તલાટી કુવેટાની તજરીમાં છે. એજ મુજબ શેઠો શોરાબજી નશરવાંનજી તલાટી અને બેજનજી ફરાંમજી તલાટી ચીન ખાતે. શેઠો ધનજીભાઈ અને પેશતનજી એદલજી તલાટી કલકતા મધે, શેઠ બેજનજી ફરદુનજી તલાટી લાહોર, શેઠો રૂસતમજી ધનજીભાઈ તલાટી અને ફરાંમજી દોરાબજી તલાટી દક્ષિણ આફ્રીકામાંનાં નેટલનાં "પોરટ દરબાંન" માં તેમજ શેઠ દોરાબજી ધનજીભાઈ તલાટી એજ તરફ આવેલાં "ડેલાગાઆ બે" માં અને શેઠ દીનશાહજી કાવશજી તલાટી ફ્રેન્ચ રાજનાં કેમબોડીઆ પ્રાંતમાં વ્યાપાર કરેછે. એ ઊપરાંત એ કુટુંબનાં બીજા ઘણા જણાઓ જુદાં જુદાં દેશાવરો ખાતે સરકારી તેમજ વ્યાપારીઓની નોકરીમાં ગુંતાયલા છે.

૫ એ ૧૮) ગામો નીચે મુજબ હતાં:—

જલાલપોર, ગંદીબારી, એરૂ, મટવાડ, પરતાપોર, જુતસાડ, બોડાલી, ખબલાવ, કોઠીમરી, કરાડી, અંનચેલી, ચડવાશન, આટ, મેહધર, વીજલપોર, હાંસાપોર, વેડછા, મછા.

શેઠ મનાજીના બાપના બપાવા પેશતન ચાંદાને હીજરી ૧૦૧૯ (ઈ૦ સ૦ ૧૬૧૦) માં સુરતના નવાબ નોશરત બારખાંન તરફથી પારચોલ પરગણાંનું તલાટીપણું જે તેમના બાપદાદાથી ચાલતું આવતું હતું તે તથા બીજાં છ ગામો— મેહધર, કછોલી, શદલા, અમલસાડ, પનાર, અને પારડીનુ તલાટીપણું ચલાવવા માટે એક પરવાંનો કરી આપી તેમાં નીચે મુજબનો લવાજમો ઠેડવી આપ્યો હતો:—

જમે રૂ૧૦૦) ની તે ઊપર રૂ૧).
બાતની કીઆરીનાં વીઘા ૧) ઊપર રૂ૦।।≈
જુવારનાં જરાએત વીઘા ૧) ઊપર રૂ૦।−.
શેરડીનાં પતાનાં કાગજનો રૂ૦।.

ઊપલા પેશોતન ચાંદાના છોકરા અસપુ પેશોતન તથા તેમના ત્રણ બેટાઓ બેહરાંમ, કુકા, અને શોરાબ

હતા. ઈ૦ સ૦ ૧૬૮૬ માં નવસારી મધે મોબેદો અને બેહદીનો વચ્ચે થાયલી મોટી મારામારી વેળાએ એવણે ભગરીઆ મોબેદોનો ઘણોક દોર તોરવાને હાંમ ભીડી હતી, અને આ૦ મનોચેહર હોમજી વગેરે ભગરયાઓથી છુટા પડયા તે મુખ્ય એઓની કુમકથી હતું. આ માટે આ૦ મનોચેહર હોમજીના સાથવાળા મોબેદોએ એવણને દાવરનો એલકાબ આપ્યો હતો, તથા એઓનાં કુટુંબમાંથી પેહડી દરપેહડી શીઆવ, લગન, ગગરનાં, નવજોત વગેરેની ક્રિઆઓના લવાજમો નહી લેવાના બંદોબસ્ત કીધા હતા, જે હજુસુધી ચાલુ છે.

---

અસપુ પણ પોતાના વડીલોનું તલાટીપણું ચલાવતા હતા. કુકાજીના ઊપર કહ્યું તેમ ત્રણ બેટાઓ મનાજી, રતનજી, અને શોરાબજી; તથા શોરાબ અસ્પુનો બેટો નવરોજ શોરાબ અને તેનો બેટો શોરાબ નવરોજ પણ તલાટીપણું ચલાવતા હતા.

એ તલાટી ઊપરાંત નવસારીના બેહદીનોમાં શેઠ અને પટેલનાં જાણીતાં કુટુંબો થઇ ગયાંછે, જેઓના વડવાઓ પણ નવસારી તથા તેની આસેપાસેનાં ગામોમાં પટેલાઇ કરતા હતા. કેહછે કે એ ત્રણે કુટુંબોના વડીલો નવસારીના આગલા પ્રખ્યાત અકાબર ચાંગા આશાના વંશના હતા, પણ તેનો બરાબર સેલસેલો મલી શકતો નથી. કેટલીક જુની મીલકતો, જમીનો, વગેરેનાં ખત જોતાં તે મધેથી નવસારીનાં પટેલનાં કુટુંબની એક શાખાનો સેલસેલો ચાંગા આશા સાથે નીચે મુજબ મલેછે:—

ફરાંમજી—શાપુરજી—દાદાભાઇ—હોરમજજી—બેહરાંમજી—દારાબજી— બહમનજી— પદમજી— હોશંગજી— ફેરોબાદ— મનોચેહર— બહમન— માણેક— **ચાંગા**— આશા—રાંણા—તોલા—અશકાલ—વેજલ—આશીઆ.

વળી એ પટેલનાં કુટુંબની એક શાખા જે સુરત મધે રૂસ્તમ પરામાં વસેછે તેનો સેલસેલો ચાંગા આશાના ભાઇ શાપુર આશા સાથે નીચે મુજબ મલેછે:—

બરજોરજી—અસપંદીઆરજી—હોરમજજી—બહમનજી—માણેકજી—અસપંદીઆરજી— બહમનજી—હોરમજજી—શોરાબ—શાપુર—આશા.

એ ઊપરાંત એ પટેલનાં કુટુંબની કેટલીક શાખાઓ મુંબઇ મધે વસેછે. એ કુટુંબમાંથી પણ શીઆવ, લગન, ગગરનાં, નવજોત વગેરેની ક્રિઆઓના લવાજમો નહી લેવાના મોબેદોએ બંદોબસ્ત કરેલા છે. એજ મુજબ શેઠનાં કુટુંબની એક શાખા નવસારી મધે ગોટલાની અટકથી તથા એક શાખા સુરત રૂસતમ પરા મધે તથા બીજી મુંબઇ મધે શેઠનાની અટકથીજ વસેછે. એ કુટુંબના નીચલા વડીલો નવસારી ખાતે છેલ્લી બે સદીઓના અરસામાં ઘણા જાણીતા હતા:—

જામાસ્પ હોશંગ શેઠ—રાંનજી જામાસ્પ શેઠ—શોરાબ જામાસ્પ શેઠ—કુકા શાપુર શેઠ—કુકા રૂસતમ શેઠ—દાદા કુકા શેઠ—હોશંગ દાદા શેઠ—નરીમાંન શાગર શેઠ—કડવા કેરશાસ્પ શેઠ—રાંનજી પેશીતન શેઠ—કુકા નોશરવાંન શેઠ.

## ઈ૦ સ૦ ૧૭૬૧.

તા૦ ૧૫ મી જુલાઈ.

**મરણ**—દસ્તુર જમશેદજી રૂસતમજી મેહરજી રાંણા—(એવણનું મરણ સફે ૪૩ મે છપાયલું છે તેમાં એવણને ઈ૦ સ૦ ૧૭૨૩ માં (તા૦ ૨૯ મી જુને) પોતાના બપાવાનાં મરણ પછી નવસારીની દસ્તુરી મલી હતી કરી લખ્યું છે, પણ એવણ તે વખતે નાવર થયલા નહી હતા, અને તા૦ ૪ થી જાનેવારી ૧૭૨૪ ને દીને નાવર થયાછે, માટે તેટલો વખત દસ્તુરી કોણે સભાલી તે કેહવાઈ શકાતું નથી.)

---

## ઈ૦ સ૦ ૧૭૬૪.

તા૦ ૨૩ મી ડીસેમબર.

રોજ ૮ માહ ૩ (શે૦) ૧૧૩૪ યજદજરદી.

આજ દીને સુરત મધે ભરથાંણું આગલ નોશારી પંથકને લગતાં પદાંનીઆં રવાંનોને માટે એક દોખમું અંજુમનના ઉધરાતથી બંધાવી પરઠાવ્યું હતું.[1]

---

[1] એ દોખમું પરઠવાને લગતી નોધ સુરતવાલા મરહુમ એ૦ શાપુરજી પાલણજી ઊમરીગરને હાથની લખેલી એક ઘણી જુની ચોપડી જે મુંબઇ મધે એ૦ નશરવનજી કાવશજી ઊમરીગર (જોશી) એ અમોને દેખાડી હતી તે ઊપરથી મલીછે. એ ચોપડી ઊપરથી જણાએછે કે એ દોખમું પરઠવાને લગતી ક્રિઆ દસ્તુર માણેકજી જમશેદજી (મેહરજી રાંણા), દસ્તુર કાઊશજી શોરાબજી (મેહરજી રાંણા), એ૦ ફરદુનજી (માણેકજી) કુટાર, અને એ૦ માણેકજી કેરશાસ્પજી કાંગાએ કીધી હતી, તથા તેનું સર્વે ઊપરીપણું નવસારીના વડા દસ્તુર શોરાબજી રૂસતમજી મેહરજી રાંણાએ કીધું હતું, તથા દેશાઇ મનચેરજી ખુરશેદજી તે વેળાએ હાજર થયા હતા. એ દોખમાંનો તાંણો પુરવાની ક્રિઆ તા૦ ૧૩ મી જુન ૧૭૬૧ (રોજ ૨૯ માહ ૮ (શે૦) ૧૧૩૦ યજદજરદી) ને દીને થઇ હતી, અને તે કેમ કરવામાં આવી હતી તેને લગતી નોધ ઊપલીજ ચોપડીમાંથી હેઠલ ઊતારી લઇજીએ છૈયે:—

"વચે ગાલો ગજ ૧૯ મેલી તે દંનેની ખુંથ બંદે જણાંએ એકક પછે ફરેઆ પછે હસ્ત અમશાશપંદની જુદી જુદી બાજ ધરી હોરમજદ રોજથી તે અમરદાદ રોજ લગી. એ મશાલે બાજ ધરીને બંદે હમકલમ થાએઆ પછે જણ ૧ કુદારું વચે મારેઆ પછે પાએઓ ખણેઓ તે બાજનાં ધરનાર આ૦ માણકજી કેરશાશપજી કાંગા તથા આ૦ નવરોજજી (અસપંદીઆરજી) પાવડી શોરાબજી પાવડીનું દોહેતર. એ બંને જણાંએ તાંણો પુરેઓ. પેહલો મોટો ખીલો ૧ નાકાં ૨ શાથનો અગની ખુણ પર બોરીની નીખ પર મારેઓ. બીજો મોટો નાકાં શાથેનો નૈરૂત ખુણ પર મારેઓ નીખ પર. તરીજો વાવખુણ પર. ચોથો ઇશાંન ખુણ પર મારેઓ. એ ચેહારે મોટા ચેહારે બોરીએ મારી વચે ૫ તેથી નાંના મારેઆ એક ગમની ભીતે વલી ૭ મારેઆ. જુમલે ૧૭ મોટા શાથે એકકી ગમ થાએ તે શરવે મારેઆ. પછે વચેની બોરીમાં મારીઆ જોઇએ તે મારેઆ."

## ઈ૦ સ૦ ૧૭૬૪.

કારસ્ટન નીબર નામનો મુસાફર કે જેણે આર્બસ્થાંને તથા હિંદુસ્થાંન મધે ઈ૦ સ૦ ૧૭૬૨ થીતે ૧૭૬૪ સુધી મુસાફરી કીધી હતી તે પારસીઓ માટે લખેછે કે:—

"સુરતમાં સંખ્યાબંધ પારસીઓ જેઓ ચાલાક વ્યાપારીઓ, ઉદ્યોગી કારીગરો, અને સરસ નોકરો છે.

"મુંબઈ, સુરત, અને તેની પાસેનાં શેહરોમાં અસલી ઈરાંનીઓનું એક સંસ્થાંન છે, જેઓ અગીઆર સદીની વાત ઉપર જ્યારે આરબોએ તેમનો સ્વદેશ જીતયો ત્યારના હિંદુસ્થાંનમાં આવી વસ્યા છે. તેઓને પારસી કરી કહેછે; અને હિંદુઓ તેમને ચાહેછે તેથી કરી તેમની સંખ્યા ઘણી વધતી જાયછે, જ્યારે કેરમાંનમાં તેઓના જાતભાઈઓ મુસલમાનોની જુલમી હેઠલ દેખાઈતા ઓછા થતા જાયછે. તેઓ ભલા, નરમ, અને ઉદ્યોગી તેમજ પોત પોતામાં સુલેહ સંપજથી રેહનારા તથા પોતાની કોમના ગરીબોને હમેશાં મદદ કરનારાછે કે જેથી તેઓ બીજી જાતના લોકો પાસે ભીખ માગે નહી.

"તેઓમાં એકજ બાયડી પરણવાનો ચાલછે. જ્યાં સુધી તે બાયડી વાંજની નહી હોય ત્યાંસુધી તેઓ કદી બીજી બાયડી કરતા નથી. તેઓ પોતાનાં બચ્ચાંઓને છ વર્ષની વયમાં પરણાવેછે, પણ તે પરણેલાં જોડાં જ્યાંસુધી ઉમરે પુગે ત્યાંસુધી પોતાનાં માબાપનાં ઘરમાંજ જુદાં રેહછે. તેમનો પોશાગ હિંદુઓના જેવો છે. ફક્ત ઈરાંનીઓની માફક તેઓ કાંનની હેઠલ બે લુલફાં રાખેછે.

"પારસીઓ એટલે જરથોશ્તનો ધર્મ પાલનારાઓ એકજ સર્વ શકતિવાંન તથા અમર ખોદાતાલાને માનેછે."[1]

## ઈ૦ સ૦ ૧૭૬૬.

તા૦ ૧૯ મી જુન.

તા૦ ૭ મી મોહરંમ ૧૧૮૦ હીજરી.

શેઠ દાદાભાઈ માણેકજી શેઠનાએ નવસારીનાં આતશ બેહરાંમના ખરચને સારૂં નવસારી કસબામાં ચોપાતી તરફ ૭) વીઘા તથા ચાપરાભાઈ તરફ ૨૦) વીઘા જમીન બખશીંદા કીધી હતી.[2]

---

## ઈ૦ સ૦ ૧૭૬૮.

તા૦ ૫ મી જાનેવારી.

સવંત ૧૮૨૪ નાં રોજ ૨૧ માહ ૩.

ભરૂચ મધે આ૦ રૂસતમજી ફરાંમજી તથા આ૦ કાઉશ રૂસતમ જલાલે રોજ માહ બાબે તકરાર ચલાવી હતી, અને તેથી પારસીઓમાં કેટલોક જઘડો ઉઠયો હતો, તથા દરબાર મધે ફરીઆદ થાઈ દસ્તુર કામદીનજી વગેરે કેટલાક જણાને કેદ કરાવ્યા હતા. તે ઉપરથી ભરૂચના નવાબ સાહેબે ઈનસાફ કરી ઠેડવયું જે નવસારી તથા સુરતનાં પંચાએત પાસે જઈ તે બેહુ પંચાએત કહે તે માફક પારસીઓએ ચાલવું. આથી સુરત મધે એ તકરાર આવી, અને ચાર માસ સુધી સવાલ જવાબો થયા, તથા સેવટે સરવે પંચાએતે આજ દીને મોદી દાદાભાઈ નાનાભાઈને ઘેર મલી ભરૂચના દસ્તુર ફરદુનજી જમશેદજી તથા દસ્તુર કામદીનજી ફરદુનજી વગેરે શમશત અંજુમનપર એક મેહજર કરી મોકલ્યો કે ભરૂચ મધે જે મહીનો અસલથી પઢઆ જાએછે તેજ પઢે, નવું બીજું કાંઈ કરે નહી. જેમ અસલ મહીનાં ઉપર અમો ચાલીએ તેમજ કુલ હિંદુસ્થાંનના લોકો ચાલેછે, અને સુરત મધે ઘર ૨૫) થી ૩૦) ને આસરે પંચથી ઉફના થાઈ મહીનાનો ફેર ચલાવેછે તે ગલત છે.

આ મેહજરપર દસ્તુર ભીખાજી જમશેદજી, મોદી દાદાભાઈ નાનાભાઈ, શેઠો જમશેદજી ફરાંમજી શેઠના, નશરવાંનજી બેહમનજી શેઠના, શોરાબજી મનચેરજી (માણેકજી) શેઠના, દાદાભાઈ માણેકજી શેઠના, મનચેરજી ખુરશેદજી શેઠના, એદલજી દાદાભાઈ શેઠના, બેહરાંમજી શોરા-

---

[1] આ નીબર તથા બીજા જાણીતા મુસાફરોનાં લખાંણોના સંગ્રહનાં પુસ્તકો જે ઈ૦ સ૦ ૧૮૧૧ માં મી૦ જાન પીંકરટને પ્રગટ કીધાં હતાં તેનાં ૧૦ માં પુસ્તકમાં લખેછે કે:—

At Surat are numbers of Persees or Persians, who are skilful merchants, industrious artisans, and good servants.

At Bombay, at Surat, and in the vicinity of these cities is a colony of ancient Persians, who took refuge in India, when their country was conquered by the Mahometan Arabs, eleven centuries since. They are called Persees. Being beloved by the Hindoos, they multiply exceedingly; whereas their countrymen in the province of Kerman, are visibly diminishing under the Yoke of the Moslem Persians.

The are a gentle, quiet, and industrious race. They live in great harmony among themselves, make common contributions for the aid of their poor, and suffer none of their number to ask alms from people of a different religion.

Among them a man marries only one wife, nor ever takes a second, unless when the first happens to be barren. They give their children in marriage at six years of age; but the young couple continue to live separate in the houses of their parents, till they attain the age of puberty. Their dress is the same as that of the Hindoos, except that they wear under each ear a tust of hair, like the modern Persians.

The Persees, followers of the religion of Zerdust or Zoroaster, adore one God only, eternal and Almighty.

[A general collection of the best and most interesting Voyages and Travels in all parts of the world, by, John Pinkerton, vol. X. p. p. 214, 220].

[2] એ જમીન રાંદેલના શઈયદ શેરઉલા બડા સાહેબે રૂ૩૦૦) બદલ શેઠ દાદાભાઈ માણેકજી શેઠને દેસાઈ ખુરશેદજી તેહમુલજીની મારફતે ગીરવી આપી હતી, પણ તે પછી તે રૂપીઆ આપી નહી શકવાથી શેઠ દાદાભાઈએ એ જમીન ઊપર મુજબ ભેટ આપી હતી. એને લગતું અસલ ફારસી ખત શેઠ કેખશરૂ રૂસતમજી શેઠના પાસે મોજુદ છે.

એજ મુજબ સુરતવાલા શેઠ મનચેરજી ખરશેદજી શેઠનાએ પણ એ આતશબેહરાંમના ખરચને માટે "ફેઆરી" નામની જગા ધરમખાતે આપેલી કેહવાયછે.

ખજી, મેહેરાંમજી જીજીવોરા, કાવસજી જીજીવોરા, જીજી રતનજી, શોરાબજી મોટાભાઈ, કાઉસજી માણેકજી શોરાબજી, નાનાભાઈ કાઉસજી એદલજી, દસ્તુર રૂસતમજી મેહેરાંમજી સંજાણા, આ૦ રતનજી ફરદુનજી બહમનજી, ખરશેદજી માણેકજી આહાના, નવરોજજી જમશેદજી ચુડીગર દા૦ ખરશેદજી, રૂસતમજી તેહમુલજી પસતાકીઆ, ભીખાજી જમુજી, આ૦ રૂસતમજી કુકાજી, શાપુરજી ભીખાજી ગાંધી, ભીમજી મેહેરાંમજી મુકાતી, શાપુરજી હોશંગજી વાછા, મોદી માણેકજી દાદાભાઈ, જીજીભાઈ પેશતનજી ગાંધી, દસ્તુરજી મનોચેરજી, હીરજી રૂસતમજી પુંજીઆજી, ધનજી મનજી, આ૦ માણેકજી શોરાબજી કાઉસ બહમનના, આ૦ અસપંદીઆરજી નોશરવાંનજી કાઉસ બહમનના, આ૦ શોરાબજી રતનજી કાઉસ બહમનના, આ૦ કુકાજી મેહેરાંમજી મનીઆંનાં, જીજી કાંનજી ગાંધી, કાલાભાઈ જીજી પારખ, રૂસતમજી રતનજી વાડીઆ, માણેકજી મેહેરનોશજી, મનચેરજી રૂસતમજી મઆરાંમજી, કાઉસજી નવરોજજી બચા આશાના, મેહેરાંમજી ભીમજી દાજી, બહમનજી બમાભાઈ પટેલ, રતનજી ભીમજી શોનાંવાલા, આ૦ કાવસજી કાંમદીનજી બરજોર આદરબાદના, ધનજીભાઈ મનચેરજી ધનજી વોરાનાં, નવરોજજી રૂસતમજી ધનજી વોરાનાં, કુવરજી જમશેદજી સોનાંવાલા, મોદી કોયાભાઈ એદલજી, આ૦ શોરાબજી ભીખાજી કાવસ ગોદરેજનાં, બહમનજી કુવરજી ગાંધી, ખુરશેદજી જીવાજી, દસ્તુર જીવણજી પદમજી, હોરમજજી જમશેદજી ઘડીઆલી, વીરા કેકા જીવા પસતાકીઆ, ખશી ધનજી પસતાકીઆ, કાવસજી બરજોરજી જોશી, રૂસતમજી એદલજી જંગલવાલા, રતનજી શંતોકજી નાનાભાઈ વાડીઆ, ખરશેદજી ભીખાજી નાનાભાઈ વાડીઆ, આ૦ જમશેદજી મેહેરાંમજી મેહેરનોશદારૂના, કાલાભાઈ એદલજી ધનજી ખુરશેદ રાંણાના, જમશેદજી રૂસતમજી પારખ ચોકશી, હીરજીભાઈ જમશેદજી પારખ, ફરાંમજી ધનજી વાડીઆ, માણેકજી કાવસજી વાડીઆ, આ૦ ડોશાજી રૂસતમજી મેહેરાંમ ફરાંમરોજના, આ૦ શોરાબજી રૂસતમજી પોપટજી, બહમનજી મેહેરાંમજી ખરશેદ રાંણાના, દાદાભાઈ ખુરશેદજી નાનાભાઈ જીવાના, શોરાબજી દોરાબજી ભરૂચા, રતનજી જીવાજી દલાલ, મોટાભાઈ મેહેરજી ગોલવાલા, જમશેદજી રાંમજી તલાટી, દાદાભાઈ જીવાજી દલાલ, મેહેરાંમજી ધનજીભાઈ દલાલ, જીવણજી ભાઈજી દલાલ, રૂસતમજી હોમજી દલાલ, હીરજી શોરાબજી દલાલ, મેહેતા શોરાબજી રાંમજી સાગર, એદલજી ખરશેદજી ખાંન, ભાઈજી પાલણજી ખાંન, બચાજી જોગી, આશાજી શોરાબજી વાંનીઆ, રતનજી હોરમજજી પટેલ, દારાબજી કુકાજી કોહલા.

મોબેદ ભીખાજી ખરશેદજી ઉનવાલા, માણેકજી ખરશેદજી મસાંની, નવરોજજી દાદાજી ખાબર, ફરાંમજી માણેકજી પાવરી, માણેકજી કાવસજી મેહાક્ના, રતનજી મનચેરજી ઉનવાલા, શેહેરીઆરજી જીવણજી આંતીઆ, રૂસતમજી જમશેદજી કોટવાલ, શોરાબજી બહમનજી કોટવાલ, એદલજી બચાજી કોટવાલ, શાપુરજી હોરમજજી પાવરી, હોરમજજી બચાજી અરજાંણી, ફરાંમજી રૂસતમજી શહીઆર, બરજોરજી દોરાબજી મુલ્લાં, શેહેરીઆરજી રૂસતમજી સંજાણા, રૂસતમજી નવરોજજી કાતરક, બરજોરજી દાદાજી ખાબર, હોરમજજી રૂસતમજી સંજાણા, નવરોજજી શેહેરીઆરજી આંતીઆ, દોરાબજી જમશેદજી ધાલા, માણેકજી જમશેદજી ધાલા, માણેકજી હોરમજજી સંજાણા, પેશતનજી મનચેરજી આંતીઆ, કેરશાસપજી જામાસપજી માડન, કાવસજી એદલજી ધાલા, રતનજી કેરશાસપજી બગલી, ફરાંમજી શેહેરીઆરજી બગલી, રૂસતમજી બહમનજી કોટવાલ, બહમનજી મેહેરનોશજી હમજીઆર, કાવસજી રૂસતમજી કાતરક, તેહમુલજી જીજીભાઈ પાવરી, ફરાંમજી પાલણજી આંતીઆ, બરજોરજી જામાસપજી માડન, ભીખાજી દારાબજી દાજી, કેરશાસપજી મનચેરજી સંજાણા, તેહમુલજી મનચેરજી સંજાણા, ભીખાજી ફરદુનજી કીનવાલા, મેહેરાંમજી જામાસપજી તતના, વગેરે ૨૯૦) શકીઓછે.[1]

## ઈ૦ સ૦ ૧૭૬૯.

નામીચો મુસાફર મી૦ જેમસ ફારબસ કે જેણે ઈ૦ સ૦ ૧૭૬૫ થી તે ૧૭૮૪ સુધી એશીઆ, આફ્રીકા, અને અમેરીકાના જુદા જુદા ભાગોમાં મુસાફરી કીધી હતી, તે પોતાનાં આગે વર્ષનાં લખાણમાં મુંબઈના પારસીઓ માટે જણાવે છે કેઃ—

"મુંબઈ અને સુરત ખાતે મુખ્ય વ્યાપારીઓ તથા વાહણના ધણીઓ પારસીઓ છે. કેટલાકો કારીગરીના હુનરો શિખેલાછે, અને તરેહવાર જાતનાં વનાવતનાં કામોમાં ગુતેલાછે. હિંદુસ્થાંનમાં સઉથી સરસ સુથારો અને વાહણ બાંધનારાઓ એ કોમના છે.

"તેઓની સંખીઆ મુંબઈમાં ઘણી છે, અને સુરતમાં તેમનાં ૨૦૦૦૦) કુટુંબો છે. હજુ સુધી તેઓએ પોતાની જુદી હકુમત સ્થાપવાને કસ્સી કોશેશ કીધી નથી. તેઓમાં ધર્મ સંબંધી માથાં ભાયગે એક મતફેરને લીધે બે તડાં પડેલાં છે.

"તેઓ ઘણુંખરા ઉંચાં કદના, ખુબસુરત, કસરતબાજ, સારા બાંધાના, અને હિંદુસ્થાંનના બીજા દેશીઓ

---

૧ આ અસલ મેહજર સુરતવાલા મરહુમ શેઠ દીનશાહ એદલજી ધનજી મેહતાનાં કાગજોઆંઓ મધેથી તેમના નબીરા શેઠ ડોશાભાઈ ધનજીભાઈ સુરતી પાસેથી અમોએ મેલવ્યો છે.

કરતાં ગોરા છે. તેઓની ઓરતો પાક દામાનને માટે વખણાયલીછે. છોકરીઓ નાજુક અને દેખાવલી હોયછે, પણ તેમની જુવાંનીનો બાહર જલદીથી જતો રેહછે, અને ૨૦) વર્ષની ઉમરની અંદરતો નાજુકી જઈ તેઓ હિંદુ તથા મુસલમાંની ઓરત કરતાં પણ વધારે આગે ફેલાઈ પુરૂષનાં જેવાં દેખાયછે.

"હિંદુસ્થાંનમાં જ્યાં જ્યાં પારસીઓ રેહછે ત્યાં તેઓ પોતાના પવીત્ર આતશના કેબલાને માટે દરેમેહર તથા સેવટના વીસાંમાને માટે દોખમું બાંધેછે."[1]

---

ભાવનગર મધે શેઠ જામાસપજી ફરાંમજી ભાવનગરીએ બંધાવેલી વાવપરની તખી જે આ પુસ્તકને સફે ૫૦ મે આપેલી છે તેમાં સવંત ૧૮૨૯ ને બદલે સવંત ૧૮૨૫ (ઈ૦ સ૦ ૧૭૬૯).કરી વાંચવું.

---

## ઈ૦ સ૦ ૧૭૭૦.

સુરતવાલા શેઠ ધનજીભાઈ હતુજી મેહતાએ ભરૂચ મધે ચીચાવાડી તરફ એક મોટો કુવો તથા અબારો બંધાવી પ્રજાના લોકોને તથા પશુ ઢોરોને પાણી પીવાને ખોલ્લો મુકયો હતો.[2]

## ઈ૦ સ૦ ૧૭૭૪

સ્ટેવોરીનસ નામનો એક ડચ અમલદાર પોતાના ગ્રંથમાં આએ વર્ષના સુરતના પારસીઓ માટે લખેછે કે:—

"તેઓની સંખીઆ દીવસે દીવસ વધતી જાયછે, અને ગામોમાં આખાંને આખાં પરાંઓ બાંધી તેઓ વસેછે.

"તેઓમાંના કેટલાકો, જેમની સંખીઆ થોડી છે, તેઓ સુરતથી ધંધાને સર વધારે કમાની કરવા કેટલાં કેટલાં વર્ષો સુધી કોચીન, કોરોમન્ડલ, અને હિંદુસ્થાંનનાં બીજા દેશોમાં જાઈ વસેછે.

"સુરતમાં તેઓમાંના ઘણાએક માતબર છે અને ત્યાંના મુખ્ય વ્યાપારીઓ તરીકે ગણાયછે.

"તેઓ હિંદુ અને મુસલમાંનો કરતાં વધારે ગોરા, તથા તેઓની ચામડીનો રંગ સ્પેનીઅરડ લોકોને ઘણો-ખરો મલતો આવેછે. ઘણું કરી તેમની આંખો મોટી, વાંકાં નાખો, અને તેમનો બાંધો સરખો હોયછે.

"તેઓ એકી વખતે એકથી વધારે, અને તેપણ પોતાની કોમ સિવાય બીજી જાતની ઓરત સાથે પરણતા નથી, જેથી કરીને આટલા જમાના થયા તેઓની કોમ સ્વચ્છ અને બીજી પ્રજાનાં લોહીની સાથે મેલસેલ વગરની રહીછે.

"હરામ ઈલતની મોજ શોધનારા ઘણાક શખસોએ એક સરખી રીતે મારી ખાતરી કીધીછે કે ગમે તેટલી મેહનત તથા ખરચ કરયા છતાં તેઓ કોઈબી પારસી ઓરતને ફુસલાવી શકયા નથી. કેમકે પોતાની કોમની શીક્ષાની તેમને એટલી ધાસ્તી હોયછે કે જો એવાં કરમમાં પકડાય તો મારયાં જયા વીના રેહે નહી એમ તેઓ ખાતરીથી જાણેછે. તેઓ દરરોજ મોહલાઓમાં ખોલ્લી રીતે ફરતાં દેખાયછે, અને વારેઘડીએ પોતાનાં ઘરને લાંબે ટપેથી કુવામાંથી પાણી ભરી લાવેછે. પારસીનાં બઇરાં ઘણાંખરાં જ્યાં જાયછે ત્યાં સાથે ગુચરૂં થાઇને જાયછે, અને અકસર કરી કોઈ જવાંન છોકરી એખલીતો કવચીતજ દેખાયછે.

"તેઓમાંના બે જણ જેમાંના એકનું નામ મનચેરજી (ખરશેદજી શેઠની) કે જે વલંદા લોકોનો દલાલ છે, અને બીજો કે જે ઇંગ્રેજ કંપનીનો દલાલ (ધનજીશાહ મનજી-શાહ) છે, તેઓ સુરત અને તેની આસપાસના પારસીઓના મુખી છે, તેમજ તેઓના સઘળા ટંટા વગેરે ચુકવે છે, અને તેમના ચુકાદાને સર્વે માન આપેછે. તોપણ ખુન અને એવાજ બીજા ગુનાહોનો ચુકાદો નવાબ કરેછે, કે જે એવી બાબદમાં ઘણી હુશીયારીથી કામ લેછે, કાંએકે તે હિંદુ અને મુસલમાંનો કરતાં પારસીઓથી તેમની મોટી સંખીઆ તેમજ હીમતને લીધે વધારે ડરેછે, જેથી તેઓ ચોકસ દરજજે સ્વતંત્રપણું ભોગવેછે. મારી ખબર મુજબ પારસીઓમાં એવા ગુનાહો કવચીતજ બનેછે, અને એ

---

[1] Manv of the principal merchants aud owners of ships at Bombay and Surat, are Parsees:—others learned the mechanic arts, and engaged in the varied manufactures of the loom: the best carpenters and ship wrights in India are of this tribe.

Their number at Bombay is considerable, and at Surat they amount to twenty thousand families: hitherto they have not attempted to establish a government of their own; and an unfortunate schism in their religious tenets has divided them into two separate fractions.

The Parsees are generally a tall comely race, athletic and well formed, and much fairer than the natives of Hindostan; the women are celebrated more for chastity than cleanliness; the girls are delicate and pleasing, but the bloom of youth soon decays: before twenty they grow coarse and masculine, in a far greater degree than either the Hindoos or Mahomedans.

Wherever the Parsees settle throughout Hindostan, they build a temple for their sacred fire, and construct a cemetery.

[Oriental Memoirs: By, James Forbes, vol. I. p. p. 110, 112, 114.]

[2] એ કુવા તથા અબારાની મરામત કરાવવાને તથા અબારો જાથુક ભરાવવાને એને લગતી ૭ વીંઘા જમીન ધર્મખાતે આપેલીછે, અને તેનો વહીવટ મરહુમ ખાંનબાહદુર રૂસતમજી ચોરાબજી દલાલ ચલાવતા હતા, અને તેમનાં મરણ પછી તેમના સાહેબજાદાઓ ચલાવેછે. એ કુવાની ઈ૦ સ૦ ૧૮૮૨ માં મોટો ખરચ કરી મરામત કરાવ્યામાં આવીછે.

ઉપરાંત તેઓ પોતાના એલાહેદા લતાઓમાં બીજી ન્યાતથી જુદા રેહવાથી તેઓમાં બનતી કેટલીક ચીજો જાહેરમાં આવતી નથી."૧

## ઈ૦ સ૦ ૧૭૭૫.

તા૦ ૩૧ મી અકટોબર.

સવંત ૧૮૩૨ નાં રોજ ૧૭ માહ ૧.

આજ દીને ભરૂચવાલા દસ્તુર કામદીનજી ફરદુનજીએ સુરતવાલા શેઠ મનચેરજી ખરશેદજી શેઠના ઉપર એક કાગજ લખી જણાવ્યું હતું કે હાંસોટ ગામમાં એક પારસણ ઓરત પોતાના પરણુયા ખાવંદને તજીને બીજો ખાવંદ કરવાની, તથા એક બીજો પારસી પોતાની શાહજન જોઈને રાખીને બીજી ઓરત કરવા માગેછે, અને તેઓ તે બાબે અમારી પાસે આયા હતા પણ અમે મના કીધીછે. વાસ્તે એવા આશીરવાદ ગોદાવરાં પંથકને લગતા મોબેદો રખે સારે તેના બંદોબસ્તો રાખજોજી.૨

## ઈ૦ સ૦ ૧૭૭૬.

તા૦ ૨ જી મારચ.

આજ દીને અકલેસર મધે ત્યાંની દરેમેહરની સામે ભરૂચી ભાગલ આગલ શેઠ ખરશેદજી નાનાભાઈ મેહરજી ખંબાતાએ એક વાવ બંધાવી ધર્મ ખાતે ખોલી મુકી હતી.૩

જરમનીવાલા ડાકટર જે. ટી. કલુકરે પારસીઓના પેગામબર હજરત જરથોસ્તના જીવતા કલાંમો—જેમાં તેના કાએદા અને રીતો; તથા ખોદા, તેની ખુદરત, આ દુનયાં, માણસ જાત, તેમજ પારસીઓની ફરજો બજાવ-

---

૧ They increase in numbers from day to day, and have built and inhabit many entire wards in the suburbs.

There are some among them, although few, who leave their countrymen, in the neighbourhood of *Surat*, for several gears, and resort to Cochin, the coast of *Coromandel*, or other places in India, in order to procure a better livelihood.

Several among them at *Surat* are rich, and may be counted among the principal merchants.

They are much fairer than either the Moors or Gentoos, and do not differ much in complexion from the Spaniards: they have, in general, large eyes, equiline noses, and are well-proportioned.

They, however, marry no more than one woman at the same time, and never any one but of their own nation, so that they have preserved their race, through so many ages, pure and unmixed with other nations to the present day.

Pursuers of unlawful pleasures, spurred on by the desire of variety, and such as did not otherwise make any difficulty of confessing and even triumphing in their amours, have uniformly assured me, that they have never succeeded in having their will of any Persian woman, notwithstanding they have neither spared assiduity nor money. The fear of punishment has so much influence upon these women, that they never dare consent, well knowing that if ever their indiscretion be discovered, they cannot escape certain death.

They are seen, every day, in the streets, and frequently fetch water at a distance from their houses. A number of Persian women are, however, always together, and a young girl especially, is very rarely seen by herself.

Two of them, one of whom, Mantchergi by name, is the broker of the Dutch, and the other of the English Company, are the chiefs of the Persees who dwell in and about *Surat*; they are, at the same time, their chief ecclesiastics, or priests; they likewise settle the disputes that arise among them, and the parties must submit to their decisions: murder, homicide, and other crimes amongst them, which disturb the public tranquillity, are punished by the nabob, or governor of the city; he, however, acts very circumspectly in such cases, because he stands more in awe of the Persees than of the Moors, or Gentoos, on account of their large numbers and greater courage, whereby they are left, in some measure, independent: such heavy crimes, I was told, are very seldom heard of among them; and besides, as they all live in seperate wards, in which they do not allow any strangers to reside, many things may remain hidden among them

[Voyages to he East—Indies; by, J. S. Stavorinus; Translated from the original Dutch, by, S. H. Wilcocke, Vol. II. p. p. 494—498, 504—5; Vol. III. p. p. 1, 2, 5]

૨ આ કાગજની નકલ ગોદાવરાં પંથકવાલા આ૦ નાનાભાઈ ભીખાજી પાસેથી અમોને મલીછે. એજ મુજબનો એક કાગજ સવંત ૧૮૭૩ નાં રોજ ૨૬ માહ ૫ (તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૧૭) ને દીને નવસારીની અંજુમન તરફથી દસ્તુર નશરવાંનજી શોરાબજી મેહરજી રાંણાના તથા દેસાઈ રૂસતમજી મનચેરજીએ શમશેત ગોદાવરા મોબેદો ઊપર લખયેછે, જેમાં સુચના કીધી છે કે રૂસ્તમપરાનો એક પારસી એક મુસલમાંન ઓરત સાથે નેકા કરી ગયો તેણીને રાંડેલના એક મોબેદે સુદરેહ પેહરાવી આશીરવાદ સારયા માટે તમો તે મોબેદને નેઆત બાહેર કાઢી તેને તેના હીસ્સા તથા લાગભાગથી બાતલ રાખજો, કે આપણો અસલ તરીકો સચવાય. જો તમો તેમ નહી કરશોતો તમો અમારાં પંથકમાંથી નીરંગ, આલાત, બરશનુમ, વગેરે લઇ જઇઓછો તે બંધ કરશું.

૩ આ વાવ પર બાલબોધ અક્ષરે નીચલી તખ્તી કોતરેલી છે:—

श्री

संवत १८३२ ना वरखे साके १६९७ फा॥गण सुदी १२ वार सनेऊ रोज बेहेरा॥म माहा अमरदाद शाले ११॥३६ पादशाह एजदगर शेहेरीआर॥ अमलदार प्रगणे अंकलेशर बंदे हर॥गाह पारशी खुरशेदजी नानाभाई॥ मेहेरजी खंमाएतनी वाव भरुची भाग॥ले पोतानु जर खरचीने करावीछे धर॥म खाते ते तमाम खलकत खुदानी पा॥णी भरीने पीए ने आराम पामे संपूरण॥

વાની પવિત્ર ક્રિઆઓ વગેરે આવેલું છે, તેને લગતો એક મોટો ગ્રંથ રચી પ્રગટ કીધો હતો.[1]

## ઈ૦ સ૦ ૧૭૭૮.

તા૦ ૮ મી મારચ.

રોજ ૨૬ માહ ૫ (શેં૦) ૧૧૪૭ યજદજરદી.

આજ દીને મુંબઈ મધે ચોપાતીના ડુંગર ઉપર અંજુમનનાં ઉધ્રરાતથી બંધાવવા માડેલાં દોખમાંનો તાંણો પુરવાની ક્રિઆ કરવામાં આવી હતી. એ ક્રિઆ આ૦ તેહમુલજી નાનાભાઈ તથા આ૦ દારાબજી શાપુરજી વાછાએ કીધી હતી.[2]

## ઈ૦ સ૦ ૧૭૮૦.

તા૦ ૭ મી જાનેવારી.

રોજ ૨૬ માહ ૩ (શેં૦) ૧૧૪૯ યજદજરદી.

**મરણ**—ભીખાજી એદલજી—એવણ સુરતના વતની હતા, અને પોતાની ટુંક પુંજીમાંથી ઉદવાડા ખાતે આતશબેહરામને માટે ઇમારત બંધાવી આપી હતી,[3] તથા જરથોશ્તી મજહબને લગતી કેટલીક અસલ કેતાબોની પોતાને ખરચે નકલો કરાવી હતી. એવણ ઔરંગાબાદ મધે મરણ પામ્યા હતા.

આએ વર્ષમાં રૂસ્તમજી કેરશાસપજી નામના એક પારસીએ પેહલવેહલી અંગ્રેજીમાં "કાલેનડર" છાપી પ્રગટ કીધી હતી.[4]

## ઈ૦ સ૦ ૧૭૮૩.

તા૦ ૨૭ મી અકટોબર.

ભરૂચ મધે રોજ માહના તફાવત બાબે ગયે વર્ષ થાયલી મોટી મારામારીનો જે મુકદમો મુંબઈ મધે શેશન કોરટમાં ચુકાદાને માટે આવ્યો હતો, અને તેમાં ૧ પારસીને ફાંસીની તથા બીજાઓને દંડની સજા થાઈ હતી, તથા ૩ જણા બંદીખાંને રહી ગયા હતા. તે ઉપરથી એ મુકદમો મુંબઈની માહજનના શેઠીઆઓએ મલી સમજુતીથી માંડી વલાવ્યો, તથા ભરૂચના પારસીઓ દસ્તુર

---

1 "Zend Avesta, Zoroasters Lebendiges Wort, worin die Lehren und Meinungen dieses Gesetzgebers; von Gott, Welt, Natur, Menschen; ingleichen die Ceremonien des heiligen Dienstes der Parsen u. s. f. aufbehalten sind. Riga, 1776."

૨ એ દોખમું જલદીથી બંધાઇ તૈયાર થયું હતું, અને તે તા૦ ૭ મી મેએ ૧૭૭૯ ને દીને પરઠવામાં આવ્યું હતું, જેની ક્રિઆ આ૦ જમશેદજી ખરશેદજી વાછા તથા આ૦ તેહમુલજી નાંનાદારૂએ કીધી હતી. એ બંધે બાબદને લગતી નોંધ સુરતવાલા મરહુમ એ૦ શાપુરજી પાલણજી ઊમરીગરને હાથની લખેલી એક ઘણી જુની ચોપડી જે મુંબઇ મધે એ૦ નશરવાંનજી કાવશજી ઊમરીગર (જોશી) પાસેછે તે ઊપરથી મલીછે.

૩ ઊદવાડા મધે આતશબેહરાંમ જે વખતે લાવ્યા તે વખતે તેને માટે સર્વેથી પેહલું મકાંન નારગોલના એક બેહદીન મનોચેહરજી માણેકજીએ પોતાના બાવા મરહુમ શેઠ માણેકજી બહમનજીનાં પુનને માટે બંધાવી આપ્યું હતું.

૪ એ કાલેનડર ૩૪ સફાનું ફુલસકેપનાં ઊંચાં કાગજ ઊપર છાપેલુંછે. તે રચવાનું કામ અલબતાં ઇ૦ સ૦ ૧૭૭૯ માં ચાલુ કીધું હશે, અને તેની એક વર્ષ આગમજ ઊપલા સાહસીક પારસીએ છાપાખાનું ઊઘાડયુ હશે. એ ઊપરથી જણાયછે કે મુંબઇ મધે પેહલ વેહલું છાપાખાનું ઊઘાડનાર પારસી કોમનો એક ગ્રહસથ છે. અને આટલું પણ અતરે નોંધી રાખવા જોગ છે કે હિંદુસ્થાંન મધે કલકતામાં પેહલ વેહલું ઇંગ્રેજી છાપાખાંનું ઇ૦ સ૦ ૧૭૮૦ માં સ્થાપ્યું તેની એ વર્ષ આગમજ મુંબઇ મધે ઇંગ્રેજી છાપાખાનાંનો પાયો નખાઇ ચુકો હતો.

આએ ઇ૦ સ૦ ૧૭૮૦ નાં કાલેનડરમાં જણાવ્યા મુજબ એ વખતે થોડાક દજન ઇંગ્રેજો મુંબઇમાં "ફરી મરીનરસ" ને નામે કંપનીની પરવાનગીથી રેહતા હતા. તેઓ યુનૈટેડ ઇસ્ટ ઇંડીઆ કંપનીની નોકરીમાં નહી હતા. આ વેળાએ ગવરનર વીલ્યમ હારનબી સુધાં કૌનસીલના દશ મેમબરો હતા. તેમાંના ૭ મુંબઇમાં, ૧ સુરતમાં, ૧ ભરૂચમાં, અને ૧ થાંણામાં વસતા હતા. તે વખતે સરકાર તરફથી પસાર થતાં દરેક કાગજપત્રો ગવરનરની શહીથી લખાતાં હતાં. ગવરનર તેમજ સર્વે કૌનસીલના મેમબરો બલદની ગારીમાં બેશી ફરતા હતા.

ઊપલાં જુનાં "કાલેનડર" નો નકલ મુંબઇમાં કેહેથી મલી શકતી નથી. તેની એક નકલ ઇ૦ સ૦ ૧૮૫૫ માં બોમબે ટાઇમસના અધીપતીના જોવામાં આવી હશે તે ઊપરથી તે એજ શાલની તા૦ ૪ થી ડીજેમબરનાં પોતાનાં પત્રમાં લખેછે કે:—

"Calendar for the year of our Lord 1780, printed by Rustom Caresajee in the Buzar"—price two rupees—it consists of thirty-four pages of rather openly printed matter, and were we to receive a like liberal rate of remunaration page for page for our Almanac, we should make rather a good thing of it. It is printed on strong English official foolscap, indentifiable by the water mark, and some of the official letters of the same date accompanying it......... .. ..........

We have met with no information any where as to the original establishment of a printing press at Bombay, but the production before us shews that we in this matter anticipated Calcutta, which first boasted of a printing press in 1780. The Calender of course must have been set up in 1779, and it seems reasonable to be presumed that the enterprising Parsee must have opened his establishment not later than the end of 1778 ............................and it is particularly creditablo under these circumstances to the Parsees, who have always shewn themselves the most enterprising of our natives, that one of their number should have provided us with the first Printing Press established in India.

[Bombay Times, 4th December 1855.]

પેશુજી જીવણજી, ડાહ્યાભાઈ કાઉસજી, આ૦ નવરોજજી ફરામજી, આ૦ નશરવાંનજી કડવાજી, આ૦ જીવાજી શેરાબજી, બેહદીનો ખરશેદ કામદીન, ફરદુન ખરશેદ, ખરશેદ મીથુ, પેશી નાહના, લાલા શેઠ, તથા મનોરદાસ રેવજી જોગ નીચે મુજબ એક પંચાતનામું આજ દીને લખી આપ્યું:—

"જત એજે શવંત ૧૮૩૭ નાં ભાદરવામો રોજ ૧૧ માહ ૧૧ એ દીને દશતુર કાંમદીનજી ગુજરેઆ ભરૂચમો. પછે ગુજરાને દીન ૭ થાએઆ તેવારે એવી ખબર થાઈ જે દશતુર કાંમદીનજીનું રૂવાંન દુખમાંમાં નથી. તેથી શી ભરૂચમો કજીઓ ઉભો થાએઓ. તેથી પારશીઓમાં મારામાર ઘણી થાઈ. તેથી પારશી રૂશતમ નાંનલા તથા પારશી બહમંન લેરા એ બંધેને ટાંગીને મારતાં મરી ગીઆ તથા બીજા પારશી ૩ પેશી નાંહના, ખરશેદ કામદીન તથા ખરશેદ મીથુ એ તરંડેને પણ ઘણા મારેઆ. તે શરવે શોશતર ગહમીર પાસે ભરૂચમો ફરીઆદ થાએઆ તેથી લોકોને પકડવાં શીપાહીઓ છુટા. પછે વેલાતી રોજ માહાવાલા શ્રી મુંબાઈ મધે મોટી શેશન કોરટમાં ફરીઆદ થાએઆ તેથી શેશન કોરટથી ભરૂચના પારશીઓને મુંબાઈ બોલાવેઆ ઈનસાફને વાસતે તેહમાં દશતુરનો ભાઈ તથા છોકરા ૩ તથા બીજા મારનારા પારશી તથા લુટનાર પારશી જુમલે જણુ ૩૪ તેહનો ઈનસાફ મુંબાઈ મધે કીધો. તે ઈનસાફમાં પારશી ૧ હોમાજી જમશેદને ફાંસી દીધી તથા બીજા પારસીઓને રૂ૧૬૦૦) દંડ કીધો, અને અદાલતમાં પારશી ૩ રહી ગયા હતા તેનાવીને જંદરેલ કોશલે બોલાવી મંગાવેઆ. તેમાં જમશેદ ફરેદુન, દોરાબજી ધના તથા બેહરાંમજી હીરા એવોને બોલાવી મંગાવેઆ ને બંદીખાંનાંમો રાખેઆ. પછે અમને અરજ કરી તેથી અમો જાંમીન થાઈ છોડવી લાવેઆ કાંએજે બંદીખાંનાંમાં આજારી હતા. અને તે બંદીખાંનાંમાંથી આવેઆ પછે હમોને કેહવા લાગા જે હવે એ કજીઓ તમો માંડીવાલો કાંએજે બોહો જાંણે વરી શો ઈનસાફ થાશે. તેથી અમોએ તે લોકોને સમજાવેઆ કે હવે તમો શેશન અદાલતમાં જતાના કાંએજે એ તરંડે પારશીઓનો છુટકો થાએ. જેવારે ઘણા સમજાવેઆ તેવારે અમારૂં કેહેઉં તમોએ કીધું અને કોરટ અદાલતમાં ફરીઆદી તમોએ કીધી નહી, અને પંચનું કેહેઉં કીધું તેથી અમો તમોને પંનચાતીનામું લખી આપેઉં છે. એ પારશી ૩ અમારાં મોડાં ઉપર કબુલ થાએઆછે જે તમો તમારા વેલાએતી રોજ માહ કરો. તેને હમો કાંઈ મુજાએમ થાહએ નહી. માટે હવેથી જે કાંઈ તમને શુજે તે તમો કરો તથા તેવણને શુજે તે તે કરે. એક બીજાને મુજાએમ થાએ નહી."[1]

આ પંચાતનામાં ઉપર નીચલા મુંબાઈની માહજનના ક્ષ્ઠીઆઓની શહીઓ છે:—

શા૦ વીઠલદાસ કેશવદાસ, શંકરશેઠ બાબુલશેઠ, મોદી ગીરધરદાસ હરીદાસ, શા૦ લાલભાઈ ગોવરધનદાસ, મોદી જમશેદજી બોગાભાઈ, દાવર નાનાભાઈ બેહરાંમજી બનાજી, માણેકજી લવજી વાડીઆ, બહમનજી લવજી વાડીઆ, દાદીભાઈ નોશરવાંનજી, દાદાભાઈ જમશેદજી ગામડીઆ, દોરાબજી ફરદુનજી લશકરી, બહમનજી ખરશેદજી, રતનજી માણેકજી બનાજી, મહમદ શફી, રૂસતમજી ભીખાજી, નવરોજજી નાનાભાઈ, કાવશજી રૂસતમજી પટેલ, બરજોરજી દોરાબજી દાદીબરજોરના, મનચેરજી જીવણજી રેડીમની.

---

નામીચો મુસાફર મી૦ જેમસ ફારબસ કે જેણે ઈ૦ સ૦ ૧૭૬૫ થી તે ૧૭૮૪ સુધી એશીઆ, આફ્રીકા, અને અમેરીકાના જુદા જુદા ભાગોમાં મુસાફરી કીધી હતી, તે પોતાનાં આએ વર્ષનાં લખાંણમાં સુરતના પારસીઓ માટે જણાવેછે કે:—

"થોડાં વર્ષ થયાં સુરતના સઉથી નાદર બાગ બગીચા હિંદુ અથવા મુસલમાંનોના હાથમાં નથી, પણ શેહર બાહિર ઘણીક જાગીરો સાથે તે પારસીઓના હાથમાં છે, કે જેઓ આગલ જણાવ્યા મુજબ એક મોટી અને ઉદયોગી કોમ છે. આએ ઈરાંનથી આવેલી કોમ હાલ અજાયબ રીતે વધી ગઈછે. હિંદુસ્થાંનના પારસીઓની પોતાના ધર્મના બચાવને સારૂં નાશી આવેલાં થોડાંક કુટુંબોમાંથી આટલી બધી સંખીઆ વધી ગઈ, તેવો દાખલો ઈસ્રાયલ લોકોના અજાયબ જેવા દાખલા સિવાય બીજો કોઈબી મોજુદ નથી. એક ચાલાક, જોરમંદ, શીઆણી, અને ખંતી કોમ તરીકે તેઓ પશ્ચિમ હિંદુસ્થાંનની કંપની સરકારની રૈયતનો એક ઉમદા ભાગ છે, જયાં તેઓને પનાહ મલેછે, એટલુંજ નહી, પણ તેઓને ઘણું માન અને ઉતેજન મલેછે. તેઓ જયાં વાસો કરેછે, ત્યાંની સરકાર અથવા પોલીસનાં કામની વચ્ચે કદી આવતા નથી, પણ ધીમે ધીમે અને ગુપચુપ દોલત અને તેથી મલતો બગવસીલો મેલવતા જાયછે. પારસી લોકો ફકત દોલત મેલવેછે, એટલુંજ નહી, પણ તેથી મલતાં દરેક પ્રકારનાં સુખ અને મોજ ભોગવેછે, જે તેઓના ઘર સંસારના કારભાર ઉપરથી, અને અકસર કરી મુંબાઈ તથા સુરતમાં પોતાના ઇંગ્રેજ મીત્રોને કેટલીક વખત જીઆફત આપેછે તેમાં યુરોપનોનાં સુખ અને રીતીની સાથે આ દેશના

---

[1] આ પંચાતનામાંની નકલ ભરૂચ મધે મરહુમ આ૦ ફરદુનજી બેદલજી વાંદરાના વારેસો પાસેથી અમોને મલીછે.

બાપકાનુંબી મેલવીને પરોણાગત કરેછે, તે ઉપરથી માલમ પડેછે."[૧]

## ઈ૦ સ૦ ૧૭૮૪.

તા૦ ૧૨ મી જાનેવારી.

વલસાડ મધે ચીનાઇની અગીઆરીની સામેનો ઈ૦ સ૦ ૧૬૫૭ માં બાંધેલો એક પુરાતમ કુવો ઘણી બીશમાર હાલતમાં હોવાથી તે શેઠ કુવરજી જમશેદજી દાદાએ ફરી નવેસરથી બંધાવી ધર્મ ખાતે મુકયો હતો.[૨]

## ઈ૦ સ૦ ૧૭૮૭.

તા૦ ૧૫ મી મારચ.

(શેઠ પેશતનજી બહમનજી વાડીઆને નામદાર ગવરનર બોડામે એક ઘોડાની ફાહટીન વાપડવાને પોતાની સહી સાથે આપેલો પરવાંનો આ પુસ્તકને અંકે ૯૮ મે છપાયલોછે.)[૩]

૧ Of late years, the most beautiful villas and gardens at Surat, at least those in the best condition, no longer appertain to the Moguls or Hindoos: but, with very considerable landed property in the outer city and adjoining districts, belong to the Parsees, a numerous and industrious tribe mentioned in a former chapter. These Persian emigrants are now wonderfully multiplied: excepting the extraordinary instance of the children of Israel, there is, perhaps, no record of so great an increase as among the Parsee tribe in India, sprung from the few families who emigrated thither for the preservation of religious liberty. Active, robust, prudent, and persevering, they now form a very valuable part of the company's subjects on the western shores of Hindostan, where they are not only protected, but highly esteemed and encouraged. They never interfere with the government or police of any country where they settle, but gradually and silently acquire money, and the influence usually depending on such an acquisition. The Parsees not only acquire wealth, but enjoy the comforts and luxuries naturally accompanying it; as is evident in their own domestic economy, and especially in the entertainments they sometimes make for their English friends at Bombay and Surat, where Asiatic splendour and hospitality are agreeably blended with European taste and comfort.

[Oriental Memoirs: By, James Forbes, vol. III. p. p. 411, 412.]

૨ એ કુવાપર નીચે મુજબ તખ્તી મારેલીછે:—

"એ કુઓ અશાલ કીકા હીરાનો બાંધેલો શવંત
"૧૭૧૩ નો તે ફરી શમારવીઓ. કુવરજી જમશેદજી
"દાદાએ શ૦ ૧૮૪૦ રો૦ ૨ મા૦ ૪."

૩ એજ પ્રમાણે એવણની ગારી બજારગેટના દરવાજામાંથી પસાર થવા દેવાને અતરેના ટાઉન મેજરે તા૦ ૧૦ મી મારચ ૧૭૯૧ ને દીને નીચલી પરવાનગી આપી હુતી:—

TO THE COMMANDING OFFICER
AT THE BUZAR GATE.

SIR,—Please to permit to pass and re-pass the bearer Pestonjee Bomanjee's carriage through your gate till further orders.

I am, Sir,
Your most obedient servent,
(Signed) J. BURROWS
*Actg. Town-Major.*

*Bombay*, 10th March 1791.

તા૦ ૧૭ મી મારચ.

સંવંત ૧૮૪૩ નાં ફાગણ વદ ૧૩.

આજ દીને અકલેસર મધે તમામ મોબેદો તથા બેહદીનોએ મલી એક લેખ કરી એવો બંદોબસ્ત કીધો હતો કે ગામમાં રવાંન થાય તેને બારણે તથા ઉઠમણે દરેક ઘર દીઠ એકકા આદમીએ જવું. એ લેખપર મોબેદ તથા બેહદીનો મલી ૫૭) શહીઓ છે.[૪]

તા૦ ૨૮ મી મેએ.

રોજ ૧૯ માહ ૮ (શે૦) ૧૧૫૬ યજદજરદી.

આજ દીને સુરતની પાસેનાં રાંદેર ગામમાં મુંબઈવાલા શેઠો શોરાબજી મનચેરજી રેડીમની, હીરજી જીવણજી રેડીમની, અને રૂસતમજી દાદાભાઈ નાદરશાહે મલી એક દોખમું બંધાવી પરઠાવ્યું હતું.[૫]

## ઈ૦ સ૦ ૧૭૮૮.

તા૦ ૬ ઠી જાનેવારી.

રોજ ૨૭ માહ ૩ (શે૦) ૧૧૫૭ યજદજરદી.

આજ દીને દવીહર ગામમાં મુંબઈવાલા શેઠ દોરાબજી ફરદુનજી લશકરીએ ૩૬ પાવીનું એક દોખમું બંધાવી પરઠાવ્યું હતું.[૬]

માનશીયો એમ. ડી. પેસ્ટોરેટ નામના ફ્રેંચ વિદ્વાને જરથોસ્ત, કનફ્યુશીયસ, અને મહમદ પેગંબરોની ગાતી, ધારા બાંધનારા, અને નીતિ શીખવનારા તરીકે સરખાંમની; તેમજ તેઓનાં ધર્મનાં મુળતત્વો, કાએદા, અને

૪ એ લેખની એક નકલ અકલેસરવાલા એ૦ ખરશેદજી દીનશાહએ અમોને મેલવી આપીછે.

૫ એ દોખમાંનો તાંણો પુરવાની ક્રિઆ તા૦ ૫ મી આપરેલ ૧૭૮૫ (રોજ ૨૬ માહ ૬ (શે૦) ૧૧૫૪ યજદજરદી) ને દીને થઇ હતી, અને તે આ૦ રતનજી રૂસતમજી દાદી તથા આ૦ શોરાબજી બહમનજીએ કીધી હતી, અને ઇજવાની ક્રિઆ આ૦ રૂસતમજી દાદી તથા આ૦ હીરજી આદરજીએ કીધી હતી. એ દોખમું પરઠવા તથા તેનો તાંણો પુરવાને લગતી નોંધ સુરતવાલા મરહુમ એ૦ શાપુરજી પાલણજી ઊમરીગરને હાથની લખેલી એક ઘણી જુની ચોપડી જે મુંબઇ મધે એ૦ નશરવાંનજી કાવશજી ઊમરીગર (જોશી) પાસેછે તે ઊપરથી મલીછે.

૬ એ દોખમું ઇજવાને ઊદવારેથી ૬ મોબેદો ગયા હતા, તથા તે બંધાવવાનું ઊપરીપણું "પારશી હીરજી જેલી જીવણજી અફુઆર નાનપરાના" એ કીધું હતું.

નીતિના થોડાક સારનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[૧]

## ઈ૦ સ૦ ૧૭૮૯.

જરમનીવાલા ડાકટર ફ્રેડરીક એકારડ નામના એક વિદ્વાને પેગાંમબર જરથોસ્તને હોરમજદે આપેલા જીવતા કલાંમો એટલે જંદ અવસ્તા વિષે એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.[૨]

## ઈ૦ સ૦ ૧૭૯૧.

### તા૦ ૧૯ મી ફેબરવારી.

આજ દીને મુંબઈના પારસીઓની શમશત અંજુમન કોટ મધેની મરહુમ બનાજી લીમજીની દરેમેહરમાં મલી હતી. તે વેળાએ સર્વે પંથકીઓ તથા બરશનુમ વાપડનારા મોબેદો પણ હાજર હતા. મુંબઈ મધે નીરંગદીન કરવા માટે અતરેની પંચાતવાલાઓએ નવસારીની અંજુમન જોગ કાગજ લખ્યો હતો તેનો આવેલો જવાબ વાંચી સંભલાવ્યો, જેમાં નવસારીવાલાઓએ મુંબઈના મોબેદો ઉપર અતરે નીરંગદીન કરવા માટે પોતાની મંજુરીઆત મોકલી હતી. એ પછી મોબેદોને બરશનુમ આપી અતરે નીરંગદીનની ક્રિઆ કરવાને સર્વે મોબેદોએ કબુલ કીધું હતું.

બીજું એવું ઠેરવ્યું હતું કે કોઈબી ધણીએ પોતાની જીવતી ઓરત છતાં બીજી ઓરત કરવી નહિ. અગર એ રીતે કોઈ પોતાની મોહરદારને મુકી બીજી ઓરત વગર વકે અથવા વગર અનીઆએ કરે તો તે પંચાતથી બાતલ અને પંચાતનો ગુનેહગાર તથા નેઆત બાહેર છે. જો કદાચને કોઈને પોતાની મોહરદાર અથવા નાતરાંની ઓરતને પેટે ફરજંદ નહિ આવતું હશે અથવા ઓરતનાં બદફેલ હશે અથવા બીજું કાંઈ મરદને નાંપુશી હશે તો તેવી વાત જો પંચાતને જાહેર કરશે ને પંચાત મલીને તે વાતની તજવીજ કરી જો રજા બીજી ઓરત કયા મરદ કરવાની આપવી ઘટશે તો આપશે.[૩]

આ અંજુમનની સભાનાં કામકાજની જબલી નોધમી હેઠલ નીચલા આગેવાનોની શહીઓછે:—

શેઠો જમશેદજી બોમાનજી મોદી, ફરાંમજી નાનાંભાઈ દાવર, શોરાબજી નાનાભાઈ શેઠના, દાદીભાઈ નોશરવાંનજી, શોરાબજી મનચેરજી રેડીમની, કાવશજી રુસતમજી પટેલ, પેશતનજી બહમનજી વાડીઆ, માણેકજી દોરાબજી સરાફ, દોરાબજી ફરદુનજી બશકરી, રતનજી માણેકજી બનાજી, મનચેરજી બેહરાંમજી બનાજી, કુવરજી માણેકજી બનાજી, કુવરજી કાવશજી, મુલ્લાં ફીરોજ બીન મુલ્લાં કાઉશ, જીજીભાઈ નરશંગજી, કુકાજી રુસતમજી, મોટાભાઈ મનચેરજી, માણેકજી મનચેરજી ગથીઆર, જામાસપજી મનજી પટેલ, કુવરજી રતનજી જશાંવાલા, શાપુરજી કાવશજી વાડીઆ, ફરાંમજી નશરવાંનજી બાટલીવાલા, રુસતમજી માણેકજી વાડીઆ.

### તા૦ ૨૨ મી આપરેલ.

આજ દીને મુંબઈના પારસીઓની શમશત અંજુમન કોટ મધે શેઠ દાદીભાઈ નોશરવાંનજીની પેહડી ઉપર મલી હતી. તે વેળાએ સર્વે મોબેદો તથા બેહદીનો હાજર થયા હતા, અને મુંબઈ મધે વરશીઓ તથા નીરંગદીન કરવાને ઠેરવ્યું, જે ઉપર મોબેદો સર્વે રાજી થયા, અને એકકી જોર વરશીઓ તથા નીરંગદીન કરવા ઠેરવી તેની વીગત:—

નીરંગદીન કરવા—આ૦ જમશેદજી બરશેદજી વાછા અને આ૦ ફરાંમજી રુસતમજી રાંનજી.

વરશીઓ કરવા—આ૦ માણેકજી શોરાબજી પાવરી અને આ૦ જમશેદજી રુસતમજી દાબુ.

એની વીગતે નીરંગદીન શેઠ બહમનજી નવરોજજી વાડીઆ તથા વરશીઓ શેઠ દાદાભાઈ નૂશરવાંનજી (મોદી) ને નામનો કરવાને ઠેરવ્યું હતું.[૪]

### તા૦ ૩૦ મી જુલાઈ.

**મરણ**—દસ્તુર રુસતમજી બેહરાંમજી સંજાણા—(એવણનું મરણ સને ૭૪ મે તેમજ એવણના ભત્રીજા દસ્તુર શાપુરજી માણેકજી સંજાણાનું મરણ સને ૧૦૧ મે છપાયલું છે તેમાં નવસારીનાં આતશબેહરાંમ પરઠવાને લગતી ક્રિઆ કરવામાં એવોએ મદદ કીધી હતી કરી જે લખ્યું છે તેની કસી શાહદત અમો આપી શકતા નથી. છેલ્લા દસ્તુર સાહેબ શુરતના રેહવાસી છતાં તેવણે એ આતશ-

૧ "Zoroastre, Confucius et Mahomet. Compares comme Sectares, Legislateurs et moralistes; avac le Tableau de lears Dogmes, de lears Lois & de leur Morale. par, M. De Pastoret. Paris, 1788."

૨ "Ormuzd's lebendiges Wort an Zoroaster oder Zend Avesta, von, Friedarich Simon Eckard. Greifswald, 1789."

૩ આ નોધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની ઈ૦ સ૦ ૧૭૯૧ થી તે ૧૮૧૨ સુધીની એક અસલ પોથી જે મરહુમ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેમાં સરવે શહીઓ સાથે કીધેલીછે.

૪ આ નોધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની ઈ૦ સ૦ ૧૭૯૧ થી તે ૧૮૧૨ સુધીની એક અસલ પોથી જે મરહુમ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેમાં કરેલી છે.

બેહરામ પરડવાને લગતી હકીકતોનો ફારસી બેતોમાં અહેવાલ લખ્યોછે, તે ઉપરથી કદાચ ધારી શકાય કે તેની કિઆમાં તેવણે કાંઈ ભાગ લીધો હોય, તો જો કે ઉપલા અહેવાલમાં તેવણે પોતાનું તથા પોતાના કાકાનું નામ એ કીઆના સંબંધમાં બીલકુલ લખેલું નથી.)

તા૦ ૧૯ મી નવેમબર.

આજ દીને મુંબઈના પારસીઓની શમશત અંજુમન કોટ મધે શેઠ દાદીભાઈ નોશરવાંનજીનાં ઘર મધે મલી હતી. તે વેળાએ નીચલા બે ઠેરાવો પસાર કરયા હતા:—

૧—જે આથાભીને ઘર લગન થાયછે ને ગામનાં જમણ કરેછે તેવાર પંચાતને રૂ૫) આપેછે પણ આજ દીને એમ ઠેરાવ ઠેરવોછે જે આજ દીન પછી રૂ૧૧) પંચાતને આપે શહી.

૨—બીજું એજે ઘાહંબાર તથા બાજની ગામનાં જમણ કરેછે તે અમલમાં રૂ૨) આપતા હતા પણ આજ દીને ઠેરાવ ઠેરવોછે જે રૂ૫) આજદીન પછી પંચાતને આપે શહી.[1]

ડાકટર ટી. સી. ટાઈશન નામંના જરમેન વિદ્વાને આએ વર્ષમાં જરથોસ્તી ધર્મ વિષેનું એક પુસ્તક લાટીન ભાષામાં છપાવી પ્રગટ કીધું હતું.[2]

## ઈ૦ સ૦ ૧૭૯૨.

તા૦ ૧ લી ફેબરવારી.

આજ દીને મુંબઈની પારસી પંચાતના ચોગલાઓ શેઠ શોરાબજી મનચેરજી રેડીમનીની વખારમાં બેઠા હતા. ત્યાં શેઠ ખરશેદજી માણેકજી સરાફને પંચાતના બંદોબસ્ત મુજબ લખીતું લઈને બીજી ઓરત કરવાની રજા આપી હતી. તો જો કે તેવણે પોતાની મોહરદાર ઓરતને ઘરમાં રાખી હતી, પણ કદાચને તેની સાથે ફરીથી બે બનાવ થાય તો ઉપલાં લખીઆં પરમાણે તેણીને આપે એવો બંદોબસત કીધો હતો. એ રજા આપયા પછી તેવણુના સસરા શેઠ બરજોરજી દાદાભાઈ દારૂખાનાંવાલાએ મી૦ ડાનીઅલ કરાફટ ઉપર એક અરજી કીધી હતી કે "પારશીની પંચાત મલીને એ ખરશેદજી નવું બઈરું કરેછે તે તપાશે કાંએજે પંચાતના શરેશતા તથા રાહા મુજબ કરતા નથી." આ ઉપરથી એજ દીને પાછા સરવે અકાબરોએ મલી એ બાબે ફરીથી તપાશ કરી, અને જે કાંઈ આગલ એ બાબત રજા આપી હતી તે શહી રાખીને તે પ્રમાણે મી૦ ડાનીઅલ કરાફટને રીપોરટ કીધો.[3]

તા૦ ૧ લી સપટેમબર.

રોજ ૨૭ માહ ૧૨ (ક૦) ૧૧૬૧ યજદજરદી.

**મરણ**—બેહરામજી નશરવાંનજી (નશલી) દાવર.[4]—ઉમર વર્ષ (૦) શેઠ નશરવાંનજી (નશલી) બચાજી દાવરના

---

૧ આ નોંધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની ઈ૦ સ૦ ૧૭૫૧ થીતે ૧૮૧૨ સુધીની એક અસલ પોથી જે મરહુમ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેમાં કરેલીછે.

૨ "De Religionvm Zoroastricarvm apvd exteras gentes vestigha. Thom. Chr. Tychsen 1791."

૩ આ નોંધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની ઈ૦ સ૦ ૧૭૫૧ થીતે ૧૮૧૨ સુધીની એક અસલ પોથી જે મરહુમ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેમાં કરેલીછે.

૪ એવણના બાવા શેઠ નશરવાંનજી (નશલી) બચાજી દાવર મરહુમ શેઠ લવજી નશરવાંનજી વાડીઆના શાલા હોવાથી મુંબઈ આવી તેમના હાથ હેઠલ ગોદીમાં રહ્યા હતા. તેવણ ધર્મ પર ઘણા ચૂસ્ત હોવાથી દાવરની અટકથી ઓળખાવા લાગ્યા. તેવણનાં જીવીબાઈ નામે એક દીકરી તે શેઠ માણેકજી બહમનજી કલશાતીનાં ધણીઆંની આપણા લોકોમાં આજસુધી "નશલીની જીવી" નાં નામથી પોતાના પ્રખ્યાત મલમને લીધે પંકાયલાં છે. એ બાઈ તે વખતે ઓરતોનાં દરદો સારાં કરી જાણતાં હતાં, તથા હર કોઈબી જાતના જખમ રૂઝ આવે એવો એક જાતનો મલમ બનાવતાં હતાં, કે જે આજ સુધી નશલીની જીવીના મલમને નામે આપણા લોકોમાં વપડાયછે. એ જીવીબાઈના એક દીકરા શેઠ બેજનજી માણેકજી "તુરકી" ની અટકથી ઓળખાતા હતા, અને બીજા શેઠ નશરવાંનજી (શેઠ બરજોરજી નશરવાંનજી આરદર વકીલવાલાના બાવા) ગોદીમાં જતા હતા. જીવીબાઈની ત્રણ દીકરીઓ બાઈ ખરશેદબાઈ (શેઠ હોરમજજી બેહરાંમજી નશલી દાવરનાં ધણીઆંની), બાઈ ભીખાઈજી (શેઠ નવરોજજી બેહરાંમજી નશલી દાવરનાં ધણીઆંની), અને બાઈ આવાંબાઈ (શેઠ ફરાંમજી આશાજી વઈદનાં ધણીઆંની) પણ પોતાની માની માફક બઈરાંઓને લગતું હકીમું તેમજ ઊપલો મલમ વગેરે દવાઓ બનાવી જાણતાં હતાં. એ રીતે આશા વઈદ અને નશલીની જીવી એ બંધે અસલનાં વખતનાં તબીબો વનવેહવાઈનો સંબંધ ધરાવતાં હતાં. મજકુર શેઠ બેહરાંમજી નશલી દાવરના ત્રણ દીકરા હતા, જેમાંના વડા શેઠ હોરમજજી મુંબઈ મધે મેહતાગીરી કરવાથી "મેહતા" ની અટકથી ઓળખાતા હતા, બીજા શેઠ નવરોજજી (શેઠો ફરાંમજી અને પેશતનજી નવરોજજી દાવરના બાવા) ચીનનો રોજગાર કરતા હતા અને ત્યાંની ૨૧) સફરો કીધી હતી, અને નાહલા શેઠ પેશતનજી (અસવારી) નાગપોર મધે રોજગાર કરતા હતા અને ત્યાંજ મરણ પામ્યા હતા. વળી એવણના (શેઠ બેહરાંમજીનાં) એક જમાઈ શેઠ બરજોરજી બેહરાંમજી કુકની કલીઆંણીની તંકસાલમાં હતા, અને તેમના એક દીકરા શેઠ બેજનજી બરજોરજી કુકની (સરાફ) મુંબઈ આવી પ્રથમમાં બ્યાપાર અને તે પછી સરાફનો ધંધો કરતા હતા.

દીકરા. એવણુ પ્રથમમાં મુંબઈ અવી પોતાના મામા મરહુમ શેઠ લવજી વાડીઆના હાથ હેઠલ ગોદીમાં અને તે બાદ ગામઠી દારૂ તથા વીલાયતી અશબાબનો રોજગાર ચલાવતા હતા.

---

તા૦ ૨૮ મી અકટોબર.

આજ દીને મુંબઈના પારસીઓની શમશત અંજુમન મરહુમ શેઠ લવજી નશરવાંનજી વાડીઆનાં ઘરમાં મલી હતી. તે વેળાએ એક પારસી કલફાતીએ આવી પોતાની ઓરતનાં બદફેલની ફરીઆદ કરી તથા જણાવ્યું કે આગલ પંચાતે તેણીને મારે ઘેર મોકલી હતી, પણ ત્યાં તે એબલાસથી ચાલી નહી અને જતી રહી. આથી પંચાતે તે પારસીને બીજી ઓરત કરવાની રજા આપી તથા પેહલી ઓરત વીશે ઠેડાવ કીધો જે તેનું માથું બોડાવી ઉપલા ધણીએ પોતાને ઘેર રાખવી, પણ જો તે નહી રહેતો પંચાતને જાહેર કરવું પછી જે સારો મારગ સુજે તે પંચાત કરશે.

વળી એક પારસી સરકારી ઓધેદારે પોતાના છોકરાનું કારજ બાંજવા માટે મી૦ વીલ્યમ લુઈસને એક અરજી કીધી હતી, તે અરજી ઉપલા અમલદારે પંચાત ઉપર તેનો ફેંસલો કરવાને મોકલી આપયાથી તે વીશે આજની અંજુમને સરવે વાતની ખબર તે ઓરત તથા મરદની તરફનાં સગાથી કાઢી, તે ઉપરથી માલુમ પડઉં જે તે ઓરતનો અનેઆએ થાએઓ અને તેણીએ સારાં કામ નહી કરેઆં, તેથી શમશત અંજુમને ઉપલા પારસીને પોતાના છોકરાને નવું ઘર કરવાની રજા આપી, અને ઉપલી તેની પેહલી બાયડીને પણ પોતાને ઘર લઈ જવાનો હોકમ કીધો, તથા જો તેણીને સાસરાં ઘરમાં નહી બનેતો તેણીને ખાવા તથા પેહરવાનો ખરચ પંચાતના સરેશતા પ્રમાણે આપવો.[૧]

આ અંજુમનની સભાનાં કામકાજની લખેલી નોધની હેઠલ નીચલા આગેવાનોની શહીઓછે:—

શેઠો જમશેદજી બોધાભાઈ મોદી, દાવર નાનાભાઈ બેહરાંમજી બનાજીની વતી બેહરાંમજી નાનાભાઈ, માણેકજી લવજી વાડીઆની વતી ફરાંમજી માણેકજી, શોરાબજી નાનાભાઈ શેઠના, મુલ્લાં ફીરોજ બીન મુલ્લાં કાઉશ, કાવશજી માણેકજી શાએર, ધનજી હોમાજી પટેલ, બરજોરજી રતનજી (ઇદિપેનસરના), કુવરજી રૂસતમજી, માણેકજી રતનજી મજાઈની વતી બેહરાંમજી, મોટાભાઈ મનચેરજી, એદલજી જમશેદજી, ખરશેદજી ભીમજી (કેરાંવાલા),

૧ આ નોધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની ઈ૦ સ૦ ૧૭૯૧ થી તે ૧૮૧૨ સુધીની એક અસલ પોથી જે મરહુમ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેમાં સરવે શહીઓ સાથે કીધેલીછે.

દોરાબજી ફરદુનજી લશકરીની વતી એદલજી દોરાબજી, મનચેરજી બેહરાંમજી બનાજી, બહમનજી ધનજી, બહમનજી લવજી વાડીઆની વતી પેશતનજી બહમનજી, દાદીભાઈ નોશરવાંનજી, કાવશજી રૂસતમજી પટેલ, જમાસપજી મંનજી પટેલ, માણેકજી મનચેરજી (રાંણીના), રતનજી હોશંગજી ગજબર, માણેકજી દોરાબજી સરાફ, આ૦ હોરમજજી કોણીદાર, આ૦ માણેકજી નશરવાંનજી પંથકી, આ૦ દોરાબજી ફરાંમજી, આ૦ કાવશજી બચાજી.

---

તા૦ ૨૦ મી ડીસેમબર.

આજ દીને મુંબઈના પારસીઓની શમશત અંજુમન મરહુમ શેઠ બનાજી લીમજીની દરેમેહરમાં મલી હતી. તે વેળાએ એક પારસી પોતાની જીવતી ઓરત છતાં પંચાતની રજા વગર બરખુદીથી ગઈ પરમ દીને પેશાડ જઈ બીજી ઓરત કરી આવ્યો તેને શમશત અંજુમનમાં તેડાવી સરવે વાતની તજવીજ કરીઆથી માલમ પડયું જે દાંણા પાડવાને મોબેદ ૧ નોશરવાંન તેમુલ નામે એબલો દાંણા પાડી આયો તથા આપણી દીન માફક ઘટારત કાંઈ થયું નહી. તેથી શમશત અંજુમને આજ દીને ઠેડાવ ઠેરવો કે એ પારસી જે નવી ઓરત કરી લાવેઓ તે આપણા દીન ધરમથી ઉલટી, તેમજ તા૦ ૧૯ મી ફેબરવારી ૧૭૯૧ ની તેરીખના પંચાતે કરેલા બંદોબસ્તો તોડીને કરી લાવેઓછે, તેથી તે ઓરતનું કારજ બાંજે ને તે ઓરત પોતાને ઘર જાઈ બેશે, અને હવે પછી એ ઓરત તથા એ મરદ સાથે લેવા દેવા નહી. વળી એમ પણ ઠેરવ્યું જે એ ઓરત તથા મરદ તથા બીજી જે ઓરતો એની સાથે પેશાડ ગઈ હતીઓ તેઓએ આવતી કાલ દીને નાહન નાહવું, તથા ઉપલી ઓરત જેનું કારજ બાંજીઉં તેને હાથનાં ચીતર આજને આઠ પંચાતનાં આદમીઓએ જઈ બાંજી આવવાં.[૨]

આ અંજુમનની સભાનાં કામકાજની લખેલી નોધની હેઠલ નીચલા આગેવાનોની શહીઓછે:—

શેઠો ફરાંમજી નાનાભાઈ દાવર, ફરાંમજી માણેકજી વાડીઆ, દાદીભાઈ નોશરવાંનજી, જમશેદજી બહમનજી વાડીઆની વતી પેશતનજી બહમનજી વાડીઆ, કાવશજી રૂસતમજી પટેલ, મનચેરજી બેહરાંમજી બનાજી, રતનજી માણેકજી બનાજી, માણેકજી બેહરાંમજી જરાબા, ખરશેદજી ભીમજી કેરાંવાલા, આ૦ કાવશજી બચાજી, મેહરવાંનજી જીજીભાઈ (મુગાના), માણેકજી મનચેરજી (રાંણીના),

૨ આ નોધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની ઈ૦ સ૦ ૧૭૯૧ થી તે ૧૮૧૨ સુધીની એક અસલ પોથી જે મરહુમ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેમાં સરવે શહીઓ સાથે કીધેલીછે.

આ૦ બાપુજી ફરામજી પંથકી, આ૦ માણેકજી નશરવાંનજી પંથકી, આ૦ હોરમજજી કોટવાલ, આ૦ દાદાભાઈ જમશેદજી, કુવરજી ભીખાજી, માણેકજી દાદાભાઈ કોટબાહારના, દાદી માણેકજી, ધનજી હોમાજી પટેલ, રતનજી હોશંગજી ગજધર, જીજીભાઈ નરશંગજી, બેહરામજી શાપુરજી તીણી, કુકાજી રૂસતમજી ભરૂચા, જમશેદજી બેહરામજી પસતાકીઆ, દાદાભાઈ માણેકજી, જીવણજી જામાસપજી પટેલ, મોટાભાઈ મનચેરજી, રતનજી શોરાબજી પટેલની વતી રૂસતમજી, જમશેદજી ફકીરજી, કાવશજી જીજીભાઈ ઘડીઆલી, હોમજી દાદાભાઈ વસાઈગરા, ભીખાજી કેરશાસપજી.

---

## ઈ૦ સ૦ ૧૭૯૩.

તા૦ ૧૨ મી જુલાઈ.

આજ દીને મુંબઈના પારસીઓની શમશત અંજુમન મરહુમ શેઠ બનાજી લીમજીની દરેમેહરમાં મલી હતી. તે વેળાએ ફરામજી કુવરજી નામના દારૂની દુકાંન રાખનાર એક પારસીએ મુંબઈના નામદાર ગવરનરની કૌનસીલને એક અરજી કીધી હતી કે શેઠ પેશતનજી બહમનજી વાડીઆએ એખલાએ પંચાતની રજા વગર તેને તથા તેનાં સાસરીઆં ઘરને નેઆતબાહેર મેલી મોબેદ પાસે સર્વે ઠેકાંણે હોકમ મોકલીઓ કે તેની દારૂની દુકાંનમાંથી કોઇ પારસીએ દારૂ ખરીદવો નહી. તે લખેછે કે એ રીતે બીજા ઘણા પારસીઓએ બાયડીપર બાયડી કીધીછે તેમને નહી અને અમારાં કામમાં શા માટે હરખત નાખવામાં આવેછે. એ અરજી નામદાર ગવરનરની કૌનસીલે પોતાની મીનીટ સાથે પંચાત ઉપર બોલાસાને માટે મોકલી હતી. તે સર્વે આજ દીને શમશત અંજુમનમાં વાંચી સંભળાવી, તથા બેહુ તરફના શાહેદી ગોવાહી લઈ ઠેડાવ ઠેડવ્યો જે ઉપલા પારસી ફરામજી કુવરજીને શેઠ પેશતનજી વાડીઆએ નેઆતબાહેર મેલેઓ તે કુલ અંજુમનના કહાથી અને પંચાતના ઠેડવ્યાથી મેલેઓછે, તેવણે એખલાએ કસું કીધું નથી; તેમજ તેની દારૂની દુકાંનમાંથી કોઇ પારસીએ દારૂ નહી ખરીદવાનો હોકમ મોકલયો તે પણ કુલ અંજુમન તથા પંચાતના હોકમથી અને પંચાતનાં માણસ પાસેજ મોકલયોછે, તેવણનો એખલાનો હોકમ નથી. કાંએજે જે ધણી નેઆતબાહેર થાએઓ તેને હાથનું કસું પારસી લોકોને ખપે નહી.—બીજું, કેટલાક પારસીઓએ બે બાયડી કરીછે તે કારણસર અને કુલ અંજુમનની રજા લઈ કરીછે. વળી તેવાર પછી અમારી અંજુમને બેશી તા૦ ૧૯ મી ફેબરવારી ૧૭૯૧ ને દીને બંદોબસત કર્યાછે તે પ્રમાણે એ પારસી ચાલશે નહી, અને અંજુમનની રજા લીધા વગર એ કામ પોતાની આપખુદી તથા બરજાતીથી કર્યુંછે, તેથી એ પારસીને અમોએ નેઆતબાહેર કુલ અંજુમને કાઢેઓછે, વાસતે કજા રજાએ તથા હરએક વખતે હમેશાં એ અમારી પારસીની જાતથી દુરછે, તથા દખમાં તથા આદરીઆંન તથા સાથે જમવા તથા કશબાશદથી એ ધણી તથા એનાં સાસરાંનું ઘર તથા એનાં ઘરમાંનો કબીલો જે અગાઉ અમોએ નેઆતબાહેર કાઢયોછે તે કુલ આશાંમી પંચાતથી દુર છે, તે કાંહાં સુધી જે અમારા કુલ અંજુમનના બંદોબસત પ્રમાણે તથા અંજુમનના હોકમ પ્રમાણે કરે તાંહાં સુધી.[1]

આ અંજુમનની સભાનાં કામકાજની લખેલી નોંધની હેઠલ નીચલા પારસીઓની શહીઓછે:—

શેઠો જમશેદજી બોમાભાઈ મોદી, ફરામજી નાનાભાઈ દાવર, ફરામજી માણેકજી વાડીઆ, દાદીભાઇ નોશરવાંનજી, હીરજી જીવણજી રેડીમની, શોરાબજી મનચેરજી રેડીમની, રૂસતમજી શાપુરજી શેઠના, શોરાબજી નાનાભાઇ શેઠના, આ૦ દોરાબજી ફરામજી, મુલાં ફીરૂજ બીન મુલાં કાઉશ, આ૦ કાવશજી બચાજી, દોરાબજી ફરદુનજી લશકરી, કાવશજી રૂસતમજી પટેલ, માંણેકજી દોરાબજી સરાફ, બરજોરજી રતનજી ઇસીશરના, આ૦ માણેકજી નશરવાંનજી પંથકી, આ૦ હોરમજજી કોટવાલ, આ૦ નવરોજજી બચાજી, રતનજી માણેકજી બનાજી, આ૦ બાપુજી ફરામજી પંથકી, ફરામજી જમશેદજી નાના ચાંદજીના, આ૦ શોરાબજી હોરમજજી રાંનજી, માણેકજી મનચેરજી ગઠીઆ, ખરશેદજી ભીમજી પસતાકીઆ, કુવરજી ભીખાજી કલવેકર, માણેકજી લાલા, જામાસપજી મંનજી પટેલ, મોટાભાઇ મનચેરજી, એદલજી બેહરામજી મોદી, આ૦ દાદાભાઇ જમશેદજી, કુવરજી રતનજી જશાંવાલા, ફરામજી નશરવાંનજી બાટલીવાલા, નાહનજી નશરવાંનજી, ધનજી બેહરામજી, શોરાબજી એદલજી ભાતગરા, ધનજી હોમજી પટેલ, ડોશાભાઇ કુવરજી બનાજી, પેશતનજી કાવશજી નાલીએરવાલા, લીમજી ભીખાજી પાંડે, બેહરામજી જમશેદજી ગામડીઆ, ફરામજી હતાજી, બેજનજી માણેકજી કાપરા, ભીખાજી મેહરજી, બેહરામજી મોટાભાઈ, જીવાજી ધનજી ઢાંડી, પેશતનજી પોંહચાજી, બહમનજી કુવરજી, હોરમજજી મોટાભાઇ, નાશાભાઇ બહમનજીની વતી દા૦ હોરમજજી, માકુજી નવરોજજી મોદી, બરજોરજી દોરાબજી દાદીબરજોરનાં, દાદાભાઈ કાવશજી શાએર, દોરાબજી બેહરામજી રાંડેલીઆ, એદલજી

---

[1] આ નોંધ મુંબઇની આગલી પારસી પંચાંતના કારોબારની ઈ૦ સ૦ ૧૭૪૧ થીતે ૧૮૧૨ સુધીની એક અસલ પોથી જે મરહુમ શેઠ દાદાભાઇ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેમાં સરવે શહીઓ સાથે લીધેલીછે.

બરજોરજી પટેલ, ફરામજી પાલણજી (ફલા પાલણ), હીરજી નવરોજજી હીરામાણેકના, બેહરામજી વીરા પસતાકીઆ, લુલાજી જીજાજી કેલાંવાલા, જમશેદજી બેહરામજી પસતાકીઆ, મનચેરજી રતનજી પસતાકીઆ, ભીખાજી રૂસતમજી પારખ, જમશેદજી બહમનજી મેહતર, માણેકજી દાદાભાઇ ભગવાગર, રતનજી મની કરાઈ, એદલ અદુ કરાઈ, નાનાભાઇ શોરાબજી બોટા, દોલી શેકડા, દોરાબજી દાદાબચાનાં, હોમજી બેહરામજી વાડીઆ, નવરોજજી કાવશજી કેરાંવાલા, કાવશજી મેહરજી, માણેકજી દાદાજી ગાંધી, જીવણજી રતનજી દુકાનદાર, બેહરામજી કાવશજી દુકાનદાર, બહમનજી ભાઇજી, હોરમજજી એદલજી કામાજી, શોરાબજી બહમનજી મેહતા, ફરદુનજી જમશેદજી નવાબ, હોરમજજી કુવરજી મોદી, હીરજી ધનજી કોપર, રૂસતમજી નથુભાઇ, જમશેદજી માણેકજી રાંનજી, એદલજી બહમનજી (એદલકાકા), ફરામજી સંતોકજી, હીરજી રતનજી જશાંવાલા, પેશતનજી કડવાજી, કાવશજી ધનજીભાઈ પસતાકીઆ, કાવશજી જીજાજી, નવરોજજી ખરશેદજી મેહતર, જીજીભાઇ નરશંગજી, હોરમજજી દોરાબજી કોપર, માણેકજી વીરાજી, નવલ કાવશ, બેહરામજી નાનાભાઇ બનાજી, નવરોજજી રૂસતમજી સરાફ (નવલાઇ શેખજી), કાવશજી હીરજીભાઇ તાસકર, રૂસતમજી ભીખાજી પટેલ, રતુ દાદી ચપાતનો, રૂસતમજી રતનજી એદલજી, નરશંગજી કાવશજી, દાદાભાઇ રૂસતમજી ખંભાતા, હીરજીભાઈ જમશેદજી ચુડીગર, બેહરામજી ફકીરાજી, બેહરામજી શાપુરજી તીણી, નશરવાંનજી ફરામજી હાએવાએ, નાનાભાઇ કાવશજી મોદી, તેહમુલજી દાદીભાઇ, નશરવાંનજી જમુજી, રૂશતમજી ખરશેદજી જંગલીના, શાપુરજી ભીખાજી કોપર, એદલજી રૂસતમજી પારખ, જીજીભાઇ કોલાજી પટકાવાલા, માણેકજી શોરાબજી મુકાદંમ, મોટાભાઇ રૂસતમજી મુકાદંમ, રૂસતમજી નવરોજજી કેરાંવાલા, રતનજી બહમનજી ભાજીવાલા, આ૦ માણેકજી બેહરામજી દારૂ, આ૦ કાવશજી જમશેદજી રાંનજી, આ૦ માણેકજી શુખાજી, આ૦ કાવશજી હોરમજજી અરજાંણી, આ૦ ભીખાજી બેહરામજી જોશી, આ૦ રૂસતમજી માણેકજી પાવરી, એદલજી જીજીભાઈવાછા, આ૦ દારાબજી શાપુરજી વાછા, હીર વાડીઆ રતનજી, આ૦ માણેકજી નવરોજજી પાવરી, આ૦ ફરામજી બરજોરજી લેશંગ, આ૦ શાપુરજી રૂસતમજી મુલ્લાં, આ૦ રૂસતમજી બહમનજી કાંગા, આ૦ બેહરામજી નવરોજજી કાતરક, આ૦ હોરમજજી ફરામજી હોજદાર, આ૦ ભીખાજી દારાબજી મુલ્લાં, આ૦ નશરવાંનજી મેહરનોશજી પાવરી, આ૦ જમશેદજી ખરશેદજી વાછા, આ૦ એદલજી નવરોજજી આંતીઆ, દાદી રાણા સુથાર, બેહરામજી નશરવાંનજી તારીવાલા, દાદાભાઇ જીજીભાઈ જીલીમોરીઆ, ફરદુનજી જોગી, કાંનજી ધનજી, કાવશજી મનચેરજી કપોક, કાવશજી એદલજીભાટગરા, આ૦ શોરાબજી હોરમજજી મસાંની, કાવશજી હીરજી ગાંધી, પેશતનજી ખરશેદજી ભણશાલી, એદલજી માણેકજી વઇદ વગેરે.

---

મલબાર કોસ્તા તરફ તાલચરીથી ૪) મૈલ દુર એક ટેકડી ઉપર પારસીઓનાં રવાનોને ભુમીદા કરવાને કુરગવાલા શેઠ હીરજી માણેકજી ખરાસે[1] આએ વર્ષમાં એક ગરકો બંધાવ્યો હતો. એ ટેકડી હજુસુધી "પારસી કુબ" ને નામે ઓળખાએછે.[2]

---

૧ આ શેઠ હીરજી માણેકજી ખરાસ "હીરજી શેઠ" ને નામે આગલા વખતમાં આખા મલબાર કોસ્તા ભણી ઘણા જાણીતા હતા. તેવણ પ્રથમ ઈ૦ સ૦ ૧૭૯૧ માં ટીપુ સુલતાંનની લડાઇ પછી તાલચરી ખાતે વ્યાપાર કરવાને ગયા હતા, અને તેવણ તથા શેઠ દારાશાહ ખરશેદજી તાલચરીવાલા થોડુંક સુધી કુરગના રાજાના મદદનીશ હતા, તથા તેઓ બંનેને ઘણું માન હતું. પાછળથી ઉપલા શેઠ હીરજી પર કુરગના રાજાની ઇતરાજી થવાથી કેહછે કે તેવણને હાથીના પગ તલે કચરી મારી નખાવ્યા હતા. આ વેળાએ તેવણના નવરોજજી નામના નાની વયના એક છોકરાને પારસીઓએ છુપી રીત લાવી કાનાનોરમાં શેઠ ભીમજી ધનજી ઉમરીગરની દુકાંનમાં રાખ્યા હતા, જ્યાં અનુભવ મેલવી તેઓ પાછલથી કલીકટ જઈ વ્યાપાર ચલાવતા હતા. એ ઉપરાંત કુરગમાં શેઠો જમશેદજી અને નશરવાંનજી શોરાબજી પટેલ નામના બે ભાઇઓ આએ સદીની શરૂઆતમાં ખાંડ બનાવવાનું કામ કરતા હતા, અને મરણ પણ ત્યાંજ પામ્યા હતા. એ બાદ શેઠો દોરાબજી પેશતનજી બાંણુજી (કુરગવાલા શેઠો શાપુરજી, રૂસતમજી, નવરોજજી, દારાશાહ, કાવશજી, અને જમશેદજી દોરાબજી બાંણુજીના બાવા) અને દીનશાહ શોરાબજી પારખ (કુરગવાલા શેઠ ફરામજી દીનશાહ પારખના બાવા) પણ પાછલથી વ્યાપાર ચલાવતા હતા. તાલચરી મધે શેઠ દારાશાહની પણ થોડુંક આગમજ શેઠ કાવશજી ધનજીભાઇ કોચમેન કરી સુરતના એક જરતોશતી ગ્રહસ્થ રહેલા હતા.

૨ એ ટેકડી પર ઈ૦ સ૦ ૧૭૯૭ માં શેઠ બહમનશાહ રતનજી કપટાન કે જેઓ એ તરફ પોતાના ભાઇઓ જમશેદજી તથા ફરદુનજી સાથે મલબાર કોસ્તાનો વ્યાપાર ચલાવતા હતા તેવણે એક બીજો ગરકો બંધાવ્યો હતો. એ ટેકડી વિષેની કાંઇક હકીકત મલબાર કોસ્તાના એક દેશી "રેવી-યુ આફીસરે" કેટલીક તલાસ કરી અમારા તે તરફના મીત્ર શેઠ કાવશજી હીરજીભાઇ માલેગાંમવાલા ઉપર ઈ૦ સ૦ ૧૮૭૫ માં લખી મોકલી હતી તે અતરે ટાંકીએ છૈયે:—

At your verbal request I have made a personal enquiry and have gathered the following particulars regarding the Parsee community which was established at Tellicherry.

Since the excursion of Tippu in Malabar in the year

મોનશીયો સીલ્વેસ્ટર ડી સાસી નામના એક ફ્રેંચ વિદ્વાને ઈરાનના જુદી જુદી પુરાતન અજાયબીઓ તથા સાસાનયાંન વંશના સિક્કાઓ વિષે મીરખુંદની તવારીખ ઉપરથી એક ગ્રંથ ઉપજાવી પ્રગટ કીધો હતો.[૧]

## ઈ૦ સ૦ ૧૭૯૪.

તા૦ ૮ મી મારચ.

આજ દીને મુંબઈના પારસીઓની શમસ્તત અંજુમન મરહુમ શેઠ બનાજી લીમજીની દરેમેહરમાં મલી હતી. તે વેળાએ જમશેદજી દોરાબજી વાછા નામે એક પારસી જે છેલ્લાં ૯) વર્ષ થયાં બંગાલે રહેલો હતો તેની ૧૮) વર્ષની ઉમરની મોહરદાર હીરાંબાઈ તરફથી તેણીના કાકા નવરોજજી જમશેદજી મહેતરે આવી પંચાતને અરજ કીધી કે તેણીનો કાંઈ રસ્તો કરવો. તે ઉપરથી અંજુમને ઠરાવ કીધો કે ઉપલા ધણીપર કાગજ લખી તેની એક વરસ સુધી વાટ જોવી, પછી જો તે નહી આવે તો તેની ઓરતે પંચાતને જાહેર કરી બીજુ ઘર કરી જવું.

વળી એજ દીનની પંચાતમાં એવો ઠરાવ ઠરયો જે જે મરદ પરદેશ પોતાના ધંધા રોજગાર વાસ્તે જાએ તે ૧૦) વર્ષની મુદતની અંદર પોતાને ઘેર આવે. અગર તે મુદતની અંદર આવી પોતાની ઓરતને નહી મલે તો તે ઓરત પંચાતના હોકમ લઈ બીજું ઘેર કરે. અગર પોતાની ઓરતની ખુશીથી મરદ ૧૦) થી વધુ વર્ષ પરદેશ રહે, અને તે બાંએની પંચાતમાં ફરીઆદ નહી આવે તો તેનું કાંઈ નહી.

બીજું, એજ દીનની પંચાતમાં એક પારસીએ આવી ફરીઆદ કીધી કે તેના કાકાના એક કુંવારા છોકરા તથા રંડાએલી છોકરીનું કારજ સુરતના નાહનપરાના એક પારસીની કુમારી છોકરી તથા રંડાએલા છોકરા સાથે થયું છે જે ઉપલો સુરતનો પારસી ના પાડે છે. તે ઉપરથી પંચાતે તે કારજની ગરેહ, રાસી, વગેરે જોનાર આ૦ નવરોજજી માણેકજી ઉમરીગર તથા બીજાઓથી ખરતી તજવીજ કરી ઠરયું જે પેહલાં જોડાંનાં લગન અને બીજાનું ગગરનું કરે, અને જો દીન ૮) ની અંદર ઉપલો સુરતનો પારસી નહી સમજે તો તે પારસીની હંમજાતથી દુર છે. અને પંચાત ઠેકાણે ઠેકાણેનાં પંથેકો ઉપર કાગળો લખી તેને કોઈએ નેઆતમાં નહી લેવા તથા તેની છોકરી પણ કોઈએ નહી લેવાની ચેતવણી આપશે.

ઉપલું કામ કીધા પછી વખત થઈ જવાથી અંજુમન બીજે દીવસે એજ ઠેકાણે મલી હતી. તે વેળાએ એક પારસીએ સુમાલી ગામની એક પારસણ સાથે બદફેલી કરવાની ફરીઆદ પંચાતપર આવી હતી. તે ઉપરથી અંજુમને ઉપલા પારસીને તેડી તેને પોતાના મોહરદાર સાથે મલાહસંપજથી ચાલવાને તથા ઉપલી બદફેલ ઓરતથી દુર રેહવાને સમજાવ્યું હતું. જે તેણે કબુલ કરી અંજુમનને તે પ્રમાણેનો લેખ કરી આપ્યો હતો. વળી ઉપલી ઓરત વિષે ઠરયું કે તેણીને પંચાતનાં માણસ સાથે સુમાલી ગામમાં પટેલ તથા પાંચ પારસી ભલાં માણસોને હવાલે કરવી તથા તેઓને લખી જણાવવું કે તેણીને ઓરીપએ કબજામાં રાખે, અને બદ રાહે ચાલવા દીએ નહી, તથા તેણીના ગુજરાને માટે દર માસે ૩.૪) પંચાતની વતી સુરતથી મોદી ડોશાભાઈ કાઉશજી પોંહચતા કરશે. પંચાતના એ ચુકવીઆ પ્રમાણે અગર એ ઓરત ચાલે તો ભલે ભલું છે. નહીતો પછી એ બાબદમાં જુશતીસને જાહેર કરી એ ઓરતનું માથું બોડાવી સરકારના હોકમથી ગામ બાહેર કાઢીને સખતીથી સુમાલી મોકલવામાં આવશે.

વળી એજ ઓરતનું ઉપલા પારસી સાથે વસટાલું કરવાને એક બીજો પારસી વચ્ચે પડયો હતો તેને પણ બોલાવી સરેશતા પ્રમાણે ડોટી ૧) પંચાતને દંડ તરીકે

1788 a Parsee by the name of Hirjee* arrived between the year 1791 & 1792 at Tellicherry for trading purpose, and occupied a piece of land of "Pimole Mála" or called at present "Parsee Kunnu." He after a few years residence there, built a Parsee church† thereon. The place is situated at about 4 miles interior south east of Tellicherry. In the year 1797 one Bomanjee‡ visited Tellicherry and caused another fresh church to be built in a place very close to the "Maylam Kunnu" or old Maylam kattary at his own cost at about 600 Rs. After the said Bomanjee one Rustomjee§ had the charge of the church and the burial ground. In the year 1801 one Burjorjee¶ had been in Tellicherry who was a great and renowned merchant. Darasha‖ was the last man who had the possession of the last mentioned church and burial ground.

* હીરજી માણેકજી ખરાસ.

† એ શબ્દ હીયાં ગરકાને માટે લખેલો છે.

‡ બહમનશાહ રતનજી કપટાંન.

§ રૂસતમજી શોરાબજી વાછાગાંધી.

¶ બરજોરજી ફરાંમજી મેહતા.

‖ દારાશાહ ખરશેદજી તાલચરીવાલા (એવણને ત્યાં કોચીનથી શેઠ મેહરવાંનજી બાલા કરી એક જાઈફ ગ્રહસ્થ ઘણી મુદત સુધી આવીને રહયા હતા. તેમના એક પુરા દીકરા પોતાના બાપને લેવાને તાલચરી આવ્યા હતા તે ત્યાંજ મરણ પામવાથી તેમને આ બીજા ગરકામાં અવલમંજલ પોંહચાડયા હતા.

૧ "Mémoires sur diverses antiquites De La Perse, et sur les Médailles des rois de la dynastie des Sassanides; suivis De l'Histoire de cette Dynastie, traduite du Persan de Mirkhond. Par, A. J. Silvestre De Sacy. Paris, MDCCXCIII."

આપવા તથા નાંહન નાહવાને ફરમાવ્યું હતું, કાંએજે હવે પછે કોઈ એવાં કામમાં ઉભો રેહે નહી.[1]

આ અંજુમનની સભાનાં કામકાજની લખેલી નોંધની હેઠલ નીચના પારસીઓની શહીઓછે:—

શેઠો ફરામજી નાનાભાઈ દાવર, ફરામજી માણેકજી વાડીઆ, દાદીભાઈ નોશરવાંનજી, શોરાબજી મનચેરજી રેડીમની, શોરાબજી નાનાભાઈ શેઠના, કાવશજી રૂસતમજી પટેલ, મુલાં ફીરોજ બીન મુલાં કાઉશ, આ૦ દોરાબજી ફરામજી પંથકી, આ૦ માણેકજી નશરવાંનજી પંથકી, કુવરજી માણેકજી બનાજી, મનચેરજી મેહેરાંમજી બનાજી, આ૦ નવરોજજી બચાજી, ધનજી હોમજી પટેલ, કાવશજી ભીમજી શોપેદાર, ખરશેદજી ભીમજી કેરાંવાલા, દાદાભાઈ કાવશજી શાઓર, માણેકજી મનચેરજી ગડીઆ, આ૦ બાપુજી ફરામજી પંથકી, રતનજી માણેકજી બનાજી, આ૦ હોરમજજી કોઠીદાર, આ૦ શોરાબજી હોરમજજી, હોમજી મેહેરાંમજી વાડીઆ, ફરામજી હીરજી વાડીઆ, ધનજી રૂસતમજી.

## ઈ૦ સ૦ ૧૭૯૫.

તા૦ ૧ લી ડીસેમબર.

રોજ ૨૩ માહ ૩ (ક૦) ૧૧૬૫ યજદજરદી.

આજ દીને ઈરાંન મધેનાં યજદ શેહેરમાંથી ત્યાંના દસતુરો, મોબેદો, અને બેહેદીનાએ મલી મુંબઈના જરથોસ્તી અકાબરો શેઠો દાદીભાઈ નોશરવાંનજી, ફરામજી તથા નશરવાંનજી માણેકજી વાડીઆ, જમશેદજી તથા પેશતનજી બહમનજી વાડીઆ, મુલાં કાઉશ રૂસતમ જલાલ તથા મુલાં ફીરોજ બીન મુલાં કાઉશ, ફરામજી નાનાભાઈ દાવર, હીરજી જીવણજી રેડીમની, શોરાબજી મનચેરજી રેડીમની, કાવશજી રૂસતમજી પટેલ, અને બરજોરજી દોરાબજી દાદાબરજોરનાં ઉપર એક કાગજ લખી અરજ કીધી હતી કે ઈરાંનના પાદશાહે (આગા મહમદખાંને) મોટું એક લશકર લાવીને કેરમાંન શેહેર ઘેહેરી લીધું, અને પછી કેટલેએક દાહાડે તે ફતેહ કરી તેમાં દાખલ થાઈ સઘળું તારાજ કીધું, અને આતશબેહેરાંમ કેરમાંનમાં હતા તેની ખરાબ થાઈ ગયા. માટે તમો સાહેબો દીનના પેરવીના કરનાર છઓ તેથી અરજ કરીએ છૈયે કે એકાંગું આતશ મુરદાંનાં હઆને મુરદે સુજના અહીંઆં અમોથી મએશર થતા નથી. શા માટે જે હરએક શેહેરમાં હીંદુ ચાર તથા પાંચ આદમી રેહેછે તે માટે એકાંગું આતશ મુંબઈમાં પાક કરીને આએ તરફ રવાંના કરજો કે તેથી હોરમજદની દીનને કઉવત થાશે. અમોને ખાતર જમે છે કે તમો સાહેબો એ આતશ યજદ શેહેરમાં પોંહચાડશો.[2]

## ઈ૦ સ૦ ૧૭૯૬.

તા૦ ૫ મી જાનેવારી.

રોજ ૨૮ માહ ૪ (ક૦) ૧૧૬૫ યજદેજરદી.

**મરણ**—કુવરજી કોહાજી મનજી[3]—ઉમર વર્ષ ૮૫) સુરતના એક જાણીતા શેઠીઆ. એઓણ ત્યાંના અરમાની વ્યાપારીઓની દલાલી તેમજ નામીચા અરમાની સોદાગર આગા આવાનીસ દાઉદ સાથે ચીન ખાતેનો જવાહેરાતનો વ્યાપાર કરતા હતા. સુરતની જરથોસ્તી અંજુમનના એઓણ એક આગેવાન અકાબર હતા. મુંબઈ મધેનાં શેઠ દાદીભાઈ નોશરવાંનજીવાલાં કદમી આતશબેહેરાંમ પરઠાયાં તે વેળાએ મુલાં કાઉશ રૂસતમ જલાલને એઓણે સુરતથી ઘણીક મદદ કીધી હતી.[4]

૧ આ નોંધ મુંબઈની આગલી પારસી પંચાયતના કારોબારની ઈ૦ સ૦ ૧૭૮૧ થીતે ૧૮૧૨ સુધીની એક અસલ પોથી જે મરહુમ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેમાં સરવે શહીઓ સાથે કાઢેલીછે.

૨ આ કાગજની નકલ અમોને દસતુર એરચજી શોરાબજી મેહેરજીરાંણા પાસેથી મલી છે. આ પુસ્તકને સફે ૮૩ મે જણાવ્યુંછે કે મરહુમ શેઠ નશરવાંનજી કોહાજીએ આતશબેહેરાંમનો કેબલો સુરતથી પગ રસ્તે મોબેદો પાસે ઈરાંન મોકલ્યો હતો તે કદાચને ઊપલો કાગજ આવાથી હોય એમ અટકલી શકાયછે.

૩ સુરતવાલા આગલા જાણીતા અકાબર શેઠ નશરવાંનજી કોહાજીના વડા ભાઈ. એઓના બીજા ચાર ભાઈઓ શેઠો માણેકજી, રતનજી, એદલજી, અને ફરાંમજી કોહાજી. તેમજ એમના બાપ શેઠ કોહાજી મનજી તથા તેમના ભાઈઓ શેઠો જીવાજી, ખરશેદજી, રૂસતમજી, ભીમજી અને ભીખાજી મનજી પણ તે વખતે સુરત મધે જાણીતા ગ્રહસ્થો હતા.

૪ મુલાં કાઉશે મુંબઈથી પોતાના બેટા મુલાં ફીરોજને આતશબેહેરાંમનાં કાંમસર મોબેદો વગેરેની ગોઠવણને માટે સુરત મોકલ્યા, તે વખતે (તા૦ ૩ જી ફેબરવારી ૧૭૮૩ ને દીને) એઓણ ઉપર લખેલો એક પત્ર એમના નબીરાના નબીરા તે રાજકોટવાલા શેઠ કુવરજી કોહાજી પાસે અમારા જોવામાં આવ્યોછે, તે પત્રમાં મુલાં કાઉશ લખેછે કે:—

"બીજું બેહેદીન નેકબખત રોશન કેરદાર દાદીભાઈ ગુ૦ નુશેરવાંનજી હોમજીને હદાએત કીધી જે શ્રી મોબઈ મધે આતશબેહેરાંમ કદીમ રોજ બાહાથી રોશન કરવાની બીના માંડીછે. તેનું અખતીઆર સરવે ચીજથી તમારા દોઆગોને આએછુંછે તે રોજ ૨૬ માહ ૪ કદીમી (તા૦ ૬ થી જાનેવારી ૧૭૮૩) બારી જશન કરીને દરગાહની જગો લીજીછે. રૂ૨૫૦૦૦) ખરચ થશે તેની વીગતવાર ભાઈ (ફીરોજ) થી માલુમ કરજો. ભાઈજી સાહેબ જે

તા૦ ૩૦ મી મેએ.

આજ દીને મુંબઈના પારસીઓની શમશત અંજુમન મરહુમ શેઠ બનાજી લીમજીની દરે મેહરમાં મળી હતી. તે વેળાએ મુંબઈ મધે કેટલાક મોબેદોનાં બરશનુમ ભાગાં તે બાબેની પંથકીઓએ પંચાતને ખબર નહી કીધી તે વિષેની તજવીજ ચલાવી હતી, જે ઉપરથી માલમ પડયું કે એમાં પંથકીઓ તથા અગીઆરીનાં કામ કરનારાઓના વાંક ઘણોછે, માટે ઠેડાવ ઠેડલો જે બે પંથકીઓ (તેમાં એકતો પચાતનો મેંમબર) ને કોઈબી બેહદીને છ માસ સુધી કાંઈ આશોદાદ આપવી નહી; તથા ચાર મોબેદો જેઓનાં બરશનુમને ભાતા પોંહચ્યા હતા તેઓને વરસ ૧) સુધી કોઈબી મોબેદ પંચાતના હોકમ વગર બરશનુમ દેવું નહી. તથા કોઈબી બેહદીને કસી આશોદાદ આપવી નહી.

એ પછી વખત થઈ જવાથી બીજું કામ મુલતવી રાખી અંજુમન બીજે દીવસે એજ ઠેકાણે મળી હતી. તે વેળાએ "બેહદીન લોક સરવે ફરીઆદ કરવા લાગા જે બરશનુમના મોબેદ અગીઆરીનાં કામના કરનારા તાડી પીવા બાગુરે જાએછે ને તાંહાં તાડી તથા દારૂ પીને ખાણું પકાવીને ખાએછે. એ વાત દીનના હોકમથી દુરછે." આ ઉપરથી શમશત અંજુમને ઠેડાવ ઠેડવો જે આજ પછી કોઈ મોબેદ બરશનુમનો ધણી તાડી પીવા બાહેર જાએ નહી, અને અગર જો એ હોકમ પ્રમાણે ચાલે નહી તો તેજ વખતે તેનું બરશનુમ ભાંજે, અને ફરીથી કોઈ તે ધણીને અગીઆરીનું કામ તથા બરશનુમ આપે નહી ને તે મોબેદને કોઈ બેહદીન બારણે ચડાવે નહી.

બીજું, એજે અગીઆરીનાં કામના કરનારા મોબેદો પોતાના માગતા પૈસાની પંથકીઓ ઉપર, અને પંથકીઓ પોતાના માગતા પૈસાની બેહદીનો ઉપર ફરીઆદી મેમ્બરની કોરટમાં કરીને લીએછે. એ બાબદ સરવે અંજુમને એમ ઠેડાવ ઠેડવો છે જે "કોઈ પંથકી બેહદીન પાસે માગે અથવા મોબેદ પંથકી પાસે માગેતો તે પોતાના હેવાલ અંજુમનને જાહેર કરે ને તેના મનિસાફ અંજુમન કરે ને તેના હક વાજબી જે રીતે હશે તે અપાવે, પણ આજ દીન પછી મોબેદ અથવા પંથકી થાઈને ફરીઆદી મેમ્બર કોરટમાં અથવા મેમ્બરને તાંહાં અથવા જુસટીસમાં અંગરેજને બારણે જાએ નહી." અગર એ લખ્યા પ્રમાણે ચાલે નહી તો તે પંથકી પોતાનાં પંથકથી દુર થાએ, ને મોબેદ હોય તો તેને કોઈ બેહદીન કામ સોંપે નહી, ને પંથકી અગીઆરીનું કામ ફરમાવે નહી, ને બેહદીનો તેવા શખસને બારણે ચઢાવે નહી, અને કસી આશોદાદ આપે નહી.

વળી એક મોબેદનું બરશનુમ ભાગું તે છતાં તેને અગીઆરીનું કામ ચલાવ્યું તે બાબેની આજ દીને પંચાતે તજવીજ કરી એવો ઠેડાવ ઠેડવો જે એ મોબેદને કોઈબી પંથકીએ એક વરસ સુધી બરશનુમ દેવું નહી. તથા કોઈબી બેહદીને પોતાને બારણે ચઢાવવો નહી અને આશોદાદ આપવી નહી.

બીજું, એજ દીને મોબેદ તથા બેહદીન અંજુમને મળી એમ ઠેડાવ ઠેડવોછે જે "મહીનાના રોજ ૪ આપણી દીનમાં ગોશ ખાવા ફરમાવયું નથી. એ પરમાણે આપણી દીનનો હોકમ છે ને બેહદીન અથવા મોબેદ આજ પછે રોજ બહમન તથા મોહર તથા ગોશ તથા રામ એ દીન ૪ માસ ૧ મધે કોઈ આપણો જરથોસ્તી ગોશ ખાએ નહી." જે કોઈ એથી ઉલટો ચાલે એ દીવસોપર ગોશ ખાવાને પોતાનાં ઘરમાં લાવે તે જો બેહદીન હોયતો તેની પાસેથી પંચાતની તરફથી ગુનેહગારી ડાંડી ૧ લીએ ને તેને નાંહન નવાડે, અને તે ધણી જો મોબેદ હોયતો તેને વરસ ૧ સુધી પંથકી કામ સોંપે નહી ને બેહદીનો તેને કસી આશોદાદ આપે નહી. એ ઉપરાંત બીજા કેટલાક મોબેદો જેઓ જુદી જુદી ચાકરી મુંબઈમાં કરેછે તેઓ પણ એ લખીઆ પ્રમાણે ચાલે નહી તો તેમને પણ ઉપલી બેહદીનનાં જેવી સજા કરે. જે શખસ એ હોકમ પ્રમાણે

દાડાથી જશંન થએઊં ને અમો મોબેદોને લેઇને ઘણી આબરૂ તથા ધામધુમથી જગો ખંજવા ગીઆ તે દાડાથી... તેના હજાર હજાર હીલા કીધા તથા હજુસુધી ઘણાં ભનસુબા કરેછે, પણ ખોદાનાં ફજલથી અને રાસતીની બરકતથી ઊંધા પડેલાછે. બીજું અમોથીતો જાંહાંસુધી ખોદાતાલા પોતાની બખશેશથી આતશબેહરામનું કામ સરનજામ કરે તાંહાંથી પગ બાહેર નીકલે નહી. બીજું એ જે માંણશ ૧૨ તથા ૧૫ નું ચોખું ખાણું પકાવવાને કોઇ નાદાંન તથા લાંઠીઆને ચાકરબી રખાએ નહી તેવું જાણીને ભાઇ ફીરોજની ગાંને તથા ફીરોજ તથા કેકોબાદની ધણીઆણીને બોલાવેઆંછે જે નેકાબી ગુજરાંન થાએ અને ખીદમતનું કાંમબી ચાલે. બીજું મોબેદબી સઘલે તથા કેણુસર તમારી તથા અસપંદીઆરજી (રતનજીશાહ) તથા શેઠ બહમનશાહ (ધનજીશાહ) ની મસલેહતથી સરનજામ કરે તેથી નાચપણુંથી તમોએ ભાઇ ફીરોજને ફરજંદ કરી જાંણીને મેહરબાંની કરતા હતા વાસતે હવેથીબી તેજ રીતે જાંણીને સરવે વાતથી બરદાસ કરીને ખુશી શાથે રવાંના કરજો અને હરેક વાતે કદમી બેહદીનાની બે ગાંગ વચે શરફરાજી થાએ તેવું કરીને જાં તમારો હાત પોંચે તાંથી કપડાંલતાંની કારસાજી કરજો ને બા આબરૂથી રવાંનાં કરજો. બીજું તમારો જુજુદ જમાસપજી મોબેદ જે અમારી માસીસાસુનો છોકરો છે તેનાં માએ બાપને અમારી દોઆ કહીને ભાઇ ફીરોજની સાથે રવાંના કરજો. આતશબેહરામનાં કાંમથી તથા નીરંગદીનનાં કાંમથી તથા શરવે મોબેદીનાં કીરીઆ ચારગાથી શાએસતે મોબેદાંન મોબેદ કરીને જે કાંઇ અમોથી બની આવશે તે કરીને પાંચ પઇસા સારી પખે અપાવીને રવાંનાં કરીશું. ભાઇજી અમો તથા મોબેદ બેહરાંમજી તથા અસપંદીઆરજી (નવરોજજી બરૂચના) એના મસીઆઇ ભાઇ પોતાનું ફરજંદ ગણીને એ રીતે મોકલશું.

સુધી પોંહચાડવા દીએ નહીતો પછી તે મોબેદ અથવા બેહદીન જે હશે તે પારસીની અંજુમનથી દુરછે તેની સાથે પારસીની અંજુમન કસો વેહવાર રાખે નહી.

બીજું, એજે એ "માહના દીન ૪ માં બાજરોજ અથવા ચાલું પડે તો આપણી દીનના હોકમ માફક એક દીન આગલથી ગોશફંદ કરે ને તેની ચરબ ચઢાવે પણ તે દાહડે હરગેશ ખાએ નહી."[१] વળી "ગોશ અથવા મરઘી વખત ઉપર આજારી આદમી છે ને તેને કસું બીજું ખાયું ચાલતું નથી ને હકીમના હોકમપર અગરજો જરૂર હશે તો ખાએ. એ વાતની મના નથી."[२]

આ અંજુમનની સભાનાં કામકાજની લખેલી નોધની હેઠલ નીચલા પારસીઓની સહીઓછે:—

શેઠ જમશેદજી બોમાભાઈ મોદી, ફરાંમજી નાનાભાઈ દાવર, ફરાંમજી માણેકજી વાડીઆ, અરદેશર દાદીભાઇ, શોરાબજી મનચેરજી રેડીમની, કાવશજી રૂસતમજી પટેલ, મુલાં ફીરોજ બીન મુલાં કાઉશ, રતનજી માણેકજી બનાજી, આ૦ બેહરાંમજી નશરવાંનજી પંથકી, બેહરાંમજી મોટાભાઈ, પેશતનજી બહમનજી વાડીઆ, આ૦ માણેકજી નશરવાંનજી પંથકી, આ૦ બાપુજી ફરાંમજી પંથકી, આ૦ હોરમજજી કોહીદારૂ, ફરાંમજી કાવશજી બનાજી, આ૦ શોરાબજી હોરમજજી રાંનજી, આ૦ મનચેરજી રૂસતમજી, મોટાભાઈ મનચેરજી, જમાસપજી મુંનજી પટેલ, પેશતનજી કાવશજી નાલીએરવાલા, નશરવાંનજી રતનજી હોશંગજી ગજદર, હોશંગજી જીજીભાઈ બોલીમોરીઆ, ધનજી હોમજી પટેલ, આ૦ ફરદુનજી જમશેદજી વાછા, આ૦ શોરાબજી હોરમજજી મસાંની, હીરજી ધનજી કોપર, નશરવાંનજી હોમજી પટેલ, માણેકજી દાદાભાઈ બગવાગર, દાદાભાઈ કાવશજી સાએર, બેહરાંમજી શોરાબજી ભાતગરા, દોરાબજી નાનાભાઈ, હોરમજજી બેહરાંમજી, બહમનજી પુંજીઆજી માસતરી, બહમનજી ભીખાજી પારખ, હોરમજજી કુવરજી મોદી, ભીખાજી વીરજી, એ૦ માણેકજી જમશેદજી દસતુર, માણેકજી નવરોજજી, રાંનજી રતનજી જશાવાલા, શોરાબજી નાનાભાઈ શેઠના, લીમજી ભીખાજી પાંડે, બરજોરજી દાદાભાઈ દારૂખાનાવાલા, કુવરજી રૂસતમજી.

તા૦ ૫ મી જુન.

આજ દીને મુંબઈના પારસીઓની શમસત અંજુમન મરહુમ શેઠ બનાજી લીમજીની દરેમેહરમાં મલી હતી. તે વેળાએ કોટ તથા બાહેરકોટના બેહદીનો પોતાના પંથકીઓના કામો કીધાની બાબેકી બાબે ફરીઆદ લાવ્યા હતા તે સરવે સાંભલી અંજુમને ઠેરાવ્યું કે બાહેરકોટના બેહદીનોને તાઆંનાં કામો જે પંથકીઓ તેમજ ઘણા પરચુરણીઆ મોબેદો કરેછે તેથી હવેથી કોઈ બેહદીન પરચુરણીઆ મોબેદને કામ સોંફવું નહી, અને દરેક બેહદીન પોતાને ઘરનો પંથકી નેમી તેને પોતાનું કામ ધર્મનું સર્વે સોંપવું. અને તે પંથકીઓ સર્વે મલીને મોબેદની જોડ ૧ અથવા ૨ અથવા ૩ જેટલી કાંમ પ્રમાણે જોઈએ તેટલી બાહેરકોટની અગીઆરીમાં રાખીને તે જોડ રાતનાં અથવા દીશનાં હરએક વખતે બેહદીનનું કામ પંથકીના ફરમાવીઆ મુજબ કરે, અને તેનો ખરચ પંથકી આપે, તથા તેનો સરેશતા પ્રમાણેનો લવાજમ પંથકી બેહદીન પાસે ચુકાવી લીએ.

१ એજ મુજબ ઈ૦ સ૦ ૧૮૨૩ માં પણ મુંબઈની પંચાતવાલા સાહેબોએ મહીનાના એ ચાર દીવસો પર ચેહારમ અથવા બાજરોજ પડે તોપણ તે દીને ગોશ નહી વાપડવાને ઠેરાવ્યું હતું. આ ઉપરથી શેઠો શોરાબજી શાપુરજી શેઠના, પેશતનજી નવરોજજી શેઠના, દાદાભાઈ નશરવાંનજી શેઠના, વગેરે શેઠખાંનદાંનવાલા સાહેબોએ નવસારીની અંજુમનને પુછાવી મંગાવ્યું હતું, જેના જવાબમાં તા૦ ૨ જી નવેમબર ૧૮૨૩ ને દીને દસતુર રૂસતમજી નશરવાંનજી મેહરજી રાંણા, દેસાઈ જમશેદજી મનચેરજી, દસતુર બહમનજી જમશેદજી જમાસપઆશા, દસતુર રતનજી મનચેરજી કુતાર, દેશાઇ જીવણજી માણેકજી, વગેરે શમશત અંજુમને લખી જણાવ્યું કે:—"બહમન, મોહોર, ગોશ, રાંમને દીને રોઝાંનોનાં ચેહારમ પડે તેવારે બેલાશક ગોશત જોરનું કરજો ને તેની ચરબ આતશબેહરાંમ શાહેબને તથા આદરાંન શાહેબને ચહડાવજો. અંદર લોબાંન તથા અગર સાથે રાખીને. બીજું, તેની સુદીના કટકા કરીને તેની જુબાંન કંદા સાથે તથા ડાહબી તરફનો દોગો કરાવીને તે ઉપર હોમ ઇજદની બાજ ધરાવજો. એવી ચીજ કીધાથી તે ગોશફંદના સાહેબો રાજી ખુશીછે. ને બાજ ધરે તાં એ ગોશનો ગોશોદો કરે ને આફરગાંનનાં પાતરાંમાં તથા અસગુમ પડે તાં મુકે. તેવાર પછે તેનાં બેશનાં લોકો તેની ચાશની કરે કે તે કીધાથી તેનાની શોગવારી ઉતરે. ને રવાંનતો પુતગુજર થઇ સુદ્કું તેવારે ગમ રાખવો તે ઉલટી તકસીર છે તેથી ચાશની કરે. બાકી જે રેહે તે પાકીજે પરેહજગાર લોક જે દસતુર મોબેદો હોય તેઓને ચાશની કરાવે...... અગર કદી બીજા રોજગારો તથા નેઆગાંનોના દાશાને દીને એ રીતે નહી બની આવેતો જુદદીનને હાથે ગોશફંદ હલાલ કીધું હોયતો તેને લાવીને પાકીથી પકાવીને બેશનાં લોકો તથા દસતુર મોબેદોનાં કામમાં લાવવું ને તેનોજ ગોશોદો પણ બાજ ધરતી વેળા કરવો તથા ગાહમબાર તથા જશનોનાં કાંમમાં લાવવું એ પણ સવાબછે...... પણ જેવારે હમકારા ૪ ચારને દીને રોઝાંનનાં ચેહારમ પડે તથા નીઆગાંનોના રોજગાર દીશા પડે તથા ગાહમબાર તથા જશન વીગેરે આવે તેવારે ઉપર લખેઆ પરમાંણે કરવું ને બેલાશક કામમાં લાવવું." (આ કાગજની નકલ દસતુર એરચજી શોરાબજી મેહરજી રાંણા પાસેથી અમોને મલીછે.)

२ આ નોંધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની ઈ૦ સ૦ ૧૭૯૧ થીતે ૧૮૧૨ સુધીની એક અસલ પોથી જે મરહુમ શેઠ દાદાભાઇ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેમાં સરવે સહીઓ સાથે કીધલીછે.

બીજું, એજે મુંબઈ મધે કેટલાક મોબેદો વાણીયાઓની તથા બીજા લોકોની ચાકરી કરેછે તેવા મોબેદોને પંથકીઓ પરચુટણ કામ ફરમાવેછે તથા બેહદીનને ઘેર કામ કરવા મોકલેછે, વાસ્તે સર્વે અંજુમને મલી ઠેડાવ ઠેડવોછે જે આજ પછી તેવા મોબેદોને પંથકી કામ સોંપે નહી, અને બેહદીન પણ તેવા મોબેદને પોતાના ઘરમાં કામ કરવા દીએ નહી.

બીજી સરવે બેહદીનોએ ફરીઆદ કીધી કે પંથકીઓ દીનની ક્રિઆઓમાં નીરંગમાં નીરંગદીનનો કતરો નાખી કામ ચલાવેછે તે ઉપરથી ઠેડવ્યું કે "આજ પછી પંથકી તેમજ મોબેદ નીરંગદીન વગર દીનનું કામ કરે નહી, ને હવે પછી નીરંગમાં નીરંગદીનનો કતરો નાખી કામ કરે નહી, ને જેવારે નીરંગદીન કુલ થાઈ રેહવા આવે તેવારે આગલથી પંથકી આવીને અંજુમનને જાહેર કરે, પછી અંજુમન મલીને નીરંગદીન કરવાનો હોકમ ફરમાવે તે પરમાણે કરે."

બીજી ફરીઆદ બેહદીનોએ એ કીધી કે પંથકીઓ મુંબઈ મધે રવાંનની બાજ જુદી જુદી હજીતા નથી, વાસ્તે ઠેડવ્યું કે "આજથી રોજગારની બાજ જુદી જુદી હજે ને જશનને દીને તથા મુકતાદમાં તથા ઘાહંબારમાં એવે દાહડે કુલ અંજુમનને નામે હજે, બાકી સરવે રોજગારની બાજ જુદી જુદી હજે.... અને બેહદીન લોકને ઘરની બાજ હજે તે બેહદીન લોક તેની મેહનતના પઈશા ૨) બે આપે શહી, ને હરએક વંદીદાદ પંથકી બેહદીનની તરફથી કરે તેનો રૂ૧)= તથા હજશનેનો રૂ૦। તથા સરોશનો રૂ૦।। તથા અરદાફરૂઅશ બેશે તેનો રૂ૦। આપે. ઉપર જે વંદીદાદનો રૂ૧)= લખોછે તે મધેથી પંથકી ૦।।= લીએ ને રૂ૦। જે જોડ વંદીદાદ બેશે તેને આપે." બીજું, બાજ જેવારે હજે તેવારે અરદીબેહશત પાસે રાખે.

વળી એજ શમશત અંજુમનમાં એમ ઠેડાવ ઠેડવોછે જે "બેહદીન તથા મોબેદ લોકને ઘર લગન થાએછે તેવારે ગામનાં જમન કરેછે અથવા થોડું જમન કરેછે ને તાંહાં જમનમાં ગોશ કરેછે તેથી સરવે અંજુમને મલીને એમ ઠેડાવ ઠેડવોછે જે આજ પછી કોઈ બેહદીન અથવા મોબેદને ઘર લગન થાએ તેવારે જમનમાં ગોશ કરે નહી, કાંએ જે એવો રૂડો દાહાડો એટલા જીવ મારવા ઘટારત નથી...... જે ધણીનાં ઘરમાં લગન હોય તે ધણી માંડાશરાને દાહડેથી તે લગનની ૧ દીન અગાઉ શુધી ગોશ રતલ ૩૦૧) શુધી લાવે. તેથી કોઈ એ દાહડાનાં વચમાં વધતું લાવે નહી, ને લગન જે દીને હોય તે દીને ઘર મધે ગોશ નામે ખાએ નહી...... માંડાશરાને દાહડેથી તે લગનને દીન શુધી મરધી પણ કોઈ ખાએ નહી."

બીજું, "એજે બેહદીન તથા મોબેદ લોકને ઘર રોજગાર અથવા બીજો સારો રૂડો દાહડો હોય તે ધણી જો કદાચ ગામનું જમન કરે તો તેમાં પણ ગોશ કસું કરે નહી, પણ ઘાહંમબાર અથવા બાજ રોજમાં ગોશફંદ ૧ હમેશ કરેછે તે કરે, ને જે થોડાંઘણાં ઘર બાજને દીને અથવા વેહવાનો બેહરાંમરોજ કરેતો તે ધણી ગોશ રતલ ૩૦૧) સુધી કરે. વધતું કરે નહી. ને બાજરોજમાં મુરગ ધણીને ખુશી પડેતો કરે. મુરગ બાજ રોજ અથવા વેહવાના બેહરાંમરોજમાં કરેતો તેનો મુજાબો નહી." ઉપલા લગનને લગતા બંદોબસ્તથી કોઈ બેહદીન અથવા મોબેદ ફરેતો તેને તીઆં કોઈ પંથકી અથવા મોબેદ લગનના આશીરવાદ સારે નહી ને તેને તીઆં કોઈ લગનમાં જમવા જાએ નહી, અને બાજ રોજગાર અથવા વેહવાના બેહરાંમરોજને લગતા બંદોબસ્તથી જે ધણી ફરે તે પંચાતને ડોઠી ૧ સરેશતા પ્રમાણે આપે ને અંજુમનમાં માફ માગે તથા નાહન નાહે.

બીજું, એજે પારસી લોકનાં બાહરાં વેહવામાં અથવા આદરણીમાં અથવા આવાંકજીત જાએછે તીઆં અથવા કુશબાશ બીજે દાહડે રસતામાં ચાલતાં ગીદ ગાએછે તે ચાલ ઘણી નાલાએક છે તેથી સરવે અંજુમને મલી એમ ઠેરાવ ઠેરવો છે જે આજ પછી પારસીની ઓરત કોઈ રસતામાં ગીત ગાએ નહી ને સારે રૂડે દાહડે જો અગત હોયતો ઘરમાં બેશીને ગાએ. અગર એથી કોઈ ઉલટાં ચાલેતો તે ઘરધણી તથા ઘરની ઓરત એ બેહુને નોહાન નવાડી પંચાત પાસે માફ મંગાવશે.

બીજું, "એજે પારસી લોકમાં હમણાં ચાલ એછે જે ઘાહંબારમાં અથવા બાજ રોજમાં અથવા બીજી જમનવારમાં તથા વેહવાનાં જમનમાં એક બીજાને ઘર ભાણાં મોકલેછે ને લીએછે. એ ચાલ નાદરૂસત છે, અને એ વાતનો ઘણો ગુનાહ હાંસલ થાએ જે પકાવેલું ખાણું ને વલી લોબાંન મુકેલું ઘેરઘેર રજલેછે...... વાસ્તે એ બાબદમાં કુલ અંજુમન મલીને એમ ઠેડાવ ઠેડવોછે જે આજ પછી કોઈ એક બીજાને ઘર ભાંણાં મોકલે નહી. અગર વેહવાના દાહડામાં પારસી લોકની ચાલ છે જે ખાણું પકાવીને વેહવાઈને ઘર મોકલેછે તે બાબમાં એમ ઠેડાવ ઠેડવોછે જે વેહવામાં વેહવાઈને ઘેર ભાંણાં મોકલેછે તેને ઠેકાંણે કાચો સીધો મોકલે. પકાવેલો મોકલે નહી."

બીજું, "એજે મેજ માહીનામાં અથવા હરએક બીજે દાહડે મેજ પારસી લોકને તાંહાં થાએછે ને હમણાં ચાલ એવો ચાલો છે જે તે મેજ એક બીજાને વેંહચેછે ને તે મેજ તથા દરાંણુ ઘરેઘર અકારત થાએછે એવી બીના જાહેરમાં માલુમ પડયાથી ઠેડાવ ઠેડવો છે જે આજ પછી મેજ પણ એક બીજાને ઘર વેંહચે નહી." એ બંદો-

બસતથી જે ઉલટો ચાલે તે પંચાત મલે તેવારે ગલાંમાં પટકો નાખીને સરેશતા પરમાણે પંચાતને ડોઠી ૧ આપે તથા માફ માગે અને નાહન નાહિ.[૧]

તા૦ ૨૭ મી સપટેમબર.

સવંત ૧૮૫૨ ના રોજ ૨૮ માહ ૧૨.

આજ દીને ભરૂચ મધે શમશત હંમકાર બંને અગીઆરીવાલા પાંચે ભાગીઆ મલીને એવો બંદોબસ્ત કીધો હતો કે શીરોજ તથા અરદાફરૂઅશનો શીઆવ તથા બાજના પઈસા તથા આંગલાંના રૂ૦ ના લવાજમ, તથા બેહદીનને નાહન આપે તેના લવાજમનો રૂ૧), તથા ગરેવાંનના પઈસા જે વારાદાર લાવે તે નાંહનના ધણીઓ પાંચ ભાગે રાસમાં વેંહચી લીએ. આજ દીન લગે લેણું દેવું હંમકાર તથા શીઆવ, નાંહન, આશીરાદ, વગેરેનું જે કાંઈ હતું તે સર્વે માડી વાલ્યું છે. બાજું, પરદેસી મોબેદો હોય તે અસલના સરેશતા માફક ચાલે, અને તેઓનું કામ જે વારાદાર કરે તે શીઆવ તથા ચાશની વગેરે લીએ. બેહદીનો જે કાંઈ આશીરાદ રાસમાં આપે તે તરત તીઆંની તીઆં વેંહચી લેવી, અને તે વેંહચી લીધા વગર ઘર જવું નહીં. પરદેશનાં રવાંન[૨] આવે તેના શીઆવ નાંહનના ધણીઓ રાસમાં વેંહચી લીએ, અને આંગલાં હોય તે વારાદાર લીએ. પાંચે ભાગના રાસના પઈસા જેને હીસ્સે આવે તેને તુરત આપે. તથા દસ્તુર સાહેબ નાંહન લીએ કે નહીં લીએ તોબી સરોશ તથા શીઆવનો હક બાએ, તથા જીવણજી[૩] (દસ્તુર જીવણજી ફરદુનજી) ને પણ ભાગે પરતો શીઆવનો હક આપે. સર્વે રાજી થાઈને આપ્યો છે. કદી નાંહનના ધણી ઘણા હોય અને શીઆવ થોડા હોય તોબી પેહલો શીઆવ દસ્તુર સાહેબ લીએ, પછી જીવણજી લીએ, અને પછી સર્વે સરખી પાંતીએ વેંહચી લીએ. નીરંગદીન તથા આલાતના બપ પડતો તે નવસારીથી લાવવાની ખેપના રૂ૨॥ બેસેછે, તે મધે રૂ૧॥ નાંહનના ધણી આપે ને રૂ૧॥ પાંચે ભાગમાંથી આપે. નાંહનના ધણીને હરકત થાએતો નવસારી જઈને તુરત નાહન લઈ આવે. હમકારનું કાંઈ કામ પડતો સર્વે તરત એકઠા થાએ ને કાંઈ ખરચ આવી પડતો તે સર્વે મલીને આપે, તથા હમકારનો કાંઈ માલ વેચવો પડતો તે સર્વે મળીને વેચે, એખલો એક ધણી વેચે નહીં.[૪]

આ બંદોબસ્તો ઉપર ભરૂચના નીચલા મોબેદોની સહીઓછે :—

દસ્તુર અસપંદીઆરજી કામદીનજી, દસ્તુર કાકાજી જમશેદજી, દસ્તુર નશરવાંનજી ફરદુનજી, દસ્તુર જીવણજી ફરદુનજી, દસ્તુર હોરમજજી કાંમદીનજી, આ૦ ઉકાજી કાવશજી, નવરોજજી ગોદરેજજી, બહમનજી નવરોજજી (શેઠ), અસપંદીઆરજી નવરોજજી, શેહરીઆરજી નવરોજજી, હોરમજદીઆર ચાંનદારૂ, શોરાબજી અરદેસર, ઉકાજી રૂસતમજી (કોરીઆ), શોરાબજી માણેકજી, કાઊશજી બરશેદજી, કાંમદીન ફરેદુન, નાનાભાઈ નવરોજજી, જીવાજી ફરદુનજી, ફરદુનજી એદલજી (વાંદરા), અસપંદીઆરજી બહમનજી, નવરોજજી બહમનજી, જીવણજી મેહરાંમજી, દ૦ ફરદુનજી કાંમદીનજી, દ૦ મનચેરજી કાંમદીનજી, કાવશજી દોરાબજી ધામન, હોરમજજી બહમનજી, કાંમદીનજી મેહરાંમભાઈ, માણેકજી જમશેદજી, જમશેદજી મનાંજી, પેસીજી શાપુરજી.

જરમનીવાલા ડાકટર જે. ટી. કલુકરે હિંદુસ્થાંન અને ઇરાંનના આતશ પરસ્તોના ધર્મ વિષે એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[૫]

કોચીન મધે આએ વર્ષ તા૦ ૧ લી નવેંમબર ૧૭૯૬ થીતે તા૦ ૩૧ મી આગશટ ૧૭૯૭ સુધીનો તંબાકુનો ઈજારો શેઠ કાવશજી એદલજી નામના એક પારસી ગ્રહસ્થે દર માસે રૂ૮૦૦) કંપની સરકારમાં ભરવાની સરતથી લીધો હતો.[૬]

કુરગવાલા શેઠ હીરજી માણેકજી બરાસે આએ વર્ષમાં મથરાજ મધે એક નાંહનું દોખમું બંધાવ્યું હતું.[૭]

૧ આ બંદોબસ્તો મુંબઈની આગલી પારસી પંચાયતના કારોબારની ઇ૦ સ૦ ૧૭૯૧ થીતે ૧૮૧૨ સુધીની એક અસલ પોથી જે મરહુમ શેઠ દાદાભાઇ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેમાં લખેલાછે.

૨ આગલા વખતમાં વરોડરા, ગોદરા, બારીઆ, વગેરે ઘણાં દુરનાં ગામોમાં થતાં રવાંનોને ભરૂચ અવલ મંજલ પોંહચાડવાને લાવતા હતા.

૩ એ દસ્તુર જીવણજી ભરૂચની દરેમેહરના સંબંધમાં કેટલીક મેહનત લેતા હતા તેથી આએ પ્રમાણે એમને શીઆવનો હક આપ્યો હતો.

૪ આ અસલ લેખ ભરૂચ મધે મરહુમ આ૦ ફરદુનજી એદલજી વાંદરાના વારેસો પાસેથી અમોને મલયોછે.

૫ “Die Religion der Feueranbeter in Indien und Persien. Altona 1796.”

૬ એ બાબે એ પારસી ગ્રહસ્થ તથા ઇસ્ટ ઇંડીઆ કંપની વચ્ચે થએલાં લખતની એક નકલ કાનાનોરવાલા શેઠ કાવશજી હીરજીભાઇ માલેગાંમવાલા તરફથી અમોને મલીછે.

૭ એ દોખમું બંધાવવાનો શબબ એમ કે શેઠ હીરજીશાહ ઇ૦ સ૦ ૧૭૯૫ માં કુરગના રાજાનાં કાંઇ કામ સર મથરાજ ખાતે આવ્યા હતા. તેવણુની સાથે શેઠો ફરાંમજી એદલજી રૂડીબાઇના, મોબેદ રતનદારૂ, મોબેદ જમ-

## ઈ૦ સ૦ ૧૭૯૭.

માંગલોર મધે જરથોસ્તી રવાંનોને ભુમીદા કરવાને તે તરફવાલા શેઠ એદલજી રૂસતમજી ગાંધીએ આએ વર્ષમાં એક એલાહેદી જગા ધર્મખાતે જુદી કાઢી હતી.[૧]

## ઈ૦ સ૦ ૧૭૯૮.

એ. એસ. બારથોલોમાઓ નામના જરમન વિદ્વાંને ઝંદ અને સંસક્રૃત ભાષાઓનું પુરાતનપણું તથા તેમના સંબંધ વિષે એક રેસાલો પ્રગટ કીધો હતો.[૨]

## ઈ૦ સ૦ ૧૮૦૧.

તા૦ ૬ મી અકટોબર.

મુંબઇમાં પેહલે વાહેલા અંગ્રેજોની ગમતને માટે ઘોડાની તથા બીજી સરતોને વાસ્તે એક "ટરફ કલબ" આ વર્ષમાં માસ્ટર્સ ચારલસ ફારબસ, જી. હાલ, એ. કેમપબેલ, પી. હાડો, વગેરે જાણીતા વ્યાપારીઓએ સ્થાપી

---

શેઠજી ફરામજી આહરબાદના, શોરાબજી મેહરવાંનજી મેહતા, ભીખાજી પાંડુ, અને જમાસપજી નામે છ જરથોસ્તીઓ હતા. તેઓએ રાઅમપારનમાં રોમનકેથોલીક દેવલની સાંમે એક જગા ખરીદી તે પર કામચલાઊ મકાન બંધાવી ત્યાં રેહઠાંણ કીધું હતું. ઊપલા છ જણામાંના છેલ્લા શેઠ જમાસપજી તાવની માંદગીથી મરણ પામવાથી શેઠ હીરજીએ તેમનાં રેહથાંણની પાસે બીજી એક જગા લઇ ત્યાં તેમનાં રવાંનને ભુમીદા કીધું અને તે જગા એક દેવાલથી ઘેહરી લઇ એલાહેદી કીધી, જે આજસુધી મોજુદ છે. એ પછી તેની આસપાસની બીજી જગા ખરીદી એક સ્કુએર બનાવી તેમાં બગીચા કીધા, એક કુવો ખણાવ્યો, તથા ઊપલું નાહલું દોખમું બંધાવ્યું. એ દોખમું બંધાયું ત્યારથી તે આજસુધી તદન ફક્ત રહેલું છે, શબબ તે વેળાએ મોબેદોએ એવો ફતવો આપયો કે નવાં દોખમાંમાં પેહલ વેહલું કોઇ જરથોસ્તીનું વહુમાન નાખયા વગર બીજાં રવાંનને મુકાય નહી. આથી ઊપલા જમાસપજીની પછી જે રવાંનો થયાં તેમને દોખમાંમાં ન મેલતાં ઊપલી ઘેરી લીધેલી જગામાંજ ભુમીદા કરવામાં આવ્યાં છે; અને તે બાદ દોખમાંવાલી જગાની આસપાસ રફતે રફતે વસ્તી વધ્યાથી તે નકામું થઇ ગયું છે.

એ બાદ ઊપલી રવાંનોને ભુમીદા કરવાની જગાની પાસે ઇ૦ સ૦ ૧૮૨૨ માં શેઠ એદલજી ખરશેદજી બંબાતાએ પોતાના ખરચે અંજુમનને વાપરવાને એક બંગલો બંધાવ્યો હતો. તથા શેઠ ફરાંમજી એદલજી રૂઠીબાઇનાએ કુવાની બાજુએ બબરચીખાંનું બંધાવ્યું હતું. તેમજ નીલગરીવાલા શેઠ પેશતનજી નશરવાંનજી બારસીવાલાએ બંગલાની ઊગમણે એક દેવાલ બંધાવી હતી. એ બંગલો ઇ૦ સ૦ ૧૮૭૭ માં અંજુમનનાં ફંડમાંથી દરસ્ત કરાવી તેમાં જરથોસ્તી મુસાફરોને ઊતારો આપવામાં આવેછે.

ઊપલી રવાંનોને ભુમીદા કરવાની જગાની આસપાસ મોટી વસ્તી થવાથી ઇ૦ સ૦ ૧૮૬૬ માં મદરાજની મ્યુનીસીપાલીટીએ તે બંધ કરાવી હતી; જે પછી તા૦ ૨૫ મી અકટોબર ૧૮૭૭ ને દીને એ બાબે ઘટતી અરજી કરવાથી મ્યુનીસીપાલીટીએ જે જગોમાં રવાંનોને ભુમીદા કરયાંછે ત્યાં નહિ, પણ તેજ કમપાઊંડની અધવચમાં એક જગો મુકરર કરી તે બાબે તા૦ ૧૮ મી જાનેવારી ૧૮૭૮ ને દીને ત્યાંની અંજુમનના સરનશીન શેઠ એદલજી દીનશાહ પાંડે જોગ નીચે મુજબ પરવાંનગી લખી આપી હતી:—

E. No. 1107.

MADRAS MUNICIPALITY

*Executive Engineer's Department.*

Madras, 18th January 1878.

To

EDULJEE DINSHAW ESQ.

MADRAS,

SIR,

You are hereby authorized to use the site described as follows & marked yellow in the plan which accompanied your Petition dated 25th October 1877 as a licensed Burial ground for the interment of Parsees dying within the limits of this Municipality.

DESCRIPTION OF THE SITE.

The North side 78' 0" from the Northern boundary of the compound.
The South side 139' 0" from the Southern boundary.
The East side 140' 3" from the Eastern boundary of the compound, in West side Mandah Church Road.
The West side 140' 3" from the Western boundary of the compound in Arathoon Road.

In length 52' 0" & in breadth 20' 0".

2. You are further hereby required to call at this office at between 1 &.5 o'clock P. M. tomorrow to sign the Register as the responsible Agent of the Burial ground.

I have the honor to be
Sir,
Your most obdt. sert.,
(Sd.) L. R. BURROWS,
*Actg. President, Muni. Com.*

ઊપલા પરવાંનાની નકલ મદરાજની જરથોસ્તી અંજુમનનાં ફંડના શેક્રેટરી શેઠ શોરાબજી ફરાંમજીએ અમોને આપીછે. એ પરવાંનગી મલયા પછી તુરતજ તે જગોની આસપાસ અંજુમનનાં ફંડ મધેથી ખરચ કરી એક વાર ભરાવી લીધીછે.

૧ એ જગાની આસપાસ ફરતી કાચી દેવાલ હતી તે ભાગી જવાથી ઇ૦ સ૦ ૧૮૭૪ માં શેઠ નવરોજજી પેજનજી ગનજવરે પોતાનાં ધણીઆંની બાઇ બાઇજીનાં પુનને માટે પાકી પથરની દેવાલ તથા દરવાજો વગેરે રૂ.૪૦૦) ને ખરચે બંધાવી મજબુત કરી લીધી હતી. માંગલોરમાં જરથોસ્તીઓની વસ્તી ટીપુ સુલતાંન સાથની લડાઇના વખતથી થઇ હતી.

૨ "De antiquitate et affinitate linguæ Zendicæ, Samscrdamicæ, ex Germanicæ dissertatio auctore P. Paulino A. S. Bartholomeo. MDCCXCVIII."

હતી. આ કલમની સરતો મુકાવવાને માટે બાંએમ્બે હાલના સુરતના રસ્તા આગળનો રસ્તો મોટો કરવા માટે તે તરફની કેટલીક જગાઓ જોઈતી હતી. તે જગાઓ તેમના ધણીઓ સાથે સમજુતી કરી સુરતના રસ્તા માટે વાપડવા અથવા વેચાતી લેવા સારૂં "ટરફ કલબ" તરફથી તે વેળાના અતરેના પટેલ શેઠ દોરાબજી રુસ્તમજીને અરજ કીધી હતી. આથી શેઠ દોરાબજીએ ત્યાં આવેલાં ઘણાંક ખેતરો તથા ખાલી જમીનોના ધણીઓ જણ ૧૮) સાથે આજની તારીખથી તેમની જગાનો ઉપેયોગ સુરતની વખતે કરવાને માટે દામ તરીકે ચોકસ લવાજમ ઠેડવી આપ્યું હતું. ઉપલા ૧૮) જણોમાં પારસીઓ ૨) શેઠ સોરાબજી માણેકજી શેઠના, અને દાદાભાઇ માણેકજી શેઠનાનાં ત્યાં ખેતરો આવેલાં હતાં.[૧]

---

આએ વર્ષમાં શેઠ અરદેસર દાદીભાઇએ માહલક્ષ્મીનાં નાકાં ઉપર પોતાની જગા પર પારસી કોમના વપડાસને માટે એક આરામએશ લેવાની જગા અને પાણી પાવાનું પરબ ધર્મખાતે બંધાવી આપ્યું હતું.[૨]

## ઈ૦ સ૦ ૧૮૦૨.

તા૦ ૭ મી મેએ.

રોજ ૧ માહ ૯ (૪૦) ૧૧૭૧ યજદજરદી.

આજ દીને એલાવ ગામમાં દોખમાંની સાંમે એક શગડી મુંબાઇવાલા શેઠ અરદેસર દાદીભાઇએ બંધાવી આપી હતી.[૩]

---

ડાકટર ફેડરીક મુનટર નામના એક જરમન વિદ્વાને પરસીપોલીસના ખીલારીકી લેખો ઉપર તપાસનું એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.[૪]

---

## ઈ૦ સ૦ ૧૮૦૩.

તા૦ ૧૭ મી ફેબરવારી.

આજ દીને મુંબાઇ મધે લાગેલી મોટી આગનો અહેવાલ જે આ પુસ્તકને સફે ૯૪ મે આવેલોછે તે આગમાં પારસીઓનાં લગભગ ૨૦૦) ઘરો બળી ગયાં હતાં.[૫]

---

૧ એને લગતા અસલ બંદોબસ્તોની એક ચોપડી અમારી પાસે મોજુદ છે.

૨ એ પરબને લગતી જમીન તથા બાંધેલી ઇમારત ઈ૦ સ૦ ૧૮૬૮ માં મુંબઇની મ્યુનીસીપાલીટીએ લઇને તેને બદલે તેજ લટા ઉપર એક બીજું પરબ બાંધી આપ્યું, અને ત્યાં વીઆરના તલાવનું પાણી હમેશાં મુફત પોંહચતું કરવાને કબુલ કીધું હતું. વળી ઈ૦ સ૦ ૧૮૮૩ માં એ જગા પણ મ્યુનીસીપાલીટીને જોઈતી હોવાથી મુંબઇના કલેકટરે કાયદાની રૂહે તે એના તરસ્ટીઓ પાસેથી રૂ૯૦૦૦) આપી વેચાતી લીધી હતી. એ પછી એ પરબના એક તરસ્ટી શેઠ દાદીભાઇ નશરવાંનજી ખરશેદજી દાદીશેઠે ઈ૦ સ૦ ૧૮૮૫ ના મારચ માસમાં મુંબઇની સરકારને ઉપલી રૂ૯૦૦૦) ની રકમ એવી સરતે આપવાની મરજી બતાવી કે કોટમાં નવી પોસ્ટ આફીસની પડોસમાંના કુવા આગલ પારસી કોમના વપડાસને માટે સરકારે પરબની ઇમારત બાંધવી, અને દર વેળા તેની મરામત પોતેજ કરાવતા રેહવું. સરકારે આ માગણી શેઠ દાદીભાઇની મારફતે હાઇ કોરટની મંજુરીઆત મંગાવી બાહલ રાખી હતી.

એ પરબવાલી જુની જગાની સાંમે માહલક્ષ્મીના દરીઆ કીનારા પરની લગભગ ૨૫૦૦૦) ચોરસવાર ખાલી જમીન જે શેઠ અરદેસર દાદીભાઇના બાવા મરહુમ શેઠ દાદીભાઇ નોશરવાંનજીની હતી તે તેવણે ધર્મખાતે આપવાને એલાહેદી કાઢી હતી, અને તે ઉપર હિંદુઓનાં ઘણાંક દેહડાં, ધર્મસાલા, તલાવ, વગેરે એ શેઠોની તથા તેમના વારસોની રજા લઇ એરેન એરેને વગર દામ આપવે બાંધવામાં આવેલાંછે. જેઓમાં મુખ્ય માહલક્ષ્મીનું મંદીર, ધાકજી દાદાજીનું ધાકલેશવરનું દેહડું, કાલીકા દેવીનું દેહડું, ઊદાસી બાવાનું દેહડું, આનંદજી મીસતરીનું દેહડું, રામચંદર ભાશકરજીનું દેહડું, અને વીઠોબા કાનોજીનું દેહડું; તેમજ તુલસીદાસ ગોપાલદાસે ઈ૦ સ૦ ૧૮૨૪ માં ખોદાવેલો મોટો તલાવ; તથા મોરોબા પરષોતમ, નારણજી ગોવંદજી, ગોવીંદજી લાલજી, શીવા કેરૂજી, નીલાજી મદનજી, ધાકજી દાદાજી, આનંતા રાગોબા, નાગા બાવા, દામોદર લક્ષ્મણ શેઠ, રામચંદર ભાશકરજી, છાપાબાઇ ઓરત, રાગોબા જીવાજી, દામોદર પુતલાજી, મદનજી પરષોતમ, વીઠોબા કાનજી, ગોકલદાસ લીલાધર અને નરોતમદાસ નારણદાસ, એઓની જુદી જુદી મલી ૧૭) તથા ગોલાની પંચ અને લુહારોની જમાતની ૨) મલી ૧૯) ધર્મશાલા જુદી જુદી હિંદુ કોમોને વાપડવાને બાંધેલીછે.

૩ એ શગડી ઉપર નીચે પ્રમાણેની તખ્તી કોતરેલીછેઃ—

" શેઠ અરદેશરજી દાદી—રેવાશી મુંબાઇ. શવંત
" ૧૮૫૮ માહ મબારખ ૯ આદર રોજ ૧ દાદાર હોરમજદ."

૪ "Versuch uber die Keilförmigen Inschriften, zu Persepolis. von, Dr. Friederich Münter. Kopenhagen 1802."

૫ પારસીઓનાં બળી ગયલાં ઘરોની નીચલી ટીપ એક જુની જોતીશપણાંને લગતી હાથની લખેલી ચોપડી જે શેઠ શોરાબજી ધનજીભાઇ વાડીઆ પાસે અમોએ જોઇ હતી, તે મધેથી હેઠલ ઊતારી લઇજીએ છૈયે:—

નાલાજી બહમનજીની હવેલી ૧ તથા ચેહલીનાં ઘર ૧૦.
મોદી નશરવાંનજી દાદાભાઇ તથા મોદી એદલજી બેહ-રામજીની રાસનાં ઘર ૯.
મોદી માણેકજી જીજીભાઇનાં ઘર તથા દુકાન ૪.
કુવરજી શોરાબજી કાંણાનાં ઘર ૪.
મોદી જમશેદજી બોધાભાઇનાં ઘર ૩.
મોદી હોરમજજી કુમલા મોદીનાં ઘર ૩.
ફરાંમજી પેશતનજી બેહલી હોમજી (મામા) નાં ઘર ૩.

તા૦ ૩ જી ડીસેમબર.

રોજ ૨૧ માહ ૨ (શિ૦) ૧૧૭૩ યજદજરદી.

આજ દીને સુરતની પાસેનાં ભાઠાં ગામમાં એક દરેમેહર સુરતવાલા શેઠ પેશતનજી વીરજીભાઇએ પોતાના બાવા મરહુમ શેઠ વીરજીભાઈ બહમનજીની નઈએતે બંધાવી પરઠાવી હતી.૧

---

## ઈ૦ સ૦ ૧૮૦૪.

તા૦ ૨૩ મી અકટોબર.

(કદમી ધાહંબારનું ફંડ સ્થાપ્યું તેની વીગત સફે ૯૯ મેછે.૨ )

---

નીચલા પારસીઓનાં દરેકનાં ઘર ૨) બળી ગયાં હતાં:—

મોદી જીજીભાઇ બહમનજી, મોદી વાછાગાંધી ભીમજી, પેશતનજી બહમનજી પસતાકીઆ, મોદી નાનાભાઇ કાવશજી, પેશતનજી કાવશજી નાલીએરવાલા, બેહરામજી કલીઆંણીવાલા, ધંનજી શેરાબજી કાંણાની હમાએ, નરશંગજી કાવશજી, નશરવાંનજી શેરાબજી સકલાતવાલા, મોટાભાઇ મનચેરજી રાંણીના, આ૦ માણેકજી બીલીઆ, ખશી બેહરામજી વાડીઆ, મુગો શેઠ બહમનજી, માકી લાલા, નવરોજજી નશરવાંનજી શેઠના.

નીચલા પારસીઓનું દરેકનું ઘર ૧) બળી ગયું હતું:—

મોદી દાદાભાઇ નશરવાંનજી, આશા કરાઇ વઇદ, કેરશાશપજી શેરાબજી નવસારીના, બેહલી માકી ગોરાંવાલા, બાપુજી નાંનજી વેરા. નરશંગ હીરજી ભાટગરા, મોદી હોરમજજી જીજીભાઇ, ભીખા માકા બચા, જીવણજી દાદા, શેઠ માણેકજી નવરોજજીની અગીઆરી આગલથી બળીને ઇધારાની જગા રહીછે, બહમનજી નાનાભાઇ, કુવરજી રાંણજી જંદરાલનાં, હોમજી દાદા વસાઇગરા, હોશંગ બેહરાંમ દાદા વસાઇગરા, રતનજી શેરાબજી પટેલ, જામાસપ પટેલ, બરજોરજી શાપુરજી મેજરનો, કુકાજી રૂસતમજી ભરૂચા, દોરાબજી નરશંગજી પટેલ, બેહરાંમજી માકા રાંમજી, ડોશાભાઇ દોરાબજી પટેલ, પેશતનજી માકાજી ભરૂચા, સંતોકજી બરજોરજી, પેશતનજી ધનજી રઇઆ, કડવા રાજબાઇ, હીરજી અછાજી, કુવરબાઇ કુવર બોબડાનાં, જીવાજી દાદજી ગાંધી, શેરાબજી ભાટગરા, આ૦ કાવશજી બચાજી, જીજીભાઇ નરશંગજી, રૂસતમજી માણેકજી દારૂખાનાંવાલા, બરજોરજી દાદાભાઇ દારૂખાનાંવાલા, શાપુરજી ગલાલવાલા, બચી દુધવાલી, પેશતનજી દાદાભાઇ ગલાલવાલા, ભીખાજી હીરજી ગલાલવાલા, ડોશાભાઇ ફરાંમજી કોચમેન, મોદી એદલજી બેહરાંમજીના કુંપની, આ૦ માણેકજી નાલાદારૂ, માણેકજી નાના ચાંદજી, જમશેદજી ચપાટ, ભીખાજી વીરાજોગી, બાપુજી કલીઆંણીવાલા, રૂસતમજી આદરજી તે હીરજી જીવણજી રેડીમનીનાં માણસ, ફરાંમજી કુકાજી ભરૂચા, આ૦ કોહીદારૂ મેહનડોશજી, જમશેદજી હીરજી વેહલવાંન, આ૦ ફરાંમજી પંથકી, બહમનજી લવજી વાડીઆ, ફરદુનજી જીજી છાપગર, માણેકજી મનચેરજી ગથીઆ, રતનજી કુવરજી ખરશેદ રાંણાના, એદલજી દોરાબજી લશકરી, ફરાંમજી કાવશજી મેહતા, માણેકજી મનચેરજી મેહતા, આ૦ કાવશજી લાંબા, છીબા જામાસપ ગાડાંવાલા, ફરાંમજી રૂસતમજી શેઠના, પુતલીબાઇ, એદલજી કુવરજી ગલીશતન, ધનજીશાહ મનજીશાહ, જીકાજી નરશંગજી, માણેકજી દાદજી ગાંધી, બનાજી ભીમજીવાંરૂ ઘર મોહું ડીસાનું, શાપુરજી નવરોજજી બનાજી, હોરમજજી મોટાભાઇ, માણેકજી હીરજી ઘડીઆલી, આ૦ હોરમજજી બેહરાંમજી શરીશ, ભીખાજી નવરોજજી બાંદરી, બેહરાંમજી બનાજી ભીમજી, એદલજી કડવાજી કોપર, માણેકજી લવજી વાડીઆનું ઘર, દાદાભાઇ માણેકજી શેઠ, માણેકજી નવરોજજી શેઠ.

૧ એ દરેમેહર પરઠાયાનો દાહડોવાર જે આ પુસ્તકને સફે ૯૭ મે લખ્યોછે તે ભુલ ભરેલો માલમ પડેછે, શબબ સવંત ૧૮૬૦ નાં માગસર શુદ ૧૫ ને દીને ભાઠાંનાં પટેલ હીરજીભાઇ રતનજીના દીકરા રૂસતમજીએ સુરતથી પોતાના બાપપર લખેલો એક અસલ પત્ર અમોએ ગોદાવરાં પંથકવાલા આ૦ નાનાભાઇ ભીખાજી પાસે જોયોછે તેમાં લખેછે કે રોજ ૨૬ માહા ૨ ને દીવસે મરહુમ વીરજીભાઇની માએની બાજ હતી તે દીને અગીઆરી ઇજવાનો વીરજીભાઇના દીકરા પેશતનજીએ હોકમ કીધોછે. એ દરેમેહર શેઠ વીરજીભાઇએ બંધાવ્યા પછી તેઓ અને ત્યાંના મોબેદો વચ્ચે કાંઇ ગેરસમજુતી થવાથી ચાર વર્ષવેર તે ઇજાવી હતી નહી, તે એમનાં મરણ બાદ એવણના દીકરા શેઠ પેશતનજીએ ઇજાવી હતી.

૨ એ ફંડ પ્રથમમાં શેઠ અરદેસર દાદીભાઇની અને તેમના પછી શેઠો ખરશેદજી અને જાંગીરજી અરદેસર દાદીશેઠની પેહડીપર તેઓના હસ્તકમાં હતું. તે પછી તા૦ ૩૦ મી અકટોબર ૧૮૩૬ ને દીને એ ફંડની રકમ જે રૂ૧૭૫૧૧।।૦।।। ની હતી તે શેઠો ખરશેદજી અરદેસર દાદીશેઠ, ફરાંમજી કાવશજી બનાજી, ફરદુનજી ભીમજી પાંડે, હોરમજજી દોરાબજી લશકરી, અને હોરમજજી દાદાભાઇ શાએરનાં નામ ઊપર તરસ્ટીઓ તરીકે સુપુરદ કીધી હતી. એ બાદ તા૦ ૭ મી આગસટ ૧૮૪૮ ને દીને એ ફંડની રૂ૬૦૨૪૧।૩।। ની રકમનું એક કાએદાસરનું તરસ્ટદીડ તે વેળાના તરસ્ટીઓ શેઠો ખરશેદજી અરદેસર દાદીશેઠ, ફરાંમજી નશરવાંનજી પટેલ, ધનજીભાઇ નશરવાંનજી કામાજી, માણેકજી ભીમજી બનાજી, અને ખરશેદજી કાવશજી આશાબરનરે કરાવ્યું હતું. એ તરસ્ટીઓમાં અવાર નવાર ખાલી પડતી જગાઓ પર શેઠો અરદેસર ખરશેદજી દાદીશેઠ, માણેકજી દાદાભાઇ શાએર, ભીમજી માણેકજી બનાજી, બહમનજી ફરાંમજી કામાજી, હીરજીભાઇ અરદેસર દાદીશેઠ, મેહરવાંનજી ફરાંમજી પાંડે અને ખરશેદજી રૂસતમજી કામાજી એક પછી એક શામેલ થયા કીધાછે. એ ફંડની પુંજી જરૂર કરતાં વધારે હોવાથી ઇ૦ સ૦ ૧૮૮૦ માં હાઇ કોરટની મંજુરીઆત મેલવી તે મધેથી રૂ૩૦૦૦૦) ની રકમ મરહુમ દાદીશેઠનાં આતશબેહરાંમના કંપાઊંડમાં બે મોટા જમવાના ઓટલા બંધાવવા પર ખરચીછે, અને હાલ એ ફંડની બાકી પુંજી તેના છેલ્લા ઇ૦ સ૦ ૧૮૮૫ માં છપાયલા હીસાબ પ્રમાણે રૂ૧૭૦૫૯૭—૧૭—૪ પાઇની છે.

તા૦ ૨૬ મી નવેમબર.

આજ દીને મુંબઈના પારસીઓની શમશત અંજુમન કોટ મધેની મરહુમ શેઠ દાદીભાઈ નોશરવાંનજીની દરેમેહરમાં મલી હતી. તીઆં એક મોબેદ ફરીઆદ લાવ્યો કે તેના ભાઈના છોકરાનું કારજ સુરત મધે આજ આઠ નવ વર્ષ થયાં એક મોબેદની છોકરી સાથે થયું હતું, પણ તે છોકરીની માએ હાલ તે વાત નામુકર જાએછે. આ ઉપરથી પંચાતે શાહેદી ગવાહી લઈ તે ઓરતને પંચાતનાં માણસ પાસે કેહવડાવ્યું જે તારી છોકરીને દીનના હોકમ મુજબ એ છોકરાને આપ, પણ તેણીએ તે કબુલ કીધું નહી, અને કેટલાક નાલાએક જવાબ પંચાતને કેહવાડયા, જેથી કુલ અંજુમને ઠેડાવ ઠેરવ્યો જે પંચાતના ચુકવેઆ પ્રમાણે એ છોકરીને આજથી માસ ૧) સુધીમાં એ છોકરા સાથે આપે તો સારૂં છે, ને જો પંચાતનો હોકમ નહી માને તો પછી માસ ૧) ની મુદત થાએઆ પછી ફરી પંચાત મલીને જે કાંઈ એ ઓરતને સજા દેવી હશે તે દેશે.[1]

આ અંજુમનની સભાનાં કામકાજની લખેલી નોંધની હેઠલ નીચલા આગેવાંનોની શહીઓછે:—

શેઠો નશરવાંનજી માણેકજી વાડીઆ, શેરાબજી મનચેરજી રેડીમની, ફરામજી નાનાભાઈ હાવર, અરદેસર દાદીભાઈ, પેશતનજી બહમનજી વાડીઆ, મનચેરજી મેહરાંમજી બનાજી, માણેકજી દાદા, મુલ્લાં ફીરોજ બીન મુલ્લાં કાઉશ, આ૦ શેરાબજી જમશેદજી નાલાદારૂ, રતનજી માણેકજી બનાજી, આ૦ માણેકજી નશરવાંનજી પંથકી, આ૦ દારાબજી શાપુરજી વાછા.

શીતળાના મરજથી આએ દેશમાં દર વર્ષે હજારો બાળકો મરણ પામવાથી મુંબઈના નામદાર ગવરનર જોનાથન ડંકને ગઉશીતળા મેલાવવાને લોકોને ફરજ પાડી. આની સાંમે સુરત મધે દસ્તુર બરજોરજી ખરશેદજી દારાબ પાલણનાએ જરથોશ્તીઓને એવો ફતવો આપ્યો કે ગાએની રસી આપણી રસી સાથે આલુદગી નહિ થવી જોઈએ, જેથી સુરતના લોકો ગઉશીતળાની સાંમા થયા હતા. આ ઉપરથી નામદાર ગવરનરે સુરતના શેહરના દસ્તુર કાઉશજી રૂસતમજી, તથા નવસારીના દસ્તુર ફરાંમજી શેરાબજી મેહરજી રાંણાના, તથા મુંબઈના દસ્તુરો મુલ્લાં ફીરોજ બીન મુલ્લાં કાઉશ અને ખરશેદજી જમશેદજી જામાસપ આશાનાનાં એ બાબે મત માગયાં હતાં, જેઓએ મત આપ્યું કે ગઉશીતળાના ચેપ અથવા રસીમાં શીતળા મેલવાથી દીન ધરમમેં કસસું નુકસાંન થાતું નથી.[2]

## ઈ૦ સ૦ ૧૮૦૬.

તા૦ ૮ મી જાનેવારી.

રોજ ૩ માહ ૪ (શે૦) ૧૧૭૫ યજદજરદી.

**મરણ**—શેરાબજી જીવણજી અદગરા.[3]—(ઉમર વર્ષ ૫૫) એવણ સુરત મધે કાપડની વનાવટનો મોટો રોજગાર ચલાવતા હતા, તથા ફરંગી અને ઇંગ્રેજ વ્યાપારીઓની કાપડની દલાલી તથા આડતનું કામ કરતા હતા.

તા૦ ૪ થી અકટોબર.

ગાથા ૨ (શે૦) ૧૧૭૫ યજદજરદી.

**મરણ**—ભીખાજી મેહરજી એરગાંમવાળા.[4]—(ઉમર વર્ષ ૭૫) એવણ પ્રથમ ઈ૦ સ૦ ૧૭૪૫ માં એરગાંમ મધે આવી વસ્યા હતા, અને ત્યાં મોટા પાયાપર ખેતી ચલાવી હતી. એવણ ઘણા કદાવર તથા જોરેમંદ હોવાથી ઘણીવાર આસેપાસેનાં ગામોમાં આવતા પીંડારા તથા લુતારાઓની સાંમે થઈ તેમને મારયા હતા. આથી તે વેળાની ગાયકવાડ સરકારે એવણને ઈ૦ સ૦ ૧૭૭૧ માં ૫૨) વીંઘા જમીન વંશપરંપરા ભેટ આપી હતી, તથા કેટલાંક નાહનાં ગામોની મેહશુલ અને ઇનિમાફની દેખરેખ સોંપી હતી. ઈ૦ સ૦ ૧૭૭૬ માં ધરમપોરના ખરા ગાદી વારેસ ધરમ દેવજીને ત્યાંની દરબારે કાંઈ દગા ફતકાથી

---

૧ આ નોંધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની ઈ૦ સ૦ ૧૭૯૧ થી તે ૧૮૧૧ સુધીની એક અસલ પોથી જે મરહુમ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેમાં સરવે શહીઓ સાથે કરેલીછે.

૨ એ બાબે મરહુમ મુલ્લાં ફીરોજજી તથા દસ્તુર કાઉશજી રૂસતમજીએ નામદાર ગવરનરને લખી આપેલા ફારસી દસતાવેજનો ગુજરાતીમાં તરજુમો તા૦ ૪ થી આપરેલ ૧૮૫૮ નાં રાસ્ત ગોફતારમાં છપાયોછે.

૩ એવણના બે દીકરાઓ શેઠો બહમનજી તથા મનચેરજી (શેઠ ખરશેદજી મનચેરજી અદગરાના બાવા) પણ સુરત મધે કાપડની વનાવટનો મોટો રોજગાર તથા ફરંગી વ્યાપારીઓની આડત ચલાવતા હતા. શેઠ બહમનજીના ત્રણ દીકરાઓ શેઠો મેહરવાંનજી, બેજનજી, અને રૂશતમજી પણ એજ ધંધામાં પડેલા હતા.

૪ એવણના બાવા શેઠ મેહરજી દાદા ગંદેવીના વતની હતા, અને ત્યાંથી ખેતી તથા રોજગારનાં કારણસર ધરમપોર સ્વસ્થાંનનાં નારણપોર (એરગાંમથી એક મૈલ દુર) નામનાં એક ગામમાં આવી વસ્યા હતા, જયાંના તેમને પટેલ પણ નેમ્યા હતા. મરહુમ શેઠ ભીખાજીના દીકરા શેઠ દાદાભાઈ તથા તેમના દીકરા શેઠ મેહરવાંનજી પણ પોતાના બાપીકાં ગામ તથા જમીનનો ભોગવતો ચલાવતા હતા, અને હાલ તે તેમના ત્રણ દીકરાઓ શેઠો ભીખાજી, મેનાબાઈ, અને હોરમજજી મેહરવાંનજી ચલાવેછે.

કાઢી મેલ્યો હતો તેને પાછો ગાદીએ બેશાડવામાં એવણે ઘણીક કીમતી મદદો આપીઆથી તેણે ગાદીપર આવતાંને વાર "બેહેજ" નામનું ગામ કે જે એરગામની હદ સાથે લાગેલું હતું તે એવણને ઇનામમાં આપ્યું હતું; પણ બીજે શાલ તેમાં કાંઇક ખતપત જણાયાથી તે એવણે રાજા પાસેથી રૂ૧૦૦૦૧) બદલ વેચાંન કરી લીધું, તથા તે ગામની રૈયતપર સર્વે પ્રકારની ફોજદારી તથા દીવાંની હકુમત લખાવી લીધી હતી.[૧] એરગામમાં એવણે કાઢેલું સદાવરતુ હજુસુધી ચાલુછે. ઇ૦ સ૦ ૧૭૯૦ માં પડેલા સડતાલાના દુકાલ તથા ઇ૦ સ૦ ૧૮૦૪ ના દખણના દુકાલ વખતે એવણે પુશકલ ગરીબોને દરરોજ ખોરાક પોહચતો કીધો હતો, તથા ઇ૦ સ૦ ૧૭૯૩ માં ગંદેવી અને નવસારીની વચ્ચે અરદાવારાનાં ગામમાં આવેલી એક નદીપર પાકો પુલ બંધાવી આપ્યો હતો, જે હજુ સુધી "કનાઇ" ના પુલને નામે મોજુદછે.

## ઈ૦ સ૦ ૧૮૦૭.

મલબાર કોસ્તા તરફ આવેલાં આલપાઇ ગામમાં આએ વર્ષમાં શેઠ નવરોજજી કાવશજી નાળીએરવાલાએ એક દરેમેહેર તથા દોખમું બંધાવી પરહાવ્યું હતું.[૨]

---

૧ એ બેહેજ ગામ પર ઇ૦ સ૦ ૧૮૧૩ તથા ૧૮૨૯ અને ૧૮૩૯ માં ધરમપોરના રાજા તરફથી જપતીઓ બેશાડવામાં આવી હતી, પણ ઇંગ્રેજ સરકારના એજંટોએ વચ્ચે પડી તે તુરત ઊઠડાવી નાખી હતી. એ પછી ઇ૦ સ૦ ૧૮૭૭ માં ફોજદારી તથા દેવાંની બાબે રાજાએ મરહુમ શેઠ બીખાજી મેહેરજીના વારેસોને એક નવો દસતાવેજ કરી આપ્યો હતો, તથા ઇ૦ સ૦ ૧૮૮૫ માં એ ગામની આબકારી બદલ દર વર્ષે રૂ૧૬૦૧) જ્યાંસુધી ધરમપોરમાં સદર ફડ રહે ત્યાંસુધી મરહુમ શેઠ બીખાજીના વારેસોને આપવાને ઇંગ્રેજ સરકારના એજંટના વચ્ચે પડયાથી રાજાએ બંદોબસ્ત કરી તેની નકલો એજંટની આફીસમાં નોંધાવીછે.

૨ એ દોખમું હાલ તદન પડત પડેલુંછે, અને તેમાં મોઠાં ઝાડો ઊગયાંછે, તથા દરવાજો ભાગી ગયોછે. દરેમેહેર સલાંમત હાલતમાં છે, અને તેમાં હાલ એ૦ પેશતનજી શાપુરજી રૂસતમ દાદીના નામના સુમાલીના એક મોબેદ રહેછે. એ દરેમેહેરનો લાભ આગલા વખતમાં મલબાર કોસ્તા તથા બીજાં દુર દેશાવરોના જરથોશ્તીઓ લેતા હતા, તથા સર્વે બચ્ચાંઓને શુદરેહ પેહરાવવા અંહી લાવતા હતા. એ જગો પર ૫૦) વર્ષની વાત ઊપર શુદરેહ પેહરેલા એક પારસી શેઠ મેહેરવાંનજી કાવશજી મેસમેન હાલ કાનાનોર ખાતે હેંયાતછે. એ દરેમેહેરના ખરચને માટે શેઠ નવરોજજી નાળીએરવાલાએ કેટલીક જાગીર એલાહેદી કાઢેલી હજુ સુધી મોજુદ છે.

## ઈ૦ સ૦ ૧૮૦૮.

### તા૦ ૧૧ મી મેએ.

અતરેની સરકારી ગોદીમાં શેઠ જમશેદજી બહમનજી વાડીઆનાં ઉપરીપણાં હેઠલ મેસરસ ફારબસની કુંપનીને માટે બંધાયલાં ૧૨૫૦) ટણનાં "બોમ્બે" નામનાં એક નવાં વાહણને પાણીમાં ઊતારવાની ક્રિઆ આજ દીને અતરેના નેવલ કમાનડર–ઇન–ચીફ સર એડવરડ પીલીઊએ કીધી હતી.[૩]

### તા૦ ૨ જી આગશટ.

આજ દીને મુંબઇની નામદાર રીકારડરની કોરટમાં પારસી તથા હિંદુ કોમ વચ્ચેના એક અગત્યના મુકદમાનો ફેસલો થયો હતો. આ મુકદમાની કેફીઅત એમછે કે પારસીઓનાં દોખમાંઓના ડુંગરની હેઠાણમાં ડુંગરવાડી નામની જગા ઇ૦ સ૦ ૧૭૭૪ માં પાંડુ શીવજી નામના એક તવંગર હિંદુ વ્યાપારીએ પોતાના એક નજદીકના ખેશી પાસેથી વેચાતી લઇ તેપર એક દેહરું આસપાસના હિંદુ રેહવાસીઓને પૂંજા કરવાને માટે બંધાવી તેને "બાબુલનાથ" નું નામ આપ્યું હતું. એ પછી ઇ૦ સ૦ ૧૭૯૨ માં મજકૂર પાંડુ શીવજી નાદાર હાલતમાં આવ્યો, અને તેની સર્વે મીલકતો તે વેળાની "મેયર" ની કોરટના હોકમથી શેરીફે જાહેર લીલાંઊ કરી તેના માગનારાઓના લાભને માટે વેચી નાખી. હવે આ લીલાંઊમાંથી મજકૂર ડુંગરવાડી તથા બાબુલનાથનાં દેહડાંને લગતો "લોટ" રેવરંડ મી૦ બરોસ નામના અતરેના એક વખાણયલા પાદરીએ વેચાતો લીધો. તે તેણે ઇ૦ સ૦ ૧૮૦૦ માં થોડેક નફે પારસી પંચાતની વતી શેઠ હોરમજજી બહમનજી વાડીઆને (રૂ૧૪૦૦૦) ની કીમતે) વેચ્યો હતો. હવે આથી શેઠ હોરમજજીએ હિંદુ લોકોને તે તરફ જતાં આવતાં અટકાવ્યા અને તે દેહરું કાઢી નાખવાની તૈયારીમાં હતા, તેવામાં મજકૂર પાંડુ શીવજીનો કોઇ મલારરાવ નામનો ગરીબ વારસ નીકલી આવ્યો, અને તેને નામે પારસીઓની સાંમે અતરેના રીકારડરની કોરટમાં કજીયો ચલાવ્યો કે આએ દેહડાંની જગો તો પાંડુએ આપી હિંદુ કોમને એ દેહરું બાંધ્યાથી ધર્મ ખાતે આપેલી કેહવાય. તેટલા માટે પાંડુના માગનારાઓને અથવા શેરીફને તે વેચવાનો કસો અખતીઆર હતો નહી. આ માટે વાદીની તરફથી "આડવોકેટ જનરલ" હાજર થયો હતો. પારસીઓની તરફથી ત્યાં એવો બચાવ કરવામાં આવ્યો હતો કે આએ દેહરું કાંઇ પાંડુએ હિંદુ શાસ્ત્ર પ્રમાણે જાહેર રીતે ધર્મમાં અર્પણ

---

૩ બોમ્બે કુરીઅર, તા૦ ૧૪ મી મેએ ૧૮૦૮.

કરેલું ગણાય નહી. તેણે તો ફકત તે પોતાનાં ખાંનગી ઉપયોગને માટે બંધાવી તેમાં સુરતી વગેરે ખાંનગી રીતેજ ગોઠવાવી હતી, તથા આએ ડુંગરવાડીની એ દેહડાંને લગતી ટેકડીની ઉપજ પણ તે પોતાના ખાંનગી ઉપયોગમાં લેતો હતો. તે સાથે જયારે તેણે આ દેહડું ખાંનગી વપ-ડાસને માટે પણ બાંધવાનું કામ ચલાવ્યું ત્યારે પારસીની પંચાતના તે વેળાના અકાબરોએ પોતાને હસ્તકનાં દોખમાંઓની નજદીકમાં આવી એક ધર્મની જગા બાંધ-વાને પોતાનો વાંધો પાંડુને જણાવ્યો. જેનો તેણે ઉતર વાલ્યો કે તેતો માત્ર પોતાનાં ગાડાંવાલા તથા ગવલીઓને માટે એક નાહનું ઝુપડું બાંધિશે. વળી જયારે કેટલાક યુરોપ્યનોએ તેની પાસે એ જગા બંગલા બાંધવાને માટે માગી, ત્યારે તેણે તેઓ આગલ આ દેહડું બાંધવાની વાત કહી તેઓને ઉડાવ્યા. આથી પંચાતે કસા ઉપાયો લીધા નહી. એ પછી શેરીફનાં લીલાંઉમાંથી આ જગો વેચાતી લેવાનું કારણ ફકત એજ કે તેની પડોશમાં આવેલાં દોખમાંઓની આસપાસ બનતાં સુધી કસી વસ્તી રહે નહી, અને એ જગા તેમના ધર્મ પ્રમાણે એકાંત ગણાય. આ માટે તેઓ વંદીદાદ, પેહલવી વજરકરદ દીની, મીનો-ખેરદ, વગેરેમાંથી દલીલો લાવ્યા હતા. તથા તેઓની કોમના બે આગેવાંનો શેઠો નશરવાંનજી માણેકજી વાડીઆ અને અરદેશર દાદીભાઇએ શાક્ષી આપી કે તેઓના ધર્મની સરીયત મુજબ દોખમાંઓની જગા તદન એકાંત જોઇએ અને તેની પડોશમાં આવું દેહડું બંધાઇ શકાય નહી. તેઓ બંને સાહેબોએ જણાવ્યું કે આજથી ૨૩ તથા ૨૫ વર્ષની વાત ઉપર પંચાતે પાંડુને આ દેહડું બાંધવા વિષે પોતાનો વાંધો જણાવ્યો હતો. શેઠ અરદેશરે વળી એટલાં વેર શાક્ષી આપી કે તેવણ પોતે અને બીજા તેમની સાથના જવાંન પારસીઓ આ દેહડાંની આગ-લની ખોલ્લી જગાપર બેશી ખાતા પીતા તથા મોજમજાહ કરતા હતા, જે પાંડુ જાણતો હતો, તોપણ તે વિષે તેણે કોઇ વેળા વાંધો લીધો તો નહિં. એ ઉપરાંત પારસી-ઓએ બનારસથી કેટલાક શાસ્ત્રીઓને બોલાવી મંગાવી તેમની કોરટમાં શાક્ષી લેવાડી કે આ દેહડું હિંદુ શાસ્ત્ર પ્રમાણે પરઠાવેલું નથી, માટે તે વેચાઇ શકાય. આની સાંમે સદર અદાલતના પંડીતોએ શાક્ષી આપી કે એ દેહડું હિંદુ શાસ્ત્રના કાનુન પ્રમાણે પરઠાવી આપી ગીર-ગાંમ તરફ વસનારી હિંદુ પ્રજાને આપેલું ગણાય, માટે તે કોઇથી વેચાઇ અથવા ગીરવી શકાય નહિ. એ પ્રમાણે કજીયો પાંચ દાહડા વેર ચાલ્યા પછી આજ દીને નામદાર રીકારડર સર જેમસ મેકીનટોશે વાદીના લાભમાં તેનો ચુકાદો કીધો કે એ દેહડું હિંદુ શાસ્ત્ર પ્રમાણેની ક્રિઆ કરી હિંદુ ગ્નાતને માટે ખોલું મુકેલું હતું, માટે શેરીફે પાંડુની બીજી મીલકતોની સાથે તેને લગતી જગો વેચવી જોઇ-તીતી નહિં. એમ કહી તે દેહડાંની જગો હિંદુ કોમને અપાવી હતી. આ વેળાએ તેણે આપણી એ જગો હાથ કરવાની કોશેશની સુભ મકસદ, તથા આપણી કોમની તે વખતની તથા આગલી જાહોજલાલી, અને આપણાં રવાંનોને ઠેકાંણે પાડવાની રીત માટે ઘણા મોતેબર વિચારો પોતાનાં "જડજમેંટ" માં જણાવ્યા હતા.[૧]

---

## ઈ૦ સ૦ ૧૮૧૦.

### તા૦ ૧૯ મી જુન.

અતરેની સરકારી ગોદીમાં નામદાર કંપની સરકા-રને માટે શેઠ જમશેદજી બહમનજી વાડીઆનાં ઉપરીપણાં હેઠલ બંધાયલી ૭૪ ટોપોની એક મનવાર "મીનડેન"

---

૧ બોમ્બે કુરીઅર, તા૦ ૨૦ મી આગસ્ટ ૧૮૦૮.

સર જેમસ મેકીનટોશ એ જડજમેંટમાં આપણા લોકો માટે કેહછે કે:—

"The Parsees are a small remnant of one of the mightiest nations of the ancient world, who, flying from persecution into India, were for many ages lost in obscurity and poverty, till at length they met a just government under which they speedily rose to be one of the most opulent mercantile bodies in Asia. In this point of view I consider their prosperity with some national pride. I view their wealth as a monument of our justice, and I think we may honestly boast that the richest inhabitants of this settlement are not of the governing nation. This little tribe is on other accounts interesting. They have preserved the activity of their minds and the vigour of their bodies during a residence of a thousand years in India.

Here we see the immutable character of an Asiatic race. The remains of those Persians who three and twenty centuries ago, in the armies of Xerxes, destroyed the Temples of Idols, who were among the most ancient monotheists and iconoclasts of the world, still preserve their abhorrence of Idolatry, and shew it with peculiar force against those Idolatrous symbols which, though they are to be found from the mountains of Thibet to the Appenines, are always peculiarly abhorrent from the moral sentiments of man unperverted and undegraded by superstition.

Feelings of a very similar nature led the ancient Persians to that peculiar mode of burial above ground which is still practised by their descendants in this country; and it must be acknowledged that no sentiment can be more natural than the desire of insulating such repositories of the dead, of guarding them by a sort of sacred solitude from outrage from the eye of frigid curiosity, and perhaps from the abhorrence of adverse sects.

For nearly as the feelings which produce this mode of disposing of the dead approach to those which lead to the common practice of interment, there is perhaps none at which our habitual sentiments are more apt to revolt. But if our own mode of burial were a new practice, to be examined for the first time, it is not without circumstances abhorrent to the feelings, which might make it seem to be an obscure and gloomy imprisonment of the sacred remains of the dead."

[Bombay Courier, 20th August 1808.]

ને પાણીમાં ઉતારવાની ક્રિઆ આજ દીને નામદાર ગવરનર જોનાથન ડંકને કીધી હતી.[૧]

## ઈ૦ સ૦ ૧૮૧૧.

તા૦ ૪ થી જાનેવારી.

રોજ ૩૦ માહ ૩ (શે૦) ૧૧૮૦ યજદજરદી.

**મરણ**—કુવરજી લીમજીભાઈ ગંદેવીના દીવાન[૨]—ઉમર વર્ષ ૬૦) ગંદેવીવાલા શેઠ લીમજીભાઈ નશરવાનજી ગવ્વરના દીકરા. એવણ પ્રથમમાં ગંદેવીના દેશાઈ નાનજીભાઈના હાથ હેઠલ દીવાંનગીરી કરતા હતા, અને તેનાં મરણ બાદ ગાયકવાડ સરકારની મંજુરીઆતથી નવા દેશાઈના હાથ હેઠલ પણ તેજ ઓહદો ભોગવતા હતા. આ વેળાએ ગંદેવીના તાબામાં ઘણુાંક ગામો તથા કશબાઓ હતા.

---

તા૦ ૭ મી ફેબરવારી.

આજ દીને મુંબઈના પારસીઓની શમશત અંજુમન કોટ મધેની મરહુમ શેઠ દાદીભાઈ નોશરવાંનજીવાલી દરેમેહરમાં મલી હતી. તે વેળાએ એક પંથકીએ આવી અરજ કીધી કે તેને તેની ઓરત સાથે બનતું નથી માટે બીજી ઓરત કરવાની રજા આપવી. આ ઉપરથી પંચાતે તલાસ કરી તે પુંથકીને પોતાની ઓરતને સાથે લઈ છ માસ સુધી પોતાની માએ તથા બેહનથી જુદો રેહવાને હોકમ કીધો, અને એટલા મુદતમાં જો તે ઓરત સલાહ સંપથી નહી રહે તો તેને બીજું ઘર કરવાની રજા આપવામાં આવશે.

એજ પ્રમાણેની અરજ એક બીજા પારસીએ કીધી હતી કે તેનેબી પોતાની ઓરત સાથે બનાવ નથી, અને તે ઓરતમાં કશો ઢંગ નથી, અને તે ખુશીથી તેને બીજી બાયડી કરવાની રજા આપેછે, આ ઉપરથી પંચાતે ઉપલા પારસી પાસે તે ઓરતને ૩૨૦૦) આપવા, તથા દર વર્ષે કપડાં લતાં કરવાનું લખાવી લઈ બીજી ઓરત કરવાની રજા આપી હતી.

વળી એક ઓરતે આવી પંચાતને ખબર કીધી કે તેનો ખાવંદ આજ વર્ષ ૮) થયાં મુંબઈથી લશકરમાં હેદરાબાદ ગયો હતો તે કાંઈ ખબર નથી કે કયાંછે, પણ બીજા પારસીઓ તે વખત ઉપર લડાઈમાં ગયા હતા તેઓથી માલુમ થાએછે જે તે લડાઈમાં ગુજરી ગયોછે. આ ઉપરથી પંચાતે આ૦ બેહમનજી માણેકજી પંથકી, તથા પેશતનજી બાઈજી, તથા શેઠ ખરશેદજી કાવશજી શેઠના જેવા આશામીઓથી તેહકીક કર્યાથી માલુમ પડયું જે તે છોકરો લડાઈમાં માર્યો ગયોછે, જેથી તે ઓરતને શમશત અંજુમને બીજું ઘર કરવાની રજા આપી હતી.

વળી બીજા બે પારસીઓ પંચાતની રજા વગર ઈ૦ સ૦ ૧૭૮૧ ના બંદોબસ્તોથી ઉલટા ચાલી જીવતી ઓરત ઉપર ઓરત કરી લાવ્યા તેઓને પંચાતે ગુનેહગાર ઠેરવ્યા, અને હવે પછી પંચાત બેશી તે વીશે ઘટનું કરશે, તથા પેહલી ઓરતોનો રસતો કરશે.[૩]

---

તા૦ ૧૯ મી ફેબરવારી.

આજ દીને મુંબઈના પારસીઓની શમશત અંજુમન કોટ મધેની મરહુમ શેઠ દાદીભાઈ નોશરવાંનજીવાલી દરેમેહરમાં મલી હતી. તે વેળાએ મરહુમ શેઠ અરદેસર દાદીભાઈનો એક ચાકર પોતાની જીવતી બાયડી છતાં સુરત બીજી બાયડી કરવા ગયો તે બાબે તેની પેહલી બાયડીનાં સગાંઓએ છેક સુરતથી આવી આવી પંચાતને ફરીઆદ કીધી. આ ઉપરથી પંચાતે ઠેડાવ ઠેરવો જે સુરત અંજુમનના સરદાર મોદીજી ઉપર, તેમજ ભરૂચ, નવસારી, વલસાડ, ગંદેવી, ઉદવાડે, તથા બીજાં સર્વે ઠેકાંણે જયાં પારસીની હંમજાતછે ત્યાં સઘળી વીગતે કાગળો લખે જે એ પારસી પંચાતના હોકમ વગર તથા પોતાની ઓરતની તકસીરનો ઈનસાફ કરાવ્યા વગર બીજી ઓરત કરે નહી.

વળી એક પારસી ઓરતની તરફથી તેનો ભાઈ તથા બીજા સગાઓ ફરીઆદ કરવા આયા કે તે ઓર-

---

૧ બોમ્બે કુરીઅર, તા૦ ૨૩ મી જુન ૧૮૧૦.

આવી મોટી મનવાર અતરેની ગોદીમાં પેહલવેહલીજ બંધાઈ હતી, અને તે માટે "કુરીઅર" ના ઊપલા આંકમાં લખેછે કેઃ—

In having produced the Minden, Bombay is entitled to the distinguished praise of providing the first and only British ship of the line built out of the limits of the mother country; and in the opinion of very competent judges, the Minden, for beauty of construction, and strength of frame, may stand in competition with any man of war that has come out of the most celebrated dockyards of Great Britain.

For the skill of its architects, for the superiority of its timber, and for the excellence of its docks, Bombay may now claim a distinguished place amongst naval arsenals.

[Bombay Courier, 23rd June 1810.]

૨ મુંબઈવાલા મરહુમ શેઠ રતનજી હોશંગજી મુસના પિત્રાઈ, તથા શેઠ નાનાભાઈ માણેકજી ગવ્વર (કસીશરીવાલા) ના બપાવા. એવણનાં મરણ બાદ એવણના વડા દીકરા શેઠ રતનજી કુવરજીએ કેટલુંક સુધી દીવાનગીરી ચલાવી હતી.

૩ આ નોધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની ઈ૦ સ૦ ૧૭૯૧ થી તે ૧૮૧૨ સુધીની એક અસલ પોથી જે મરહુમ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેમાં કરેલીછે.

તનાં માબાપ મરણ પામ્યાંછે, અને તેનીનો ખાવંદ ૮) વર્ષ થયાં મુંબઈથી બાહેર ગયોછે માટે તેણીના સસરાને તેણીનું પેટ ભરવાની ફરજ પાડવી. પંચાતે તેણીના સસરાને કેહવડાવ્યાથી તેણે જવાબ મોકલ્યો કે અમારો છોકરો કાંઈ અમારે માટે દરમાયો મોકલતો નથી કે અમો તેની ઓરતનું પેટ ભરયે. ગમે તો એ ઓરત સુખેથી બીજું ઘર કરે. એજ પ્રમાણે તેણીના ખાવંદે પણ પોતાના મરનાર સસરા ઉપર તેણીને બીજું ઘર કરાંવવાને કાગજ લખયો હતો. તે સર્વે બીના પંચાતે સાંભળી તજવીજ કરીને ઠેરવ્યું જે એ બાબે પંચાત તરફથી એક કાગજ તથા ઉપલી ઓરતનાં સગાંઓ તરફથી એક કાગજ તેણીના ખાવંદ ઉપર લખી તે દખણ મધે મોદી ખુરશેદજી જમશેદજીની મારફતે મોકલવો અને બે માસમાં તેનો જવાબ મંગાવવો. જો બે માસમાં તે પોતે અથવા કાંઈ જવાબ નહી આવે તો ઉપલી ઓરતને બીજું ઘર કરી જવાની પરવાંનગી આપીછે.[૧]

## ઈ૦ સ૦ ૧૮૧૩.

તા૦ ૮ થી જાનેવારી.

સુરત મધે કુમસ જવાના રસ્તાપર મોજે પીપલોદની હદમાં મરહુમ શેઠ ધનજીશાહ બરજોરજી બેહરેમંદખાંનનાં પુનને માટે એક કુવો બંધાવી આલો મુકયો હતો.[૨]

તા૦ ૧૦ મી નવેમબર.

રોજ ૬ માહ ૨ (શે૦) ૧૧૮૩ યજદજરદી.

આજ દીને દમણની પાસેનાં વાપી ગામમાં મુંબઈવાલા શેઠ હોરમજજી બહમનજી વાડીઆએ મુસાફરોના ઉતારાને માટે એક ધર્મશાળા બંધાવી આલી મુકી હતી.[૩]

## ઈ૦ સ૦ ૧૮૧૪.

તા૦ ૧૯ મી જાનેવારી.

રોજ ૧૬ માહ ૫ (ક૦) ૧૧૮૩ યજદજરદી.

**મરણ**—શાપુરજી કુવરજી કોહાજી[૪]—ઉમર વર્ષ ૮૧) સુરતવાલા શેઠ કુવરજી કોહાજીના દીકરા. એવણ ઇસ્ટ ઇંડીઆ કંપનીના ગુજરાત ખાતેના કમરશીયલ રેસીડંટના "આસીસ્ટંટ" હતા, અને સુરત, ભરૂચ, લીમડી, વઢવાંણ, વગેરે ઠેકાણાંઓથી રૂ, કાપડ, સુતર, ઇત્યાદીની ખરીદી કરતા હતા. એવણ મુંબઈથી સુરત પાછા ફરતાં રસ્તામાં તારાપોર મધે મરણ પામ્યા હતા.

## ઈ૦ સ૦ ૧૮૧૫.

તા૦ ૨૯ મી જુલાઈ.

રોજ ૨૭ માહ ૧૦ (શે૦) ૧૧૮૪ યજદજરદી.

**મરણ**—કાવશજી નશુજી ચાનીમીની—(એવણનું મરણ સને ૧૮૮ મે જે દીવસે છાપ્યુંછે તે નહી, પણ ઉપર જણાવેલે દીવસે નીપજયુંછે.)

તા૦ ૧૯ મી સપટેમબર.

રોજ ૧૬ માહ ૧૨ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—ખરશેદજી કુવરજી માખણવાલા[૫]—ઉમર વર્ષ ૬૮) એવણે સુરત મધે આગલા વખતમાં ઇંગ્રેજી કોઠીના વેપાર ખાતાંના એજંટો મી૦ ચેરી અને ત્યારપછી

૧ આ નોંધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની ઈ૦ સ૦ ૧૭૭૧ થી તે ૧૮૧૨ સુધીની એક અસલ પોથી જે મરહુમ શેઠ દાદાભાઇ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેમાં કરેલીછે.

૨ આ કુવા પર નીચે મુજબ તખ્તી મારેલીછે:—
"શવંત ૧૮૬૯ નાં વરખે પોશ સુદ ૨ વાર શોમે
"શેઠજી ધનજીશા બેરાંમખાંજીનો પરબનો કુઓછે."

૩ એ ધર્મશાલામાં નીચે મુજબની તખ્તી મારેલીછે:—
"શવશાતીશ્રી પારસી યજદેજરદ શેહેરીઆર સને ૧૧૮૩
"રોજ ૬ ખુરદાદ માહા ૨ અરદીબેહેસ્ત સવંત ૧૮૭૦
"નાં કારતક વદ ૨ વાર બુધે હે દને શ્રી વાપી ગાંમ મધે
"ધરમશાલ બંધાવી. એ ધરમશાલનો બંધાવનાર બેહેદીન
"શાહેબ નેકનાંમ નેકખસલત આલીહીંમત જોવાંન દોલત
"બેહેદીન હોરમજી ગોશમાંન સખાંની બેહેદીન બહમનજી
"નોરોજજી વાહાડીઆ મુંબઇના રેહેવાશીએ પોતાનાં
"સવાબને વાશતે તથા ખલકતને આસાએશને વાસતે
"બંધાવીછે તે ખલકના લોકો એ જગો પર આસાએશ
"કરીને એ સાહેબ ઉપર દોઆ બેહ્રમાર કરે. તથા હે
"ધરમશાલને આગલ રહીને બંધાવનાર નેકનાંમ સખી
"દેલનો બેહેદીન નેકબખત મીનોચેહરજી એદલજી ધનજી
"મેતાનાં શ્રી સુરતનાં રેહેવાસીએ વાહાડીઆજીનાં હુકમથી
"આગલ રહીને બંધાવી. હે બેહુ સાહેબોનું ખાનું આબાદ
"રાખે તથા ફરજંદાંન ફરજંદ બાખુશી ખુરમી સાથે રાખે
"તથા બા આબરૂ જસ નાંમદારી સાથે જેહાંનમાં સોરખરોહ
"તથા ફતેહમંદી સાથે દાદાર નેગેહબાંની રાખે શહી."

૪ રાજકોટવાલા શેઠ કુવરજી કોહાજી તથા મુંબઇવાલા શેઠ નશરવાંનજી કોહાજી તથા મરહુમ શેઠ શાપુરજી કોહાજીના બાવા.

૫ એવણનાં ખાંનદાનની અસલ અટક અછાવાડીઆ કરી હતી, પણ એવણના બાપ શેઠ કુવરજી રૂસતમજી (વાડીઆ) માખણનો મોટો રોજગાર ચલાવતા હોવાથી પાછલથી એજ અટકથી ઓળખાવા લાગા હતા. મરહુમ શેઠ ખરશેદજીના બે દીકરાઓ શેઠો મેહરવાંનજી અને દાદાભાઇ ખરશેદજી માખણવાલા સુરત મધે જાણીતા ગ્રહસ્થો હતા. તેઓમાંના છેલા ગ્રહસ્થ ૮૦) વર્ષની જઇફ વયે ઈ૦ સ૦ ૧૮૭૩ માં મરણ પામવાથી એમની નર ઓલાદ ખતમ થઇ હતી.

મી૦ બ્રાઉનના હાથ હેઠળ "નેટીવ કમરશીયલ એજંટ." નો ઓહદો ઘણાં વર્ષો સુધી ચલાવ્યો હતો, તથા અંગ્રેજી કોઠી તરફથી સુરત, ભરૂચ, વગેરે બાજી જગાઓપર જઈ રૂની ખરીદી કરતા હતા. એવણે સુરતનાં માછલી પીઠમાં એક દરેમેહર,[1] તથા ઈ૦ સ૦ ૧૮૦૮ માં ત્યાંનાં કાંકરાખાડીવાલાં દોખમાંની સામે પાયદલે જનારાઓને માટે મોટો ખરચ કરી એક બેઠક બંધાવી હતી, જે "માખણવાલાની બેઠક" ને નામે હજુ સુધી ઓળખાએછે. સુરતના જરથોસ્તીઓમાં એવણ ઘણા વગ તથા દોલતવાલા ગણાતા હતા.

## ઈ૦ સ૦ ૧૮૧૬.

મુંબઈની વસતીની આએ શાલ સરકાર તરફથી ગણતિ લેવાઈ હતી, જેનાં પરીણામમાં જાહેર થયું હતું કે મુંબઈ મધે ૨૦૮૮૬) ઘરોછે, તથા અતરે વસ્તી દરેક કોમની સંખીઆ નીચે મુજબછે:—[2]

૧૦૩૭૮૬ હિંદુ.
૨૮૮૧૧ મુસલમાન.
૧૩૧૫૫ પારસી.
૧૧૪૫૪ નેટીવ ક્રીસ્તી.
૭૮૧ યાહુદી.

જુમલે વસતી ૧૫૬૮૮૭

ઉપલી પારસીઓની ૧૩૧૫૫) ની સંખીઆ મધેથી ૧૧૪ કોલાબે, ૯૧૫૩ કોટમાં, ૩૨૮૮ બાહેરકોટ, ૫૨ કામાટીપરા, ૪૩૭ મજગાંમ, ૫૪ પરેલ, અને ૫૭ માહીમ તથા વરલી મધે રેહતા હતા.

તા૦ ૧૯ મી ડીસેમબર.

મુંબઈવાલા શેઠ હોરમજજી નવરોજજી નાળીએરવાલા અને બેહરામજી કાવશજી બનાજીએ સુરત મધે વાહાણ "બાનરમેન" બંધાવી સહી સલામત ઉતારયું તેની ખુશાલીમાં નાહનપરામાં મછુરાના મોરચાની બાહેરની સડકપર એક મોટો કુવો પ્રજાને વાપડવાને બંધાવ્યો હતો.[3]

૧ આ દરેમેહર હાલમાં મોજુદ નથી, પણ ત્યાં એક મોબેદનું કુટુંબ વસેછે.

૨ The Asiatic Journal and Monthly Registrar for British India, vol. V. 1818 p. p. 90.

૩ એ કુવાપર નીચે મુજબ તખ્તી મારેલીછે:—

"એ કુવો બાંધીઓ તેની હકીકત

"પારશી હોરમજજી નવરોજજી નારીએરવાલાનાં "તથા પારશી બેહરામજી કાવશજી બનાજીનાં શ્રી મુમબઈ"વાલાએ શ્રી સુરત મધે અઠવામાં વાંહાણ ૧ નામે "બેનરમેન બાંધીને તે શહી શલાંમત ઊતરાની ખોશહા"લીએ એ કુવો બાંધીઓછે. શાવાશતે જે તે જગોની "વશતીના લોકોને પાણી વગર તશદી પરતી હતી તેથી "એ જગો કુવો બાંધવો જરૂર હતો તેથી એ કુવો બાંધીઓ

## ઈ૦ સ૦ ૧૮૧૭.

તા૦ ૨૫ મી જાનેવારી.

મોબેદ ફરદુનજી મરજબાંનજીએ શેખ શાઅદીની કરીમાનો તરજુમો તથા બાજી કેટલીક નશીઅતોની એક ગુજરાતી ચોપડી શેઠ ખરશેદજી માણેકજી સરાફ અને પેશતનજી કાવશજી નાળીએરવાલાની બાહેઅ તથા આસરાથી છપાવી પ્રગટ કીધી હતી.[4]

ડાક્ટર એસ. જી. રોહડ નામના જરમન વિદ્વાનિ ઉગમણ પ્રાંતનાં કેટલાંક લખાંણોનાં પુરાતનપણાં અને અમુલ્યતા વિશે એક ગ્રંથ પ્રગટ કીધો હતો.[5]

## ઈ૦ સ૦ ૧૮૧૮.

તા૦ ૨૮ મી નવેમબર.

એદલજી ફકીરજી નામના ૧૦ વર્ષની વયના એક પારસી છોકરાનું તેનાં દીલપર દીવાલીના તેહવારને લીધે પેહરેલાં ૩૩૦૦) નાં ઘરેણાંને લીધે નવરોજજી હીલ આગલ કોઈ ચંડાલે ઘાતકી કમકમાટ ભરી રીતે ખુન કીધું હતું.[6]

તા૦ ૨૮ મી ડીસેમબર.

અતરેની ગોદીમાં નામદાર સરકારનાં દરીયાવરી ખાતાંને માટે શેઠ જમશેદજી બહમનજી વાડીઆનાં ઉપરીપણાં હેઠલ બંધાયલી ૭૪ તોપોની એક મનવાર "મલબાર" ને પાણીમાં ઉતારવાની ક્રિઆ આજ દીને થાઈ હતી.[7]

"જે કુલ તે વશતીનાં લોકોને ફેજ પોંહચે અને ઇઆદગારી "રેહે. એ વાંહાણ શહી શલાંમત ઊતરૂં શવંત ૧૮૭૩ નાં "પોશ શુદ ૧ ને અંગરેજીએ તા૦ ૧૯ મી ડીસમબર ૧૮૧૬"

૪ "શેખશાદી શીરાજીની જોડેલી કરીમાનો તરજુમો, ગુજરાતીમાં અશલ ફારશી બેતો શાથે, તથા નોશેરવાંન આદેલની નશીહત, તથા આદરબાદ મારેશપંદનાં રૂમનાં હકીમ શાથે જવાબ શવાલ. તારીખ ૨૫ મી જાનેવારી શને ૧૮૧૭ અંગરેજી. શ્રી મુમબઇ મધે મોબેદ ફરદુનજી મરજબાંનજીનાં છાપખાંનાંમાં છપાઇછે.

૫ "Ueber Alter und Wertt einiger mor genlandischen urkunden. Vou, S. G. Rhode. Breslau, 1817."

૬ બોમ્બે કુરીઅર, તા૦ ૧૯ મી ડીસેમબર ૧૮૧૮.

૭ બોમ્બે કુરીઅર, તા૦ ૨ જી જાનેવારી ૧૮૧૯.

એ વાહણની બાંધણી માટે "કુરીઅર" માં લખેછે કેઃ—

We confidently believe, that the goodness and durability of material, and for neatness and efficiency of workmanship, this ship will be equalled by few and excelled by none: and will be another proud instance of what can be effected by the artificers of India, when their labours are directed by such talent as distinguishes our venerable builder, Jamsetjee Bomanjee, aided by the joint superintendence of that able officer, Mr. G. Seaton, the King's architect at this presidency.

[ Bombay Courier, 2nd January 1819.]

## ઈ૦ સ૦ ૧૮૧૯.

તા૦ ૨૬ મી જાનેવારી.

રોજ ૨૮ માહ ૪ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—કાલાભાઈ પેશતનજી[૧]—ઉમર વર્ષ ૭૦) એવણ "કાલા પેશી" નાં નામથી ઓળખાતા હતા, અને સુરત મધે કાપડની વનાવટનો મોટો રોજગાર ચલાવતા હતા.

તા૦ ૧૦ મી ફેબરવારી.

અતરેની સરકારી ગોદીમાં મસકતના ઇમામને માટે શેઠ જમશેદજી બહમનજી વાડીઆનાં ઉપરીપણાં હેઠલ બંધાવલાં "શાહ આલમ" નામનાં એક મોટાં વાહણને પાણીમાં ઉતારવાની ક્રિઆ દરીયાઇ ખાતાંના શુપરીટેંડંટ મી૦ હેનરી મેરીટને કીધી હતી.[૨]

## ઈ૦ સ૦ ૧૮૨૦.

આએ વર્ષમાં દમણ મધે શેઠ મેહરવાંનજી નવરોજજી માણેકજી જુજે ફરાંસીસનાએ એક દરેમેહર બંધાવી પરઠાવી હતી.[૩]

ડાકટર એસ. જી. રોહડ નામના જરમન વિદ્વાંને અસલી બેકત્રીયન, મીડ, અને ઇરાંનીઓના પવિત્ર કસાંમા તથા ધર્મના કાએદાઓને લગતું એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.[૪]

## ઈ૦ સ૦ ૧૮૨૧.

તા૦ ૨૬ મી જુન.

શેઠ હોરમજજી ભીખાજી ચીનાઇની કુંપનીને માટે બંધાવલું ૮૦૦) ટનનું "ચારલસ ફારબસ" નામનું વાહણ પાણીમાં ઉતારવાની ક્રિઆ આજ દીને થાઇ હતી.[૫]

આએ વર્ષમાં સુરતની પાસેનાં મોરા ગામમાં એક મોટો બે કોશ ફરે તેવડો કુવો સુરતવાલા શેઠ માણેકજી દાદાભાઈ એંટીએ બંધાવી ત્યાંની તમાંમ પ્રજાને વાપડવાને ખોલ્લો મુકયો હતો. એ કુવાપર રૂ૧૨૨૨ાા—ાા નો ખરચ થયો હતો, અને તેનાં કામની સઘળી મેનીજ આ૦ નવરોજજી પેશુજી શુમાલીનાંએ કીધી હતી.[૬]

## ઈ૦ સ૦ ૧૮૨૨.

તા૦ ૧૫ મી આપરેલ.

નારગોલ ગામ મધે શેઠ રતનજી કીકાજી પટેલે એક કુવો બંધાવી રૈયતના વપડાસને માટે ખોલ્લો મુકયો હતો.[૭]

તા૦ ૧૮ મી જુલાઇ.

સુરતના શેહનશાહી જરથોસ્તીઓના વડા દસ્તૂર દાદાભાઈ રૂસતમજીએ આ૦ ખરશેદજી રતનજી નામના એક મોબેદ ઉપર રૂ૮૦૦) ની ડામીજીની ફરીયાદી ત્યાંની અદાલતમાં રેજીસ્ટ્રાર મી૦ જે. કેનટીશની હજુરમાં માડી હતી. એ મુકદમાની કેફીઅત એમછે કે ગઈ તા૦ ૧૬ મી આપરેલ ૧૮૨૧ ને દીને સુરત મધે હોરમજજી જીજીભાઈ નામના એક પારસીને ઉઠમણે દસ્તૂરજી ગયા હતા, ત્યાં ક્રિઆ પુરી કીધા પછી પાછા ઉઠી બાહેર આવ્યા એટલે પરતીવાદીએ વગર કારણે તેમને ભર મજલસમાં એક તમાચો ઝુરી કાઢયો. આથી દસ્તૂરજીએ તેની ઉપર પોતાની આબરૂની ઉપલી રકમની ફરીયાદી માડી હતી. આનો ચુકાદો રેજીસ્ટ્રારે તા૦ ૧૭ મી જાનેવારી ૧૮૨૨ ને દીને કરી પરતીવાદી પાસે તેની હાલત ગરીબ હોવાથી રૂ૨૫) ડામીજીના તથા રૂ૨૯) ખરચના વાદીને અપાવ્યા હતા. આ ઉપરથી નારાજી થઈ દસ્તૂરજીએ સદર અદાલતમાં આપીલ કીધી હતી, જયાં ચીફ જડજ*મી૦ રોમરે સઘળી બીના ધીઆંનમાં લઈ પોતાનો વિચાર આપ્યો કે દસ્તૂરજીને પોતાની જાહેર પદવીને માટે અને ખાંનગી ગ્રહસ્થ દાખલ કોરટનો આસરો લેવાનો પુરતો હકછે, કે જેથી કરી તેમને માટે પારસી કોમની નજરમાં જે માન ધરાવવામાં આવેછે તેમાં મદદ, તથા પરતીવાદીનાં ગેરવાજબી અને જોસ્સા ભર્યાં કામથી તેમનાં બદનને જે ઇજા થઈ હોય તેનો બદલો મલવો જોઇએ. આથી

૧ એવણના ચાર દીકરાઓ શેઠો ફરાંમજી, હોરમજજી, એદલજી, અને મેહરવાંનજી પણ સુરત મધે પોતાના બાપની મારફજ કાપડનાં વનાવતનો રોજગાર ચલાવતા હતા. એઓ ચારે ભાઇના દીકરાઓ શેઠો રૂસતમજી ફરાંમજી, વીરજી તથા આદરજી એદલજી, અને પાલણજી મેહરવાંનજી પણ કાપડનો મોટો વ્યાપાર કરતા હતા.

૨ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૧૯.

૩ એ દરેમેહરપર નીચલી તખતી મારેલીછે:—

"ખોદાવંદે અકલો ખોદાવંદે દાદ.

"એ અગીઆરી મેહરવાંનજી નવરોજજી માણેકજીએ બંધાવી."

૪ "Die heilige Sage und Religion System der alten Baktrer, Meder, und Perser. Von, S. G. Rhode Frankfort, 1820."

૫ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૭ મી જુન ૧૮૨૧.

૬ એ કુવાપર તખ્તી મારેલી નથી, પણ એનું બંધાયાંનું ઊપજું શાલ તથા ખરચની વીગત ગોદાવરાં પંથકવાલા આ૦ નાનાભાઇ ભીખાજીએ અમોને મેલવી આપીછે.

૭ આ કુવાપર નીચે મુજબ તખ્તી મારેલીછે:—

"શ્રી દાદાર હોરમજદની મદદ. આએ કુવો પટેલ

"રતનજી કીકાજીએ બંધાવેછે. સવંત ૧૮૭૮ નાં

"ચૈતર વદ ૯."

તેમને (દસ્તુરજીને) ડામીજીની જે આટલી નાખલી રકમ રેજીસ્ટ્રારે આપાવીછે તે રૂ૧૦૦) સુધી વધારી આપવી, અને પરતીવાદી જો તે આપવાને અશક્ત હોયતો તેણે માફ માગવી, અને આ મુકદમાનો સઘળો ખરચ તેણે આપવો. એ પછી સરેશતા મુજબ બીજા જડજ મી૦ જે. સધરલાંડ તથા ચોથા જડજ મી૦ ટી. બરનારડે એનો ચુકાદો આજ દીને આપ્યો હતો, તેમાં તેઓએ વડા જડજના સઘળા વિચારો બાહલ રાખ્યા, પણ પરતીવાદીની ગરીબી હાલત સાબિત થવાથી તેઓએ ડામીજીના રકમ વધારી નહિ, લેકીન બંને કોરટમાં થયલો ખરચ રૂ૨૩૨) તેણે દસ્તૂરજીને આપવો એવું હુકમનામું કરી આપ્યું હતું.[1]

## ઈ૦ સ૦ ૧૮૨૪.

તા૦ ૨ જી ફેબરવારી.

આજ દીને ઉદવાડા ગામ મધે બાઈ રતનબાઈ તે શેઠ માણેકજી લાલાંની બેટીએ એક કુવો બંધાવી ખોલી મુકયો હતો.[2]

આએ વર્ષમાં ભરચ મધે કાંઠા ઉપર નદીના પાસે મુંબઈવાલાં બાઈ નવાજબાઈ તે મરહુમ શેઠ નવરોજજી મેહરજીનાં બેટી અને શેઠ જહાંગીરજી બેહરામજી ગામડીઆનાં પેહલાં ધણીઆંનીએ એક મોટો કુવો તથા અબાડો બંધાવી પ્રજાના લોકોને તથા પશુ ઢોરોને પાણી પીવાને ખોલી મુકયો હતો.[3]

## ઈ૦ સ૦ ૧૮૨૫.

તા૦ ૩ જી આગસ્ટ.

આજ દીને શેઠ હોરમજજી બહમનજી વાડીઆએ પોતાના પરેલના લવજી કાસલમાં અતરેના સર્વે યુરોપ્યન વ્યાપારીઓ તથા વાહણવતીઓને એક જીયાફત આપી હતી. આ વેળાએ ઘણાક સનદી, લશકરી, તથા દરીયાવર્દી ખાતાંના અમલદારો, તેમજ સર્વે પારસી શેઠીઆઓ પણ હાજર થયા હતા.[4]

તા૦ ૨૮ મી સપટેમબર.

આજ દીને અતરેની નેટીવ એડયુકેશન સોસાઇટીની વાર્ષિક સભા મલી હતી. સરનશીનની ખુરસીએ મુંબઈના નામદાર ગવરનર શ્રી હાનરેબલ માઉન્ટ સ્ટુઅરટ એલફીનસટન બીરાજયો હતો. સેક્રેટરી કપતાન જારવીસે રીપોરટ વાંચ્યો હતો, જે બાહલ રાખ્યા બાદ શેઠ હોરમજજી બહમનજી વાડીઆએ દરખાસ્ત કીધી અને તેને શેઠ દેવીદાસ હરજીવણદાસે ટેકો આપ્યો કે નામદાર ગવરનર માઉન્ટ સ્ટુઅરટ એલફીનસટને આએ મંડલીના સરનશીન તરીકેનો ઓધો દીલસોજીથી બજાવ્યો તથા આએ ખાતું ચલાવવાને જે ઉલટ ભરી મેહનત તેણે લીધીછે તથા જે મજબૂત આસરો તેની સરકાર તરફથી એ ખાતાને મલેછે તે બાબે તેનો ઉપકાર માનવો. બુની જડજ સર ચારલસ ચેમબરસે દરખાસ્ત કીધી અને તેને મી૦ જેમસ ફારબસે ટેકો આપ્યો કે આએ મંડલીને માટેનું એક મકાન બંધાવવાનાં ફંડમાં શેઠો હોરમજજી બહમનજી વાડીઆ, દેવીદાસ હરજીવણદાસ, ફરામજી કાવસજી બનાજી અને બીજા દેશી ગ્રહસ્થોએ નાણાંની મદદ[5] કરીછે માટે તેમને સાબાશી ઘટેછે. શેઠ ખરશેદજી માણેકજી સરાફે દરખાસ્ત કીધી અને તેને શેઠ ફરામજી કાવસજી બનાજીએ ટેકો આપ્યો કે નામદાર સરનશીન તથા બીજા અંગ્રેજ ગ્રહસ્થો દેશી કેળવણીનાં કામમાં આ પ્રમાણેની મદદ કરેછે માટે તેમના ઉપકાર માનવો. એ પછી નામદાર ગવરનરે પોતાને હાથે છોકરાઓને ઇનામો વેહચી આપ્યા બાદ સભા બરખાસ્ત થઈ હતી.

૧ Borrodaile's Reports of Civil Causes adjudged by the Court of Sudder Adawlut, for the Presidency of Bombay, between the years A.D. 1800 and 1824; Vol. II. Page 366 case No. 64.

૨ આ કુવાની અંદર નીચે મુજબ તખ્તી કોતરેલીછે:—
"પારશન રતનબાઇ માણેકજી લાલાની છોકરી શાલ "૧૮૮૦ નાં માહા શુદ. ૨——" (એ પછી બીજું કાંઇ એક લીટીમાં લખેલુંછે તે ઘસાઇ જવાથી ઉકલતું નથી.)

૩ એ કુવાને લગતો અબાડો ભરાવવાનો ખરચ મજકુર બાઈ નવાજબાઇએ ઈ૦ સ૦ ૧૮૩૯ સુંધી પોતાનાં મરણ સુધી આપ્યો હતો, અને તે પછીથી તે ૧૮૬૭ લગણ તેમના ખાવંદે, અને હાલ સુધી પણ તે ભરાવવાના ખરચના દર વર્ષે રૂ૪૦) એ બાઇના ખાવંદના બીજીવારનાં ધણીઆંની બાઇ ગુલબાઇ તે શેઠ કુવરજી હોરમજજી બાબાનાં બેટી ભરચની પારસી પંચાયતના તરસ્ટી સાહેબો પર મોકલેછે, જેઓની મારફતે તેનો વહીવટ ચાલેછે.

૪ બોમ્બે કુરીઅર, તા૦ ૬ ઠી આગસ્ટ ૧૮૨૫.

૫ આએ ફંડમાં દેશીઓ તરફથી રૂ૩૫૦૦) ભરવામાં આવ્યા હતા, જેમાં રૂ૧૧૦૦) હિંદુઓના અને બાકીની રકમ નીચે પ્રમાણે પારસીઓની હતી:—
૫૦૦) શેઠ હોરમજજી બહમનજી વાડીઆ.
૩૦૦) શેઠ ફરામજી કાવસજી બનાજી.
૪૦૦) શેઠ જમશેદજી જીજીભાઇ.
૨૦૦) શેઠ દાદાભાઇ પેશતનજી વાડીઆ.
૧૦૦) શેઠ ખરશેદજી કાવસજી બનાજી.
૫૦) શેઠ લીમજી ભીખાજીની કુંપની.
૫૦) શેઠ કાવસજી માણેકજી આશબરનર.
૧૦૦) શેઠ હોરમજજી ધનજી પટેલ.
૫૦) શેઠ ભીખાજી મેહરજીની કુંપની.
૫૦) શેઠ દાદાભાઇ કાવસજી શાહેર.
૧૦૦) શેઠો ખરશેદજી અને જહાંગીરજી અરદેસર દાદીશેઠ.

તા૦ ૩૧ મી અક્ટોબર.

ગયે શાલ મુંબઈ મધે પડેલી પાણીની ટીપણી વેળાએ અતરેના નામદાર ગવરનર હાનરેબલ માઉન્ટસ્ટુઅરટ એલફીનસટને રૈયતની દાઝ હઈડે ધરી જુદે જુદે ઠેકાણે કુવા, તલાવો ખોડાવી પાણીનું સુખ કરી આપ્યું, તે માટે એ નામદારનું અહેશાંન માનવાને અતરેના આગેવાંન દેશી ગ્રહસ્થોએ આજ દીને એક માન પત્ર તે નામદારને મકાંને જઈ આપ્યું હતું. એ માન પત્રપર ૨૫) હિંદુ, ૮) મુસલમાંન, અને બીજા ૪૦) પારસીઓની શહીઓ હતી.[1]

શેઠો હોરમજજી બહમનજી વાડીઆ, ખરશેદજી અરદેશર દાદીશેઠ, જાંગીરજી અરદેશર દાદીશેઠ, ફરામજી કાવશજી બનાજી, નવરોજજી જમશેદજી વાડીઆ, ખરશેદજી માણેકજી સરાફ, બહમનજી હોરમજજી વાડીઆ, જમશેદજી જીજીભાઈ, મુલાં ફીરોજ બીન મુલાં કાઉશ, હોરમજજી દોશાબજી લશકરી, દાદાભાઈ પેશતનજી વાડીઆ, જાંગીરજી નશરવાંનજી વાડીઆ, નવરોજજી નશરવાંનજી વાડીઆ, હોરમજજી ધનજી પટેલ, લીમજી કાવશજી બનાજી, હીરજી નવરોજજી હીરામાણેક, ફરામજી બહમનજી સરાફ, ફરદુનજી લીમજી પાંડે, કુવરજી રતનજી, દોરાબજી બેહરાંમજી, મેહરવાંનજી નવરોજજી માણેકજી જુજે ફરાંસીસના, જાંગીરજી ફરામજી દાવર, ખરશેદજી કાવશજી બનાજી, પેશતનજી ભીખાજી પાંડે, બરજોરજી નાનાભાઈ દાવર, કેખશરૂ શોરાબજી રેડીમની, હોરમજજી ભીખાજી ચીનાઈ, હોરમજજી ભીખાજી મેહરજી, જાંગીરજી હીરજીભાઈ રેડીમની, કાવશજી હીરજી મેહરજી, કાવશજી માણેકજી આશબરનર, શાપુરજી શોરાબજી શેઠના, શોરાબજી પેશતનજી પાટક, રૂસતમજી કાવશજી પટેલ, વીકાજી મેહરજી, મનચેરજી ખરશેદજી, મેહરવાંનજી ભીખાજી, મેહરવાંનજી બહમનજી, ખરશેદજી જમશેદજી સુરતી.

૧૦૦) શેઠો જાંગીરજી અને નવરોજજી નશરવાંનજી વાડીઆ.
૧૦૦) શેઠ ખરશેદજી માણેકજી સરાફ.
૭૫) શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ.
૭૫) શેઠ પેશતનજી ખરશેદજી મોદી.
૫૦) શેઠો જાંગીરજી અને નશરવાંનજી શાપુરજી લાલા.
૫૦) શેઠ હોરમજજી એદલજી કામાજી.
૫૦) શેઠ બરજોરજી નાનાભાઈ દાવર.
૫૦) શેઠો ફરામજી, હોરમજજી અને નશરવાંનજી મનચેરજી કામાજી.

એ ઊપરાંત આએ શોશાઇટીનાં ફંડ ખાતે નીચલા પારસીઓએ આએ વર્ષમાં નાણાંની રકમો આપી હતી:—
૨૦૦) શેઠ બહમનજી મનચેરજી ભાવનગરી, સુરતવાલા.
૧૦૦) શેઠ ખરશેદજી માણેકજી સરાફ.
૫૦) શેઠ દીનશાહ એદલજી ધનજી મેહતાના, સુરતના.
૨૦૦) શેઠો ફીરોજશાહ અને અરદેશર ધનજીશાહ, સુરતના.
૧૦) શેઠ ફરામજી દાદાભાઇ કરાકા, સદર અદાલતના અંગ્રેજી કલાર્ક.
૨૦૦) શેઠ હોરમજજી બહમનજી વાડીઆ.
૨૫૦) શેઠ જમશેદજી જીજીભાઈ.
૫૦) શેઠ મનચેરશાહ એદલજી ધનજી મેહતાના, સુરતના.
૫૦) શેઠ રતનજી માણેકજી પારખ, સુરતના.
૧૫) શેઠ રતનજી બેહરાંમજી મોદી, સુરતના.

1 The Asiatic Journal and Monthly Register for British India, vol. XXI, p. p. 650.

---

મોબેદ ફરદુનજી મરજબાંનજીએ ગઉશીતળાની ઉતપતી તથા તેના ગુણો વિષે ડાકટર કોરનાં મરાઠી પુસતકનો ગુજરાતીમાં તરજુમો કરી તેનું ચોપાનીઉં મુંબઈના સરકારને ખરચે છાપી, લોકોમાં મુફત વેંહચ્યું હતું.[2]

મુંબઈ મધે ગયે શાલ પાણીની ટીપણી પડવાથી શેઠ માણેકજી મેહરવાંનજી શેઠનાએ પોતાને હસતકની મરહુમ શેઠ માણેકજી નવરોજજી શેઠવાલી કોટમાંની ધરમ ખાતાંની વાડીના કમપાઉંડમાં એ મરહુમ શેઠનાં ધર્મ ખાતાંના હીસાબમાંથી એક મોટો કુવો બંધાવ્યો હતો.[3]

સુરત મધે નાનપરામાં મજુરાના મોરચાની બાહેરના સડકપર એક મોટો કુવો ત્યાંવાલા શેઠ જમશેદજી બરજોરજી ખંબાતાજીએ બંધાવી પ્રજાને વાપરવાને ખોલ્લો મુકયો હતો.[4]

## ઈ૦ સ૦ ૧૮૨૬.

પ્રોફેસર રાસક નામના ડેનમારકના એક વિદ્વાંને જંદ ભાષા અને જંદ અવસ્તાનાં પુરાતમપણાં તથા સચ્ચાઈ

૨ "ગઉશીતળાની ઓતપતી તથા તેહનાં ગુણોનું પુશતક. એ પુશતક ડાકટર કોર શાહેબે શને ૧૮૧૨ અંગરેજીનાં વરશમાં મરાઠી ભાશામો બનાવેલું હતું, તેહનો તરજુમો એટલે જે ભાશાંતર ગુજરાતી ભાશામો ગુજરાતી વાંચનારાઓ સારૂં ફરદુનજી મોબેદ મરજબાંનજીએ કરીને પરગટ કરૂં છે. શ્રી મુમબઇનાં શમાચારખાનાંમો છપાઇલીછે. બંદરે મુંબઇ શને ૧૮૨૫ અંગરેજી."

૩ એ કુવાપર નીચે પ્રમાણેની તખ્તી કોતરેલીછે—
"શંવત ૧૮૮૧ તથા શને ૧૮૨૫ ઇશવી તથા
"શને ૧૧૯૪ એજદેજરદીનાં શાલ મધે એ કુવો શેઠ
"આ૦ માણેકજી નવરોજજી બીન શેઠ રૂસતમજીનાં ધરમ
"ખાતાંના હસાબ મધેથી મુતવલી આ૦ માણેકજી શેઠ
"મેરવાંનજીએ બંધાવેલોછે."

૪ એ કુવાપર નીચે મુજબ તખ્તી મારેલીછે:—
"પા૦ જમશેદજી બરજોરજી બમનજી ખંબાતાના
"શંવત ૧૮૮૧ ના."

અને જુંદના હરફો મુકરર કરવા વિષેનું એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.[૧]

## ઈ૦ સ૦ ૧૮૨૭.

તા૦ ૪ થી ફેબરવારી.

રોજ ૫ માહ ૫ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

સુરત મધે ભગથાંણુંમાં નવસારીવાલા પદાંનીઆઓને માટે ૨૦૦ પાવીનું એક દોખમું મુંબઇના જરથોસ્તીઓનાં ઉઘરાંણુંથી બંધાવી આજ દીને પરઠાવ્યું હતું. તેને લગતી સઘળી આગેવાંની તથા ક્રિઆ નવસારીના વડા દસ્તુર રૂસતમજી નોશરવાંનજી મેહરજીરાંણાએ કીધી હતી. આ વેળાએ જશનની મીજલસમાં મુંબઇની જરથોસ્તી અંજુમનના અકાબરો તરફથી તા૦ ૨૭ મી જાનેવારીનો એક પત્ર એ દસ્તુરજી ઉપર લખેલો વાંચવામાં આવ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે એ દોખમાંનાં "કામ ઉપર તમે ઘણી મેહનત લીધીછે ને મેહનત મુજબ તો અમારીથી કંઇ તમારી ચાકરી થઇ શકે નહી, પણ મેહરબાંગી કરીને અમારી અંજુમનની તરફથી શ્રી શુરતનાં ચોરાશી પરગણુંમાં મોજે મજુરા ગામમાં વજીફો ૧ વીંઘા પા ના વેચાતો લીધોછે શેઠ એદલજી કાવશજીની મારફતે તે શાહેબને અમારી અંજુમને નજર કીધોછે તે કબુલ રાખજો. તથા શાલ ૨) શાહેબની જનાબમાં મોકલીછે તે દોખમું સજશે તે દાહડે મીજલશ મલશે તે મધે શેઠ એદલજી કાવશજી તમોને આપશે તે કબુલ કરજોજી. બીજું, એ ભગથાંણાનાં દોખમાંનું ઉગુરાત કરંછે તેનો હશાબ સરવે અદા થઆથી જે કાંઇ વધારે હશે તે બાબદ અમારી અંજુમને ઠરાવ કરવોછે જે વધારેનાં રૂપીઆનો બીજો વજીફો લેવો તેની ઉપજ જે કાંઇ આવે તેમાંથી નશેશાલારનાં કપડાં કરાવાં પડે તેનો તથા ગાંહાન નવી કરાવવી પડે તેનો તથા શગડી ઉપર માંણસ રાખવું પડે તેનો તથા દોખમાં શમરાવાં પડે તો તેનો શરવે ખરચ એ વજીફાની આંમદાંની મધેથી કરવો શઘી તેની મીજલશ મધે તદબીરશતી પડાવજોજી. દેશાઇજી ખુરશેદજી રૂસતમજીને તથા (તમારા ભાઇઓ) દસતુરો માણેકજી, કાવશજી, અને જમશેદજી નશરવાંનજીને તથા બીજા સરવે નવસારી અને સુરતના શાહેબોને અમારી દુવા બંદગી ફરમાવજોજી." આ કાગજ પર મુંબઇના નીચલા અકાબરોની શહીઓછે.[૨]

શેઠો હોરમજજી બહમનજી શેઠના, નશરવાંનજી નવરોજજી શેઠના, પેશતનજી નવરોજજી શેઠના, શોરાબજી શાપુરજી શેઠના, નવરોજજી જમશેદજી વાડીઆ, બહમનજી હોરમજજી વાડીઆ, જાંગીરજી ફરાંમજી દાવર, ફરાંમજી કાવશજી બનાજી, હોરમજજી દોરાબજી લશકરી, દસ્તુર એદલજી દારાબજી સંજાણા, ખરશેદજી માણેકજી સરાફ, જમશેદજી જીજીભાઈ, જાંગીરજી અને નવરોજજી નશરવાંનજી વાડીઆ, હોરમજજી ધનજી પટેલ, ખરશેદજી રૂસતમજી વાડીઆ, ફરાંમજી બહમનજી સરાફ, વીકાજી મેહરજી, હોરમજજી ભીખાજી ચીનાઇ, જીજીભાઈ દાદાભાઇ, કેખશરૂ શોરાબજી રેડીમની, ડોશાભાઈ શોરાબજી મુનશી, મનચેરજી ફરદુનજી વજીફદાર, દોરાબજી નરશંગજી પટેલ, ધનજીભાઈ ફરાંમજી શેઠના.

તા૦ ૧૬ મી આગશટ.

મુંબઇની વસ્તીની આએ શાલ સરકાર તરફથી અતરેના રેવીન્યુ સરવેયર મી૦ ડબલયુ. એ. ટેટનાં ઉપરીપણાં હેઠલ ગણત્રિ લેવાઇ હતી, જેનાં પરીણાંમમાં જાહેર થયું હતું કે મુંબઇ મધે ૨૦૧૯૫) ઘરોછે, તથા અતરે વસ્તી દરેક કોમની સંખીઆ નીચે મુજબછે[૩] :—

| | | | |
|---|---|---|---|
| ૬૩૮ | ઇંગ્રેજ. | ૨૫૯૨૦ | મુસલમાંન. |
| ૮૦૨૦ | પોરટુગીજ. | ૮૨૫૯૨ | હિંદુ. |
| ૧૦૭૩૮ | પારસી. | ૩૦૦૫ | માહર. |
| ૩૯ | આરમીનીઅન. | ૪૮ | ચીના. |
| ૧૨૭૦ | માહુની. | ૧૩૨૫૭૦ | જુમલે વસ્તી. |

ઉપલી પારસીઓની ૧૦૭૩૮) ની સંખીઆ મધેથી ૬૩૦૩ કોટમાં, ૧૭૬૪ ડુંગરીપર, ૬૮૩ ભાંઓખલે, ૩૦૪ મજગાંમ, ૧૧૯ વાલકેશર વગેરે, ૧૦૭૮ ગીરગાંમ, ૬૭ માહીમ, વરલી, શીમ, વગેરે, અને ૧૨૪ કોલાબા મધે રેહતા હતા.

૧ "R. Rask, über das Alter und die echtheit der Zend-Sprache und des Zend-Avesta, und Herstellung des Zend-Alphabets; nebst einer Übersicht des gesammten Sprachstammes; übersetzt. Von Friedr. Heinrich von der Hagen —Berlin, 1826."

૨ આ અસલ કાગજ દસ્તુર એરચજી શોરાબજી મેહરજીરાંણા પાસે અમોએ જોયોછે.

આ દોખમું પરઠાયાનો દાહડોવાર જે આ પુસ્તકને સફે ૨૦૪ મે આપેલી તખતીમાં લખેલોછે તે દાહડે એ દોખમું ઇજવાની ક્રિઆ શરૂ થાઇ હતી, અને દોખમાંનું જશન તા૦ ૪ થી ફેબરવારીને દીને થાયું હતું.

૩ બોમ્બે કુરીઅર, તા૦ ૧૬ મી આગશટ ૧૮૨૭.

આએજ વર્ષમાં છાસટી મધે પારસીઓની ગણત્રિ ૧૪૯) ની લેવાઇ હતી જે મધે ગોરબંદરમાં ૪, ધારાવીમાં ૨૨, મલારમાં ૧૨, વાંદરે ૨૦, કુરંબામાં ૨૧, મરોલમાં ૯, અને થાંણે ૬૧ પારસીઓ વસ્તા હતા.

એજ મુજબ તા૦ ૧ લી મેએ ૧૮૪૯ ને દીને

તા૦ ૯ મી નવેમ્બર.

સંવંત ૧૮૮૪ નાં કારતક વદ ૬.

આજ દીને માડવીના રાજા માહારાણા શ્રી હમીર સીહીજી દુરજન સીહીજીએ પારડી તાલુકાનાં ઉદવારા તથા કોલક ગામના મોબેદ તથા પારસી લોકની કોમ ધર્મશાલને સારૂં ખંભાતવાલા શેઠ પેશતનજી બરશેદજી મોદી જે દોખમું બંધાવનાર હતા તે માટે જેટલી જોઈએ તેટલી જમીન એક સનદ કરી ધર્મખાતે આપી હતી.૧

આએ વર્ષમાં બરમાના રાજા પગાંમીનની રંગુનના એક પારસી વ્યાપારી શેઠ બહેમનજી શાપુરજી નાળીએરવાલાએ મોલાકાત લઈ તે નામદારને બે તોપ તથા બીજું ચાચ્યુંક કીમતી નજરાણું ભેટ આપ્યું હતું.૨

મુંબઈની વસ્તીની ગણત્રિ પોલીસ સુપરીટેંડંટ કપટાન ઇ બેનસનાં ઊપરીપણાં હેઠલ લેવાઈ હતી, જેનાં પરીણાંમમાં તે અમલદારે મુંબઈની કુલે વસતી નીચે મુજબ ૫૬૬૧૧૯) ની જણાવી હતી:—

| | |
|---|---|
| ૧૯૦૨ પ્રુટીસ્ટ. | ૧૨૨૫૪ ક્રિસ્તી. |
| ૨૯૬૭૩૧ હિંદુ. | ૧૧૩૨ યાહુદી. |
| ૧૨૪૧૫૫ મુસલમાંન. | ૮૮૯ સીદી. |
| ૧૧૪૬૯૮ પારસી. | ૭૧૧૮ બીજી જાતો. |

ઊપલી છેલ્લી ગણત્રિ શક ભરેલીછે, અને તે તેજ વખતે ખોટી પાડવામાં આવી હતી.

૧ આ સનદ ઊદવાડાની અંજુમનને લગતાં દફતરો મધેથી એમ૦ બેહરાંમજી પેશતનજી ભરડાએ અમોને દેખાડી હતી.

૨ એ બાબે તા૦ ૧૯ મી જુલાઈ ૧૮૮૫ નાં રાસ્ત ગોફતારમાં નીચે મુજબનો સંતાવાર અહેવાલ પ્રગટ થયોછે:—

"શ્રી આવાનો પાદશાહ પગાંમીન તે હાલનાં પાદશાહ ટીબોમીનના કાકા જ્યારે રાજગાદી પર સને ૧૮૨૭ નાં શાલમાં હતા તે વખતે મરનાર શેઠ બમનજી શાપુરજી નાલીયરવાલા રંગુન તથા શીંગાપોર, પીનાંગ તેમજ મલાઈ રાજ્યો સાથે મોટો વેપાર ચલાવતા હતા. તે વખતે તેવણનાં પોતાનાં પંદર વાહણો હતાં, તેમજ કેટલીએક આગબોટની આડત પણ પોતેજ કરતા હતા. તેવણનો રંગુનમો એટલો તો વગ અને દમામ હતો કે રંગુનનાં સુબા માઊ સુએટાએ પોતાનાં પાદશાહનાં હોકમથી તેવણને "કલવુન" એટલે Minister of foreign Affairs નો ઓધ્ધો બખશીઓ હતો, કે જેથી તમામ "કલા" એટલે પરદેશીઓનો ઇનસાફ, દીવાની તેમજ ફોજદારી તે શેઠ ચુકવતા હતા, તેવણની પુશકળ તારીફ સાંભળવાથી પગાંમીન રાજાની મરજી એવણને નજરે જોવાની થાઈ તેથી પોતાનાં સુબા પર ખાશ હોકમ મોકલીઓ કે શેઠ બમનજીને પાદશાહી માનઅકરાંમ સાથે આવા રાજધાનીમાં મોકલી આપવા.

## ઈ૦ સ૦ ૧૮૨૯.

તા૦ ૨૬ મી મારચ.

રોજ ૨૯ માહ ૬ (શે૦) ૧૧૯૭ યજદજરદી.

**મરણ**—ફરદુનજી કઇખોશરૂ મીરજાં—ઉમર વર્ષ ૩૦) શેઠ કઇખોશરૂ કાઊશજી મીરજાંના વડા દીકરા.

તે માટે પાદશાહે પોતાની ખાસ સોનેરી હોડી મોકલી આપી હતી. શેઠ બમનજી જોકે રંગુનના સુબાની મારફતે વારેઘડીએ કીમતી હદીઓ નજરાનાં તરીકે આવા મોકલી આપતા હતા, પણ આ વખતે પોતે જવાના સબબથી તેવણનો વીચાર બીજીજ બાબદપર દોડીઓ ને સારા ભાયગે તે વખતે એક "દંચ" વાહણ રંગુનનાં બારાં મધે પડેલું હતું તેને કેટલીએક તોપો "બટેલીઆ" ખાતે લેઇ જવાની હતી, તેમાંથી બે તોપો શેઠ બમનજીએ મોટી રકમ આપીને ખરીદ કીધી ને રંગુન મધેજ તેની ઊપર બરમા જબાનમાં નીચલો લેખ કોતરાવીઓ હતો.

**"તીમબો તુજી બમનજી જે અમીઆઉ શી કૂયાં."**

**અરથ**—"આગબોટનાં વેપારી બમનજીએ આ તોપો ખુદાવંદને નજર કીધીચ."

તે વખતે પણ આવા મધે નાલી તોપો એટલે જંબુરાઓ વપરાતા હતા કે જેમાંની ઘણીખરી તોપો આરાકાનથી લડાઈની ફતેહમાં બરમાંઓ લેઇ આવયા હતા. એવણ શેઠ આવા જઈ પુગા તે વખતે પાદશાહનાં હોકમથી એવણને ચાર તોપોનું માન મળયું હતું, તે તયારપછી તેવણ કેટેમી જતા હતા, તયારે બરમા રાજમાં તેવણને એટલીજ તોપોનું માન ચાલુ રાખયું હતું. આ બે તોપોની સાથે પગાંમીનના અહાર શાહજાદાઓ માટે એવણ શેઠ રૂ૧૫૦૦૦ થી ૨૦૦૦૦ ના હદીઓ લેઇ ગયા હતા.

શેઠ બહમનજીના તરણ સાહેબજાદા તથા એક છોકરી હતી. એ સરવેનો જનમ બરમામાંજ થયો હતો. છોકરીનું નામ બાઇ માણેકબાઇ હતું તથા છોકરાઓનાં નામો શોરાબજી, એદલજી તથા પેશતનજી કરીને હતાં. આ તરણેડ ભાઈઓને બરમામાં **માઊજી** (વડો) **માઊમાઊ** (નાલો) તથા **માઊલે** (વચલો) કરી તેઓની ઊમર પરમાણે બોલાવતા હતા. એ ફરજંદોને નવજોતને માટે મુંબઈમાં મરહુમ દાદીશેઠ ઊપર મોકલયા હતા. શોરાબજીનાં ધણીઆનીનું નામ દીનબાઇ કરીને હતું કે જે બોલ બરમાઓથી બરાબર નહી બોલાવાનાં શબબથી ચેનબાઇ કરીને બોલાવતા હતા. શોરાબજી સને ૧૮૭૫ માં હક થયા તેવણને તાંહાં બેહરાંમજીનો જનમ થયો હતો કે જેવણ હાલ સુધી બરમાનાં રાજાની નોકરીમાં હતા પણ એવણને કીમીઊ કરવાનો લબ્ધ વધુ હોવાથી પોતાની શોધ આગલ ચલાવવા માટે હાલમાં બ્રીટીશ બરમામાં હેનજેદા નામનાં મુલકમાં રહેછે. સને ૧૮૭૧ નાં શાલમાં બેહરાંમજીને મુંબાઇ ખાતે મી૦ જમશેદજી બેહરાંમજી ખંબાતા નામનાં એક ગ્રહસથ સાથે મોકલી આપીઆ

એવણું પુણાં મધે બાજીરાવના વખતમાં ઘડીઆળીનો ધંધો ચલાવતા હતા.

---

હતા કે જાંહાંથી એવણુ ઊદવારે આતશબેહરાંમ સાહેબને શેજદો કરવા ગયા હતા તે સઘળી વાતો હજુર સુધી બેહરાંમજીને બરાબર યાદછે. મી૦ બેહરાંમજીનો જનમ કલકતામાં થયો હતો. એવણુની એક બરમો બેહેન પણ હતી પણ તે હાલ હૈયાત નથી. મી૦ બેહરાંમજીને હાલમાં બરમો ઓરતને પેટની બે છોકરીઓછે.

મુંબાઈથી જવા બાદ બેહરાંમજીને તેવણનાં મુરબીએ બરમાંના પાદશાહની નોકરીમાં રાખીઆ હતા તે હમણાં સુધી તેવણે પુરેપુરી વફાદારીથી બજાવી હતી. એવણપર સઘળા બરમાંઓનો એટલો તો પયાર હતો કે મીનધોગીન રાજાના ભાઈ અહીએમીન કે જે ખરો ગાદીનો વારસ થાપલો હતો પણ જેને તેનાં જમાઈ તથા ભાઈનાં છોકરા મીનગુન શાહજાદો કે જે હાલ પોંદીચરીમાં પડેલોછે તેણે મારી નાખીઓ હતો તે અહીએમીને એવણને બરમો પોશાક પેરાવીઓ એટલુંજ નહી પણ બરમો રેવાજ પરમાણે ગુઠણથી તે કમર સુધી કાલી રોશનાઈથી ગુદણા કરાવીઆ તે દીવસથી મી૦ બેહરાંમજીએ મુંબઈ આવવાની આશા મુકીચ.

મરનાર શેઠ બહમનજી નાલીએરવાલા પર અંગ્રેજ સરકારનો પણ પુશકળ પ્યાર હતો બે હાલની પારસીઓને રંગુન મધે અવલમંજલ પોંહચારવાની જે જગા છે કે જેને માટે હાલમાં તરેહવાર સુંથનાં પડેચ તે જગાની પાસે એક મોટી જગા પારસીઓને માટે એવણ શેઠને આપી હતી પણ હાલમાં તે જગા પર રંગુનની રેલવેનું સટેશન બંધાવવાનાં શબબથી સરકારે નવી જગા આપેલીછે, તેમજ અગીઆરી બાંધવાની જગા કે જેની કીમત હાલમાં રૂ.૬૦૦૦૦) શાહઠ હજાર થાયચ તે પણ એવણ શેઠનેજ આપી હતી કે જે બેહુ જગાઓ એવણ શેઠે અંનજુમનને ભેટ આપી હતી બેરાંમજીનું નામ બરમો લોકથી બરાબર નહી બોલાવાથી તેઓએ બેરાંમજીને બદલે "બરાંનડીન" નામ રાખયુંચ, ને તેજ નામથી બરમાઓ એવનને ઓલખેચ."

એ ઊપરાંત બરમા મધે એજ વખતે બીજા એક પારસી ગ્રહસથ શેઠ શાપુરજી જીખાજી કરી હતા. તેવણ માંડલેમાં રેહતા હતા, અને ઊપલા રાજા પગાંમીનના ભાઈના ઘણા માનીતા હતા, અને તેણે એવણને વ્યાપારમાં નવાજીઆ હતા. એ પછી એઓ આસ્ત્રેલીઆ ખાતે સોનાંની ખાંનમાં નસીબ અજમાવવા ગયા, પણ ત્યાં પાસો અવલો પડવાથી ગરીબી હાલતમાં આવી ગયા, અને બરમા ખાતે પાછા ફરયા, તથા રંગુનમાં રહી પોતાનો કાળ ગુજારયો. પણ ૧૮૮૧ માં વીકટોરીઆ નાટક મંડલી સાથે તેમના ભોમીઆ તરીકે માંડલે ગયા હતા, જયાં એમનું મરણ નીપજયું હતું. એવણના દીકરા શેઠ એદલજી શાપુરજી ટેટે માંડલેમાંજ રહેલા હતા તેને રાજાએ "જેટ સ્ટોન" નામના જમરૂદના રંગને મલતા કીમતી પથરનો મોટો જથો આપી ચીન તરફ વ્યાપાર કરવા મોકલ્યા હતા, પણ ત્યાં તેમનેથી નુકસાંન જવાથી માંડલે પાછા ફરયા, અને વજીર પનાઊ મીનજીના હાથ નીચે નોકરી રહયા હતા.

તા૦ ૧૩ મી આપરેલ.

રોજ ૧૪ માહ ૭ (શે૦) ૧૧૯૭ યજદેજરદી.

**મરણ**—હોરમજજી મનચેરજી ભાભા[1]—(ઉમર વર્ષ ૫૨) શેઠ મનચેરજી રતનજી કેરાંવાલાના દીકરા. એવણ પોતાના બાપ સાથે સુરતથી મુંબઈ આવી પસતાકીઆનો ધંધો કરતા હતા. તે પછી ગોર, અનાજ, વગેરેનો પણ મોટો રોજગાર ચલાવતા હતા. એવણે નવસારીમાં પોતાના ખરચે પોતાના વડા દીકરા મરહુમ શેઠ કાવશજીનાં પુનને માટે ૧૯૫ પાવીનું એક દોખમું બંધાવી તે તા૦ ૬ થી મારચ ૧૮૨૩ ને દીને પરઠાવ્યું હતું.

---

તા૦ ૧ લી જુલાઈ.

અનરેની ગોદીમાં નામદાર સરકારનાં દરીયાવરદી ખાતાંને માટે શેઠ નવરોજજી જમશેદજી વાડીઆનાં ઉપરીપણાં હેઠલ બંધાયલાં "પુર્કટીસ" નામનાં લડાઈનાં વાહણને પાણીમાં ઉતારવાની ક્રિઆ આજ દીને નામદાર આડવોકેટ જનરલની બાનુ મીશીશ ડબ્યુઆરે સર ચારલસ માલકમ અને બીજાઓની હજુરમાં કીધી હતી.[2]

---

તા૦ ૧૮ મી જુલાઈ.

રોજ ૨૦ માહ ૧૦ (શે૦) ૧૧૯૭ યજદજરદી.

આજ દીને બાલીમોરા મધે શેઠ નવરોજજી જમશેદજી વાડીઆએ એક દરેમેહર બંધાવી પરઠાવી હતી.[3]

---

આએ વર્ષમાં ઉદવારા મધે સીધવાવારમાં બાઈ કુવરબાઈ તે શેઠ ફરાંમજી પેશતનજી દીવેચાનાં ધણીઆંનીએ એક કુવો બંધાવી ધર્મખાતે ખોલો મુકયો હતો.[4]

---

૧ શેઠ હોરમજજી જાંગીરજી ભાભા, એમ. એ. ના બપાવા. એવણનાં મરણ પછી એવણના ચાર દીકરાઓ શેઠો કુવરજી, ખરશેદજી, જાંગીરજી, અને મનચેરજી હોરમજજી ભાભાએ ઘણું સુધી એવણની પેહડી તથા રોજગાર ચલાવ્યો હતો.

૨ બોમ્બે ગેઝેટ, તા૦ ૩ જી જુલાઈ ૧૮૨૮.

૩ આ દરેમેહરપર કસ્સી તખ્તી મારેલી નથી, પણ તેના પરઠાયાનો ઊપલો દાહડો વાર મરહુમ શેઠ શોરાબજી નવરોજજી વાડીઆએ અમોને મેળવી આપ્યો હતો.

૪ આ કુવાપર નીચે મુજબ તખ્તી મારેલીછે:—

"શવંત ૧૮૮૪ નાં વરશ મધે પા૦ ફરાંમજી પેશ-
"તનજી દીવેચાનાં ધણીઆંણી કુવરબાઈએ ધરમખાતે
"કુવો બંધાવો."

## ઈ૦ સ૦ ૧૮૨૯.

તા૦ ૨૦ મી આપરેલ.

અતરેની સરકારી ગોદીમાં નામદાર ઇસ્ટ ઇંડીઆ કંપનીનાં દરીયાવર્ધી ખાતાનિ માટે શેઠ નવરોજજી જમશેદજી વાડીઆનાં ઉપરીપણાં હેઠલ બંધાયલાં "ટાઇગ્રીસ" નામનાં જહાજનાં વાહણને પાણીમાં ઉતારવાની ક્રીઆ આજ દીને માશીશ વેડરનબરને સર આરલસ માલકમ અને એક મોટા મેલાવડાની હજુરમાં કીધી હતી.[૧]

તા૦ ૨ જી જુન.

બાઈ માકીબાઈ તે મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઆનાં વીધવાએ કુરલા ગામ મધે એક મોટા તલાવ બંધાવી ત્યાંની પ્રજાના વપડાસને માટે ખોલ્લો મુકયો હતો.[૨]

તા૦ ૩૧ મી ડીસેમબર.

રોજ ૧ માહ ૪ (શે૦) ૧૧૯૯ યજદજરદી.

આજ દીને માંડવી તથા તેની આસપાસનાં ગામોની જરથોસ્તી અંજુમનની તરફથી ગોદાવરાં પંથકને લગતા મોબેદ શેરાબજી પેશુજી કોઆબાઈ તથા એદલજી કાવશજી શેરાબજી બેકાના એઓને એક લેખ કરી આપી માંડવી ગામમાં દીનઆઇનની ક્રીઆ કરવા માટે દરેકને રૂ૫૦) ને વરસાંણે તથા મરણ તથા શેહાદીની ક્રીઆ માટેના અમુક લવાજમો ઠેડવી લઈ જવામાં આવ્યા હતા. આ લેખપર માંડવીની શમશત અંજુમનની તરફથી શેઠ શાપુરજી જમશેદજી પારએ શહી મતુ કીધું હતું, તથા તે ઉપર નીચલા ગ્રહસ્થોની શાખોછે:—

શેઠો ડોશાભાઈ માણેકજી, હકીમ જામાસપજી જમશેદજી, રતનજી બહમનજી કમોદ, અને શેરાબજી શાપુરજી પટેલ.[૩]

આએ વર્ષમાં ડેહણું ગામ મધે મુસાફરોના ઉતારાને માટે મુંબઇવાલા શેઠો બહમનજી અને મનચેરજી માણેકજી બંડારા તથા તેમના બાગયા શા૦ પરમાનંનદાસ ગીરધરદાસે મલી એક ધર્મશાલા બંધાવી હતી.[૪]

મોનશીયો જાન મોહલ નામના જરમન વિદ્વાને રોમનાં કેતાબખાંનામાંની ફારસી હાથની લખેલી કેતાબોમાંથી જરથોશ્તી ધર્મ બાબેના ફકરાઓના સંગ્રહનું એક પુસ્તક પ્રગટ કીધું હતું.[૫]

મોનશીયો ઈ. બરનુફ નામના એક ફ્રેંચ વિદ્વાને વંદીદાદે શાદેનો નવો તરજુમો અને તેની શરેહના સારાંશનું એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.[૬]

એજ મુજબ મી૦ આરનોલડ હોલટી નામના એક ડચ વિદ્વાને જમશેદ, ફરેદુન, ગોશ્તાસ્પ, અને જરથોશ્ત: એટલે વંદીદાદની પેહલી બે પરગરદોની બારીક તપાસનું એક પુસ્તક પ્રગટ કીધું હતું.[૭]

## ઈ૦ સ૦ ૧૮૩૦.

તા૦ ૧૪ મી જુન.

રોજ ૧૬ માહ ૯ (શે૦) ૧૧૯૯ યજદજરદી.

આજ દીને ઉદવાડાની પાસેનાં પલસાણાં ગામમાં દમણવાલા શેઠ દારાબશાહ નશરવાંનજી મોદીએ પોતાની સાવકી દીકરી મરહુમ બાઈ જીવણબાઈ તે સુરતવાલા મરહુમ શેઠ દાદાભાઈ શેરાબજી વાડીઆની બેટીનાં પુનને માટે એક મોટા કુવો બંધાવી ખોલ્લો મુકયો હતો.[૮]

---

૧ બોમ્બે કુરીઅર, તા૦ ૨૫ મી આપરેલ ૧૮૨૯.

૨ આ તલાવના દરવાજા બાહેર નીચે પ્રમાણે તખ્તી કોતરેલીછે:—

"શવંત ૧૮૮૫ નાં વરખે જેઠ શુદી ૨ વાર બુધે
"તારીખ ૨ જુન શને ૧૮૨૯ ઇશવી રોજ ૪ માહ ૯
"શને ૧૧૯૮ એ દીને બાઇ મીઠીબાઇ તે બેહેશત-
"મોકાંમ વાડીઆજી હોરમજજી બહમનજીની ધણીઆ-
"ણીએ એ તલાવ બંધાવીઊછે શહી."

૩ આ લેખની નકલ ગોદાવરાં પંથકવાલા આ૦ નાનાભાઇ ભીખાજી પાસે અમોએ જોઇ હતી.

૪ એ ધર્મશાલામાં નીચે મુજબ તખ્તી મારેલીછે:—

"શ્રી ધરમશાલા ડેહણું મધે ગીનાંનેક પોલશા ડેમ-
"રાજનાં બાઇ પરમાનંદ ગાંધી તથા અંધારૂ બમનજીનાં
"બાઇ મનચેરજી બંડારા રેવાશી મુંબઇના શવંત ૧૮૮૫
"નાં શાલમાં બંધાવી."

૫ "Fragments relatifs a là religion de Zoroastre, extraits des manuscrits Persans. De Là Bibliotheque Du Rom. Paris, 1829."

૬ "Extrait d'un Commentaire et d'une traduction nouvelle Du Vendidad Sadè, l'un des livres de Zoroastre; par, M. E. Burnouf. Paris, Imprimerie Royale, 1829."

૭ "Djemschild, Feridun, Gustasp, Zoroaster eine Kritisch historische Untersuchung über die beiden erften Capitel des Vendidad, von, Arnold Holty. Hannover, 1829."

૮ આ કુવાપર નીચે મુજબ તખ્તી મારેલીછે:—

"શ્રી પાક પરવરદેગારની મદદથી એ કુવો પારશી
"દાદાભાઈ શેરાબજી વાડીઆ સુરતવાલાની દીકરી બાઇ
"જીવણબાઇની નઇઅતે મોદી દારાબશાહ નશરવાંનજી
"દમણવાલાએ બંધાવયોછે. શા વાસતે જે તે બાઇ
"જીવણબાઇ તે મોદી દારાબશાહની શાવકી દીકરી લાગે
"તેથી તેહેના સવાબને વાસતે તથા ગાવતરીને પાણી
"પીવા ધરમ ખાતે બાંધીછે. શવંત ૧૮૮૬ નાં જેઠ વદ
"૮ શોમે રોજ ૧૬ માહ ૯ શને ૧૧૯૯ યજદજરદી."

તા૦ ૧૧ મી આગસ્ટ.

આજ દીને મુંબઈના પારસીઓની શમશત અંજુમન કોટ મધેની મરહુમ શેઠ દાદીભાઈ નોશરવાંનજીની દરેમેહરમાં મલી હતી. તે વેળાએ આપણા લોકો પરજાતની રાંડને પેટનાં પોતાનાં છોકરાંને શદરો પેહરાવીને આપણી દીનમાં લીએછે, તે આજ શુધી જે કાંઈ લીધાં તે લીધાં, મગર હવે પછી લેવાં નહી તે બાબેનો તથા આપણાં લોકોમાંથી કેટલાએક બેહુદાઓ ગુમરાહા થાઈને હંમજાત તથા પરજાતની ઓરતો સાથે જનાકારી કરેછે તેહની મનાઈ બાબે આજથી પકા ઠરાવ કરેઆછે તે પ્રમાણે સર્વે જરથોસ્તીઓએ ચાલવું તેની વીગત:—

૧ લું—એજે પરજાતની રાંડને પેટનાં છોકરાં હમણાં જુજ મુદતમાં આપણી દીનમાં આપણા લોકો લેવા લાગા ને પરજાતને પેટનાં છોકરાંવોને હલાલમાં દાખલ કરવા લાગા તેથી ઘણી જીઆંકારી આપણી દીનમાં વધવા લાગી તે ઉપરથી આએ બંદોબસ્તો કીધાછે ને આપણી પંચાતની ચોપડીમાં નોંધ્યાછે અને હેની નકલો છપાવીને શરવે જરથોશતી ફેરકામાં આપવાને ઠરાવેઉં છે અને ઠરાવેઉં છે જે આપણી અંજુમનના નામનાં કાગજો લખીને બીજા દેશાવરોના અકાબરો ઉપર બીડવા ને તેવણુને પણ ચાર શખુન એ કામ બાબદ નેક નજરમાં આવે તે લખવા કે હરેક વાતે એ રાંડને પેટનાં છોકરાં દીનમાં લેવાને બંધ થાએ. તેમાં કસુર નહી રાખે તથા શદરો પેહરાવવા નહી દીએ તથા તેને પરણુવાની તથા દોખમામાં નાખવાની રજા નહી આપે. હેવી રીતે કેટલીએક બીનાંથી તે કાગજો લખીને દેશાવરે દેશાવર બીડવાં શહી.

૨ જું—એજે હવે પછે કોઈ દેશાવરથી રાંડને પેટનું છોકરૂં અતરે લાવે અથવા શ્રી મુમબઈમાં હોએ તેને શદરો પેંહરાવે નહી, તથા દીનમાં લેવું નહી, અને અગર કોઈ હરેક મુકાંમ ઉપર અથવા બીજાં ગાંમમાં જાઈને શદરો પેહરાવે તે આપડે કબુલ રાખવો નહી ને તે કરતાં કોઈ મોબેદ ચોરીથી હેવાં છોકરાંને હરેક ઠેકાંણે મુમબઈમાં અથવા બાહેર છાશટીમાં અથવા હરેક દેશમાં જાઈને શદરો પેહરાવે તે મોબેદને કુલ મોબેદીનાં કાંમથી બંધ કરવો, અને તે મોબેદને હરેક સારે માથે કામ કોઈ આશીરવાદ આપે નહી. ને કબી કોઈ બેહદીન તથા મોબેદ આપડી અંજુમનના બંદોબસ્તથી ઉલટો ચાલીને પરજાતની રાંડને પેટનું છોકરૂં લાવે તથા શદરો પેહરાવે તો તેને આપણી અંજુમનથી દુર મેલશે, ને તે ધણીને બીજી સજા જે કાંઈ આપણી અંજુમનની નજરમાં ઠરે તે આપે શહી.

૩ જું—એજે રાંડને પેટનાં છોકરાંને હવે પછે કોઈ દેશાવરથી અથવા મુમબઈ મધેથી લાવીને પોતાના ઘરમાં પોતાનાં કબીલા સાથે રાખશે તો તે ધણીનું ઘર આપણી અંજુમનથી દુર મેલશે. ને તે ઘરનાં ધણીને કોઈ ઇજન કરે નહી તથા શાથે બેશારીને જમારે નહી તથા તેને ઘેર કોઈ સારે માઠે જાએ નહી. કદી કોઈ આએ લખત મુજબ નહી ચાલશે તે આપણી પંચાતનો તકસીરવાર થાશે શહી.

૪ થું—એજે વખતછે ને રાંડને પેટનાં છોકરાં કોઈ બીજે દેશાવરથી આવે ને તે છોકરાંને શદરો પેહરાવેલો હોય તેની શાહદત કોઈ પકી નહી આપે જે આપણાં આએ બંદોબસતની અગાઉ શદરો પેહરેલોછે તો તે છોકરાંનો શદરો કબુલ રાખવો નહી તથા દોખમાંમાં પણ નાખવો નહી. ને તે લાવનારને પણ પેરેગરાફ ૩ જા પરમાંણે સજા આપે શહી.

૫ મું—એજે હમણે હાલ શ્રી મુમબઈમાં તથા બીજા દેશાવરોમાં શારા ઘરહશત તથા મરદ માંણશ થાઈને હેવી બદફેલીનું કાંમ કરેછે તે લોકોને આપણી પંચાતના મેમબરો પશગવત કેહવડાવે અથવા જાહેરાંત ચીઠીઓ લખેજે એ કાંમથી દુર રેહ ને કદી એ વાત નહીજ શાંભલે તો પછે તો તે ધણીને નાંધલી મોહટી અંજુમન મલીને જે કાંઈ નેક નજરમાં ઠડે તે મુજબ તે ધણીની બદફેલી દુર થવા સારૂં બેઈજતી કરે ને કદી તે ધણી હેવી બદફેલીથી દુર નહી રેહ તો તેની સજા જે કાંઈ મેમબરોની અથવા અંજુમનની નજરમાં આવશે તે આપશે શહી.

૬ ઠું—એજે કોઈ મરદ પોતાની મોહોરદાર અથવા નાતરેની ઓરત શવાએ આપણી હમજાતની અથવા પરજાતની ઓરત સાથે જનાંકારી કરે નહી. અગર તે કાંમ કરશે ને તે બાબદ અંજુમનનાં વડાંવોને કોઈ શાહેદથી માલુમ પડશે તો તે શખશને સજા આપવા ઘટશે તેવી સખત સજા આપીને તે ધણીને રૂશવા કરશે શહી. અગર કોઈની બદફેલી શું મરદની કે શું ઓરતની બીજા શખસને ચોકસ માલુમ પડશે ને તે પેલાં બેહુના ગુનાહને છુપાવી રાખશે તે શખસ અંજુમનનો તકસીરવાર થાશે શહી.

૭ મું—એજે આપણી કોમની કોઈ ઓરત પોતાના મરદ શવાએ કોઈ બીજા આપણી હંમજાતના મરદ સાથે અથવા પરજાતવાલા સાથે બદફેલીનું કાંમ કરશે તો તે ઓરતને તથા તેવાં બદ કાંમ કરાવનારી દદા હશે તે શુધાં માલુમ પડશે અથવા પકડાશે તો તેને નાહની મોટી અંજુમનથી સજા આપણા પુરાતમ ચાલ પરમાંણેની મલશે. અને તે મરદને હરેક માજલશમાં શાંમેલ રાખશે નહી તથા તે ધણીને શરવે વાતથી દુર રાખશે શહી તથા હરેક દરેમેહરમાં પેશવા દેશે નહી. તે કરતાં બાજી સજા જે કાંઈ અંજુમનની નજરમાં આવશે તે આપશે શહી.

૮ મું—એજે હમણાં ઘણાં વરશ શુધી આપણાં લોકો દેશાવર ભોગવેચ ને તાંહાં જાઇને કેટલાએક રાંડો રાખીને પોતાના હરાંમ એશકમો દાહડા ગુજારેછે ને અતરે પોતાને ઘર આવવાની તથા પોતાની ઓરતોની કસી દાદ લેતા નથી. તેથી બેહતરછે જે તે ધણીઓને આપણી અંજુમનને નામનો કાગજ લખીને તે ધણીઓનો કબીલો મોકલવા જોગ મલુક હોયતો તાંહાં મોકલવો ને કદી તે ધણીની આવવાની મરજી હોયતો ટુક મુદતમો તેને બોલાવીને પોતાના કબીલા સાથે રાખવો, ને વખતછે તે ધણી એ બે વાતમોથી એકબી વાત કબુલ નહી કરે તો પછી તે ઓરત વરશ ૮ થી તે ૧૦ શુધી તેનાં મરદની વાત જોશે. પછી અગર તે મુદત ઉપરાંત તે ઓરતની ખુશી પડશે ને બીજો મરદ કરવાની રજા માગશે તો તેને તે આપશે શહી. પણ પેલો મરદ આવીને બીજી ઓરત કરેવાની રજા માગે તે આપવી નહી, પણ અંજુમનની નજરમો તેનાં હાલ જોઇને જે કાંઈ નેક શુજે તે કરવું શહી. હેવી વાત થાએઆથી બીજી ઘણી વાતનો ફાએદો થાશે.

૯ મું—એજે બાહેર દેશાવરોમો જે જરથોશતી લોકોછે તે મધે કેટલાક લોકોએ જુદદીનની ઓરતો રાખેલીછે ને તેને પેટે છોકરાં જરથોશતી તોખમથી થાએલાં હોએ તે બાબે આપણી મુંબઇની અંજુમનને નામનાં કાગજો તાંહાંના અકાબરોને લખવાં. તે મધે લખવું જે હમો શરવે અંજુમન મલીને રાંડોનાં પેટનાં છોકરાંવો બાબે બંદોબશત કરેઆછે તેથી તમારે તાંહાં આએ કાગજ પોંહતા પછે માસ ૧ ની અંદર જે જે જરથોશતીઓએ રાંડો રાખેલી હોય ને તેને પેટનાં છોકરાં પેદાં થાએલાં હોય તેનાંના નામ નવેશી તથા ઉમર શુધાં પોતાના ઓદાને એક જાણીને ચોકસ ઉપલી મુદતની અંદર કાગજો મુંબઇની અંજુમન ઉપર લખી મોકલજો ને જે છોકરાંવો તથા દેશાવરનાં જે કોઇ અકાબર હોય તેની શહી સાથેનાં કાગજો લાવશે તેની દરીઆફ્ત અંજુમનના અકાબરો કરીને ઘટારત હશે તો—આપણી જરથોશતી દીનમો લેવાનો ગુનાંહ તો મોટોછે, પણ એ કાંમ હવે પછી કુલે બંધ કરવાના શબબથી તે છોકરાંની તપાસ કરીને લેવા ઘટશે તો હોકમ આપશે, પણ એ બાબેનો ઠરાવ એજે મુંબઇની અંજુમનનાં કાગજો પોંહચેથી માસ ૩ ની અંદર જે છોકરાંઓ મુંબઈ મધે આવી પોંહચશે તેઓને શદરો પેહરાવવાને ઘટારટ હશે તો રજા આપશે શહી.[1]

---

૧ આ બંદોબસ્તો ઇ. સ. ૧૮૭૫ માં શેઠ ફરાંમજી કાવશજી બનાજીએ મુંબઇ શમાચાર છાપાખાનાં મધેથી પોતાને ખરચે "જનાકારીનાં કામ કરેઆથી ઘોનાહ ભરેલાં કામો બનેછે, તે વાતથી જરતોશતીઓને પહરેજ કરવાને અને દુર રેહવાને શારૂ" એક નાહનું ચોપાંનીઊ છપાવી પ્રગટ કીધું હતું, તેમાં સફે ૭૫ થી ૫૯ સુધી છપાયલાછે.

---

આ બંદોબસ્તોની હેઠળ નીચલા પારસી ગ્રહસ્થોની શહીઓછે:—

શેઠો નવરોજજી જમશેદજી વાડીઆ, બહમનજી હોરમજજી વાડીઆ, ફરાંમજી કાવશજી બનાજી, મોદી શોરાબજી વાછાગાંધી, હોરમજજી દોરાબજી લશકરી, જાંગીરજી નશરવાંનજી વાડીઆ, ખરશેદજી રૂસતમજી વાડીઆ, ખરશેદજી કાવશજી બનાજી, પેશતનજી મેહરજી, ઓદાબખશ મેહરવાંન ઇરાંની, મેહરવાંનજી નવરોજજી નાળીએરવાલા, નવરોજજી રૂસતમજી નાદરશાહ, હોરમજજી કુવરજી મોદી, હીરજી નવરોજજી લાએર, મનચેરજી એદલજી ધનજીમેહતાના, ડોશાભાઈ મેહરવાંનજી વાડીઆ, જમશેદજી કુવરજી જશાંવાલા, ડોશાભાઈ શોરાબજી મુનશી, મનચેરજી ફરદુનજી વજીફદાર, રૂસતમજી મનચેરજી બંગાલી, જમશેદજી જીજીભાઈ, માણેકજી બીમજી બનાજી, ભીમજી ધનજી ઉમરીગર, રૂસતમજી રતનજી વાડીઆ, અરદેશર રતનજી વાડીઆ, ધનજીભાઈ બેહરાંમજી રાંણા, જાંગીરજી ફરાંમજી દાવર, બેહરાંમજી ફરાંમજી વાડીઆ, બેહરાંમજી ફકીરાજી, ફરદુનજી શોરાબજી વાડીઆનાં (પારખ), મેહરવાંનજી જીવાજી ઢાંડી, ધનજીભાઈ જીવાજી ઢાંડી, ફરાંમજી ભીખાજી પાંડે, કાવશજી માણેકજી આશબરનર, નવરોજજી નશરવાંનજી મોદી, જામાસપજી શોરાબજી લાલા, નશરવાંનજી નવરોજજી પોંહચા, પેશોતનજી રૂસતમજી મુલ્લાંફીરોજના, મેહરવાંનજી રૂસતમજી દારૂખાંનાંવાલા, નશરવાંનજી ખરશેદજી જશાંવાલા, બેહરાંમજી ફરાંમજી જશાંવાલા, રતનજી હોમજી કોપર, બરજોરજી રૂસતમજી મોદી (દમણવાલા), માણેકજી હીરજીભાઈ ઘડીઆલી, બેહરાંમજી રૂસતમજી રાંણા, બરજોરજી નાનાભાઈ દાવર, દાદાભાઈ પેશતનજી વાડીઆ, બરજોરજી એદલજી પોંહચા, દીનશાહ શોરાબજી પાટક, વગેરે.

---

તા૦ ૧૭ મી નવેમબર.

આએ વર્ષની કલકતાની સરકારી સોરતીમાં મુંબઇવાલા શેઠ અરદેશર નશરવાંનજી દાદીબરજોરને રૂ૩૦૦૦૦) નું ઇનામ હાથ લાગું હતું.

---

આએ વર્ષમાં મુંબઈ મધે કરેલવાડીના રસ્તા પર શેઠ રૂસતમજી જમશેદજી મીજગરે જરથોસ્તીઓના સર અવસરના વપડાસને માટે એક ઓટલો બંધાવ્યો હતો.[2]

---

૨ એ ઓટલાની જગા પર નીચે મુજબ લખી મારેલીછે:—
"શ્રી દાતેહારે શપંતમજદાઓ દાદાર હોરમજદની
" મદત. શને ૧૧૯૯ એજદજરદી શહેનશાઇ."

શેઠ રૂસતમજીના મરણ પછી એ ઓટલાની પડોશમાં તેમના ભાઇ શેઠ દોરાબજી જમશેદજી સકલાતવાલાએ એક બીજો બંગલો એજ કારણસર બંધાવ્યો હતો.

## ઈ૦ સ૦ ૧૮૩૧.

તા૦ ૯ મી મારચ.

રોજ ૯ માહ ૭ (ક૦) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—શાપુરજી મનચેરજી લાલા[૧]—ઉમર વર્ષ ૫૨) શેઠ મનચેરજી જમશેદજી લાલાના દીકરા. એવણ કાઠીઆવાડમાં ઇંગ્રેજ સરકાર તરફથી રૂની ખરીદીને માટે કમરશીયલ એજંટ હતા. એવણનું મરણ ધોલેરા મધે નીપજયું હતું.

મો૦ પી. એ. બોલન નામના જરમન વિદ્વાનિ જંદ અને સંસકરત ભાષાઓની ઉત્પતી વિષે શરેહનું એક પુસ્તક લાટીન ભાષામાં પ્રગટ કીધું હતું.[૨]

ડાકટર જે. એ. વુલર નામના જરમન વિદ્વાનિ જરથોશ્તી ધર્મ વિષેના ફકરાઓનું એક પુસ્તક પ્રગટ કીધું હતું.[૩]

## ઈ૦ સ૦ ૧૮૩૨.

તા૦ ૪ થી જાનેવારી.

( મુંબઈ મધે મરહુમ શેઠ હોરમજજી વાડીઆવાલાનાં શેહનશાહી આતશબેહરાંમ પરઠાયાથી તેમાં મોબેદોના છોકરાઓને નાવર તથા હેરબદ કરવાને અતરેની શેહનશાહી કમીટીએ નવસારીની અંજુમન પર લખેલા પત્ર તથા તેના જવાબની નોધ આ પુસ્તકને સફે ૨૪૩ મે આપેલીછે.) એ વખતથી જે મોબેદના છોકરાઓ મોબેદીનું કામ નહી ચલાવવાના હોય તેઓને નાવર કરવાનું મુંબઈનાં આતશબેહરાંમમાં શરૂ થયું હતું.[૪]

આએ વર્ષમાં શેઠ જમશેદજી જીજીભાઈએ કોલાબે "આબજરવેટરી" ની સાંમે એક મોટો કુવો બંધાવી સર્વે ગ્નાતના લોકોને વાપડવાને ખોહલો મુકયો હતો.[૫]

મી૦ જેમસ એટકીનસંને ફેરદોસી તુસીનાં ફારસી શાહનામાંનો ઇંગ્રેજી એબારત તથા બેતોમાં તરજુમો કરી તેનું એક દફતર બાહેર પાડયું હતું.[૬]

## ઈ૦ સ૦ ૧૮૩૩.

તા૦ ૩ જી મેએ.

રોજ ૫ માહ ૮(શે૦) ૧૨૦૨ યજદજરદી.

આજ દીને મહવા ગામ મધે શેઠ માણેકજી જીનાજી હાંસોટીઆ તથા બાઈ દીનબાઈ તે શેઠ પુંજીઆજી મનાજીનાં ધણીઆંનીએ મલી એક દોખમું બંધાવી પરઠાવ્યું હતું.[૭]

તા૦ ૨૫ મી જુલાઈ.

આએ માસમાં દખણનાં દેશો મધે પડેલા દુકાલને લીધે પીડાતા લોકોના આસરાને માટે અતરેના આરમ

૧ મરહુમ શેઠો જાંગીરજી, દીનશાહ અને નશરવાંનજી શાપુરજી લાલાના બાવા.

૨ "Commentatio de Origine Linguae Zendicae E. Sanscrita Repetenda; Petrus A. Bohlen.—Regimonti, MDCCCXXXI."

૩ "Fragmente ueber die religion des Zoroaster, von, Dr. Johann August Vullers.—Bonn, 1831."

૪ મુંબઈનાં આતશબેહરાંમમાં પેહલ વેહલા એ૦ નવરોજજી રૂસતમજી હવાલદાર અને તે પછી એ૦ દોરાબજી બેહરાંમજી સંજાણા તથા એ૦ ફરાંમજી માણેકજી સંજાણા નાવર થયા હતા. એ પછી ઈ૦ સ૦ ૧૮૩૫ માં શેઠ બેહરાંમજી માણેકજી મેહેતાએ પોતાના ત્રણે બેટાઓ નશરવાંનજી, ફરાંમજી, અને ધનજીભાઈને આતશબેહરાંમમાં નાવર નહી કરતાં પરેલની શેઠો દાદાભાઈ અને મનચેરજી પેશતનજી વાડીઆવાલી દરેમેહરમાં નાવર કીધા હતા, અને તે પછીથી અતરે બીજી દરેમેહરોમાં પણ નાવર કરવાનું શરૂ થયું હતું.

૫ આ કુવા પર નીચે મુજબની તખ્તી જડેલીછે:—

"The Charitable Gift of
Jamsetjee Jeejeebhoy,
1832."

૬ "The Shah Nameh of the Persian Poet Firdousi, translated and abridged in prose and verse. By. James Atkinson Esq.—London, MDCCCXXXII."

૭ એ દોખમાંનો દાહડો વાર તથા બંધાવનારનું નામ જે આ પુસ્તકને સફે ૨૫૬ મે આપ્યુંછે તેને બદલે ઊપર મુજબનું જાણવું. એ દોખમાંના દરવાજા પર નીચે મુજબની તખ્તી મારેલી છે:—

"શ્રી દાદાર હોરમજદની મદદથી—શ્રી મહવાનાં
"દખમાંનું કાંમ શરૂ કરૂંછે શવંત ૧૮૮૭ ની પેલા વઇ-
"શાખ વદ ૧ વાર બુધે રોજ ૨૮ માહ ૭ શને ૧૨૦૦
"એજદેજરદીને દીને તાંણો પુરોછે ને ઇજાઊંછે શવંત
"૧૮૮૯ ના વઇશાખ શુદ ૧૫ વાર શનેઊ રોજ ૫ માહ ૮
"શને ૧૨૦૨ એજદજરદી શેહનશાઇને દીને તા૦ આએ
"દખમાંના બાંધનાર કંમતરીન ખાકશાર પારશી માંણેકજી
"જીણાંજી રતનજી શબાવરાનાં હાંશોટીઆ તા૦ બેશન-
"શીબત પારશાંણ બાઇ દીનબાઈ તે પારશી પુંજીઆજી
"મનાંજીની ધણીઆંની એ બેઊ જણાંઓએ પોતાનાં
"નેક શવાબને વાસતે આએ દખમું બાંધીને તઇઆર
"કરીને શ્રી જરથુશતી ફીરકાની અનજુમનનાં અશો ફર-
"વરનું મકાંન બાંધેઊંછે તા૦ આએ નવાં દખમાંના
"તાલુકામાં જમીન વીગા આઠ આએ દખમાંનાં તાલુકેછે
"તે જમીન વીગા આઠની પેદાએશની ઊપર અખતીઆર
"દખમાંનાં ધરમખાતાંનોછે. ॥૦"

એની આસરે એક સદી આગમજ બંધાયલું એક જુનું દોખમું હાલ ત્યાં બીસમાર હાલતમાં મોજુદ છે.

ડીકને એક ફંડ ઉભું કીધું હતું, જે મધે ૩૩૨૫૮) ભરાયા હતા, જેમાં ૩૭૫૫) નીચે મુજબ પારસીઓના હતા[1] :—

(૩૨૦૦) ફરામજી કાવશજી બનાજી, જમશેદજી જીજીભાઈ. (૩૧૦૦) દાદાભાઈ પેશતનજી વાડીઆ. (૩૫૦) બહમનજી હોરમજજી વાડીઆ, ખરશેદજી કાવશજી બનાજી, ખરશેદજી જમશેદજી જીજીભાઈ, ધનજીભાઈ ફરામજી બાટલીવાલા. (૩૨૦) ખરશેદજી માણેકજી સરાફ, જાંગીરજી નશરવાંનજી અને માણેકજી નવરોજજી વાડીઆ. (૩૧૫) ખરશેદજી રૂસતમજી વાડીઆ.

---

જરમનીવાલા પ્રોફેસર એફ. બાપે સંસકરૂત, જંદ, આરમાનીઅન, ગ્રીક, લાટીન, લીથુનીઅન, જુની સ્લેવીક, ગાથીક, અને જરમન ભાષાઓનાં વ્યાકરણોની સરખાંમણી કરી (કમપારેટીવ ગ્રામર) તેનાં ત્રણ દફતરો બાહેર પાડયાં હતાં.[2]

---

નામાંચા ફ્રેંચ વિદ્વાન મોનશીયો ઈ. બરનુફે પારસીઓનાં ધર્મ પુસ્તક "યજશને" ઉપર શરેહનું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું.[3]

એજ વિદ્વાને આએ વર્ષમાં પ્રોફેસર બાપની "કમપારેટીવ ગ્રામર" માંના જંદ ભાષા વિષેના ભાગ ઉપર તપાસ ચલાવી તેનું એક પુસ્તક બાહેર પાડયું હતું.[4]

---

ડાકટર જે. એ. વુલર નામના જરમન વિદ્વાને ફેરદોસી તુસીનાં શાહનામાનો ફારસીમાં ઇનતેખાબ તેની લાટીન ભાષામાં નોટો સાથે છપાવી પ્રગટ કીધો હતો.[5]

---

૧ બોમ્બે કુરીઅર, તા૦ ૧ લી મારચ ૧૮૩૬.

૨ "Vergleichende Grammatik des Sanskrit, Zend, Armenischen, Griechischen, Lateinischen, Litauischen, Altslavischen, Gothischen, and Deutschen. Von, Franz Bopp.—Berlin, 1833."

એ ત્રણે દફતરોનો ઇ૦ સ૦ ૧૮૫૬ માં પ્રોફેસર ઇસ્ટવીકે ઇંગ્રેજીમાં તરજુમો કરી બાહેર પાડયાં હતાં.

૩ "Commentaire sur le Yacna. Par, M. Eugene Burnouf. Paris, 1833."

૪ "Observations sur la partie. De La Grammaire Comparative De M. F. Bopp. Qui se rapporte a la langue Zende. Par, M. Eugene Burnauf.—Paris, Imprimerie Royale, 1833."

૫ "Chrestomathia, schahnamiana. In usum scholarum edidit annotationibus et glossario locupleti instruxit. J. A. Vullers.—Bonnae, MDCCCXXXIII."

## ઇ૦ સ૦ ૧૮૩૪.

તા૦ ૧ લી અકટોબર.

રોજ ૧ માહ ૧ (શે૦) ૧૨૦૪ યજદજરદી.

**મરણ**—રતનજી કીકાજી પટેલ, નારગોરવાલા[6] — (ઉમર વર્ષ ૭૫) એવણ પોતાના વડીલોથી ઉતરી આવેલી નારગોર ગામની પટેલાઈ ચલાવતા હતા. નારગોરમાં એવણે પોતાને ખરચે એક મોટો કુવો ઇ૦ સ૦ ૧૮૨૨ માં બંધાવ્યો હતો.

---

## ઇ૦ સ૦ ૧૮૩૫.

તા૦ ૨ જી મારચ.

રોજ ૩ માહ ૭ (ક૦) ૧૨૦૪ યજદજરદી.

આજ દીને બાઈ રતનબાઈ તે શેઠ ફરામજી કાવશજી બનાજીનાં બેટીએ પોતાના ખાવંદ મરહુમ શેઠ નશરવાંનજી રૂસતમજી રાણાનાં પુનને માટે કુંડીઆંણાં ગામ મધે એક નશાખાંનું બંધાવી ત્યાંની જરથોસ્તી અંજુમનને વાપરવાને ખોલ્લું મુકયું હતું.[7]

---

૬ નારગોરની પટેલાઇ અસલ કોઇ વણજારાના હાથમાં હતી તેમાંથી દાજીભાઇ કરી નારગોરના એક પારસીએ તે સંપાદન કરી. એ દાજીભાઇના નબીરા દાજીભાઇ જેશંગજીએ નારગોરમાં ધર્મતલાવ નામે એક મોટો તલાવ રૈયતને વાપરવાને બંધાવ્યો હતો, તેના બદલામાં પેશવાઇ સરકાર તરફથી તેવણને કેટલીક જમીન ઇનામમાં આપી હતી. દાજીભાઇના બે દીકરા રતનજી અને જીવણજી કરી હતા. રતનજીના વડા દીકરા કીકાજી તે મજકુર રતનજી કીકાજી પટેલના બાવા બાપ, તથા બીજા દીકરા નવરોજજીના દીકરા ફરાંમજી (તે નારગોરવાલા શેઠ ભીખાજી ફરાંમજી પટેલના બાવા) એ પણ પટેલાઇ ચલાવેલી તથા એક કુવો બંધાવેલો છે.

૭ આ નશાખાંનાંના દરવાજા પર નીચલી તખ્તી મારેલી છે:—

"શ્રી પાખ દાદાર હોરમજદની મદદથી. પારશી
"ફરાંમજી કાવશજી બેહરાંમજી બનાંજીનાં શ્રી ગુંબાઇના રેવા-
"શીની છોકરી બાઇ રતનબાઇએ પોતાના ધરમના પોતાના
"ખાવંદ બેહશતનશીન પારશી નોશરવાંનજી રૂશતમજી
"બેલી ઓમજીનાંની નીએતે આએ કુંડીઆંણાં ગાંમ
"મધે આએ શરકારી જગો કલેકતર મી૦ આર. જી. ચામ-
"રસ શાહેબે આપીછે તે ઉપર આએ નશાખાંનું બાંધીને
"આએ ગાંમના કુલે જરથોશતી દીનના લોકોને ધરમ
"ખાતે વાપરવાને આપીછે. ને એ બીલકત તથા એ
"ડુંગરની કુલે જગો ઉપર કોઇનો દરદાવો નથી રહે. કુલે
"જગો તથા બીલકત ઉપર શરવે પોતાનો દરદાવો બખારા
"ગુરબીજી ફરાંમજી કાવશજી બેહરાંમજી બનાંજીનાં તથા
"તેનાંવીના વારેશોનો કુલે અખતીઆર છે શઇ. રોજ ૩
"અરદીબેશ માહ ૭ મો બેહર કદીમ તારીખ ૧૮૩
"શાને ૧૨૦૪ યજદજરદી. શંવત ૧૮૯૧ નાં વરખે

તા૦ ૩૦ મી જુન.

ગ્રેટ બ્રીટનની રાયલ એશીઆટીક શોશાઈટીની આજ દીને મળેલી સભામાં એવો ઠેડાવ થયો હતો કે "આએ મંડલીના નાન-રેસીડંટ મેમબરો શેઠો માણેકજી ખરશેદજી સરાફ, બહમનજી હોરમજજી વાડીઆ, અને મુંબઈના સઘળા પ્રખ્યાત પારસીઓને અરજ કરવી કે તેઓએ મુંબઈમાં પારસીઓની તવારીખ, ધરમ, સાહીત્ય, કાએદા, રીતભાંત, અને રેવાજો વિષે સત્તાવાર ખબર ભેગી કરવી અને તે આ કમીટી ઉપર મોકલી આપવા માટે એક કમીટી ઠરાવવી, કે જેથી મુંબઈના પારસીઓની નીતિ તથા રાજદ્વારી સુધારામાં ગ્રેટ બ્રીટનને જે મોટા લાભ લેવા જોઈએછે તે વિષે બ્રીતિષ પ્રજાને તથા બ્રીતિષ પાર્લામેંટને જાહેર કરવાને તેને અગતના દીસે એવા ઉપાયો તે લે."[૧]

આએ વર્ષમાં શેઠ ફરાંમજી કાવશજી બનાજીએ જનાકારીનાં કામ કરેઆથી ગોનાહ ભરેલાં કામો બનેછે તે વાતથી જરથોસ્તીઓને દુર રેહવાને સારૂં જંદ અવસતાના દાખલાઓ સાથનું એક નાહનું ચોપાંનીઉં મુંબઈ શમાચાર છાપાખાંનામાંથી પોતાને ખરચે છપાવી જરથોસ્તીઓમાં મુફત વેંહચ્યું હતું.[૨]

## ઈ૦ સ૦ ૧૮૩૯.

તા૦ ૧૯ મી ફેબરવારી.

રોજ ૨૨ માહ ૫ (શે૦) ૧૨૦૫ યજદજરદી.

**મરણ**—જમશેદજી એદલજી ટસ્સીશરના—(એવણનું મરણ સફે ૩૦૨ મે જે દીવસે છાપ્યુંછે તે નહી, પણ ઉપર જણાવેલે દીવસે નીપજ્યુંછે.)

" ફાગણ સુદ ૭ વાર શોમે. તારીખ ૨ જી મારચ શને
" ૧૮૩૫ અંગરેજી."

એજ બાઈ રતનબાઈએ કુંડીઆંણાં ગામની પાદરે એક મોટો કુવો ખરચખાતે બંધાવેલોછે, તથા તેજ તરફ બીજો એક કુવો શેઠ માણેકજી કારાભાઈ પટેલ, કુંડીઆંણા વાલાએ બંધાવેલો છે.

૧ ઉપલા ઠેડાવની રૂહે એ મંડલીના સરનશીન સર એલેકઝાંડર જાનસને શેઠ માણેકજી ખરશેદજી સરાફ ઉપર એક પત્ર લખી એવી એક બોલ કરનારી કમીટી મુંબઈમાં સ્થાપવાને અરજ કીધી હતી, પણ તે વેળાએ કોઈએ તે સુચના ઉંચકી લીધી નહી.

૨ "આએ ચોપાંનીઉં, જનાંકારીનાં કાંમ કરેઆથી ગોનાહ ભરેલાં કાંમો બનેછે તે વાતથી જરતોશતીઓને પરહેજ કરવાને અને દુર રેહવાને શારૂ શેઠ ફરાંમજી કાવશજી બનાજીનાંએ પોતાનાં ખરચે છપાવીને જરતોશતી લોકોમાં વેંહચી આપ્યાંછે. છપાઉં, મુમબઈ શમાચાર ખાંનામાં. શને ૧૨૦૪ યજ્દજરદી."

તા૦ ૨ જી મેએ.

રોજ ૫ માહ ૮ (શે૦) ૧૨૦૫ યજદજરદી.

**મરણ**—ફરાંમજી મેહરવાંનજી મેહતા[૩]—(ઉમર વર્ષ ૩૦) શેઠ મેહરવાંનજી માણેકજી મેહતાના વડા દીકરા. એવણ ચીન મધે પોતાના ભાણેજો શેઠો દાદાભાઈ અને માણેકજી રૂશતમજી બનાજીની પેહડીપર હતા, અને કંતાન ખાતે મરણ પામ્યા હતા.

તા૦ ૩૦ મી જુન.

આજ દીને અતરેની "બોમ્બે બ્રાંચ ઑફ ધી રાએલ એશીઆટીક શોશાઈટી" ની એક સભામાં ડાકટર ફ્રેજરે દરખાસ્ત કરવાથી અને તેને રેવરંડ ડાકટર જાન વીલસને ટેકો આપવાથી શેઠ ખરશેદજી જમશેદજી જીજીભાઈને એ ખાતાંના એક "સબસ્ક્રાઈબર" તરીકે ચુંટી કાઢ્યા હતા. "જોએઆમો આવશે કે એ નામીચા અને મોટી સુરતીવાલા જવાંન ધણીએજ ગાંમડીઓમો પેહલવેહલી એ કારણસર હોંસ દેખાડીછે."[૪]

નામીચા ફ્રેંચ વિદ્વાંન મો૦ ઈ. બરનુફે હામદન આગલથી શોધી કાઢેલી બે નવી ખીલારોકી તખ્તીઓ ઉપર એક રેસાલો લખી તેનું પુસ્તક પ્રગટ કીધું હતું.[૫]

એજ મુજબ આએ વર્ષમાં નામીચા જરમન વિદ્વાંન ડાકટર લાશને પરસીપોલીસના ખીલારોકા હરફોનાં ઉકલાંણ તથા તે માંહેલી બાબદોના ખોલાસા ઉપર એક પુસ્તક પ્રગટ કીધું હતું.[૬]

ડાંકટર થીઓડોર બેનફી અને એમ. એ. સ્ટરન નામના જરમન વિદ્વાનોએ કેટલીક કોમોના મહિનાઓનાં નામો—અકસર કરી ઈરાંની, કાપાડોશીયન, યાહુદી, અને સીરિયાની લોકોના—વિષે એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.[૭]

૩ મરહુમ શેઠ દીનશાહ મેહરવાંનજી મેહતાના ભાઈ, તથા શેઠો અરદેસર અને મેહરવાંનજી ફરાંમજી મેહતાના બાવા.

૪ મુંબઈના જામે જમશેદ, ૪ થી જુલાઈ ૧૮૩૬.

૫ "Memoire sur Deux Inscriptions cunéiformes. Trouvees Près D'hamadan et qui font maintenant partie des papiers Du Dr. Schulz. Par, M. Eugene Burnouf.—Paris, MDCCCXXXVI."

૬ "Die Altpersischen Keil-Inschriften von Persepolis. Entzifferung des Alphabets und Erklärung des Inhalts. Von, Dr. Christian Lassen.—Bonn, 1836."

૭ "Ueber die Monatsnamen einigeralter Volker insbesondere der Perser, Cappadocier, Juden und Syrer. Von, Theodor Benfey und Moriz A. Stern.—Berlin, 1836."

## ઈ૦ સ૦ ૧૮૩૭.

મલબાર કોસ્તા તરફ આવેલાં કાનાનોર મધે આએ વર્ષમાં શેઠ મેહરવાંનજી જીજીભાઈ ખરાસ, મલબારવાલાએ ત્યાંનાં જરથોશ્તી રવાંનોને ભુમીદા કરવાને એક જગા ચોખાનુ દેવાલ બાંધી એલાહેદી કાઢી હતી.[1]

દસ્તુર એદલજી દારાબજી સંજાણાએ ગાથા બાહંબારના દીવસોમાં અસ્પંદાદ મહીનો નહી પઢવાની બાબદમાં "ફરમાંને દીન" નામનું એક ચોપાંનીઉં છપાવી પ્રગટ કીધું હતું.[2]

પ્રોફેસર ગ્રોટફેનડ કે જેણે ઈ૦ સ૦ ૧૮૦૨ ના સપટેમબર માસમાં ગોટીનજનની રાયલ સોસાઈટીમાં ખીલારોકી તખ્તીઓની શોધ પેહલવેહલી જાહેર કીધી હતી તેનાં ઈરાંની ખીલારોકી તખ્તીઓ વિષેનાં નવાં લખાંણનું એક પુસ્તક બાહેર પડયું હતું.[3]

## ઈ૦ સ૦ ૧૮૩૮.

તા૦ ૧૦ મી મારચ.

મોબેદ ફરદુનજી મરજબાંનજીએ શેખશાદીની બનાવેલી ગુલિસ્તાંન કેતાબનો ગુજરાતીમાં તરજુમો કરી તેનું એક પુસ્તક દમણ મધે છપાવી પ્રગટ કીધું હતું.[4] એ પુસ્તક શેઠ ફરામજી કાવશજી બનાજીને અર્પણ કીધું હતું.

રેવરંડ ડાકટર જાન વીલસનની ગુજરાત તથા કછની મુસાફરીનાં પુસ્તકનો શેઠ નવરોજજી દોરાબજી ચાંનદારૂએ ગુજરાતીમાં તરજુમો કરી બાહેર પાડયો હતો.[5]

મોનશીયો ઈ. જેકે નામના ફ્રેંચ વિદ્વાને ઈ૦ સ૦ ૧૮૩૬ માં ડાકટર લાશને પરસીપોલીસના ખીલારોકી હરફો વિષે બનાવેલાં પુસ્તકની તપાસ કરી તે ઉપર એક નિબંધ લખી પ્રગટ કીધો હતો.[6]

---

૧ એ જગા અસલ મરનાર સુલતાંન અલી રાજાની હતી. તેવણે પારસીઓ સાથની મીત્રાચારીને લીધે એ જગોનું ભોંએભાડું તથા છાપો જે નજદીક ૧૫) વર્ષનો ચહડેલો હતો તે તથા હવે પછીનો માફ કરી તેની પોતાની ખાસ મોહર સાથની સનદ તા૦ ૨૯ મી અકટોબર ૧૮૬૫ ને દીને ત્યાંના પારસીઓને નામની કરી શેઠ કાવશજી હીરજીભાઇ માલેગાંમવાલાને હાથોહાથ આપી હતી, જેનો ઇંગ્રેજી તરજુમો અતરે નોંધી રાખીએ છીએ:—

*Seal of Sultan Alli Rajah of Cannanore, Sunnad granted to the Parsee Community residing at Cannanore.*

That the Piece of land called "Kottoroolla paramba" situated at Moyathadam village measuring east to west by 135 Carpenters Koles and north to south by 400 Carpenters Koles being the jum property of Arakel and assessed at Rupees 5¾—40 reas in the name of Parsee Merwanjee (Jeejibhoy Khuras,) with the Bunglow situated therein, having been now assigned and relinquished by Merwanjee to you (the Parsee Community) for the burial and other ceremonies of your caste people, do hereby grant you for the same purpose and the Jummeer's or proprietor's share and Negidi due to Pendaram is hereby remitted to you until you hold and enjoy the said land as above determined.—(29th October 1865.")

એ જગોની બાહેર હાલમાં નીચે મુજબની તખ્તી સંગેમરમરના પથ્થર ઊપર કોતરાવેલીછે;—

"Parsee Burial Ground 1837.

"પારસીઓનું દોખમું—સને ૧૨૦૬.

"પારસી મારૂદે—પગારથલમ—૧૦૧૨ (મલબારી ભાષામાં કોતરેલુંછે.)

" ۱۲۰۶ سنه پارسی زرتشتی مقبره

કાનાનોરમાં પણ પારસીઓની વસ્તી આ સદીની શરૂઆતથી થાઇછે. ત્યાં અવલમાં શેઠો ભીમજી ધનજી ઊમરીગર, રતનજી બેહરાંમજી નગડ, બરજોરજી જમશેદજી દાંતરા, ફકીરજી માણેકજી ખરાસ (કુરગવાલા શેઠ હીરજીશાહના ભાઇ,) મેહરવાંનજી જીજીભાઇ ખરાસ, વગેરે પુરાંણા પારસીઓ થઇ ગયાછે, અને હાલ પણ ઘણા પારસીઓ તથા ઇંગ્રેજોમાં જાણીતું શેઠ હીરજીભાઇ મનચેરજી માલેગાંમવાલા તથા છોકરાઓનું દુકાંનછે. કાનાનોરથી ૫૨) મૈલ દુર ગાનતવાડી નામે એક પાહડી ગામછે ત્યાં પણ કેટલાંક જરથોશ્તીઓનાં રવાંનો ભુમીદા કરેલાંછે. અસલમાં ત્યાં શેઠ શોરાબજી માણેકજી પાંણીવાલા ઘણાં વર્ષ સુધી રહેલા હતા, પણ હાલમાં કોઇ પારસીની વસ્તી નથી.

૨ "ફરમાંને દીન, ઇઆને શ્રી જરતોશતી દીનનાં ફરમાન પરમાણે ગાથા ઘહંમબારમાં અશપંદારમદ મહીનો નહી પઢવાની બાબદમાં હજરત હકતાલાનાં હોકમોના બએઆંન વગેરેની કેતાબ. બનાવનાર દશતુર એદલજી દારાબજી રૂશતમજી લકબે શંજાંણા. છાપી પરગટ કરનાર બેહેદીન પેશતનજી માંણેકજી. શ્રી મુમબઇનાં જાંમે જમશેદનાં છાપાખાંનાંમો છપાઇછે. શને ૧૨૦૬ ઇઅજદજરદી. શને ૧૮૩૭ અંગરેજી."

૩ "Neue Beitrage zur Erlauterung der Persepolitanischen Keilschrift. Von, Dr. G. F. Grotefend.—Hannover, 1837."

૪ "ફુલશથાંન પોથી, એટલે જે શેખ મશલેહોદીન શાદી શીરાજીની બનાવેલી ગેલેશતાંન કેતાબનું ભાશાનતર. ગુજરાતી ભાશામો. કવેત, દુહા, ચોપઇ સાથે. ફરદુનજી મોબેદ મરજબાંનજીએ બનાવુંછે. શ્રી દમણ મધે કાવશજી ફરદુનજીએ છાપુંછે શને ૧૮૩૮ ઇશવીમો.

૫ "કીશો, તે ગુજરાથ તથા કચનાં શવશથાનોનો, એક મીશીઅનારીની મુશાફરીનો. રેવરેનડ જાંન વીલશંન, ડી. ડી. નો બનાંવેલો. અંગરેજીમોથી ગુજરાથીમો ભાશાંનતર કીધું નવરોજજી દોરાબજી ચાબુકનાં અધીપતીએ. શ્રી મુમબઇ મધે ભાશાંનતર કરનારને વાશતે ચાબુકનાં છાપાખાંનાંમો છપાઇઓછે. ૧૮૩૮."

૬ "Examen Critique de l'ouvrage intitule die Altpersischen Keilinschriften von Prosepolis etc. von, Dr. Christian Lossen. Par, M. E. Jacquet.—Paris, MDCCCXXXVIII."

ડાકટર લાશને અસલી કાબુલના શિક્કાઓનાં ઉક્લાંન પરથી બલખ, કાબુલ, અને હિંદુસ્થાંનના ઇંડો-સીથ્યન અને યુનાની પાદશાહોની તવારીખનું એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.[૧]

---

મો૦ જુલસ મોહલે નામીચા શાએર ફેરદોસી તુસીનાં શાહનામાનો ફ્રેંચ ભાષામાં તરજુમો કરી ત્યાંની સરકારને ખરચે તેનાં છ મોટાં દફતરો છપાવી બાહેર પાડયાં હતાં.[૨]

---

## ઈ૦ સ૦ ૧૮૩૯.

તા૦ ૨૩ મી જુલાઈ.

મુંબઈવાલા શેઠ કાવશજી ધનજીભાઈ પાંડેવાલાએ સુરતની પાસેનાં ઉમરા ગામમાં એક કુવો બંધાવી પ્રજાને વાપડવાને ખોલ્લો મુકયો હતો.[૩]

---

શેઠ શેહરીઆરજી પેશતનજી સોહલભાઈના, ભરૂચવાલાએ ઇંગલાંડ દેશની કાગજપત્રોના આકારમાં લખેલી તવારીખનો ગુજરાતીમાં તરજુમો કરી તે એલફીનસ્ટન કાલેજના આસીસ્ટંટ પ્રોફેસર શેઠ નવરોજજી ફરદુનજી પાસે તપાસાવી તેનું એક પુસ્તક બાહેર પાડયું હતું.[૪] એ પુસ્તક મુંબઈના નામદાર ગવરનર સર જે. આર. કરનાકને અર્પણ કરવામાં આવ્યું હતું.

## ઈ૦ સ૦ ૧૮૪૧.

તા૦ ૩ જી જાનેવારી.

રોજ ૭ માહ ૪ (શે૦) ૧૨૧૦ યજદજરદી.

**મરણ**—ફરાંમજી દાદાભાઈ શેશનવાલા[૫]—ઉમર વર્ષ ૫૧) એવણુ ડાકટર બ્રેમનર નામના ઇસ્ટ ઇંડીઆ કંપનીની નોકરી માહેલા એક અમલદાર સાથે પેહલા વેહલા ઈ૦ સ૦ ૧૮૦૭ માં પોતાની ૧૭ વર્ષની વયે ઇંગલાંડ ગયા હતા. ત્યાંથી પાછા આવ્યા બાદ સુરતની સદર અદાલતના હેડ-કલાર્ક થયા હતા, તથા મરણની થોડાંક વર્ષ આગમજ પેનશન લેતું કીધું હતું.

---

તા૦ ૯ મી જાનેવારી.

રોજ ૧૩ માહ ૪ (શે૦) ૧૨૧૦ યજદજરદી.

આજ દીને પુણાંની પાસેનાં અહમદનગર શેહરમ ત્યાંની તથા પુણાં અને મુંબઈની અંજુમનના ઉપરાતથી બંધાવવા માંડેલાં દોખમાનો તાંણો પુરવાની ક્રિઆ કરવામાં આવી હતી.[૬]

---

શેઠ શોરાબશાહ ડોશાભાઈ મોતીવાલાએ ઇંગ્રેજી તથા ગુજરાતી ભાષા બોલવાની રીતીઓના કાએદાની એક વાકયાવલી બનાવી પ્રગટ કીધી હતી.[૭]

---

## ઈ૦ સ૦ ૧૮૪૨.

તા૦ ૧૫ મી મારચ.

બાઈ નવાજબાઈ તે શેઠ મેહરનોશજી જમશેદજીનાં ધણીઆંનીએ નારગોલ ગામની પાદરે એક કુવો બંધાવી આજ દીને ખોલ્લો મુકયો હતો.[૮]

---

૧ "Zur Geschichte der Grihchischen und Indoskythischen Könige in Baktrien, Kabul und Indien, durch Entzifferung der Altkabulischen Legenden auf ihren Münzen. Von, Christian Lassen.—Bonn, 1838."

૨ "Le Livre Des Rois par Abau'l Kasim Firdousi public, traduit et commente, Par, M. Jules Mohl. Tome Premier. Paris. Imprimerie Royale, MDCCCXXXVIII."

૩ એ કુવા પર નીચે મુજબ તખ્તી મારેલીછે:—
" શવંત ૧૮૯૫ નાં આખાડ શુદ ૧૩ ભોમે રોજ
" ૨૭ માહ ૧૦ શા૦ ૧૨૦૮ ઇઅજદજરદી. તા૦ ૨૩
" મી જુલાઇ શા૦ ૧૮૩૯ ઇશાવી શી ગોયઇના પારશી
" કાવશજી ધનજી ઇછાપોરીઆએ પરગણે ચોરાશી મોજે
" ઊમરામો શ્રી દાદાર હોરમજદની મદતથી એ કુવો તથા
" હવાડો ધરમખાતે બંધાવેઓછે."

૪ " શ્રી ઇંગલંડ દેશની મુખતેશર અને શેહેલ વારતા. એક ધણીએ પોતાના છોકરા ઊપર કાગજપતરોની મારફતે લખી મોકલેલી. તે સાથે હરેક પતરની શેવટે કીધેલા શવાલો. અંગરેજી ભાશામાં. તેહેનાં ગુજરાતી ભાશાંનતર થયાં. ભાશાંનતર કરીને છપાવનાર શેહરીઆરજી પેશતંનજી. તપાશીને શુધારનાર નવરોજજી ફરદુનજી. શ્રી મુમબઇ મધે " મરી ગોબીશદા લીબરદાદ" નામનાં પોરટુગીશ પરેશમાં છાપી. પી. દે. શોજાએ છાપીછે. શને ૧૮૩૯ ઇશવી."

૫ સુરતવાલા મરહુમ શેઠ હોરમજજી ફરાંમજી શેશનવાલાના બાવા. એવણના એક ભાઇ શેઠ હોરમજજી દાદાભાઇ બંગાલી કલકતામાં તથા બીજા ભાઇ શેઠ દોરાબજી દાદાભાઇ રાઇટર મુંબઇમાં જાણીતા ગ્રહસ્થો હતા.

૬ એ ક્રિઆ પુણાંવાલા દસ્તુર તેહમુલજી મનચેરજી હોજદારનાં ઊપરીપણાં હેઠલ થાઇ હતી.

૭ " ઇંગરેજી તથા ગુજરાતી ભાશા બોલવાની રીતીઓનાં કાએદાનાં તથા તેવોની બનાંવટનાં દાખલાની વાકેઆવલી. ગુજરાતીમાં બનાવનાર, શોરાબશા ડોશાભાઇ. એલફીનશટંન નેટીવ એડુકેશંન ઇનશટીટુશંનનો એલફીનશટંન ઇશકાલર. શ્રી મુંમબાઇનાં કોરીઅરનાં છાપાખાંનાંમાં શોહોરાબજી દોરાબજીએ છાપીછે. શને ૧૮૪૧ ઇશવી."

૮ આ કુવા પર નીચે મુજબની તખ્તી મારેલીછે:—
" શ્રી નવાજબાઇ તે મેહેરનોશજી જમશેદજીનાં ધનીઆંણી. શવંત ૧૮૯૮ નાં ચેતર શુદ ૩ ને શોમવાર."

### તા૦ ૧૪ મી જુલાઈ.

બાઈ મોટીબાઈ તે શેઠ ધનજીભાઈ વાડીઆનાં ધણીઆંણીએ નારગોળની પાસે આવેલાં તડગામ મધે રસ્તા ઉપર એક કુવો બંધાવી પ્રજાના વપડામને માટે ખોહલો મુક્યો હતો.[૧]

---

### તા૦ ૧૮ મી આગશ્ટ.

મુંબઈના કદમી જરથોશ્તીઓના નામીચા વડા દસ્તુર મરહુમ મુલ્લાં ફીરોજ બીન મુલ્લાં કાઉસ કે જેવણ ઈ૦ સ૦ ૧૮૩૦ માં મરણ પામ્યા તે વખતે પોતાનું કીમતી કેતાબખાંનું કે જેમાં ફારસી, આરબી, તુરકી, જંદ, પાજંદ, પેહલવી, અંગ્રેજી વગેરે મલી ૫૨૨) કેતાબો ૬૩૪) જીલદમાં હતી તે સર્વે લોકોને વાપડવાને જાહેરમાં ખોલ્લું રાખવાને કદમી અંજુમનના સાહેબોના સ્વાધી-નામાં કરી ગયા હતા, અને જે બાબેની તેમનાં ઉદમણાંમાં તંદરોશતી પાગ પલાવવામાં આવી હતી. તે કેતાબખાંનું આજ દીને એક લેખ કરી નીચે જણાવેલા ગ્રહસ્થોએ પોતાના સ્વાધીનમાં લઈ બાહેરકોટ દાદીશેઠનાં આતશબે-હરાંમની સાંમેનાં કદમી દસ્તુરને રેહવાનાં ઘરનાં આગલાં દીવાંનખાંનાંમાં "મુલ્લાં ફીરોજ કેતાબખાંનાં" ને નામે સર્વે લોકોને વાંચવાને ખોલ્લું મુકયું હતું:—

શેઠો ખરશેદજી અરદેસર દાદીશેઠ, અરદેસર ખર-શેદજી દાદીશેઠ, ફરાંમજી કાવશજી બનાજી, ફરાંમજી નશ-રવાંનજી પટેલ, ખરશેદજી કાવશજી બનાજી, દસ્તુર રૂસ્તમજી કેકોબાદજી મુલ્લાં ફીરોજના, માણેકજી લીમજી બનાજી, રૂસ્તમજી રતનજી વાડીઆ, ફરદુનજી લીમજી પાંડે, પેશુતનજી રૂસ્તમજી મુલ્લાં ફીરોજના, નશરવાંનજી નવરોજજી પોંહચા, ફરાંમજી ભીખાજી પાંડે, ડોશાભાઈ ફરાંમજી મામા, હોરમજજી જાંગીરજી દાદીશેઠ, કાવશજી માણેકજી આશબરનર, મેહરવાંન ખોદાબખશ ફરીંગી, હોરમજજી દાદાભાઈ શાએર.[૨]

### તા૦ ૨૪ મી સપટેમબર.

સુરતના મોદી રૂસ્તમજી ખુરશેદજીની બાબદમાં સરકારે તીઆંની અંજુમનને તા૦ ૯ મી સપટેમબર ૧૮૪૨ ને દીને નીચલા બે સવાલો કીધા હતા:—

૧ સવાલ—હાલમાં મોદી રૂસ્તમજી ખોરશેદજી તમો પારસીની નેઆતનાં લોકો ઉપર શું હોકમ ચલાવેછે?

---

૧ આ કુવા પર નીચે મુજબની તખ્તી મારેલીછે:—

"શવંત ૧૮૯૮ નાં આખાડ શુદ ૬ બરેશપતે
"તારીખ ૧૪ મી જુલાઈ શને ૧૮૪૨ પારશી રોજ ૧૯
"માહ ૧૦ મો એ દને કુવો તડગાંમનો શમપુરણ થએો
"છે: એનો બંધાવનાર પારશંન બાઈ મોતીબાઈ ધનજી-
"ભાઈ વાડીઆની ધનીઆંનીએ પોતે પોતાની ગરની
"જાતી મેહનતથી પોતાનું દામ ખરચીને કુવો બંધાવો."

૨ એ ગ્રહસ્થોએ આ કેતાબખાંનું પોતાના સ્વા-ધીનમાં લીધું તે વખતે ઊપલી મુલ્લાં ફીરોજજીની કેતાબો ઊપરાંત દસ્તુર રૂસ્તમજી કેકોબાદજી તથા બીજા સાહેબોએ મળી તેમાં બીજી ૯૪) કેતાબો ૮૪) જીલદમાં વધારી આપી હતી તે મળીને કુલે ૬૧૬) કેતાબો ૫૧૮) જીલદમાં એકઠી થાઈ હતી. ઊપલા સાહેબોએ એ સંધી કેતાબોની જાલવણી કરવાને દસ્તુર શોરાબજી રૂસ્તમજી મુલ્લાં ફીરોજ-નાને પુસ્તક અધિકારી ઠેરવ્યા હતા. એ પછી ઈ૦ સ૦ ૧૮૫૪ માં દસ્તુર રૂસ્તમજી કેકોબાદજી મરણ પામ્યા તેની બીજે દીને એટલે તા૦ ૨૪ મી આપરેલે તેમની જગો પર નવો દસ્તુર ઠેરવવાને મળેલી કદમી અંજુમનની સભામાં મરહુમ મુલ્લાં ફીરોજજીને નામની એક જંદ, પેહલવી, તથા ફારસી મદરેસા સ્થાપવાનો, તથા તેની સાથે ઊપલું મુલ્લાં ફીરોજ કેતાબખાંનું પણ જોડવાનો ઠેરાવ થયો હતો. તે મુજબ ઊપલી મદરેસા સાથે આએ કેતાબ-ખાંનું જોડવામાં આવ્યું હતું, અને તેમાં એજ વખતે મરહુમ દસ્તુર રૂસ્તમજી કેકોબાદજીના વારેશોએ મરનારનાં કેતાબખાંનાંમાંથી ૨૧૭) કેતાબો ૯૦) જીલદમાં ભેટ આપી હતી, જેથી એ વખતે બધી મળી ૮૩૩) કેતાબો ૬૦૮) જીલદમાં એ કેતાબખાંનાંમાં એકઠી થાઈ હતી. એ પછી તા૦ ૧૯ મી આપરેલ ૧૮૫૭ ને દીનેથી આએ કેતાબ-ખાંનાંનો વહીવટ મુલ્લાં ફીરોજ મદરેસાથી જુદો કરી નીચલા ગ્રહસ્થોની કારોબાર મંડલી હસ્તક સોંપવામાં આવ્યો હતો, તથા તેના ખરચ ચલાવવા માટે ઊપલી તારીખ સુધીમાં મદરેસા ખાતે ભરાયલાં નાણાંનો ત્રિજો હીસ્સો ઈયાને રૂ૬૫૦૫)૨૨॥ એ કારોબાર મંડલીને આપ્યા હતા:—

દસ્તુર અરદેસર રૂસ્તમજી મુલ્લાં ફીરોજના, શેઠો ફરાંમજી નશરવાંનજી પટેલ, અરદેસર ખરશેદજી દાદીશેઠ, ખુરશેદજી નોશરવાંનજી કામાજી, પેશતનજી હોરમજજી કામાજી, ધનજીભાઈ ફરાંમજી પટેલ, બહમનજી ફરાંમજી કામાજી, શોરાબજી પેશતનજી ફરાંમજી, નવરોજજી નાના-ભાઈ ફરાંમજી, બરજોરજી જામાસપજી લાલા, ખરશેદજી રૂસ્તમજી કામાજી, માણેકજી શોરાબજી આશબરનર.

ઊપલા ગ્રહસ્થો ઊપરાંત એ કારોબાર મંડલીમાં શેઠો ડોશાભાઈ ફરાંમજી કામાજી, કાવશજી હોરમજજી ગાંધીભાઈ, બરજોરજી શોરાબજી આશબરનર, નવરોજજી ફરદુનજી, પેશતનજી નવરોજજી પોંહચા, મનચેરજી હોરમ-જજી કામાજી, હીરજીભાઈ અરદેસર દાદીશેઠ, હોરમજજી ખરશેદજી આશબરનર, શાપુરજી હોરમજજી પાટક, નવરો-જજી જાંગીરજી ગામડીઆ, શોરાબજી ફરાંમજી પટેલ, મેહ-રવાંનજી ફરદુનજી મરજબાંન, દીનશાહજી એદલજી લાંબ, જમશેદજી ખરશેદજી કામાજી અને જમશેદજી નશરવાંનજી પીટીટ અવાર નવાર શામેલ થયા કીધાછે. સરનશીન તરીકે ઈ૦ સ૦ ૧૮૬૧ થીતે ૧૮૭૮ સુધી શેઠ ધનજીભાઈ ફરાં-મજી પટેલ અને ૧૮૭૮ થીતે આજ સુધી શેઠ મનચેરજી હોરમજજી કામાજી. ખજાંનચી તરીકે પ્રથમથી તે ૧૮૮૫ માં પોતાનાં મરણ સુધી શેઠ ખુરશેદજી નોશરવાંનજી કામાજી અને ૧૮૮૫ થીતે આજ સુધી શેઠ નવરોજજી જાંગીરજી ગામડીઆ. શેકેટરી તરીકે પ્રથમ દસ્તુર શોરાબજી રૂસ્ત-

૨ સવાલ—એ મોદી રૂસતમજીને શઘલા પારશી લોકોએ પોતાની નેઆતનાં ઉપરી કબુલ કીધાછે અને વલી કેટલા પારશીઓ કબુલ રાખેછે ને એ બાબતમો હાલ તમારી ખુશી શું છે ?

ઉપલા બે સવાલોના જવાબ સુરતની અંજુમન તરફથી આજ દીને વલેઆમાં આવ્યા તેની મતલબ—

૧ સવાલનો જવાબ—પારસીની નેઆતના લોકો ઉપર મોદી રૂસતમજી ખોરશેદજીના એખલાનો હોકમ અકાબરોની મશવરત શીવાએ કોઈ રીતે ચાલતો નથી.

૨ સવાલનો જવાબ—મોદી રૂસતમજીને પારસી લોકોએ પોતાની નેઆતના ઉપરી કબુલ કીધા નથી લેકીન પારસી લોકોની પંચાએતનું તથા સરકારના સવાલોના જવાબનું જે કામ હોએ તે અકાબરોની તથા જરૂર પડે તો દસતુર તથા અંનજુમંનની મસલેહત મુજબ કામ ચલાવવાને આગેવાન કરેઆછે ને હમારી ખુશી એ છે કે જે કામ કરવા તે અકાબરો કે જે પંનચાએતનાં કામ કરનારા લાએક અને પારસીની આબરૂવાલા હોએ તે લોકોની મસલેહતથી થાએ તે સરતેને કબુલ રાખવું જોઇએ.

એ જવાબની હેઠલ નીચલા અકાબરોની સહીઓછે:—

શેઠ અરદેસર ધનજીશાહ બાહદુર, બીખાજી બેહ-મનજી શેઠના, બેહમનજી મનચેરજી ભાવનગરી, મોદી મનચેરજી હોરમસજી, પુંજીઆજી રતનજી પારખ, દાદાભાઈ રતનજી પારખ, જમશેદજી ખરશેદજી, નશરવાંનજી પેશતનજી વકીલ, મોદી રૂસતમજી હોરમજજી, દાદાભાઈ માણેકજી બખારીઆ, માણેકજી પેશતનજી વકીલ, નશરવાંનજી બેહરાંમજી મોદી, બેહરાંમજી બરજોરજી, બેહરાંમજી ડોશાભાઈ પારખ, દસતુર જમશેદજી બરજોરજી, દસતુર કેખશરૂ દાદાભાઈ, દસતુર સોરાબજી રતનજી બેહરાંમજી, ફરેદુનજી રૂસતમજી ચીઆજબોરા, રતનજી બેજનજી, કાવશજી કુવરજી, એદલજી હીરજીભાઈ વાડીઆ, દાદાભાઈ ખુરશેદજી વાડીઆ, મનચેરશાહ રૂસતમજી, રતનજી રૂસતમજી એંટી, ફીરોજશાહ શાપુરજી કમાસરી વાલા, ઉકરજી બાપુજી, શાવકશાહ બાપુજી જાંનશા, બેહરાંમજી જુલાભાઈ, હોરમજજી ફરાંમજી, જાંગીરભાઈ બેહરાંમજી, માણેકજી મનચેરજી. જાંગીરજી બેજનજી,

મજી મુલ્લાં ફીરોજના અને તે પછી ૧૮૬૧ થીતે આજ સુધી શેઠ ખરશેદજી રૂસતમજી કામાજી.

એ કેતાબખાંનું બાહેરકોટ દાદીશેઠનાં આતશબેહરાંમની સાંમેનાં ઘરમાંથી ખાલી કરી તા૦ ૧ લી આગશટ ૧૮૬૨ થી કોટ મધે ભાડેનાં મકાંનમાં લાવવામાં આવ્યું હતું, તથા એજ વખતથી દસતુર એરચજી શોરાબજી મેહરજી રાંણાને તેના પુસતક અધિકારી તરીકે રાખવામાં આવ્યા હતા, જેઓએ આજ સુધીમાં આપણા મજહબ તથા તવારીખને લગતી ઘણીક હાથની લખેલી જંદ, પેહલવી, અને ફારસીની મલી ૪૪) કેતાબોની નકલ એ કેતાબખાંનાંને માટે કીધીછે. એ પછી એ કેતાબખાનું પાછું તા૦ ૧ લી જુન ૧૮૭૮ થી દાદીશેઠનાં આતશબેહરાંમની સાંમેનાં ઘરમાં તેનાં જુનાં મકાનમાં લઇ જવામાં આવ્યું હતું, જયાં તે હજુ સુધી છે.

શેઠ સોરાબજી પેશતનજી ફરાંમજીએ એ કેતાબખાંનાંમાં ઈ૦ સ૦ ૧૮૬૬ માં આપણા ધર્મને લગતાં યુરોપ્યન ભાષાઓમાં છપાયલાં ૨૧૬) પુસતકો રૂ૫૦૦) ની કીમતે ખાસ યુરોપથી મંગાવી ભેટ આપ્યાં હતાં.

મુંબઇની રાએલ એશીઆટીક શોશાઇટીએ ઈ૦ સ૦ ૧૮૬૮ માં એ કેતાબખાંનાંમાંની ૪૨૭) ફારસી તથા આરબી કેતાબોનો ફારસીમાં કેટલગ પોતાના મુનશી પાસે કરાવી લીધા હતા, તેમજ નીઝામની સરકાર તરફથી ઈ૦ સ૦ ૧૮૮૧ માં એ કેતાબખાનાંમાંની ૬) પુરાતમ ફારસી કેતાબોની નકલ કરાવવામાં આવી હતી. વળી યુરોપની ટયુબીનગન યુનીવરસીટીના ઊગમણ તરફની ભાષાઓના પ્રોફેસર ડાકટર ગેલડનરે પોતે છપાવવા માંડેલાં અવસ્તાનાં મોટાં દફતરને માટે ઊપયોગ કરવાને ઈ૦ સ૦ ૧૮૮૪ માં આએ કેતાબખાંનાંમાંની પુરાંની ત્રણ અવસ્તાની હાથની લખેલી કેતીબો અતરેના જરમન કૉનસલની મારફતે તેના ખરચ અને જોખમે મંગાવી હતી.

એ કેતાબખાંનાંમાંની હાથની લખેલી સઘળી કેતાબોનો તે માંહેલી બાબદોની વીગતવાર સાથે મી૦ ઈ. રેહાટસેક પાસે કેટલગ બનાવી તે ઈ૦ સ૦ ૧૮૭૭ માં છપાવ્યો હતો, જે પર કુલે રૂ૧૮૧૭) નો ખરચ થયો હતો.

એ કેતાબખાંનાંની પુંજી સાચવવા માટે કાએદાસરનું એક તરસ્ટડીડ હાઇ કોરટના વકીલ શેઠ હોરમજજી મનચેરજી ચીચગરની મારફતે તા૦ ૨૧ મી જુલાઇ ૧૮૮૭ ને દીને કરાવ્યામાં આવ્યું હતું, અને તે પુંજીના તરસ્ટીઓ તરીકે શેઠો ખુરશેદજી નોશરવાંનજી કામાજી, ખરશેદજી રૂસતમજી કામાજી, હીરજીભાઇ અરદેસર દાદીશેઠ, મનચેરજી હોરમજજી કામાજી, અને નવરોજજી જાંગીરજી ગામડીઆને ઠેડવ્યા હતા.

એ કેતાબખાંનાંની પુંજીમાં શેઠ અરદેસર ખરશેદજી દાદીશેઠે પોતાના વડવા મરહુમ શેઠ દાદીભાઇ નોશરવાંનજીની યાદગારીને માટે તા૦ ૨૫ મી જુન ૧૮૬૨ ને દીને રૂ૫૦૦) ની રકમ તેનું વ્યાજ હાલ તુરત ચાલુ ખરચમાં

વાપડવાની તથા એ કેતાબખાંનાં કોઇ કોઇ વખતે મકાંન બાંધવાનો ઇયા લેવાનો સમો આવે ત્યારે તે મુદલ રકમ પણ વાપડવાની સરતથી આપી જુદું ખાતું પડાવ્યું હતું. એજ મુજબ શેઠ દીનશાહજી માણેકજી પીટીટે પણ તા૦ ૫ મી મેએ ૧૮૮૭ ને દીને રૂ૧૦૦૦) ની નોટ તેનું વ્યાજ દર શાલ કેતાબો ખરીદવામાં વાપડવાની સરતથી આપી જુદું ખાતું પડાવ્યું હતું.

એ કેતાબખાંનાં પાછલ તે ઈ૦ સ૦ ૧૮૫૭ માં મુલ્લાં ફીરોજ મદરેસાથી છુટું પાડયું ત્યારથી તે તા૦ ૩૧ મી ડીસેમબર ૧૮૮૪ સુધીનાં ૨૮) વર્ષમાં રૂ૧૮૮૫૧)૧૦ નો ખરચ થયોછે, અને હાલ તેની પુંજી રૂ૧૪૫૫૧)૮)૯ નીછે. તથા એમાં હાલ ૨૧૩૦) કેતાબો મોજુદછે.

પેશતનજી નશરવાંનજી, રૂસતમજી માણેકજી, દાદાભાઈ પેશતનજી, કુવરજી પાલણજી, હોરમજજી પેશતનજી પારખ, શોરાબજી ખરશેદજી, મેહરવાંનજી અસપંદીઆરજી મોદી, પીરોજશાહ પેશતનજી, રૂસતમજી પેશતનજી.[1]

તા૦ ૨૮ મી નવેમબર.

નવસારીની વડી દરેમેહરને તાબેના ભગર સાથના મોબેદો જેઓ મુંબઈ મધે પારસીઓની વસતી થાઈ તે વખતથી અતરે તેમનાં ઘરનાં દીનઆઈનનાં કામો કરવાને આવવા લાગા હતા, તેઓએ આજ દીને પોત પોતામાં બંદોબસતો કરી એક ધર્મખાતાંનું ફંડ ઉભું કીધું હતું.[2]

કે જે મધેથી અતરે આવનારા મોબેદોના ઉતારા તથા તેમને બીમારીની વખતે રેહવાને કાજે એક ઘર અથવા મકાંન રાખવા, તથા નાવારેસ મોબેદોનો મઈઅત ખરચ કરવા, તેમજ ગ્રાહંબાર, જશન, ફરજીઅતે, બાજ આફરંગાંન, મુકતાદ, તથા બીજાં સવાબનાં કામો કરવામાં આવે.[3]

---

૧ મુંબઇના શમાચાર, તા૦ ૧૩ મી અકટોબર ૧૮૪૨ એ દસતાવેજ પાછો સર્વે શાહીઓ સુધાં તા૦ ૪ થી જુન ૧૮૫૬ નાં જામે જમશેદમાં પણ છપાયલોછે.

એજ મુજબ ઇ૦ સ૦ ૧૮૨૭ માં સુરતના મોદીના અખતીઆર બાબે ત્યાંના જડજે સદર અદાલત ઊપર એક પત્ર લખી પુછાવ્યું હતું. તેના જવાબમાં સદર અદાલત તરફથી તા૦ ૭ મી સપટેમબર ૧૮૨૭ ને દીને નીચે મુજબ લખવામાં આવ્યું હતું:—

2nd. With reference to para 4th and 5th of your letter abovementioned I am further instructed to observe, that the Modee is only recognized by the Courts as the person at the head of the Parsee Community of Surat, empowered to assemble an Unjoomun and in conjunction with such an assembly, to answer questions on reference made to them; but possessing no paramount voice therein, nor being capable in these matters of acting alone.

[જામે જમશેદ, તા૦ ૧૫ મી મેઅ ૧૮૫૬.]

૨ એ ફંડમાં રૂ૧૦૮૫૦) નીચે મુજબ ભગર સાથના મોબેદોએ ભરયા હતા:—

(રૂ૨૫૦૧) દોરાબજી જમશેદજી સકલાતવાલા, કાવશજી ફરાંમજી કોટવાલ. (રૂ૯૦૧) દાદાભાઇ ફરાંમજી બોદ. (રૂ૨૫૧) બરજોરજી બહમનજી પદમ. (રૂ૨૩૦) પેશતનજી ફરાંમજી પાવરી. (રૂ૧૫૦) હોરમજજી બહમનજી શેઠના, જમશેદજી પાલણજી વજીફદાર. (રૂ૧૨૫) મનચેરજી ફરદુનજી વજીફદાર. (રૂ૧૦૮) ડોશાભાઇ બહમનજી બેહરાંમજીના. (રૂ૧૦૨) હોરમજજી દાદાભાઇ બંગાલી. (રૂ૧૦૧) રૂસતમજી ખરશેદજી માડન, માણેકજી બરજોરજી શેઠના, નશરવાંનજી શાપુરજી ભેદવાર. (રૂ૧૦૦) જાંગીરજી માણેકજી પંથકી. (રૂ૮૦) હીરાંબાઇ તે ફરાંમજી શોરાબજી શેઠનાનાં વીધવા. (રૂ૭૫) દસતુર એદલજી દારાબજી સંજાણા, નવરોજજી ફરદુનજી વાછા, શોરાબજી માણેકજી ફુરસ. (રૂ૭૨) ભીમજી એદલજી શેઠના. (રૂ૫૧) શોરાબજી ખરશેદજી કુંડી, રૂસતમજી જમશેદજી ચીનાગર. (રૂ૫૦) મનચેરજી ફરાંમજી શેઠના, દસતુર કેકોબાદજી રૂસતમજી મેહરજીરાંણાના. (રૂ૩૧) તેહમુલજી મનચેરજી હોજદાર. (રૂ૩૦) પાલણજી રતનજી ભેદવાર. (રૂ૨૭) ખરશેદજી દાદાભાઇ કાંગાના છોકરાઓ. (રૂ૨૫) હમાંબાઇ તે મેહરવાંનજી નવરોજજી શેઠનાનાં વીધવા, નશરવાંનજી એદલજી ગીરવાઇ, દાજીભાઇ મનચેરજી ઊનવાલા, નવરોજજી ફરાંમજી બોદ, પેશતનજી મનચેરજી ચીનાગર, કેરશાસપજી મનચેરજી ઊનવાલા, રૂસતમજી ફરદુનજી વાછા, ડોશાભાઇ દાદાભાઇ સુખીઆ, મેહરવાંનજી ફરદુનજી પોસટવાલા, હોરમજજી ફરાંમજી હાથીરાંમ, શોરાબજી ખરશેદજી શાસ્રી, જામાસપજી ફરદુનજી વાછા, પાલણજી પેશુજી ગોદાવરેવાલા, ખરશેદજી દારાબજી વાછા, બહમનજી માણેકજી બેહરાંમ ફરાંમરોજના, ફરદુનજી ફરાંમજી શેઠના, એદલજી રૂસતમજી માડન. (રૂ૨૧) દોરાબજી ફરાંમજી ટાલા ઊસતાદ, જમશેદજી જામાસપજી ટાલા, દસતુર જામાસપજી એદલજી જામાસપઆશાના. (રૂ૨૦) દોરાબજી મનચેરજી માડન, શોરાબજી મનચેરજી ઊનવાલા. (રૂ૨૨૩૩) રૂ૨૦) ની અંદરની રકમ.

૩ વળી ઇ૦ સ૦ ૧૮૪૪ માં કેટલાક બેહદીનોએ પણ પોતાની ખુશીથી ઊપલા બંદોબસતો કબુલ રાખી એ ફંડમાં નાણાં ભરવાની ખાએસ દેખાડવાથી તેમનાં નાણાં પણ લેવામાં આવ્યાં હતાં. જે તેઓએ નીચે મુજબ રૂ૧૦૩૪૪) ભરયા હતા:—

(રૂ૩૦૦૦) માણેકબાઇ તથા મોટલાંબાઇ તે મરહુમ શેઠ જાંગીરજી નશરવાંનજી વાડીઆનાં વીધવા અને બેટી. (રૂ૧૫૦૦) જીજીભાઇ દાદાભાઇ તથા છોકરાઓ. (રૂ૫૦૫) કાવશજી ધનજીભાઇ પાંઊવાલા. (રૂ૫૦૪) માણેકજી નશરવાંનજી પીટીટ. (રૂ૪૨૫) નશરવાંનજી એદલજી પારખ. (રૂ૩૦૦) જીવણજી રતનજી માવજી બીલીમોરીઆ. (રૂ૨૫૧) કાવશજી એદલજી બીશની. (રૂ૨૫૦) નવરોજજી ખરશેદજી મીસતરી. (રૂ૨૦૨) કાવશજી માણેકજી પાંઊવાલા, નશરવાંનજી હીરજીભાઇ કરાંણી. (રૂ૨૦૦) કાવશજી માણેકજી આશબરનર, શુનાંબાઇ તે મેહરવાંનજી માણેકજી પટેલનાં વીધવા. (રૂ૧૫૦) ખરશેદજી માણેકજી સરાફ. (રૂ૧૨૫) એદલજી માણેકજી લાંમના. (રૂ૧૨૧) માણેકજી જીનાજી હાંસોટીઆ. (રૂ૧૧૨) બેહરાંમજી એદલજી મોદી તથા તેમનાં ધણીઆંની કુવરબાઇ. (રૂ૧૧૦) પીરોજબાઇ તે જમશેદજી ખરશેદજી પસતાકીઆનાં ધણીઆંની. (રૂ૧૦૧) પાલણજી દોરાબજી મેહરજી, જાલભાઇ દોરાબજી ઊમરીગર, હોરમજજી માણેકજી મેહતા બીલીમોરીઆ, નશરવાંનજી નવરોજજી દંડાસ, રૂસતમજી શુકાજી બતીવાલા. (રૂ૧૦૦) બસુબાઇ તે બેહરાંમજી ફરાંમજી જશાંવાલાનાં ધણીઆંની. (રૂ૭૫) નશરવાંનજી મનચેરજી બાતલીવાલા, મનચેરજી હોરમજજી કામાજી, ખરશેદજી મનચેરજી મુસ. (રૂ૫૫) જાંગીરજી બેહરાંમજી ગામડીઆ, એદલજી માણેકજી લાલા. (રૂ૫૧) ડોશાભાઇ ખરશેદજી રૂસતમ ફરાંમના, જમશેદજી એદલજી વાડીઆ, મેહરવાંનજી ભીમજીભાઇ બીલીમોરીઆ, હોરમજજી શોરાબજી રૂસતમ ફરાંમના, નવરોજજી શોરાબજી રૂસતમ ફરાંમના, જમશેદજી એદલજી સરાફ. જામાસપજી શોરાબજી લાલા. (રૂ૫૦) નશરવાંનજી માણેકજી નબાક,

એ ફંડના તરસ્તી તરીકે શેઠ માણેકજી મેહરવાંનજી શેઠના, તથા માનેજરો તરીકે આ૦ ખરશેદજી દોરાબજી વાછા, આ૦ દાદાભાઈ રૂસતમજી માડન, આ૦ ફરાંમજી બહમનજી કાંગા, અને આ૦ જમશેદજી પાલનજી મેદવારને ઠેડવવામાં આવ્યા હતા.

---

શેઠ મેહરવાંનજી હોરમજજી મેહતાએ ભુગોલ વિદ્યાને લગતું એક પુસ્તક ગુજરાતીમાં બનાવી પ્રગટ કીધું હતું.[૧]

---

## ઈ૦ સ૦ ૧૮૪૩.

### તા૦ ૩ જી આપરેલ.

બાઈ નવાજબાઈ તે શેઠ કુવરજી હોરમજજી ભાભાનાં ધણીઆંનીએ નવસારી મધે બામજીવારમાં એક કુવો બંધાવી ધર્મખાતે ખોલ્લો મુકયો હતો.[૨]

---

દોરાબજી રૂસતમજી મુસાના, કાવશજી નવરોજજી દલાલ, ડોશાભાઈ રૂસતમજી સનવાલા, ફરાંમજી રતનજી ગબાના, ડોશાભાઈ તથા દાદાભાઈ હોરમજજી ગબાના, નશરવાંનજી માણેકજી લાંમના. (રૂ૩૧) બેહરાંમજી શાપુરજી ઓસનના. (રૂ૨૫) બરજોરજી બહમનજી શ્રુમાલીના, પેશતનજી ડોશાભાઈ કાંદાવાલા, પેશતનજી શાપુરજી પારખ, દાદાભાઈ શ્રુકાજી તાંતરા, એદલજી નશરવાંનજી કોલાંબેવાલા, રતનજી ફરાંમજી કોલાંબેવાલા, શાપુરજી દોરાબજી વાછા, મેહરવાંનજી રૂસતમજી મસાલાવાલા, શાપુરજી ખરશેદજી શેઠના, કાવશજી રૂસતમજી લંગડા, હોશંગજી કુવરજી મીસતરી, બરજોરજી માણેકજી બરાદી. (રૂ૨૧) કુવરજી બહમનજી લીલાંઊલાલા, નાનાભાઈ ફ્રાંનજી ડીસાવાલા. (રૂ૧૩૯) રૂ૨૦) ની અંદરની રકમ.

ઊપલાં ફંડ મધેથી રૂ૯૨૨૬ાા૨૩ાા ખરચી ભગર સાથના મોબેદોને વાપડવાને માટે એક ઘર મુંબઈના કોટમાં મોદીખાંને બાઈ મેહરબાઈ તે શેઠ નશરવાંનજી માણેકજી વાડીઆની બેટી પાસેથી વેચાતું લઇ તે ઇ૦ સ૦ ૧૮૪૪ માં નવેસરથી બંધાવ્યું હતું; તથા બંદોબસતોમાં લખ્યા મુજબની સઘળી દીનઆઇનની ક્રિઆ તથા અતરે તેમજ નવસારી ખાતે ધાઉંબારો કરવામાં આવતા હતા. એ બાદ, એ ફંડની પુંજી ઊપલાં ઘર સિવાય રૂ૫૦૦૦૦) થી વધારે થવાથી તેમાં નાણાં ભરનારા ગ્રહસ્થોની ખાહેસ ઊપરથી તેનું એક કાએદાસરનું તરસ્ટડીડ તા૦ ૧૨ મી નવેમબર ૧૮૫૭ ને દીને સુપરીમ કોરટના વકીલ મી૦ લીંચની મારફતે કરાવ્યું હતું. એ પછી ઊપલા માનેજરોમાંથી આ૦ ખરશેદજી દોરાબજી વાછા મરણ પામવાથી તેમની જગોએ આ૦ બીખાજી દાદાભાઈ કાંગાને તથા આ૦ દાદાભાઈ રૂસતમજી માડન મરણ પામવાથી તેમની જગોએ આ૦ રૂસતમજી દાદાભાઈ માડનને, તથા તરસ્તી શેઠ માણેકજી મેહરવાંનજી શેઠના મરણ પામવાથી તેમની જગોએ શેઠ મેહરવાંનજી માણેકજી શેઠનાને, અને શેઠ મેહરવાંનજી મરણ પામવાથી તેમની જગોએ તા૦ ૧૧ મી જુન ૧૮૭૬ ને દીને નાણાં ભરનારાઓની સભા મેળવી શેઠો ખરશેદજી માણેકજી શેઠના, અરદેસર મેહરવાંનજી શેઠના, અને હોરમજજી નવરોજજી સકલાતવાલાને ચુંટી કાઢયા હતા.

એ ફંડ મધે નીચલા ગ્રહસ્થો તથા બાનુઓએ નીચે પ્રમાણે સરકારી નોટો આપી તેનું ફકત વ્યાજ દર વર્ષ વાપડવાની સરતથી જુદાં ખાતાં પડાવ્યાંછે:—

(૧) તા૦ ૩ જી ફેબરવારી ૧૮૭૦ ને દીને શેઠ બેહરાંમજી નશરવાંનજી સીરવાઈએ મજગાંમ મધે દરેમેહર ઇજાવી તેની ખુશાલીમાં રૂ૫૦૦) ની નોટ આપી પડાવેલું ખાતું. (૨) તા૦ ૯ મી જુન ૧૮૮૨ ને દીને બાઈ હીરાંબાઈ તે શેઠ નાનાભાઈ બેહરાંમજી જીજીભાઈનાં ધણીઆંનીએ પોતાના બાવા મરહુમ શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઈનાં પુનને માટે રૂ૫૦૦) ની નોટ આપી પડાવેલું ખાતું. (૩) તા૦ ૩૦ મી આગશટ ૧૮૮૩ ને દીને શેઠો ખરશેદજી, નવરોજજી, અને દાદાભાઈ માણેકજી તથા મરહુમ શેઠ મેહરવાંનજીના છોકરાઓએ મળી પોતાના મરહુમ મુરબ્બી શેઠ માણેકજી મેહરવાંનજી શેઠનાનાં પુનને માટે રૂ૫૦૦) ની નોટ આપી પડાવેલું ખાતું. (૪) તા૦ ૩૧ મી અકટોબર ૧૮૮૩ ને દીને શેઠ ફરાંમજી કાવશજી બેનેટે પોતાના બાવા મરહુમ શેઠ કાવશજી પેશતનજી બેનેટનાં પુનને માટે રૂ૧૦૦૦) ની નોટ આપી પડાવેલું ખાતું. (૫) તા૦ ૧૦ મી મારચ ૧૮૮૪ ને દીને શેઠ બહમનજી હોરમજજી જંદરાલ તથા તેવણનાં ધણીઆંની બાઈ મોટીબાઈએ પોતાના દીકરા મરહુમ શેઠ કાવશજીનાં પુનને માટે રૂ૫૦૦) ની નોટ આપી પડાવેલું ખાતું. (૬) તા૦ ૧૮ મી મારચ ૧૮૮૫ ને દીને બાઈ રતનબાઈ તે મરહુમ શેઠ દોરાબજી ફરદુનજી ઊસતાદનાં વીધવાએ પોતાના ખાવંદનાં પુનને માટે રૂ૫૦૦) ની નોટ આપી પડાવેલું ખાતું. (૭) તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૮૬ ને દીને બાઈ મોટલાંબાઈ તે મરહુમ શેઠ જાંગીરજી નશરવાંનજી વાડીઆનાં બેટી અને મરહુમ શેઠ માણેકજી નવરોજજી વાડીઆનાં વીધવાએ રૂ૧૦૦૦) ની નોટ આપી પડાવેલું ખાતું.

એ ફંડની બાકી પુંજી હાલ તેના છેલા ચાલાચલા હીસાબ મુજબ ઊપલાં મોદીખાંનાંનાં ઘર સુધાં રૂ૬૬૭૮૫—૧૪—૧ પાઈની છે.

---

૧ "જુવાન સીકનારાઓને સારૂં હમણાંના વખતની ભુગોલ વીદીઆનું પુસતક; તેમાં તે આગતની એતીહાસીક ઊપીઓગી વીદીઆની સંબંધી મુખીઅ બીનાઓ દાખલ કીધીછે. તે સાથે ખગોલ વીદીઆનો ટુંકો સાર અને બીજી કેટલીએક બાબતો લીધીછે. અને પરથવીનો નકશો, એ વગેરે બીજું સીસાનાં છાપા ઊપર છાપી પરગટ કીધુંછે. અંગરેજી ઊપરથી ગુજરાતીમાં મેહેરવાંનજી હોરમજજી મેહેતાએ બનાવીઊછે. મુંબઇ મધે કોરીઅર નામનાં છાપાખાંનાંમાં છપાઇઊછે. સને ૧૮૪૨ ઇસવી."

૨ આ કુવા પર નીચે મુજબ તખ્તી મારેલી છે:—

"શ્રી દાદારની મદદથી સવંત ૧૮૯૯ નાં રોજ ૭
"માહ ૭ બાઈ નવાજબાઈ તે શેઠ શાહેબ કુવરજી હોર-
"મજજી ભાભાનાં ધણીઆંની તથા શેઠ ફરાંમજી પેશતનજી
"દીવેચાની છોકરીએ પોતાનાં બેહતર શવાબને વાશતે એ
"કુવો બંધાવી આપોછે."

નામીચા ફ્રેંચ વિદ્વાંન મો૦ ઈ. બરનુફે વંદીદાદ સાદેનું પુસ્તક શીળા છાપા ઉપર કટકે કટકે ઈ૦ સ૦ ૧૮૨૯ થી છાપવા માડયું હતું તેનું આખું દફતર આએ વર્ષમાં છપાઈ પુરૂં થયું હતું.[૧]

પ્રોફેસર ઓલસહાઉસન નામના જરમન વિદ્વાંને આએ વર્ષમાં પાછલા વખતના સાસાનયાંન પાદશાહો, આરબ ખલીફો, તબરીસતાંનના સુપેહબેદો તેમજ ઉગમણુ ઈરાંનના હીંદો-પરશીયન શિક્કાઓપરનાં પેહલવી લખાંણો ઉકલાવી તેનું એક પુસ્તક પ્રગટ કીધું હતું.[૨]

## ઈ૦ સ૦ ૧૮૪૪.

તા૦ ૧૩ મી જુન.

અતરેની સરકારી ગોદીના વડા માસ્ટર બીલડર શેઠ ખરશેદજી રૂસ્તમજી વાડીઆને હાનરેબલ જે. એચ. ક્રાફરડે એક રૂપાંની હથોડી ભેટ આપી હતી.[૩]

તા૦ ૧૧ મી અકટોબર.

આજ દીને પુણાં મધે કેનટોનમેંટ બજારમાં નવરોજજી નામે એક પારસી ગ્રહસ્થ ૧૦૫) વર્ષની લાંબી ઉમરે મરણ પામ્યા હતા.[૪]

## ઈ૦ સ૦ ૧૮૪૫.

તા૦ ૨૮ મી મારચ.

રોજ ૨ માહ ૭ (શેહ૦) ૧૨૧૪ યજદજરદી.

**મરણ**—હોરમજજી અસપંદીઆરજી ખંબાતા[૫]—ઉમર વર્ષ ૮૫) આ૦ હોરમજજી જીવાણજી ખંબાતાના દીકરા. એવણ ખંબાતથી મુંબઈ આવી પેહલ વેહલા ટીપુ સુલતાંનની લડાઈ વખતે કોઈ વ્યાપારીની નોકરીમાં માહસોર તરફ ગયા હતા. એ પછી તે તરફનો અનુભવ મલવાથી મલબાર કોસ્તાઓ ભણી ફરી ત્યાંનો વ્યાપાર પોતાને હીસાબે ચલાવવા લાગા. ઈ૦ સ૦ ૧૮૦૩ થી એવણે સીલાંન મધે મથક કરી ત્યાંનો મોટો વ્યાપાર કરવા માંડયો, અને તે માટે એમનાં પોતાના "સીલાંન આએલંડ, પ્રીગ આંન, અને કેચ કેખુશરૂ" નામનાં ત્રણ મછ્રી વાહણો પણ હતાં. એ પછી ઈ૦ સ૦ ૧૮૩૨ થી એવણ જઈફીને લીધે મુંબઈ આવી એકાંત વસ્યા હતા.

તા૦ ૩૦ મી મારચ.

મુંબઈ મધે ચોભાતલાવના કેટલાક જરથોસ્તી ગ્રહસ્થોએ આએ વર્ષમાં શેઠો નાનાભાઈ કાવશજી કેઆશ તથા નવરોજજી બરજોરજી ખાંબાતવાલાની મારફતે એક ઉઘરાણું કરી તે તરફ દરીયા કીનારા (હાલના મરીન લાઈનનાં રેલવે સ્ટેશન) ની સાંમે શેઠ ખુરશેદજી મનચેરજી મુસની જગો જે બંગીખાનાંને નામે ઓળખાતી હતી તે વેચાતી લઈ તે પર થોડોક ખરચ કરી જરથોસ્તીઓને બંદગી કરવા તથા સાંજને છેરે આસાએશ લેવાને ધર્મ ખાતે ખોલી મુકી હતી.[૬]

તા૦ ૧૨ મી મેએ.

રોજ ૧૭ માહ ૯ (આ૦) ૧૨૧૪ યજદજરદી.

સુરત મધે નાહનપરાના ચોકી મોહલામાંની મરહુમ શેઠ માણેકજી એદલજી આરમાંગીના દલાલવાલી પુરાતમ દરેમેહર જે શેઠ કાવશજી જમશેદજી માશીદલાલનાએ ફરીથી બંધાવી આજ દીને પરઠાવી હતી, તથા તેની પછવાડે શેઠ મેહરવાંનજી હોરમજજી ફરેજરે સર અવસરે વાપડવાનો એક ઓટલો બંધાવી આપ્યો હતો તે જગો પર ઉત્તર દશાભણી આવેલું એક ઘર તેના માલેક શેઠ હોરમજજી નશરવાંનજી દરજી અથવા આતશમેહરાંમવાલાએ એ કારણસર ધર્મખાતે આપ્યું હતું.[૭]

૧ "Vendidad Sadé, lun des livres De Zoroastre. Lithographie D'Aprés Le Manuscrit Zend De La Bibliothéque Royale et public, Par M. E. Burnouf. Paris, 1829—1843."

૨ "Die Pehlewi Legenden, auf den Münzen der letzten Sasaniden, auf den ältesten Munzen arabischer Chalifen, auf den Munsen der Ispehbed's von Taberistan und auf, indo-persischen Münzen des östlichen Irán. von D. Justus Olshausen. Kopenhagen, 1843."

૩ આ હથોડી એમના એક નબીરા ખાંનબાહદુર રૂસતમજી અરદેસર વાડીઆ પાસે મોજુદછે, અને તે ઉપર નીચે મુજબનો લેખ કોતરેલોછે:—

"From the Hon'ble J. H. Crawford
To Cursetjee Rustomjee Esq. Head Builder.
H. M. Brig Goshawk, 13*th June* 1844."

૪ જેનાટલમેનસ ગેઝેટ, ૧૪ મી અકટોબર ૧૮૪૪.

૫ સીલાંનવાલા શેઠ કેખશરૂ હોરમજજી ખંબાતાના બાવા.

૬ એ પછી એ જગો ઉપર શેઠ કાવશજી માણેકજી પાંડેવાલાએ એક કુવો તથા આગલી બાજુએ પુશતો તથા શેઠ પાલણજી દોરાબજી મેહરજીએ એક દીવાંનખાંનું બંધાવી આપ્યું હતું, તેમજ શેઠો હોરમજજી પેશતનજી ઇરાનીના અને મનચેરજી નશરવાંનજી કપતાંને એ મકાનની આગલી બાજુ પર ઇ૦ સ૦ ૧૮૮૧ માં એક દેવાલ બંધાવી તેમાં બારી બારણાં વગેરે જડાવ્યાં હતાં. એ જગાનો વહીવટ શેઠો ડોસાભાઇ એદલજી કરાકરડના, પાલણજી પેશતનજી દરજી, હોરમજજી પેશતનજી ઇરાનીના, શોરાબશાહ દીનશાહ મોદી, શોરાબજી શાપુરજી ખોખાંવાલા, મેહરાંમજી કાવશજી દારૂવાલા, એદલજી ફરદુનજી વઇદ, અને મનચેરજી નશરવાંનજી કપતાંન અવારનવાર ચલાવતા આવ્યાછે.

૭ એને લગતા લેખો એમના દીકરા શેઠ શેહરીઆરજી હોરમજજી ગાસટર પાસે મોજુદછે.

તા૦ ૩ જી જુન.

પારસીઓનાં આદરગાંનનાં જશનને દાહડે આગલા વખત ઉપર થાલી પરાવી મુંબઈમાંની સર્વ ભઠીઓ બંધ રખાવવામાં આવતી હતી, તે ચાલ આએ વર્ષથી પાછી શરૂ કરવાને કેટલાક પારસીઓએ કોશેશ કીધી હતી. પણ તેમની અરજ કબુલ રાખવામાં આવી હતી નહિં.[૧]

તા૦ ૧૯ મી આગશટ.

રોજ ૨૬ માહ ૧૨ (કદમી) ૧૨૧૮ યજદજરદી.

**મરણ**—ડોશાભાઈ અસપંદીઆરજી મોતીવાલા[૨]—ઉમર વર્ષ ૬૮) સુરતવાલા શેઠ અસપંદીઆરજી રતનજી શાહના નાહલા દીકરા. એવણ મુંબઈ આવી પ્રથમમાં શા૦ પ્રેમચંદ સુંદરદાસની જવાહિરની આડત, અને તે પછી પોતાને હીસાબે મોતીનો વ્યાપાર ચલાવતા હતા.

## ઈ૦ સ૦ ૧૮૪૬.

તા૦ ૧ લી જાનેવારી.

અતરેનાં "વરતમાંન છાપાખાનાં" નાં માલેક શેઠ કાવશજી બરજોરજી સંજાણાએ આએ માશથી "વીદીઆ શાર" નામે એક માહવરી ચોપાંનીઉં દર મહીને પ્રગટ કરવા માંડયું હતું. તેની કીમત દર વર્ષે રૂ૫) ઠેરવી હતી.[૩]

૧ Tomorrow will be the Festival of Adherghan (Angel over fire) amongst the influential class of the Parsees called Rusmees. This Festival is of one of particular veneration amongst them, and an attempt has been made to revive the ancient custom of having the Battakee beaten (the public crier to go round), which used to be practised formerly in this Island, for the purpose of preventing the various smiths', Goldsmiths, &c. from lighting their Fires on that day. The application was refused.

[Gentleman's Gazette, 2nd June 1845.]

૨ શેઠો શોરાબશાહ અને દારાશાહ ડોશાભાઇ મોતીવાલાના બાવા. એવણના વડા ભાઇ શેઠ બરજોરજી (મરહુમ શેઠ નશરવાંનજી બહમનજી મોદીના મબાવા) મુંબઇ મધે આવી હકીમું કરતા હતા. બીજા ભાઇ શેઠ પેશતનજી સુરત મધે નવાબ બાકુમીઆંના કારભારી, અને ત્રીજા તથા ચોથા ભાઇઓ શેઠો નશરવાંનજી અને પરવેજશાહ અસપંદીઆરજી પોતાનો ખાંનગી વ્યાપાર ચલાવતા હતા.

૩ આ ચોપાંનીઉં કાઢવાની બે વર્ષ આગમજ શેઠ કાવશજીએ ઇ૦ સ૦ ૧૮૪૪ થી "મુંબઇ વરતમાંન" નામે એક અઠવાડીઆંનું પત્ર કાઢવા માંડયું હતું, જે ૧૮૪૫ ની આખરી સુધી એવણે ચલાવ્યા બાદ શેઠો નવરોજજી રુસતમજી લારડ અને મેહરવાંનજી હોરમજજી મેહતાને આપ્યું હતું, અને તેઓએ તે ઇ૦ સ૦ ૧૮૪૭ સુધી ચલાવ્યું હતું.

તા૦ ૧૩ મી આગસ્ટ.

ભાગેલાં હાડ દરુસત કરનાર પ્રખ્યાત હાડ-વઈદ શેઠ ભીમજી જીવણજી ગંડેવીઆ આએ વર્ષમાં શેઠ નવરોજજી જમશેદજી વાડીઆનો પગ જોખમાએલો હતો તે દરુસ્ત કરવાને ગંડેવથી મુંબઈ આવ્યા હતા, અને તે દરમેઆંન સર્વે ગ્નાતનાં ઘણાંક ગરીબોનાં જોખમાએલાં હાડોને પણ દરુસત કરી આરામ કીધો હતો. તે ઉપરથી શેઠો બહમનજી હોરમજજી વાડીઆ, દાદાભાઈ પેશતનજી વાડીઆ, અને માણેકજી નશરવાંનજી પીટીટ અતરેના આગેવાંન ગ્રહસ્થોમાં એક ઉઘરાંણાની ટીપ ફરતી કીધી કે તેમાંથી શેઠ ભીમજીને દરમાયો આપી અતરે જાહુક રાખી ગરીબોનાં હાડ મુફત દરુસત કરાવવામાં આવે.[૪]

૪ એ ઉઘરાંણાંમાં બધા મલી રૂ૧૨૭૧૦) ભરાયા હતા, જેમાં રૂ૧૧૭૮) હિંદુઓના, રૂ૬૦૧) મુસલમાંનોના, અને રૂ૧૦૫૩૧) નીચે મુજબ પારસીઓના હતા :—

(રૂ૧૦૦૦) ખરશેદજી કાવશજી બનાજી, જીજીભાઇ દાદાભાઇ, દાદાભાઇ અને મનચેરજી પેશતનજી વાડીઆ, બહમનજી હોરમજજી વાડીઆ. (રૂ૭૫૦) ફરાંમજી નશરવાંનજી પટેલ. (રૂ૫૦૦) નવરોજજી જમશેદજી વાડીઆ, રુસતમજી કાવશજી બનાજી, દાદાભાઇ રુસતમજી બનાજી, મરહુમ ભીમજી કાવશજી બનાજી, માણેકજી ભીમજી બનાજી, મરહુમ જાંગીરજી નશરવાંનજી વાડીઆ, માણેકજી નશરવાંનજી પીટીટ. (રૂ૩૦૦) કાવશજી માણેકજી આશબરનર, મનચેરજી જમશેદજી વાડીઆ, રુસતમજી નવરોજજી મોટાભાઇ, વીકાજી મેહરજી. (રૂ૨૦૦) રુસતમજી બરજોરજી મોદી. (રૂ૧૨૫) જાંગીરજી નશરવાંનજી જશાંવાલાની કંપની. (રૂ૧૦૦) અરદેસર ફરાંમજી દાવર, જીવણજી રતનજી માહવજી, દાદાભાઇ કાવશજી શાએરના છોકરાઓ. (રૂ૭૫) જાંગીરજી ફરાંમજી દાવર, બેહરાંમજી હીરાજી કોહલા. (રૂ૫૧) રતનજી ખરશેદજી કેરાંવાલા, કાવશજી એદલજી મોદી, જામાસપજી શોરાબજી લાલા, હોરમજજી બહમનજી શેઠના, કાવશજી ધનજીભાઇ પાંઊવાલા, અરદેસર હોરમજજી સંતોક.

એ ઉપલી રકમ શેઠ ખરશેદજી કાવશજી બનાજીની પેહડી પર વ્યાજે મુકી તેમાંથી શેઠ ભીમજીને મુસારો આપી અતરે એજ શાહુથી રાખવામાં આવ્યા હતા. એ પછી શેઠ ખરશેદજીનાં મરણ બાદ તેમની પેહડી બંધ થવાથી એ રકમમાંનાં બાકી વધેલા રૂ૫૨૦૦) ની સરકારી નોટ લઇ તે તા૦ ૧૧ મી જુલાઇ ૧૮૫૦ ને દીને પંચાતના તરસ્ટીઓનાં નામ પર ચઢાવી એકાંઉટંટ જનરલને તીઆં તેનું વીઆજ ઉપલા તરસ્ટીઓની મારફતે દર શાલ શેઠ ભીમજીને આપવાની સરતથી અનામત મુકી હતી, અને તે મુજબ શેઠ ભીમજીને તેમની હૈયાતી સુધી અને તેમનાં મરણ બાદ તેમનાં વીધવા બાઇ નવાજબાઇ તથા દીકરાઓ શેઠો હોરમજજી, બહમનજી અને જમશેદજી ભીમજીભાઇને તેનું વીઆજ આપવામાં આવેછે, અને તા૦ ૨૬ મી ફેબરવારી ૧૮૮૩ થી પંચાતના તરસટીઓએ પોતાનાં દફતરમાં ઉપલી રકમનું જુદું ખાતું પાડી તેમાં સર અવસરે જરથોસ્તીઓ પાસે નાણું લેવું કીધુંછે.

શેઠ દોરાબજી હોરમજજી સરાફે હુંડીઆંમણના કોઠા, વગેરેને લગતું "ઓરીએનટલ કાલકીઉલેટર" નામે એક પુસ્તક અંગ્રેજીમાં રચી પ્રગટ કીધું હતું.૧ એ પુસ્તક ઓનરેબલ જે. એચ. ક્રાફુરડને અર્પણ કરવામાં આવ્યું હતું.

---

આજ વર્ષમાં કલીઆંણી મધે પારસીવાડામાં મુંબઈવાલાં બાઈ રતનબાઈ તે મરહુમ શેઠ હોરમજજી મનચેરજી કામાજીનાં વીધવાએ પોતાને ખરચે એક કુવો બંધાવી ધર્મ ખાતે આપ્યો હતો.૨

---

સીસાંન મધે કોલંબા ખાતે જરથોસ્તી રવાંનોને ઝુમીદ કરવાને ત્યાંવાલા શેઠ કાવશજી એદલજી કોલંબેવાલાએ એક એસાહિદી જગા કાઢી તેની આસપાસ ફરતી દેવાલ બંધાવી હતી.

---

મેજર એચ. સી. રાલીનસને બીહસ્તુનના પાહડ ઉપરના ખીલારોકી હરફો ઉકલાવી તેનો તરજુમો, તેમજ ખીલારોકી લેખોની તવારીખનો એક ગ્રંથ રચી આજ વર્ષમાં પ્રગટ કીધો હતો.૩

---

૧ "The Oriental Calculator: or Tables for the calculation of Interest, Exchange, and Commission: to which is added a Table showing the comparative value of Rupees and Dollars in English money By, Dorabjee Hormusjee, Ledger-keeper., Oriental Bank, Bombay. American Mission Press.—T. Graham, printer, 1846."

૨ એ કુવા પર તખ્તી મારેલી નથી, પણ તેના બંધાવાનું ઊપજું શાલ કલીઆંણીવાલા દસ્તુર દારાબશાહ રૂસતમજી સંજાણાએ અમોને મેલવી આપ્યું છે. એજ મુજબ ઈ૦ સ૦ ૧૮૪૮ માં નાબોદા મહમદઅલી રોગેના દીકરા મહમદઅમીનનાં લગન કલીઆંણી મધે થયાં હતાં, તેમાં શામેલ થવાને મુંબઈથી શેઠ ખરશેદજી જમશેદજી જીજીભાઈ પોતાના દોસ્તો સાથે તે તરફ ગયા હતા, તે વખતે ત્યાંની દરેમેહરની પછવાડેનો કુવો જે દાવરના કુવાને નામે ઓલખાયછે તે બીસમાર હાલતમાં આવવાથી તેવણે નવેસરથી બંધાવી આપ્યો હતો, તેમજ તેવણની સાથવાલા શેઠ ખરશેદજી ફરદુનજી પારખે અંજુમનના વપડાસને માટે ત્રાંબાનાં વાસણો મુંબઈથી મોકલી આપ્યાં હતાં. વળી દરેમેહરની અંદરનો કુવો મુંબઈવાલા શેઠ એદલજી મેહરાંમજી નેનટીને એજ અરસામાં બંધાવી આપ્યો હતો, તથા ચીનવાલા શેઠ પાલણજી નશરવાંનજી પટેલે ત્યાંનાં દોખમાંનો રસ્તો તથા દરેમેહરને ફરતી દેવાલ જે મતોરાંની ઘણી બીસમાર હાલતમાં હતી તે આખી ચુનાથી, તેમજ દરેમેહરની પછવાડેનો માલ નવેસરથી બંધાવી આપ્યો હતો.

૩ "The Persian Cuneiform Inscription at Behistun, decyphered and translated; with a Memoir on Persian Cuneiform Inscriptions in general, and on that of Behistun in particular. By, Major H. C. Rawlinson, C. B. London:—MDCCCXLVI."

## ઈ૦ સ૦ ૧૮૪૭.

તા૦ ૨૯ મી ડીજેમબર.

એ૦ શોરાબજી હોરમજજી પાવરીએ ખોઆબ જોવાની તાસીરનું "કેતાબે કામેલ એલતે તાબીર" નામનું એક પુસ્તક ગુજરાતીમાં છપાવી પ્રગટ કીધું હતું.૪

---

મોનશીયો લેયરડ નામના ફ્રેંચ વિદ્વાને પૂર્વ તથા પસ્ચિમ દેશોમાં મેહર ઈજીદની પરશતેશના અભીઆસ વિષેનું એક મોટું પુસ્તક, મેહર ઈજીદની અવસ્તામાં આવેલી કથાને લગતા ઘણાક નકશો સાથે ફ્રાંન્સની સરકારને ખરચે છપાવી પ્રગટ કીધું હતું.૫

---

ડા૦ જુલસ ઓપરટે જુની ઈરાંની ભાષાના ઉચ્ચાર કરવાના કાએદા વિષેનું એક પુસ્તક જરમન ભાષામાં રચી પ્રગટ કીધું હતું.૬

---

જરમનીવાલા પ્રોફેસર થીઓડોર બેનફીએ ઈરાંની ખીલારોકી લખાંણો તથા તેના તરજુમા અને શરેહ વિષે એક પુસ્તક રચી પ્રગટ કીધું હતું.૭

---

કુરલા મધે હાલનાં રેલવે સ્ટેશનની સામે શેઠ બેહમનજી અને અરદેશર હોરમજજી વાડીઆએ પોતાનાં બેહન મરહુમ બાઈ આઈમાઈનાં પુનને માટે એક મોટો કુવો બંધાવી ત્યાંના લોકોને વાપરવાને આપેલો મુકયો હતો.૮

---

૪ "કેતાબે કામેલ એલતે તાબીર, ઇઆને ખોઆબની તાબીર જોવાની કેતાબ. અશલ ફારશી જુબાનમાંથી ગુજરાથી જુબાંનમાં તરજુમો કરેઓછે. ડીજેમબર શને ૧૮૪૭ ઇશવી. છપાવી જાહેર કરનાર, એ૦ શોહોરાબ મોબેદ હોરમજી લકએ પાવડી. મુમબઈ મધે પરથવી પરકાશ છાપાખાંનાંમો છપાઇછે."

૫ "Introduction a l'etude du culte public et des mystores de Mithra en orient et en occident. Par, M. Felix Lajard, Paris MDCCCXLVII."

૬ "Des Lautsystem des Altpersischen von, Dr. Julius Oppert. Berlin, 1847."

૭ "Persischen Keilinschriften mit uebersetzung und Glossar. von, Theodor Benfey. Leipzig 1847."

૮ આ કુવા પર નીચે મુજબ તખ્તી મારેલીછે:—

"આએ કુવો બાઈ આઈમાએજી તે વાડીઆજી
"શેઠ હોરમજજી બહમનજીની બેટીની નઈએતે બનાવેલોછે.
"શને ૧૨૧૬ ઇઅજદજરદી. શવંત ૧૯૦૩ વીકરમાજીતના. શને ૧૮૪૭ ઇશવી."

# જાહેર ખબર.

આ પુસ્તકનો હવેપછીનો ભાગ છેલોજ નીકલશે, અને તેમાં વધારાની નોંધો કે જેના થોડાક સશ બાકી રહેલાછે તે પુરી કરી આખાં પુસ્તકનું તુલોતવીલ સાંકલીશિં આપવામાં આવશે. એ રીતે આ આખું પુસ્તક ઈ૦ સ૦ ૧૮૬૦ સુધીની પારસીઓને લગતી તમાંમ નોંધોથી ભરપુર થાશે.

એ પુસ્તકનાં ઈંગલાંડથી મજબુત અને સોભીતાં પુઠાંઓ મંગાવી તે સસતી કીમતે એનાં ઘરાકોને પુરાં પાડવાની ગોઠવણ કરવામાં આવીછે.

જે સાહેબોને આ પુસ્તકના હરકોઈબી આગલા ભાગો ખરીદવા હોય તેઓએ તે નીચે શહી કરનાર પાસેથી અથવા કોટમાં દફતર આશકારા છાપાખાનાંમાંથી મંગાવી લેવા.

**બા૦ બહમનજી બેહરામજી પટેલ,**

નાં૦ ૨૪ ફાવશજી પટેલ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.